मेक्लवर तथा पेज के अनुसार (1974), family is a group defined by sex relaitonship sufficiently pleasing and enduring to provide for the procreation and upbringing of the children."

वाइजमेन (1957) धी मान्चेस्टर सर्वे में कहता है कि हमारे निष्कर्ष में सबसे महत्त्वपूर्ण निष्कर्ष यह है कि शैक्षिक सिद्धि से जुड़े हुए प्रधान कारक बालक के पारिवारिक वातावरण से मिलते है । यह पारिवारिक कारकों में पडौशी और विद्यालय के कारक के जुड़े महत्त्व से भी दुगना मिला है । शिक्षा के अभाव में गरीबी का असर ही प्रधान नहीं है, भौतिक आवश्यकताओं के अलावा मातापिता का वलण और उनकी देखभाल महत्त्वपूर्ण है ।

Mac million Dictionary For Advanced Learners (2002), "Family is a group of people who live together and are related to one another usually consisting of parents and children."

**उद्देश्य :**

1. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं की व्यावसायिक अभिलाषाओं का अध्ययन करना।
2. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं के व्यक्तित्व का अध्ययन करना ।
3. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं के पारिवारिक वातावरण का अध्ययन करना ।
4. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं के पारिवारिक वातावरण का उनकी व्यावसायिक अभिलाषा के साथ सम्बन्ध देखना ।
5. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं के व्यक्तित्व के आधार पर उनकी व्यावसायिक अभिलाषाओ का अध्ययन करना ।

**परिकल्पनाएँ :**

1. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं की व्यावसायिक अभिलाषाएँ उनके व्यक्तित्व पर आधारित नहीं होंगी ।
2. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं की व्यावसायिक अभिलाषाएँ उनके पारिवारिक वातावरण पर आधारित नहीं होगी ।

**परिसीमन :**

1. व्यक्तित्व का अध्ययन करने हेतु छात्राओं का केवल बाह्यमुखी और अन्तर्मुखी स्वभाव देखा गया।
2. अध्ययन केवल उत्तर बुनियादी विद्यालयों में दसवी कक्षा में पढ़ रही ग्रामीण छात्राओं तक सीमित रखा गया है ।

**अनुसंधान के चर :**

स्वतंत्र चर - 1 पारिवारिक वातावरण - ज्यादा अनुकुलन पारिवारिक वातावरण
- कम अनुकुलन पारिवारिक वातावरण

2. व्यक्तित्व - बाह्यमुखी
- अन्तर्मुखी

परतंत्र चर - छात्राओं की व्यावसायिक अभिलाषा

**अनुसंधान पद्धति :**

प्रस्तुत अनुसंधान में सर्वेक्षण विधि को अपनाया है ।

**व्यापविश्व और न्यादर्श :**

प्रस्तुत अनुसंधान का व्यापविश्व दाहोद जिले के उत्तर बुनियादी विद्यालय है ।

दाहोद जिले के तीन उत्तर बुनियादी विद्यालयों की कक्षा 10 की 75 छात्राओं को यादृच्छिक पद्धति से न्यादर्श में समाविष्ट किया गया है । लाटरी विधि द्वारा चयन किया गया है ।

**सारणी 1**

**न्यादर्श**

| क्रम | विद्यालय का नाम | छात्राओं की संख्या |
|---|---|---|
| 1 | श्री कस्तूरबा उ.बुनियादी आश्रमशाळा, झालोद | 20 |
| 2 | टीटोडी उ. बुनियादी विद्यालय | 30 |
| 3 | दाहोद कन्या विद्यालय | 25 |
| | योग | 75 |

**उपकरण**

प्रस्तुत अनुसंधान में उद्देश्यो की प्राप्ति के अनुरूप समय, कीमत तथा योग्यता स्तर के अनुरूप उपकरण का उपयोग किया गया है ।

प्रस्तुत शोधकार्य में तीन उपकरणों का प्रयोग किया गया है । उपकरणों का अनुवाद किया गया है।

**1. व्यावसायिक अभिलाषा** - यह उपकरण जे.एस. गरेवाल का है । जिस में जिन शीर्षकों का उपयोग किया गया वह डिक्षनरी ओफ व्यावसायिक शीर्षक में से लिया गया है ।

स्थिरता के पूर्णांक का परीक्षण पुनः परीक्षण द्वारा 0.84 था । आन्तरिक मात्रा 0.54 और पूर्णांक वैधता 0.75 थी ।

प्रतिशत Norms को आयु, वर्ग, लिंग, रिहाईश और सभ्यता के अनुसार मापा गया ।

**2. व्यक्तित्व टैस्ट :**

वर्तमान अध्ययन में छात्राओं के व्यक्तित्व के बहिर्मुखी और अन्तर्मुखी पहलू को Eysenck's Personality Test द्वारा मापा गया । हा-ना प्रकार के 90 प्रश्न थे ।

**3. पारिवारिक वातावरण पैमाना ( Family Environment Scale )**

यह उपकरण डो. हरप्रीत भाटिया एवं डो. एन.के. चड्ढा द्वारा प्रमाणित किया गया था ।

18 विशेषज्ञो की टैस्ट इकाइयों का मूल्यांकन करनेके एक पैमाना देकर वैधता का परीक्षण किया गया। केवल उन इकाइयों को, जिनके निर्णायकों की 75% सहमती प्राप्त थी, इनको रखा गया । प्रत्येक कथन पंचबिंदु वाले थे ।

**माहिती एकत्रीकरण एवं अध्ययन की सांख्यिक विधियाँ**

प्रस्तुत अनुसंधान में न्यादर्श के तीन विद्यालयो की 75 छात्राओं से उपकरण के झरिए माहिती एकत्रित की । प्रस्तुत अनुसंधान में Mean, S.D., S.E., t-ratio और Correlation आंकडाशास्त्रीय प्रयुक्तियों का उपयोग किया गया ।

**आंकडो का संगठन, विश्लेषण, व्याख्या**

न्यादर्श के विद्यालयो की छात्राओं से प्राप्त आंकडो को व्यवस्थित करके सांख्यिकी विधियों के प्रयोग द्वारा उनका विश्लेषण किया गया । तत् पश्चात् परिकल्पनाओं का परीक्षण किया गया ।

**तालिका 2**

**व्यावसायिक अभिलाषाएँ**

| | उच्चतम प्रतिष्ठा के व्यवसायों के लिए अभिलषित | मध्यम प्रतिष्ठा के व्यवसायों के लिए अभिलषित | निम्न प्रतिष्ठा के व्यवसायों के लिए अभिलषित |
|---|---|---|---|
| संख्या | 38 | 15 | 22 |
| प्रतिशत | 51% | 20% | 29% |

उपर्युक्त तालिका 2 के आधार पर छात्राओं की व्यावसायिक अभिलाषाओं को विपुल दण्ड आरेख द्वारा बताया गया है ।




उपर्युक्त तालिका व विपुल दण्ड आरेख द्वारा यह स्पष्ट है कि ज्यादातर छात्राओं उच्चतम प्रतिष्ठा वाले व्यवसायों के लिए अभिलाष करती है । जिन व्यवसायों में वकील, डोक्टर, विमान प्राचारिका, इंजिनियर, वैज्ञानिक, बैंक मैनेजर, प्रोफेसर, लेखक आदि शामिल है ।

उपर्युक्त से निष्कर्ष निकाला जा सकता है की व्यावसायिक अभिलाषाएँ यथार्थवादी नहीं है । उनकी आदर्शवादी व्यावसायिक अभिलाषाएँ हो जो वो पूरा कर सकती है मगर सही व्यावसायिक निदर्शन मिले तब।

**व्यक्तित्व का अध्ययन**

व्यक्तित्व का अध्ययन हेतु एच. जे. आइजेनक द्वारा बनाया गया व्यक्तित्व पैमाना दिया गया । प्राप्त अंको को Manual के आधार पर दो वर्गो में विभाजित किया गया जो तालिका 3 में दर्शाये गए हैं ।

## तालिका 3

## छात्राओं के व्यक्तित्व का अध्ययन

| | बहिर्मुखी(Extrovert) | अन्तर्मुखी (introvert) |
|---|---|---|
| संख्या | 46 | 29 |
| प्रतिशत | 61% | 39% |

N=75

उपर्युक्त तालिका को आधार मानकर निम्न विपुल आरेख दण्ड बनाया ।




उपर्युक्त आरेख से यह स्पष्ट है की ज्यादातर छात्राएँ बहिर्मुखी स्वभाव की है । ग्रामीण क्षेत्र के वातावरण का उनके स्वभाव पर कोई असर दिखाई नही देता ।

**पारिवारिक वातावरण पैमाना**

ग्रामीण छात्राओं के पारिवारिक वातावरण के अध्ययन हेतु उन्हे डो. हरप्रीत भाटिया एवं डो. एन. के. चड्ढा का पारिवारिक वातावरण पैमाना दिया गया । Manual के आधार पर वातावरण को दो वर्गो में विभाजित किया । जिनके अंक 225 या उससे ज्यादा थे । उन्हे अधिक अनुकूल पारिवारिक वातावरण वर्ग में रखा गया और जिनके 225 से कम अंक थे उन्हें कम अनुकूल वातावरण में रखा गया ।

## तालिका 4

## छात्राओं के पारिवारिक वातावरण का अध्ययन

| | ज्यादा अनुकूल पारिवारिक वातावरण | कम अनुकूल पारिवारिक वातावरण |
|---|---|---|
| संख्या | 34 | 41 |
| प्रतिशत | 45% | 55% |

N=75

उपर्युक्त तालिका 4 को आधार मानकर निम्न प्रदर्शित विपुल दण्ड चित्र बनाया गया ।




उपर्युक्त आरेख से यह स्पष्ट होता है कि ज्यादातर छात्राएँ मानती है कि उनका पारिवारिक वातावरण कम अनुकूल है ।

परिकल्पना 1. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं की व्यावसायिक अभिलाषाएँ उनके व्यक्तित्व पर आधारित नहीं होंगी ।

**तालिका 5**

**बहिर्मुखी एवं अन्तर्मुखी व्यक्तित्व की छात्राओं की व्यावसायिक अभिलाषाओं का विश्लेषण**

| व्यक्तित्व | Mean | S.D. | S.ED. | t-value |
|---|---|---|---|---|
| बहिर्मुखी | 47.24 | 5.345 | 1.13 | 1.76 |
| अन्तर्मुखी | 45.24 | 4.39 | | |

$N_1 = 46$
$N_2 = 29$

उपर्युक्त तालिका में दर्शाई गई t- टैस्ट का मूल्य (1.76) .05 के स्तर पर इसकी Critical Value 1.98 से कम है इसीलिए इस परिकल्पना को मान्यता दी जाती है । अर्थात् बहिर्मुखी एवं अन्तर्मुखी व्यक्तित्व की छात्राओं की व्यावसायिक अभिलाषाओं में कोई महत्त्वपूर्ण अंतर नहीं है । ग्रामीण छात्राओं की व्यावसायिक अभिलाषाएँ उनके व्यक्तित्व पर आधारित नहीं होती ।

परिकल्पना 2. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं की व्यावसायिक अभिलाषा उनके पारिवारिक वातावरण पर आधारित नहीं होगी !

इस परिकल्पना का निरीक्षण करने के लिए ग्रामीण छात्राओं को ज्यादा अनुकूल पारिवारिक वातावरण और कम अनुकूल पारिवारिक वातावरण वर्ग में विभाजित किया गया । जिसको आधार मानकर उनकी व्यावसायिक अभिलाषाओं में अंतर देखने के लिए t- टैस्ट एवं सह सम्बन्ध सांख्यिकी विधियों का प्रयोग किया गया जो तालिका 6 और 7 में क्रमशः दर्शाया गया है ।

### तालिका 6

### पारिवारिक वातावरण के आधार पर व्यावसायिक अभिलाषाओं का विश्लेषण

| | व्यावसायिक अभिलाषा | | | |
|---|---|---|---|---|
| | Mean | S.D. | S.ED. | t-Value |
| अधिक अनुकूल पारिवारिक वातावरण | 48.4 | 6.23 | १.३१ | १.३४ |
| कम अनुकूल पारिवारिक वातावरण | 46.65 | 5.02 | | |

$N_1 = 41, N_2 = 34$

**तालिका 7 : पारिवारिक वातावरण च व्यावसायिक अभिलाषाओं में सहसम्बन्ध**

| | Mean | सहसम्बन्ध |
|---|---|---|
| व्यावसायिक अभिलाषा | 47.52 | 0.15 |
| पारिवारिक वातावरण | 211.57 | |

तालिका 6 में दर्शाई गई t- टैस्ट का मूल्य .05 स्तर इसकी Critical Value 1.98 से कम है। तालिका 7 में दिया गया सहसम्बन्ध का पूर्णांक मूल्य बहुत कम है इसीलिए इसे महत्त्वपूर्ण नहीं माना जा सकता । परिकल्पना 6 को मान्यता दी जाती है, अर्थात् यह निष्कर्ष निकाला जाता है की पारिवारिक वातावरण के आधार पर कोई महत्त्वपूर्ण अन्तर नहीं होता ।

**निष्कर्ष**

1. उत्तर बुनियादी विद्यालयों की ग्रामीण छात्राओं की व्यावसायिक अभिलाषाएँ उनके व्यक्तित्व पर आधारित नहीं होती ।
2. ग्रामीण छात्राओं की व्यावसायिक अभिलाषाएँ उनके पारिवारिक वातावरण पर आधारित नहीं होती।

**परिणामो पर विचार**

उपर्युक्त तथ्यो से यह निष्कर्ष निकाला जा सकता है कि ग्रामीण छात्राओं की व्यावसायिक अभिलाषाएँ न ही उनके व्यक्तित्व पर आधारित है और न ही उनकी व्यावसायिक अभिलाषा उनके पारिवारिक वातावरण पर आधारित है ।

51% छात्राएँ उच्च्व प्रतिष्ठा वाले व्यवसायों के लिए अभिलाषा रखती है जब कि 20% छात्राएँ मध्यम प्रतिष्ठा वाले व्यवसायो के लिए अभिलाषा करती है। 29% छात्राएँ निम्न प्रतिष्ठा वाले व्यवसायो के लिए अभिलाषा करती हैं ।

उनकी अभिलाषाओ का कोई ठोस आधार प्रतीत नहीं होता क्योंकि उनको ऐसा मार्गदर्शन का अभाव दिखाई देता हैं। सही व्यावसायिक निर्देशन के अभाव के लिए वह अपने आदर्शवादी व्यवसायों की अभिलाषाओं

को अपने यथार्थवादी व्यवसायो में परिवर्तित नहीं कर सकती। इस अध्ययन से यह स्पष्ट है की ग्रामीण छात्राएँ बनना तो बहुत कुछ चाहती है अगर उन्हें सही व्यावसायिक निर्देशन व अवसर दिए जाए तो।

वर्तमान परिदृश्य में सबसे बड़ी चुनौती राष्ट्र के प्रत्येक नागरिक को और इसमें भी महिलाओं को आत्मनिर्भर बनाने की है। इनके सपनों को साकार करने के लिए उनको सही व्यावसायिक मार्गदर्शन देने का कार्य अगर शिक्षा संस्थाएँ करें, ग्रामीण छात्राओं की अभिलाषाओ को जानकर उन्हें उसी प्रकार की शिक्षा मिले तो वे जो कुछ चाहती हैं वह बन पायेगी। आदर्शवादी अभिलाषाओ को यथार्थ में कुछ हद तक तो बदल पायेंगे। पुरानी राहों से शिक्षा का सफर नहीं काटा जा सकता, शिक्षा के क्षेत्र में व्यावसायिक मार्गदर्शन के परिवर्तनों की सख्त जरूरत हैं, जो छात्राओं की रस, रुचि और अभिलाषाओं को समझकर शिक्षा दी जाए।

## संदर्भ


1. Allport, H.W. (1937). *Personality : A Psychological Introduction*. Henry Holt, N.Y. p. 46
2. Bootzin, R.R. (1997). *Journal of Personality and Social Psychology.* 58: New York Basic Books. Bowlby.j.
3. Cattel. R.B. Eber. H.W. & Tatsuoka. M.M. Raymond Cattel, *16 Factor Model Personality*
4. Cattel. R.B. (1950). *Personality : A Systematic Theoretical & Factual Study*: Mac. grow new York.
5. *Macmillan Dictionary for Advanced Learners* (2002).
6. *Oxford American College Dictionary*. (2001). Oxford University Press
7. Webster (1957). *New International Dictionary,* 2nd Edition. Websters on Amazon com.. Amazon.
8. कालिका प्रसाद एवं अन्य. (2005), 'बृहत् हिंदी कोश' ज्ञान मंडल लिमिटेड, वाराणसी.




॥ नर्तनं तापकर्तनम् ॥

Learn Indian Classical Dance

# Kuchipudi & Bharatanatyam

(We offer courses in Bharatanāṭyam, recognised by Bharata College of Fine Arts & Culture - Mumbai, Affiliated to KAVIKULGURU Kālidās Sanskrit vishwavidyalaya, Pune)

*at*

*PARAMPARA*

*Academy of Performing Arts*

**Admissions open**

परंपरा

***Academy of Performing Arts***

Basement, Shyam Gokul Building, Nr. Vijay Crossroad, Ahmedabad-9
Entry from University Hostel Road
For Further Details & Enrollment
Contact : 27913909 or 95378 48658
Between 4 pm to 8 pm

# સદ્ભાવના-સેતુ કાર્યક્રમની તસ્વીરો




શાહ વજીહુદ્દીન એકેડેમી, સરખેજ અને સંસ્કૃત સેવા સમિતિના ઉપક્રમે યોજાયેલ રાજવિનોદ કાવ્ય તથા અમદાવાદનાં ખતપત્રો પુસ્તકના વિમોચન પ્રસંગે ડાબેથી શ્રી યોગેશ પટેલ, સી.એલ.મીના, અબ્દુલ અહદ કાસીમી, પૂ. મોરારી બાપુ, ડૉ. ઝુબેર કુરેશી, ડૉ. ભારતીબહેન શેલત અને મૌલાના ઈકબાલ બોકડા ઉપસ્થિત રહ્યા હતા.



સદ્ભાવના સેતુ કાર્યક્રમમાં પ્રારંભિક ઉદ્બોધન કરતા ડૉ. ગૌતમભાઈ પટેલ



આજના સમયમાં વિકાસ કરવો હોય તો રાજ્ય અને દેશમાં કોમ-કોમ વચ્ચે સદ્ભાવના વધે અને તે જળવાય તે જરૂરી છે અને આથી અમારી સંસ્થાએ આ સદ્ભાવના સેતુ સમાન ગ્રંથના પ્રકાશનનું બીડુ ઝડપ્યું હતું અને તેના પ્રકાશનમાં ખાસ કરીને ડૉ. ગૌતમભાઈ પટેલે જે સહકાર આપ્યો છે તે અવિસ્મરણીય છે.

— મુફતી રિઝવાન તારાપુરી



સમાજમાં કોઈપણ સદ્પ્રવૃત્તિ વડે સદ્ભાવનું નિર્માણ થતું હોય ત્યારે એ મને રામાયણનું કાર્ય જણાય છે. સંસ્કૃત, ગુજરાતી અને ઉર્દૂ ભાષાનો આ ત્રિવેણી સંગમ 'રાજવિનોદ મહાકાવ્ય' સૌ માટે પુણ્યપ્રદ રહેશે એવી મને શ્રદ્ધા છે.

— મોરારી બાપુ

# સદ્ભાવના-સેતુ કાર્યક્રમની તસ્વીરો




પૂ. શ્રી મોરારી બાપુનું સન્માન કરતા સદ્ભાવના સેતુ કાર્યક્રમના આયોજકો



પ્રાસંગિક પ્રવચન કરતા મૌલાના શ્રી ઈકબાલ બોકડા



આભારવિધિ કરતા સંસ્કૃત સેવા સમિતિના મંત્રી
પ્રા. ભાસ્કરભાઈ મહેતા



પ્રાસંગિક પ્રવચન કરતા ડૉ. ભારતીબહેન શેલત



પ્રાસંગિક પ્રવચન કરતા ડૉ. ઝુબેર કુરેશી



તા. ૧૫-૯-૨૦૧૨ના દિવસે 'શિવમહિમ્નઃ સ્તોત્રમ્‌નું તત્ત્વદર્શન' વિષય પરના વ્યાખ્યાન માટે પધારેલ ડૉ. વાસુદેવ પાઠકનું શાલ ઓઢાડી સન્માન કરતા ડૉ. નીતિનભાઈ શાહ




તા. ૨૨-૯-૨૦૧૨ના દિવસે 'શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા' પર વક્તવ્ય આપતા ડૉ. નરેશ વેદ. ડાબેથી ડૉ. કડકિયા, પ્રા. વૈષ્ણવ, ડૉ. નીતિનભાઈ શાહ, ડૉ. નરેશ વેદ અને ડૉ. ભારતીબહેન શેલત



સંસ્થાની પચાસ વર્ષની ઉજવણી દરમ્યાન યોજાયેલ વ્યાખ્યાનશ્રેણીના ઉદ્‌ઘાટન પ્રસંગે દીપ પ્રાગટ્ય કરતા શ્રી ગૌરાંગભાઈ દીવેટિયા, ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા, ડૉ. નીતિનભાઈ શાહ અને વક્તા પ્રો. ડૉ. વાસુદેવ પાઠક. તા. ૧૫-૯-૨૦૧૨




તા. ૧૩-૧૦-૨૦૧૨ના દિવસે 'વેદાંતનું વ્યાવહારિક મૂલ્યાંકન' વિષય પર વક્તવ્ય આપવા પધારેલ ડૉ. ગીતાબેન મહેતા. ડાબેથી પ્રો. મદનમોહન વૈષ્ણવ, ડૉ. નીતિનભાઈ, ડૉ. ગીતાબહેન અને ડૉ. ભારતીબહેન શેલત

# હસ્તપ્રતો : ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિનો અમૂલ્ય સ્રોત

◆

## ડૉ. ભારતી શેલત*

કોઈ પણ દેશ, પ્રદેશ કે સંસ્કૃતિના પ્રમાણિત ઈતિહાસનું નિરૂપણ એ દેશ કે પ્રદેશની મૂળ સાધનસામગ્રીના અન્વેષણ, અધ્યયન, અને સંશોધન પર આધારિત હોય છે. ઈતિહાસના મૂળભૂત સાધનોના અધ્યયન વિનાનો ઈતિહાસ એ માત્ર સંકલન છે. પ્રાગૈતિહાસિક કાલની સંસ્કૃતિના નિરૂપણનો આધાર કેવળ પુરાવસ્તુકીય સાધનો ઉપર રહેલો છે, જ્યારે ઐતિહાસિક કાલના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસના નિરૂપણમાં અભિલેખો અને હસ્તપ્રતો ઘણાં ઉપયોગી અને મૂલ્યવાન નીવડ્યાં છે.

અભિલેખો અર્થાત્ શિલા ધાતુ જેવા ટકાઉ પદાર્થો ઉપર કોતરેલાં લખાણોની જેમ હસ્તપ્રતસ્વરૂપ સાહિત્યિક સાધનો પણ વ્યક્તિવિશેષો, ઘટનાવિશેષો અને સ્થળવિશેષો વિશે વિપુલ માહિતી પૂરી પાડે છે. અભિલેખો અને હસ્તપ્રતોમાં લિપિના મરોડ અને ભાષાસ્વરૂપ જળવાયેલાં જોવા મળે છે.

જ્ઞાનવિજ્ઞાનના માધ્યમરૂપ ગ્રંથો પ્રાચીન કાલમાં હસ્તલિખિત સ્વરૂપમાં સંગ્રહાયેલા હતા. આ હસ્તપ્રતો ભૂર્જપત્ર, તાડપત્ર, સાંચીપાત (અગુરુપત્ર) તથા કાગળ જેવા પદાર્થો પર લખાયેલી જોવા મળે છે. આ પદાર્થો બીનટકાઉ હોવાથી ઉધેઈ, ફૂગ વગેરેને કારણે કૃતિઓનો પાઠ ખંડિત થાય છે. પ્રાચીન હસ્તપ્રતોની પ્રતિલિપિઓ થતી રહે છે અને તેમાંનાં લખાણ ઉપલબ્ધ થતાં રહે છે. આ લખાણોમાં કેટલીક વાર લહિયાઓ દ્વારા અશુદ્ધિઓ રહેલી જોવા મળે છે. આથી મૂળ પાઠને શોધવા માટે સમીક્ષિત પાઠસંપાદનની આવશ્યકતા રહે છે. સમીક્ષિત આવૃત્તિઓ તૈયાર કરવા માટે વિવિધ હસ્તપ્રત ભંડારો, જ્ઞાનભંડારો અને પ્રાચ્યવિદ્યાની સંસ્થાઓમાં સંગૃહીત દેશની વિવિધ લિપિઓમાં લખાયેલી હસ્તપ્રતો ઉપયોગી છે.

**ઉપલબ્ધ પ્રાચીનતમ હસ્તપ્રતો :**

ભારતીય પ્રાચીન સાહિત્યમાં ભૂર્જપત્ર ઉપર લખાયેલી સહુથી જૂની બૌદ્ધગ્રંથ ધમ્મપદ (પ્રાકૃત)ની ખરોષ્ઠી લિપિની ઈ.સ.ની ૨જી - ૩જી સદીની હસ્તપ્રતના કેટલાક અંશ મધ્ય એશિયાના ખોતાનમાંથી મળ્યા છે. ડૉ. સ્ટાઈનને ખોતાનના ખડલિક સ્થળેથી સંસ્કૃત બૌદ્ધગ્રંથ संयुक्तागम ની ઈ.સ.ની ચોથી સદીની હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે. તુરફાનમાંથી ઈ.સ.ની બીજી સદીમાં લખાયેલ અશ્વઘોષ કવિના शारीपुत्रप्रकरण ગ્રંથનો અંશ તાડપત્ર પર મળે છે. Qyzyl ગુફામાંથી कल्पनामण्डितिका હસ્તપ્રતના ઈ.સ.ની ચોથી સદીના અંશ મળ્યા છે. મધ્ય એશિયામાં યારકંદથી ૬૦ માઈલ દક્ષિણે કુગિયર સ્થળેથી લેફ્ટેનન્ટ બાવરને જમીનમાં દાટેલી ૪ હસ્તપ્રત ઈ.સ.ની ૫ મી સદીની આસપાસની વાયવ્ય પ્રાંતની ગુપ્ત લિપિમાં લખાયેલી મળી છે. એમાં પાંચ ભાગ છે. ૧. વૈદક શાસ્ત્ર, ૨. સુભાષિતસંગ્રહ, ૩. બુદ્ધે પોતાના શિષ્ય આનંદને સર્પદંશનિવારણનો મંત્ર આપેલો તેની કથા, ૪. સુભાષિતસંગ્રહ અને ૫. વૈદકશાસ્ત્રનો નિબંધ. જાપાનના હોરિયૂજિ મઠમાં સંગૃહીત प्रज्ञापारमिता हृदयस्तोत्र અને उष्णीषविजयधारिणी નામના બૌદ્ધ ગ્રંથોની ઈ.સની છઠ્ઠી સદીની આસપાસની હસ્તપ્રત છે. નેપાળમાં ઈ.સ. ૭મી સદીની સ્કંદપુરાણની અને કેમ્બ્રીજ સંગ્રહમાં હર્ષ સંવત ૨૫૨ (ઈ.સ. ૮૫૯)ની परमेश्वरतंत्र ની, બખશાલીમાંથી અંકગણિતની ૮મી સદીની ભૂર્જપત્ર ઉપરની શારદાલિપિની હસ્તપ્રત 'બોડલે'ના સંગ્રહમાં છે. નેપાળના સંગ્રહમાંની નેવારી સં. ૨૮ (ઈ.સ. ૯૦૬-૦૭)ની लंकावतार ની હસ્તપ્રત મળી છે. (ओझा, १९९३ : २, ભટ્ટ, ૨૦૦૯-૧૦ : ૪૩-૪૫). ઈ.સ.ની ૧૧મી - ૧૨મી સદીથી ગુજરાત,

* પૂર્વ નિયામક, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ. માનદ નિયામક, ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ

રાજસ્થાન, નેપાળ અને યુરોપના સંગ્રહાલયોમાં તાડપત્ર પરની હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે. દક્ષિણ ભારતમાં તાડપત્ર ઉપર શલાકાથી કોતરાયેલી હસ્તપ્રતો પ્રાયઃ ઈ.સ.ની ૧૫મી સદીથી મળે છે. કાગળ ઉપરની જૂની હસ્તપ્રત ૧૨મી-૧૩મી સદીની મળે છે. વારાણસીની સરસ્વતીભવન લાઈબ્રેરીની દેવનાગરીમાં લખાયેલી श्रीमद् भागवतपुराण ની હસ્તપ્રત વિ.સં. ૧૧૮૨ (ઈ.સ. ૧૧૨૫-૨૬)ની છે. કાલિદાસ કવિના 'શાકુન્તલ' નાટકની નેવારી લિપિમાં લખાયેલ ૧૨ મા સૈકાની પ્રાચીન હસ્તપ્રત મળી છે. રામાયણની સમીક્ષિત આવૃત્તિ વડોદરાના ઓરિએન્ટલ ઇન્સ્ટિટયૂટ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવી. આ પ્રોજેક્ટમાં સહુથી જૂની હસ્તપ્રત નેવારી લિપિની છે. એનો સમય વિ.સં. ૧૦૭૬ (ઈ.સ. ૧૦૨૦) હોવાનું મનાય છે. આ હસ્તપ્રત કાઠમંડુના રાજકીય 'બીર' પુસ્તકાલયમાં સંગૃહીત છે.

ભૂર્જપત્ર, તાડપત્ર અને કાગળ ઉપરાંત સુતરાઉ કાપડના પટ ઉપર લોટની પાતળી લાહી લગાવી એને સૂકવી, શંખ વગેરે ઘસી, સુંવાળો બનાવી એના ઉપર લખાણ લખવામાં આવતું. પાટણના જૈન ગ્રંથભંડારમાં શ્રીપ્રભસૂરિ-રચિત 'ધર્મવિધિ', ગ્રંથની ઉદયસિંહની ટીકાસહિતની સં. ૧૪૧૯ (ઈ.સ. ૧૩૬૨-૬૩)ની ૧૩''-૫'' કદનાં ૯૩ પટ-પત્રો ઉપર લખેલી હસ્તપ્રત સંગૃહીત છે. રાજસ્થાનના ભડલી લોકો કાપડના લાંબા પટ પર લખેલ પંચાંગ રાખે છે, જેમાં દેવતાઓ, અવતારો વગેરેનાં રંગીન ચિત્ર પણ હોય છે. માયસોરના વેપારીઓ પટ ઉપર હિસાબની વહી લખતા. બસો-ત્રણસો વર્ષ જૂની આવી સેંકડો વહીઓ શૃંગેરી મઠમાં મળી છે, જેમાં મઠના હિસાબ, શિલાલેખો અને તામ્રપત્રોની નકલ, ગુરુપરંપરા વગેરે લખેલ હોય છે. રેશમી કાપડની પટ્ટી ઉપર શાહીથી લખેલી જૈન સૂત્રોની સૂચિ જેસલમેરના 'બૃહદ્ જ્ઞાનકોશ' જૈન ગ્રંથભંડારમાં હોવાનું ડૉ. બ્યૂહલરે નોંધ્યું છે. લાકડાનાં ફલકો ઉપર લખાણ જોવા મળે છે. બર્મામાં બૌદ્ધ ગ્રંથોની હસ્તપ્રતો કાષ્ઠ ફલકો ઉપર લખેલી મળે છે. મધ્ય એશિયામાં ખરોષ્ઠી લિપિમાં લખેલ કાનૂની દસ્તાવેજો લાકડાનાં ફલકો ઉપર લખેલ મળ્યા છે, જેને કીલમુદ્રાલેખ કહે છે. પશ્ચિમ એશિયા, મિસર અને યુરોપના દેશોમાં લેખનસામગ્રી તરીકે ચામડાનો ઉપયોગ પ્રચલિત હતો. સુબંધુની 'वासवदत्ता' માં અંધકારયુક્ત આકાશમાં ચમકતા તારાને શાહીથી શ્યામ બનાવેલ ચર્મ ઉપર ચંદ્રરૂપી ખડિયાના ટુકડાથી બનાવાયેલ શૂન્યબિંદુઓની ઉપમા આપી છે. જેસલમેરના બૃહત્જ્ઞાનકોષ જૈન ગ્રંથભંડારમાં હસ્તપ્રતો સાથે લખ્યા વિનાનું એક ચર્મપત્ર મળ્યું હોવાનું ડૉ. બ્યૂહલરે નોંધ્યું છે. (ओझा, १९९३ : ૧૪૨-૧૫૦ : શાસ્ત્રી, ૧૯૭૩ : ૧૦૮-૧૨)

**હસ્તપ્રતોના પ્રકાર :**

લેખનકલાની દૃષ્ટિએ હસ્તપ્રતો વિવિધ પ્રકારની જોવા મળે છે : ત્રિપાઠ કે પંચપાઠ પ્રકારની હસ્તપ્રતોમાં મધ્ય ભાગમાં મૂળ પાઠ લખવામાં આવે છે, જ્યારે ઉપર, નીચે કે ચારે બાજુ ટીકા લખવામાં આવે છે. કોઈ પણ જાતના મૂલ, સૂત્ર, ટીકા જેવા ભાગો પાડ્યા વિના સળંગ લખાણ લખવામાં આવે તે શૂડ કે શૂઢ પ્રકારની હસ્તપ્રત કહેવાય છે. તાડપત્રીય હસ્તપ્રતોના ગ્રંથોનાં પાનાંઓની વચ્ચે દોરી કે સૂત્ર નાંખવા માટે પૃષ્ઠની વચ્ચેના ભાગમાં ગોળાકાર કે ચોરસ સ્થાન છોડીને આજુબાજુ લખાણ લખવામાં આવતું. કેટલીક વાર વચ્ચેના ભાગમાં સ્વસ્તિક જેવી આકૃતિઓ કે કુંડસ્થાન કરવામાં આવતાં એને ચિત્રપુસ્તક કહે છે. આ ઉપરાંત સુવર્ણની શાહી કે ચાંદીની શાહીથી લખેલી હસ્તપ્રતો સુવર્ણાક્ષરી કે રૌપ્યાક્ષરી કહેવામાં આવે છે (ચિત્ર ૧). સૂક્ષ્માક્ષરી કે સ્થૂલાક્ષરી હસ્તપ્રતો પણ જોવા મળે છે. કેટલીક વાર લહિયાની નિપુણતાને લીધે અક્ષરાકૃતિઓ દેખાય છે. (ચિત્ર ૨).

**સચિત્ર હસ્તપ્રતો :**

ભારતમાં ઈ.સ.ની ૧૦મી સદીથી સચિત્ર હસ્તપ્રતો ઉપલબ્ધ થાય છે. બંગાળના પાલ રાજાઓના સમયની ઈ.સ.ની ૧૦મી સદીની 'प्रज्ञापारमिता' ની સચિત્ર હસ્તપ્રત જૂની ઉપલબ્ધ હસ્તપ્રત હોવાનું જણાય

છે. તાડપત્ર પરની ચિત્રકલા ગુજરાતમાં સોલંકી કાલના ઉદય સાથે વિકસી હોય તેમ લાગે છે. સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહના સમય દરમ્યાન વિ.સં. ૧૧૫૭ (ઈ.સ. ૧૧૦૦)માં ભૃગુકચ્છ(ભરૂચ)માં તાડપત્ર ઉપર લખાયેલી निशीथचूर्णि ની પ્રત ગુજરાતી સચિત્ર તાડપત્ર હસ્તપ્રતનો પ્રાચીનતમ નમૂનો છે. ખંભાતના શાંતિનાથ ભંડારમાંની 'જ્ઞાતા અને બીજાં ત્રણ અંગસૂત્ર'ની ટીકાવાળી સં. ૧૧૮૪ (ઈ.સ. ૧૧૨૭)ની પ્રતમાં મહાવીરસ્વામી અને સરસ્વતીનાં ચિત્ર આલેખાયાં છે. 'श्रीनेमिनाथचरित'ની આ જ ભંડારમાંની સં. ૧૨૯૮ (ઈ.સ. ૧૨૪૧)ની પ્રતમાં નેમિનાથ અને અંબિકાનાં સુંદર ચિત્રાંકન છે. (પરીખ, શાસ્ત્રી. ૧૯૭૬ : ૫૨૯-૩૦). કાગળ પરની સચિત્ર હસ્તપ્રતોમાં કલ્પસૂત્રની એક સચિત્ર હસ્તપ્રત (ઈ.સ. ૧૪૧૫) મુંબઈની રોયલ એશિયાટીક સોસાયટીના ગ્રંથાલયમાં છે. જોનપુરમાં લખાયેલી કલ્પસૂત્રની સુવર્ણાક્ષરી કાગળની કલ્પસૂત્રની પ્રત વિ.સં. ૧૫૨૨ (ઈ.સ. ૧૪૬૫)ની છે, જે હાલ વડોદરાના નૃસિંહજી પોળના જ્ઞાનમંદિરમાં સુરક્ષિત છે. કાગળ પરની 'બાલગોપાલ સ્તુતિ'ની સચિત્ર હસ્તપ્રત (ઈ.સ.ની ૧૫મી સદીનો મધ્યભાગ) બોસ્ટન મ્યુઝિયમમાં સંગૃહીત છે. (ચિત્ર ૩) આ વૈષ્ણવ સંપ્રદાયની હસ્તપ્રતમાં ૪૦ ચિત્રો છે. सप्तशती ની એક સચિત્ર પ્રત વડોદરાના પ્રો. મંજુલાલ મજમુદારના સંગ્રહમાં અને બીજી બે ભારત કલાભવન, કલકત્તામાં છે (પરીખ, શાસ્ત્રી, ૧૯૭૭ : ૪૯૯).

મહાકવિ કાલિદાસના 'મેઘદૂત' અને 'કુમારસંભવ' જેવી રચનાઓમાં પણ ચિત્રાલેખન થતું. એની હસ્તપ્રતોમાં નકલ કરનારનું નામ, ગુરુનું નામ, ગચ્છ અને સ્થળનું નામ વગેરે વિગતો આપેલી છે. 'મેઘદૂત'ની નકલ પં.ઉદયહર્ષે વિ.સં. ૧૭૨૬ (ઈ.સ. ૧૬૭૦)માં આસણીકોટ્ટ (દેવીકોટ, રાજસ્થાન)માં કરી હતી. આ બે હસ્તપ્રત લા.દ.વિદ્યામંદિર, અમદાવાદમાં સંગૃહીત છે. 'કુમારસંભવ'ની ચિત્રિત હસ્તપ્રત સં. ૧૭૦૧(ઈ.સ. ૧૬૪૪)માં શ્રી લાભકીર્તિગણિના શિષ્ય પં. હર્ષસોમે નૌતનપુર (જામનગર)માં તૈયાર કરી હતી. (પરીખ, શાસ્ત્રી, ૧૯૭૯ : ૪૮૭)

વૈષ્ણવ સંપ્રદાયની હસ્તપ્રતોમાં 'ગીતગોવિંદ', 'બાલગોપાલસ્તુતિ' અને 'ભાગવત દશમસ્કંધ'ની સચિત્ર હસ્તપ્રતો ઉલ્લેખનીય છે. 'બાલગોપાલસ્તુતિ'ની ૪૦ ચિત્રોવાળી હસ્તપ્રત હાલ બોસ્ટન મ્યુઝિયમ, યુ.એસ.એ.માં છે, જેનો સમય ઈ.સ. ૧૫મી સદીનો મધ્યભાગ હોવાનું જણાય છે. ઈ.સ.ની ૧૭મી સદીના પૂર્વાર્ધની આ 'બાલગોપાલસ્તુતિ'ની એક સચિત્ર પ્રત પેટલાદની સંસ્કૃત પાઠશાળામાં સંગૃહીત છે.

ઈ.સ.ની ૧૬મી સદીની ભાગવત દશમસ્કંધની એક સચિત્ર હસ્તપ્રત કાંકરોલીમાંથી પ્રાપ્ત થઈ છે, જેમાં અંતિમ પત્ર ઉપર વાંસળી વગાડતા શ્રીકૃષ્ણનું ચિત્રાંકન સુંદર રીતે કર્યું છે. કવિ જયદેવના 'ગીતગોવિંદ' કાવ્યની ઈ.સ.ની ૧૫મી સદીની સચિત્ર હસ્તપ્રત પાવાગઢના પંડિત બાલાશંકર ભટ્ટ અગ્નિહોત્રી પાસે સંગૃહીત છે. આ પ્રતમાં સાત ચિત્રો છે.

શાક્ત સંપ્રદાયની સચિત્ર હસ્તપ્રતોમાં 'દેવીમાહાત્મ્ય'ની પ્રાચીન ૧૫મી સદીની કાગળ પરની હસ્તપ્રત વડોદરાની આર્ટ ગેલેરીના સંગ્રહમાં છે, જેમાં ૧૨ ચિત્ર દોરેલાં છે. સૂર્યપુર (સુરત)માંથી દેવી-માહાત્મ્યની ૫૦ ચિત્રોવાળી એક સં. ૧૭૭૬ (ઈ.સ. ૧૭૨૦) હસ્તપ્રત જોવા મળે છે. પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં આ હસ્તપ્રત સંગૃહીત છે. વૈષ્ણવ, શૈવ અને શાક્ત સંપ્રદાયની સચિત્ર હસ્તપ્રતો પણ લોકપ્રિય બની હોવાનું જણાય છે. અમદાવાદના ભો.જે. વિદ્યાભવનમાં સંગૃહીત 'ગીત-ગોવિંદ'ની અઢારમા સૈકાની હસ્તપ્રતમાં વિષ્ણુના દશાવતારનાં ચિત્ર અને રાધા-કૃષ્ણના મિલન-વિરહના પ્રસંગોનાં ચિત્રો ભાવપૂર્ણ રીતે આલેખાયેલાં છે. શૈવ સંપ્રદાયની હસ્તપ્રતોમાં 'શિવકવચ' અને 'છાયાપુરુષજ્ઞાન'ની અઢારમી સદીની હસ્તપ્રતો અમદાવાદના લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં સંગૃહીત છે. 'છાયાપુરુષજ્ઞાન'માં વાઘ પર બેઠેલા, ડમરુ અને ત્રિશૂલધારી શિવનું ચિત્ર નોંધપાત્ર છે. વિ.સં. ૧૮૭૮(ઈ.સ. ૧૮૨૧-૨૨)ની પેથાપુર ગામની

'શ્રીપાલરાસ'ની સચિત્ર હસ્તપ્રત અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રયમાં છે. આ હસ્તપ્રતનાં ચિત્ર ઉત્તર ગુજરાતની વિશિષ્ટ ગ્રામીણ શૈલીમાં ચિત્રિત છે. સં. ૧૮૮૯ (ઈ.સ. ૧૮૩૨-૩૩)ની સુરતની સચિત્ર હસ્તપ્રત- 'શ્રીપાલરાસ'ની- લા.દ. વિદ્યામંદિરમાં ઉપલબ્ધ છે. આ હસ્તપ્રતમાં કથાપ્રસંગનાં ચિત્રો હૂબહૂ આલેખાયાં છે (પરીખ, શાસ્ત્રી, ૧૯૭૯ : ૪૮૮-૪૯૧. ૧૯૮૧ : ૩૭૭-૮૧).

**હસ્તપ્રતોની પુષ્પિકાઓ અને પ્રશસ્તિઓ :**

હસ્તપ્રતોમાં ગ્રંથનું અને રચયિતાનું નામ સામાન્ય રીતે ગ્રંથના તે તે વિભાગના અંતે, દરેક કાંડ, સર્ગ કે અધ્યાયના અંતે તેમજ સંપૂર્ણ ગ્રંથના અંતે આપવામાં આવતી પુષ્પિકામાં જણાવવામાં આવે છે. ગ્રંથના અંતે આપવામાં આવતી પુષ્પિકામાં રચયિતાનું નામ, કૃતિનું નામ, રચનાસ્થળ, રચનાવર્ષ દર્શાવવામાં આવે છે. આ ઉપરાંત લેખનસ્થળ, લહિયાનું નામ, લિપિ કર્યાનું વર્ષ વગેરે વિગતો પણ પુષ્પિકામાં દર્શાવેલી હોય છે. દરેક અધ્યાય અને સર્ગના અંતે પણ કૃતિનું નામ, કવિ કે લેખકનું નામ, કાંડ કે સર્ગનું નામ, અધ્યાયનું નામ કે નંબર વગેરે વિગતો જણાવેલી હોય છે. ગ્રંથની સમાપ્તિ બાદ પુષ્પિકામાં એની સમાપ્તિ દર્શાવાય છે. ત્યારબાદ અલગ શ્લોકોમાં ગ્રંથકારની પ્રશસ્તિ રચેલી હોય છે. એમાં ગ્રંથકાર પોતાનો પરિચય આપે છે, જેમાં એનું કુળ, સ્થાન, આશ્રયદાતા રાજા વગેરે વિશેની માહિતી દર્શાવે છે.

આમ ગ્રંથપુષ્પિકાઓ અને પ્રશસ્તિઓમાંથી ઐતિહાસિક અને સાંસ્કૃતિક માહિતી ઉપલબ્ધ થાય છે, જેમાં સ્થળની વિગત તત્કાલીન ઐતિહાસિક ભૂગોળ માટે ઉપયોગી નીવડે છે. રચના સમય અને લેખન સંવત કાલગણના વિષયક માહિતી પૂરી પાડે છે તેમજ લેખનના ઉદ્દેશો, ધાર્મિક માહિતી પૂરી પડે છે. જૈન ધર્મની હસ્તપ્રતોની પ્રશસ્તિઓમાંથી કેટલીક વાર જિનમંદિરો અને ઉપાશ્રયો વિશે માહિતી મળે છે. 'વિશેષાવશ્યક ભાષ્ય'ની હસ્તપ્રતના અંતે આપેલી બે ગાથાઓમાં 'વલભીનગરી'ના શીલાદિત્ય રાજાના શાસન દરમ્યાન ચૈત્ર શુકલ પૂર્ણિમાને બુધવારે, સ્વાતિ નક્ષત્રમાં આ પ્રત મોટા શાંતિજિનમંદિરમાં અર્પણ કરાઈ હોવાનું જણાવ્યું છે. કેટલીક પ્રશસ્તિઓમાં આરંભમાં પુસ્તક લખાવનારનું નામ જણાવી ગ્રંથની ચિરકાલ સ્થિતિ માટેની કામના કરવામાં આવે છે. 'જયાં સુધી આકાશમાં સૂર્ય અને ચંદ્ર વિદ્યમાન રહેશે, ત્યાં સુધી પૃથ્વી પર આ પુસ્તિકા વિદ્યમાન રહેશે.' 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ની હસ્તપ્રતમાં ત્રીજા ખંડને અંતે આપેલી પ્રશસ્તિમાં 'પલ્લીવાલ વંશમાં થઈ ગયેલ ગૃહસ્થ પુનાના પુત્ર બોહિત્થાના પુત્ર ગણદેવે આ ગ્રંથ લખાવી સ્તંભતીર્થ(ખંભાત)ની પૌષધશાલા-જ્ઞાનભંડારમાં સહર્ષ સમર્પિત કર્યો. સકલ, પ્રાણીઓનું હિત કરવાવાળો જૈન ધર્મ વિદ્યમાન છે, ત્યાં સુધી પ્રાજ્ઞજનો દ્વારા શીખવાતું આ પુસ્તક વિદ્યમાન રહેશે.' આ રીતે ગ્રંથ પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ તત્કાલીન ઇતિહાસ માટે મહત્ત્વની અને ઉપયોગી હોવાથી તેનું મૂલ્ય ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું છે. (ભટ્ટ, ૨૦૦૭ : ૮-૧૦).

**હસ્તપ્રતોની લિપિઓ :**

લિપિ-લેખનકલા માનવસંસ્કૃતિ જેટલી પ્રાચીન છે. પ્રારંભિક સમયમાં મનુષ્ય આડી-ઊભી રેખાઓ દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરતો. સમય જતાં ચિત્રાલેખન લિપિનો વિકાસ થયો અને એ ચિત્રો દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરવા લાગ્યો. સૂર્ય, વૃક્ષ, સર્પ, પ્રાણીઓનાં ચિત્રો દ્વારા તે તે પદાર્થ કે પ્રાણીનો નિર્દેશ કરાતો. પ્રાચીન મિસર અને મેસેપોટેમિયામાં અનુક્રમે પથ્થર અને માટીની ઈંટો પર દોરેલાં ચિત્રો દ્વારા જ લાગણીઓ વ્યક્ત થતી. આમ ચિત્રલિપિ એ લિપિવિકાસની એક પ્રારંભિક અવસ્થા હતી.

ભારતમાં લેખનકલાના નમૂના ઈ.પૂ. ૫મી સદીથી પ્રાપ્ત થાય છે. નેપાળની તરાઈના પિપ્રાવા સ્તૂપમાંથી મળેલ એક પથ્થરના પાત્ર ઉપરનો લેખ ઈ.પૂ. ૫મી સદીનો છે. ભારતની બધી જ અર્વાચીન લિપિઓ જેમાંથી ઊતરી આવી છે તે સહુથી પ્રાચીન લિપિ બ્રાહ્મી છે. ઈ.પૂ. ૩ જી સદીથી પ્રાપ્ત

ઐતિહાસિકકાલના મૌર્ય સમ્રાટ અશોકના અભિલેખો બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિમાં કોતરાયા છે. બ્રાહ્મી લિપિ ડાબીથી જમણી બાજુ અને ખરોષ્ઠી લિપિ જમણીથી ડાબી તરફ લખાતી.

હડપ્પા અને મોહેંજો-દડો જેવાં સ્થળોએ પ્રાપ્ત થયેલ હડપ્પીય સભ્યતાનાં નગરોમાં મળેલાં મુદ્રાઓ, મુદ્રાંકો અને તામ્રપટ્ટિકાઓમાં જે લખાણ કોતરાયાં છે, તેની લિપિ હજુ સુધી સ્પષ્ટતયા ઉકેલી શકાઈ નથી.

ઈ.પૂ. ૩જી સદીથી ઈ.સ. ૫૦ સુધી ભારતમાં બધાં સ્થળોએ બ્રાહ્મી લિપિ એક જ સ્વરૂપે પ્રચલિત હતી. ત્યારબાદ બ્રાહ્મી લિપિના સ્વરૂપમાં પરિવર્તનો થયાં. સ્થાનિક લાક્ષણિકતાઓ સ્પષ્ટ થતાં ઉત્તર અને દક્ષિણની લિપિ એવાં બે સ્વરૂપે આ લિપિ ઓળખાઈ. પ્રાદેશિક લિપિઓનાં આદ્ય સ્વરૂપ ઘડાતાં ગયાં. એમાં ઉત્તર ભારત, પશ્ચિમ અને મધ્યભારત, દખ્ખણ અને દક્ષિણ ભારતની લિપિઓ એમ ચાર વિભાગમાં વિભાજન થયું. ઈ.સ.ના ચોથા-પાંચમા સૈકા દરમ્યાન ઉત્તર ભારતમાં બ્રાહ્મી લિપિનું જે સ્વરૂપ પ્રચલિત હતું તે 'ગુપ્તલિપિ' તરીકે ઓળખાઈ. ગુપ્ત લિપિમાંથી ઉદ્‌ભવેલી કુટિલ લિપિ લગભગ છઠ્ઠાથી નવમા સૈકા સુધી ઉત્તર ભારતમાં પ્રચારમાં હતી. જાપાનના બૌદ્ધમઠમાં સચવાયેલી **'प्रज्ञापारमिताहृदयसूत्र'** અને **'उष्णीषविजयधारिणी'** ની હસ્તપ્રતો આ લિપિમાં લખાયેલી છે.

ઈ.સ.ની ૫ મી થી ૮ મી સદી દરમ્યાન સમસ્ત ગુજરાતમાં એકસરખી પ્રાદેશિક લિપિશૈલી પ્રચલિત થઈ જણાય છે. ડૉ. બ્યૂહ્લર અને ઓઝાએ આ કાલની ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટકની લિપિને 'પશ્ચિમી લિપિ' તરીકે ઓળખાવી છે. દખ્ખણમાં નંદિનાગરીનું આદ્યસ્વરૂપ, ગોદાવરી-કૃષ્ણા પ્રદેશમાં આદ્ય-કાનડી અને દક્ષિણ ભારતમાં ૭ મી સદીમાં ગ્રંથલિપિ પ્રચલિત થઈ.

**વર્તમાન પ્રાદેશિક લિપિઓ :**

ભારતની વર્તમાન લિપિઓમાં નાગરી લિપિ સહુથી વધુ પ્રદેશોમાં પ્રચલિત છે. ખાસ કરીને ઉત્તર ભારત અને દખ્ખણમાં. દેવનાગરીનું ટૂંકું રૂપ 'નાગરી' છે. દખ્ખણમાં એને 'નંદિનાગરી' કહે છે. ગુજરાતમાં દેવનાગરી લિપિ ૮મી સદીથી પ્રચલિત થવા લાગી. ઈ.સ.ની ૧૫મી થી ૧૮મી સદી દરમ્યાન જૈનોના આશ્રયે લખાતા ગ્રંથોમાં લહિયાઓએ સુલેખનની એક વિશિષ્ટ પરિપાટી વિકસાવી જેને **'જૈનનાગરી લિપિ'** કહે છે. શ્રમણ સંસ્કૃતિએ લેખનકલામાં પોતાને અનુકૂળ લિપિના ફેરફાર, સુધારા-વધારા અને સંકેતોનું નિર્માણ કર્યું.આ લિપિમાં મુખ્યત્વે ઉત્તરી મરોડનાં જૂનાં સ્વરૂપ પ્રચલિત રહ્યાં છે. હસ્તપ્રતોમાં આ લિપિ પ્રચલિત છે. જુદી જુદી ટેવો, પસંદગી વગેરેને લઈને જૈન લિપિ અનેક ભાગોમાં વહેંચાઈ; જેમાં યતિઓની લિપિ, ખરતરગચ્છીય લિપિ, મારવાડી લેખકોની લિપિ, ગુજરાતી લેખકોની લિપિ વગેરેનો સમાવેશ થાય છે. આ લિપિમાં લખાયેલી પ્રાચીન હસ્તપ્રત 'પંચમી કથા' (સં. ૧૧૦૯-ઈ.સ. ૧૦૫૨-૫૩)ની મળી છે. દક્ષિણ ભારતના હસ્તપ્રતસંગ્રહોમાં 'નંદિનાગરી' લિપિમાં લખાયેલી ઘણી હસ્તપ્રતો સચવાયેલી છે.

**ગુજરાતી લિપિ :** ગુજરાતમાં પ્રાદેશિક લિપિનું વિશિષ્ટ સ્વરૂપ ઘડાયું, જે ગુજરાતી લિપિ તરીકે ઓળખાય છે. એના મરોડનો આરંભ ઈ.સ.ની ૧૫મી સદીથી જોવા મળે છે. ગુજરાતી પ્રજાનો મોટો વર્ગ વેપારધંધામાં પડેલો હોઈ રોજિંદા હિસાબ-કિતાબ લખવા માટે શિરોરેખાવાળા અક્ષરોને બદલે સળંગ શિરોરેખા તરીકે એક આખી લીટી દોરી એની નીચે શિરોરેખા વિના અક્ષરો લખવાની પદ્ધતિ પ્રચલિત થઈ. ઝડપથી લખવા માટે અક્ષરોને વધુ વળાંકદાર મરોડ આપવામાં આવ્યો. આરંભમાં આ લિપિ 'વાણિયાશાઈ લિપિ' કે 'મહાજની લિપિ' તરીકે ઓળખાતી. પંદરમી સદીથી ગુજરાતી ગ્રંથો લખવા માટે આ લિપિ પ્રચલિત બની. મુદ્રણકલાના આરંભે પારસી જેવા ધંધાદારી વર્ગોએ આ લિપિ પ્રયોજી. શિલાછાપથી મુદ્રણ થતું ત્યારે સળંગ શિરોરેખા દોરાતી. અક્ષરોનાં અલગ બીબાં તૈયાર થતાં શિરોરેખા દૂર કરવામાં આવી.

**મોડી લિપિ :** મરાઠી ભાષાની લિપિ નાગરી છે. આ અક્ષર ઝડપથી લખાય માટે, એમાં કેટલાક સુધારા કરવામાં આવ્યા અને એમાં નાની અલગ શિરોરેખાને બદલે લાંબી લીટી દોરવામાં આવી ને એક અથવા વધુ શબ્દ કે આખી પંક્તિ સળંગ કલમે લખવામાં આવતી. આ લિપિ મોડી કહેવાય છે.

**શારદા લિપિ :** કાશ્મીર પ્રદેશની પ્રાચીન શારદા લિપિમાંથી શારદા, ટાકરી અને ગુરુમુખી એ ત્રણે લિપિઓ ઊતરી આવી છે. શારદા લિપિ કાશ્મીર પ્રદેશ અને પંજાબના ઘણા ભાગોમાં પ્રયોજાતી. ટાકરી લિપિ જમ્મુ અને ઉત્તર પંજાબમાં પ્રચલિત છે. ટાકરી નામ 'ઠક્કુરી', 'ઠાકુરી' ઉપરથી પડ્યું હોવાનું જણાય છે. રાજપૂત ઠાકોરોની લિપિ અથવા ટાંક-લવાણા જાતિના વેપારીઓની લિપિને ટાકરી લિપિ કહે છે.

**ગુરુમુખી લિપિ :** પંજાબના વેપારી વર્ગોમાં 'લંડા' નામે મહાજની લિપિ પ્રચલિત હતી. ગુરુ ગોવિંદસિંહે (ઈ.સ.ની ૧૬ મી સદી) ધર્મગ્રંથો લખવા માટે 'લંડા' લિપિમાંથી સ્વરમાત્રાઓવાળી શુદ્ધ લિપિ વિકસાવી જેને ગુરુમુખી લિપિ કહે છે.

**કૈથી લિપિ :** બિહારમાં કાયસ્થ લોકોએ નાગરી લિપિનું ઝડપથી લખાય એવું સ્વરૂપ પ્રયોજ્યું, જેને કૈથી લિપિ કહે છે.

**બંગાળી લિપિ :** આ લિપિ ભારતના પૂર્વ ભાગ-મગધ તરફની નાગરી લિપિમાંથી ૧૦મી સદીમાં નીકળી છે અને બંગાળ, અસમ, બિહાર, નેપાળ તથા ઓરિસ્સાના પ્રાચીન અભિલેખો અને હસ્તપ્રતોમાં પ્રયોજાઈ છે. હાલ આ લિપિ બંગાળ અને અસમમાં પ્રચલિત છે.

**મૈથિલી લિપિ :** આ લિપિ બંગાળી લિપિનું રૂપાંતર છે. મિથિલાના બ્રાહ્મણો સંસ્કૃત ગ્રંથ લખવા આ લિપિનો પ્રયોગ કરતા.

**ઉડિયા લિપિ :** ઓરિસ્સાની આ લિપિ પ્રાચીન બંગાળી લિપિમાંથી નીકળી છે. સળંગ કલમે લખાય એવા મરોડ અને ગોળાઈદાર શિરોરેખાને લીધે આ લિપિના અક્ષર વિલક્ષણ લાગે છે.

**તેલુગુલિપિ :** આંધ્ર પ્રદેશ અને એની આસપાસના ભાગમાં તેલુગુ લિપિ પ્રચલિત છે. આ લિપિ વૈજ્ઞાનિક અને સંપૂર્ણ છે. તેમાં એક એક ધ્વનિ માટે અલગ અલગ વર્ણ છે. અભિલેખોમાં આ લિપિ ૭મી સદીથી ૧૪મી સદી સુધી પ્રચારમાં રહી.

**કન્નડ લિપિ :** કન્નડ લિપિ કર્ણાટક પ્રદેશની છે. કન્નડ ભાષા અને લિપિનો સહુથી જૂનો શિલાલેખ બાદામીની વૈષ્ણવગુફાની બહાર ચાલુક્ય રાજા મંગલેશ (સં. ૫૯૮-૬૧૦)નો છે. હસ્તપ્રતોમાં આ લિપિ ૧૮મી-૧૯મી સદી સુધી પ્રયોજાઈ. આ લિપિની સહુથી જૂની હસ્તપ્રત 'કવિરાજમાર્ગ'ની ઈ.સ. ૮૭૭ની છે.

**ગ્રંથલિપિ :** જે પ્રદેશમાં તમિલ લિપિ પ્રચલિત છે ત્યાં સંસ્કૃત ગ્રંથો લખવા માટે તેલુગુ-કન્નડ લિપિને મળતી આવતી લિપિ વિકસી, જેને ગ્રંથલિપિ કહે છે.

**તમિળ લિપિ :** તમિળનાડુમાં પ્રયોજાતી, તમિળ લિપિ બ્રાહ્મી લિપિની દક્ષિણી શૈલીમાંથી ૭મા સૈકામાં વિકસી છે.

**વટ્ટેળુત્તુ તમિલ લિપિ :** તમિળ લિપિનો પ્રકાર ગોળાકાર વર્તુળોની લિપિનો છે. આ લિપિ તાડપત્રો ઉપર કલમ સ્ટાઈલસથી લખવા માટે ખાસ રચાઈ હોય એમ લાગે છે. ચોળ અને પાંડ્ય રાજાઓએ આ લિપિને પ્રોત્સાહન આપેલું. આ લિપિની ઘણી હસ્તપ્રતો ઉપલબ્ધ છે. (શેલત, ૨૦૦૫ : ૫૩-૭૬. ઠાકર, ૨૦૦૬ : ૨૨-૩૬).

ભારતના વિવિધ સંગ્રહાલયોમાં સંગૃહીત અરબી-ફારસી હસ્તપ્રતોમાં નસ્ખ, નસ્તાલિક, કૂફી જેવી

મુસ્લિમ લેખનકલાની સુલેખન શૈલીઓ જોવા મળે છે.

પ્રાચીન ભારતીય હસ્તપ્રતો સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, મરાઠી, બંગાળી, પંજાબી, અસમી, તેલુગુ, કન્નડ, મલયાલમ જેવી ભાષાઓમાં લખાયેલી જોવા મળે છે. મધ્યકાલીન ભાષાઓમાં આ ઉપરાંત ફારસીમાં લખાયેલી ઘણી હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે.

**ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ અને કલાના મૂળસ્રોતરૂપ હસ્તપ્રતો**

ભારતીય ઇતિહાસના મધ્યકાલ દરમ્યાન જૈન આચાર્યોએ અને દિગ્ગજ સૂરિઓએ ધાર્મિક અને લૌકિક કથાઓ રચીને સંસ્કૃત પ્રાકૃત સાહિત્યના ભંડારને સમૃદ્ધ કર્યો. એમની કથાઓમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનું ચિત્રણ કર્યું છે. દેશવિદેશમાં ભ્રમણ કરતા જૈન શ્રમણોએ તે તે વિસ્તારની લોકભાષા, લોકજીવન, રીતરિવાજોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી તેની હકીકત પોતાની કથાઓમાં ગૂંથી છે. એમાં ધર્મદેશનાને પ્રધાનસ્થાન છે. જૈન સાહિત્ય માત્ર ભારતીય ભાષાઓના અધ્યયન માટે જ ઉપયોગી નહિ પરંતુ ભારતીય સભ્યતાના ઇતિહાસ-આલેખન માટે પણ મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતીમાં રચાયેલ હજારો ગ્રંથોની હસ્તપ્રતો દેશના જ્ઞાનભંડારોમાં ઉપલબ્ધ છે. સોલંકીકાલ દરમ્યાન રચાયેલ પ્રભાવકચરિત (પ્રભાચંદ્રસૂરિકૃત) - સં. ૧૩૩૪ (ઈ.સ. ૧૨૭૮) નામની સંસ્કૃત પદ્યકૃતિમાં કવિએ જૈન ધર્મના પ્રભાવક આચાર્યોની જીવનઘટનાઓનો વૃત્તાંત આપેલો છે, જેમાં વીરસૂરિ, શાંતિસૂરિ, મહેન્દ્રસૂરિ, સૂરાચાર્ય, અભયદેવસૂરિ, વીરદેવગણિ, દેવસૂરિ, હેમચંદ્રસૂરિ જેવા આચાર્યોએ ગુજરાતના ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં કરેલા મૂલ્યવાન પ્રદાનને બિરદાવવામાં આવ્યું છે. આ કાલના પ્રસિદ્ધ કવિ સોમેશ્વરે (સં. ૧૨૮૨ = ઈ.સ. ૧૨૩૬) રચેલ 'કીર્તિકૌમુદી' નામના સંસ્કૃત મહાકાવ્યમાં છેક સોલંકી રાજા મૂલરાજથી ભીમદેવ બીજા સુધી અને વાઘેલા શાખાના અર્ણોરાજથી લઈ ધોળકાના વીરધવલ સુધીના રાજાઓનો ઇતિહાસ આપ્યો છે અને વીરધવલના મંત્રી વસ્તુપાલનું ગુણોત્કીર્તન કર્યું છે. વસ્તુપાલે શત્રુંજય અને ગિરનારની યાત્રા સંઘ સાથે કરી તેનું રોચક વર્ણન આપેલું છે. ઉદયપ્રભસૂરિકૃત 'સુકૃતકીર્તિકલ્લોલિની' પ્રશસ્તિકાવ્ય (રચના પ્રાયઃ વિ.સં. ૧૨૭૭ - ઈ.સ. ૧૨૨૧)માં અણહિલવાડ પાટણના સોલંકી રાજાઓનું કાવ્યમય વર્ણન અને મંત્રી વસ્તુપાલ-તેજપાલનાં ધાર્મિક કાર્યોનો ગુણાનુવાદ કરવામાં આવ્યો છે.

મુઘલકાલ દરમ્યાન દેવવિમલગણિએ રચેલ 'હીરસૌભાગ્ય કાવ્ય' (સં. ૧૬૩૯ - ૧૬૭૧ = ઈ.સ. ૧૫૮૩-૧૬૧૫)માં હીરવિજયસૂરિનો જન્મ, દીક્ષા, આચાર્યપદ પ્રાપ્તિ, અકબર સમ્રાટ સાથે મુલાકાત, અકબરે ગુરુ પાસેથી મેળવેલી જૈન ધર્મની માહિતી, આગ્રામાં જ્ઞાનભંડારની સ્થાપના, પાદશાહના 'અમારિ' પ્રવર્તાવનાર છ ફરમાન અને સૂરિને જગદ્‌ગુરુનું બિરુદ વગેરે વિષયોનું સુંદર વર્ણન કર્યું છે. આ ઉપરાંત ગુજરાતનાં અમદાવાદ, પાટણ, ખંભાત, સાભ્રમતી નદી વગેરેનું કાવ્યમય વર્ણન કરેલું છે. સિદ્ધિચંદ્રે રચેલ 'ભાનુચંદ્રચરિત' જેવી રચનાઓમાં મુઘલ દરબારનું અને પાતશાહોનાં દૈનિક જીવનનું તાદશ આલેખન આવે છે.

ગુજરાતના પ્રાચીન અને મધ્યકાલ દરમ્યાન રચાયેલ ઐતિહાસિક કૃતિઓની સંગૃહીત હસ્તપ્રતો તે તે કાલના રાજકીય ઇતિહાસને ઉજાગર કરવા માટે મહત્ત્વની છે. સોલંકી કાલ દરમ્યાન રચાયેલ 'હમ્મીરમદમર્દન' નામના ઐતિહાસિક નાટકની રચના આચાર્ય જયસિંહસૂરિએ વિ.સં. ૧૨૭૯ - વિ.સં. ૧૨૮૫ (ઈ.સ. ૧૨૨૩-૧૨૨૯) દરમ્યાન કરી. એમાં યાદવ રાજા સિંહણ અને ઉત્તર પ્રદેશના અલ્તમશે ગુજરાત પર ચઢાઈ કરી ત્યારે રાજા વીરધવલ અને મંત્રી વસ્તુપાલે એમનો પરાજય કઈ રીતે કર્યો એની ઐતિહાસિક વિગતો આપેલી છે. બિલ્હણ કવિની 'કર્ણસુંદરી' (૧૧મી સદી) નાટિકામાં મંત્રી સાંતૂ, રાજા કર્ણદેવ અને રાણી મયણલ્લ દેવી વિશે કેટલીક ઐતિહાસિક વિગત મળે છે. દક્ષિણમાં કલ્યાણના ચાલુક્યરાજા વિક્રમાંકદેવની

રાજસભાના વિદ્વાન બની કવિ બિલ્હણે રાજાના ગુણોત્કીર્તન માટે ૧૮ સર્ગોવાળા વિક્રમાંકદેવચરિત મહાકાવ્યની રચના ૧૧મી સદીના ઉત્તરાર્ધમાં કરી. અરિસિંહ કવિએ 'સુકૃતસંકીર્તન' નામના ૧૧ સર્ગોના કાવ્યની રચના ઈ.સ. ૧૨૨૯ લગ.માં કરી. આ કાવ્યમાં મંત્રી વસ્તુપાલનાં સુકૃત્યોનું વર્ણન છે. કવિએ વનરાજથી માંડી સામંતસિંહ સુધીના ચાવડા રાજાઓ, મૂલરાજથી ભીમદેવ રજા સુધીના સોલંકી રાજાઓ અને અર્ણોરાજ થી વીરધવલ સુધીના વાઘેલા રાજાઓનો સંક્ષિપ્ત ઇતિહાસ આપ્યો છે.

મંત્રી વસ્તુપાલના સમયના આચાર્ય વિનયચંદ્રસૂરિએ 'કવિશિક્ષા' નામનો ગ્રંથ (લગ. ઈ.સ. ૧૨૨૯) રચ્યો. એમાં ગુજરાતના તત્કાલીન જિલ્લા - પ્રાંતવાર યાદી આપી છે. માતર, વડૂ, ભાલિજ્ય, હર્ષપુર, જંબૂસર, દર્ભાવતી, પેટલાપદ્ર, ખદિરાલુકા, ધવલક્ક, મોહડવાસક વગેરે ગુજરાતનાં સ્થળનામો દર્શાવ્યાં છે.

કર્ણાટકના કવિ ગંગાધરે મહમૂદ બેગડાના સમયમાં ચાંપાનેરના રાજા ગંગદાસ અને અમદાવાદના સુલતાન મુહમ્મદ રજાની વચ્ચે થયેલા વિગ્રહનું અને મુહમ્મદશાહની પીછેહઠનું વર્ણન કરતું નવ અંકોનું 'ગંગદાસપ્રતાપવિલાસ' નામનું નાટક રાજા ગંગદાસની આજ્ઞાથી રચ્યું (ઈ.સ. ૧૪૪૯ - આસપાસ). એમાં ચાંપાનેર નગરનું વર્ણન સ્થાપત્યની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું છે. ચાંપાનેરના મહાકાલી મંદિરના સભાગૃહમાં એ નાટક ભજવાયું હતું. જૂનાગઢના છેલ્લા હિંદુ રાજા મંડલીક ઉજાના જીવનને લગતું 'મંડલીક મહાકાવ્ય' ઈ.સ. ૧૪૬૦માં આ કવિએ રચ્યું

પદ્મનાભકૃત 'કાહ્નડે પ્રબંધ'(ઈ.સ. ૧૪૫૬)માં ગુજરાતના છેલ્લા રાજા કર્ણ વાઘેલાના પતનનો અને અલાઉદ્દીનના સૈન્યને ગુજરાતમાં પ્રવેશવા ન દેનાર ચૌહાણ કાન્હડદેના પ્રદેશ ઉપરના આક્રમણનો ચિતાર યુદ્ધનાં વર્ણનો સાથે આપવામાં આવ્યો છે. (પરીખ શાસ્ત્રી. ૧૯૭૭ : ૩૨૫).આ કાવ્યમાં તત્કાલીન સામાજિક સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. ગુજરાતના મહાપ્રતાપી સુલતાન મહમૂદશાહ (ઈ.સ. ૧૪૫૯-૧૫૧૧) - 'મહમૂદ બેગડા' ના આશ્રિત સંસ્કૃત કવિ ઉદયરાજે 'રાજવિનોદ' એવં महमूदसुरत्राणचरित्र નામના સંસ્કૃત મહાકાવ્યની રચના કરી. સાત સર્ગમાં વિભાજિત આ મહાકાવ્યની ઈ.સ.ની ૧૫મી સદીની એકમાત્ર હસ્તપ્રત પુણેના ભાંડારકર ઑરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં સંગૃહીત છે. આ કાવ્યમાં સુલતાન મહમૂદશાહની ઉદારતા, દાનવીરતા, ન્યાયપ્રિયતા, શૂરવીરતા અને એના વિજયોની પ્રશસ્તિ કરી છે. (શેલત, કુરેશી, ૨૦૧૨ : ૧-૪)

આ ઉપરાંત જૈન ગુર્વાવલીઓ અને ગચ્છોની ગુરુપરંપરા વર્ણવતી પટ્ટાવલીઓની હસ્તપ્રતોમાંથી ધાર્મિક અને સામાજિક ઇતિહાસની મહત્ત્વની વિગતો પ્રાપ્ત થાય છે. ઉ.ત. મુનિ સુંદરસૂરિકૃત 'ગુર્વાવલી' (ઈ.સ. ૧૪૧૦)

'જ્યેષ્ઠીમલ્લ પુરાણ', 'વાયડાપુરાણ' જેવાં જ્ઞાતિપુરાણોની હસ્તપ્રતો પણ ગુજરાતના સામાજિક ઇતિહાસ માટે મહત્ત્વની છે.

રંગવિજયગણિએ 'ગુર્જરદેશભૂપાવલી' ગ્રંથની રચના ઈ.સ. ૧૮૦૯માં કરી, જેમાં એમણે પોતાના સમય સુધીની ગુજરાતના રાજાઓની વંશાવલીઓ આપી છે. આ ઉપરાંત વિવિધ ગ્રંથભંડારોમાં છૂટક હસ્તલિખિત પાનારૂપે સચવાયેલી અનેક વંશાવળીઓ મળે છે. જેમાં ઉલ્લિખિત સાલવારી અને પ્રાસંગિક હકીકતો પ્રસ્તુત કાલના રાજકીય ઇતિહાસ પર સારો પ્રકાશ પાડે છે.

ધાર્મિક અને સામાજિક ઇતિહાસની દૃષ્ટિએ પણ કૃતિઓની હસ્તપ્રતો મહત્ત્વની છે. ઉ.ત. સર્વાનંદસૂરિએ સં. ૧૩૭૫ (ઈ.સ. ૧૩૧૯)માં 'જગડૂચરિત'ની રચના કરી. આ ગ્રંથમાં શ્રાવક વણિક જગડૂએ વિ.સં. ૧૩૧૫માં દુષ્કાળ વખતે લોકોને અન્નદાન આપી મોટી ખ્યાતિ મેળવી હતી અને ભદ્રેશ્વરમાં એણે ખીમલી નામની મસ્જિદ બંધાવી હતી એમ જણાવ્યું છે. આ ઉપરાંત જગડૂશાહનો પરદેશો સાથે બહોળો

વેપાર એના પોતાનાં વહાણોમાં ચાલતો. ઈરાનમાં હોરમઝ ખાતેનો આડતિયો અહીંનો હતો.

સોલંકીકાલ દરમ્યાન ગુજરાતમાં ભરૂચ, ખંભાત, સોમનાથ, માંડવી, ભદ્રેશ્વર, દીવ, ઘોઘા અને પોરબંદર જેવા વિકસિત બંદરો હતાં. સોલંકી કાલના પ્રસિદ્ધ કવિ સોમેશ્વરના 'કીર્તિકૌમુદી' ગ્રંથમાં વાઘેલા રાણા વીરધવલના સમયમાં થયેલા વસ્તુપાલ મંત્રીએ સ્તંભતીર્થ (ખંભાત)નો વિકાસ કર્યો અને વેલાકુલકરણ (બંદરખાતા)માં સુધારા કર્યા તેમજ ખલાસીઓને પ્રોત્સાહન આપ્યું એમ જણાવ્યું છે.

ઠક્કુર ફેરૂદ્વારા ઈ.સ.ની ૧૩મી સદીના અંતમાં રચાયેલા પ્રાકૃત 'દ્રવ્યપરીક્ષા' ગ્રંથમાં તત્કાલીન ભારતના જુદા જુદા પ્રદેશોમાં પ્રચલિત વિવિધ સિક્કાઓનો પરિચય મળે છે. હેમચંદ્રાચાર્યના (ઈ.સ. ૧૦૮૯-૧૧૭૩) દ્વયાશ્રય કાવ્યમાં સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળે પટોળાં વણનાર સાળવીઓને મારવાડમાંથી ગુજરાતમાં વસવાટ કરવા પ્રોત્સાહિત કર્યા અને સ્થિર થવામાં રાજ્યે સહાય કરી હોવાનું જણાવ્યું છે.

લાવણ્યસમયરચિત 'વિમલપ્રબંધ' (વિ.સં. ૧૫૬૮-ઈ.સ. ૧૫૧૨)માં વાણિયાઓની ૮૪ જ્ઞાતિઓનો ઉલ્લેખ કર્યો છે. આ વાણિયાઓ અને કચ્છના ભાટિયાઓનું ગુજરાતમાં ૧૭મી સદીમાં આકાર લેતું નવું સામાજિક - આર્થિક જૂથ હતું. એમાં સોલંકી રાજા ભીમદેવ ૧લાના મંત્રી વિમલશાહનું પરંપરાગત ચરિત્ર વર્ણવવામાં આવ્યું છે.

'જામે ઉલહિકાયત' ફારસી ગ્રંથમાં જણાવ્યા અનુસાર નહરવાલા (અણહિલપાટક-પાટણ)ના વસા આભીર નામે વેપારી ગઝનીમાં લાખોનો વેપાર કરતો હતો. એક મુઘલકાલીન જૂના હસ્તલિખિત પાનામાં 'સોનીની પારસી' - સોની ઝવેરીની ધંધાદારી છૂપી બોલી પારસી વિશે માહિતી મળે છે. શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય અને સંગીત જેવી કલાઓને લગતા ગ્રંથોની હસ્તપ્રતો ભારતના સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ ખૂબ ઉપયોગી છે.

'વિષ્ણુધર્મોત્તરપુરાણ' (ઈ.સ. ૫મી-૭મી સદી)માં નૃત્ત, નૃત્ય, નાટ્ય, અભિનયભેદો, નવરસ, ભાવ અને નૃત્યની ઉત્પત્તિનું કથાનક વગેરેની ચર્ચા કરવામાં આવી છે. 'સંગીતમકરન્દ' ગ્રંથમાં સંગીત અને નૃત્યનું વર્ણન કરવામાં આવ્યું છે. શાર્ઙ્ગદેવકૃત 'સંગીતરત્નાકર'ની રચના ૧૩મી સદીમાં થઈ. રચયિતા દક્ષિણના યાદવ રાજાના આશ્રિત હતા. આ ગ્રંથ સંગીત અને નૃત્ય બંને વિષયોનું વિશદ, સર્વગ્રાહી અને શાસ્ત્રીય નિરૂપણ કરે છે. નાદ, રાગ, પ્રબંધ, 'માર્ગ' તથા 'દેશી', વિવિધ વાદ્યોનું નિરૂપણ કરેલું છે.

પાર્શ્વદેવ કૃત 'સંગીતસમયસાર' નામના સંગીતશાસ્ત્રના ગ્રંથમાં કંઠ્ય અને વાદ્ય સંગીતનું નિરૂપણ છે. એમાં નૃત્ય વિશેનું પ્રકરણ પણ રચેલું છે. જેમાં નૃત્તનાં લક્ષણ, દેશી નૃત્યના પ્રકાર, નર્તકીના ગુણ, વેશભૂષા, દેખાવ વગેરેનું વર્ણન કરેલું છે. (ઉપાધ્યાય : ૨૦૧૦.૧૫, ૨૬, ૩૮-૪૦).

'અપરાજિતપૃચ્છા', રૂપમંડન, રૂપાવતાર, માનસોલ્લાસ જેવા મૂર્તિવિધાનને લગતા ગ્રંથોની હસ્તપ્રતો પ્રતિમાનાં લક્ષણો, આયુધો, વાહનો, આસનો વગેરેનું સુંદર વર્ણન કરે છે. અગ્નિ, મત્સ્ય, ગરુડ, નારદ અને વિષ્ણુધર્મોત્તર જેવાં પુરાણોમાં પ્રતિમાવિધાન અંગે સુંદર માહિતી આપેલી છે. 'સૌધિકાગમ'ની લગ. મધ્યકાલની હસ્તપ્રત ઓરિસ્સાની ઉડિયા લિપિમાં લખેલી છે. એમાં ઓરિસ્સાના મંદિર-સ્થાપત્ય, નગરરચના અને મૂર્તિવિધાનને લગતી માહિતી આપેલી છે. (ગેઈલ, મેવીસન, સલોમોન ૨૦૦૬ : ૯૯-૧૦૯)

લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં સંગૃહીત ૧૮મી સદીની નેપાળના બૌદ્ધ ધર્મની સચિત્ર હસ્તપ્રત વાદળી પેપર ઉપર પીળા અક્ષરોથી નેવારી લિપિમાં લખેલી છે. આ અપ્રકાશિત હસ્તપ્રતનાં ૧૪ પત્રો છે. અને પૃષ્ઠ ભાગ કોરો છે. હસ્તપ્રતમાં કેટલાક મંત્ર બૌદ્ધ ધર્મની ધારણીઓ રૂપે છે, જ્યારે કેટલાક વિદ્યારાજ્ઞી કે મહાવિદ્યા સંલગ્ન છે, કેટલાક હૃદયમંત્રો છે. વસુધારા દેવીના ૧૦૮ નામો સાથેનું ધારણીસ્તોત્ર પણ એમાં છે.

સૌ પ્રથમ પંચરક્ષા દેવીઓની ધારણીઓ આ હસ્તપ્રતના આરંભમાં છે. આ પાંચ દેવીઓનાં નામ મહાપ્રતિસરા, મહાસાહસ્રપ્રમર્દની, મહામાયૂરી, મહાશીતવતી અને મહામંત્રાનુસારિણી છે. ત્યારબાદ મંત્રો અને સાત દેવીસમૂહોનાં લઘુચિત્રો દોરેલાં છે. જેમાં વસુધારા, વજ્રવિદારિણી, ગણપતિહૃદયા, ઉષ્ણીષવિજયા, મારીચી, પર્ણશવરી અને ગ્રહમાતૃકાનો સમાવેશ થાય છે. ત્યારબાદ વજ્રવારાહીના ચિત્રવાળું પત્ર છે. છેલ્લા પત્રમાં સ્તૂપનું ચિત્ર છે.

'આદિત્યાદિગૃહમાતૃકા'ની ધારણી હસ્તપ્રતસંગ્રહમાં બે મૂષક ઉપર નૃત્ય કરતાં નારીરૂપ ગણપતિનું ચિત્ર જોવા મળે છે. એના છ હાથમાં માળા, પરશુ, જાપાનીઝ મૂળો, અંકુશ, પાશ અને લાડુ ધારણ કરેલ છે. શિરોવેષ્ટનની બંને બાજુ ચાર પત્તીઓ વાળી બે નાની ધજાઓ જોવા મળે છે. એક પત્ર ઉપર વજ્રવારાહીનું ચિત્ર જોવા મળે છે. અંતિમ પત્રમાં ચૈત્યની આકૃતિની બંને બાજુ સાધુ અને સેવકની આકૃતિ - ચૈત્ય કાઠમંડૂનો સ્વયંભૂનાથ મહાચૈત્ય હોવાનું જણાય છે. ૧૮મી સદીની સચિત્ર ધારણી હસ્તપ્રત ઘણી મૂલ્યવાન હોવાનું પ્રતીત થાય છે. (ગેઈલ, મેવીસન, સલોમોન, ૨૦૦૬ : ૨૯-૫૮).

**અરબી-ફારસી હસ્તપ્રતો :**

ગુજરાતના સલ્તનત અને મુઘલ કાલના ઈતિહાસને યથાતથ સ્વરૂપે જાણવા માટે અરબી-ફારસીમાં લખાયેલી હસ્તપ્રતો ખૂબ ઉપયોગી છે. એમાં ઈતિહાસ, જીવનચરિત્ર, પત્રવ્યવહાર, ધર્મ અને તત્ત્વજ્ઞાન, નીતિ, સૂફીમત, પ્રણયકથાઓ વગેરે વિષયોને લગતી હસ્તપ્રતો મદ્રેસાઓ અને કિતાબખાનાઓમાં સંગ્રહાયેલી જોવા મળે છે. 'મુખ્તસર-તારીખે ગુજરાત', 'તારીખે મુઝફ્ફરી', 'આલમગીર નામા', 'જહાંગીર નામા', 'શાહજહાંનામા' જેવી ઐતિહાસિક કૃતિઓની હસ્તપ્રતો, અબ્વાબ-ઈ-મરીફત જેવી સૂફીમતની કાવ્યની હસ્તપ્રત, જ્ઞાનમાલા-વેદાંતનો ફારસી અનુવાદ, જૈનુદ્દીનનું ફારસીમાં કૃષ્ણચરિત (સચિત્ર), રિસાલા-ઈ-મુસિકી- સંગીતશાસ્ત્રનાં ગ્રંથો, 'કિતાબુલ મશાહત' અંકગણિતની હસ્તપ્રત ઈતિહાસની ધરોહર છે.

**ફારસી ખતપત્રો** - ઘરના વેચાણ અને ગીરોને લગતાં તેમજ જમીન-વેચાણનાં ખતપત્રો ભો. જે. વિદ્યાભવન મ્યુઝિયમમાં સંગૃહીત છે. આ ઉપરાંત ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદમાં ૨૫ જેટલાં ફારસી અને ગુજરાતી ખતપત્રો સંગૃહીત છે. મોટા ભાગના ખતપત્રોમાં મકાનના પ્લાન પણ આપેલા જોવા મળે છે. અકબરશાહી, મુહમ્મદશાહી સિક્કાઓ - રૂપિયાનો નિર્દેશ ઘરના વેચાણ સંદર્ભે આપણને મળે છે. પોળોના વિસ્તારનાં નામ, તત્કાલીન વહીવટી અધિકારીઓનાં નામ, જ્ઞાતિઓનાં નામ, વ્યક્તિ અને સ્થળનામો વગેરેના અભ્યાસ અને સંશોધન માટે આ ખતપત્રો ખૂબ ઉપયોગી નીવડે છે.

અશ્વવિદ્યા ઉપરનો ગ્રંથ 'રિસાલા-ઈ-અસ્પ' આ મ્યુઝિયમમાં સચવાયેલ છે, જેમાં અશ્વની વિવિધ જાતો વિશે વર્ણન છે. અશ્વોની ઉત્પત્તિ, રંગ, ગુણ-દોષ, ચિહ્નો, લક્ષણો, સ્વભાવ, ઊંચાઈ વગેરેનું વર્ણન ૯ પ્રકરણોમાં કરેલું છે.

ભો. જે. વિદ્યાભવનની ગુજરાતી હસ્તપ્રતોમાં આખ્યાન કાવ્યો, કથાકાવ્યો, ચરિત્રગ્રંથો, પ્રબંધ, રાસ, રાસા, ભજન, ગરબા, સલોકો, બારમાસ, સ્તવન અને સંસ્કૃતમાં કર્મકાંડ, આયુર્વેદ, જ્યોતિષ, તત્ત્વજ્ઞાન, પુરાણ, વ્યાકરણ, વાસ્તુશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર વગેરે વિષયોને લગતી હસ્તપ્રતો સંગૃહીત છે.

**વિજ્ઞપ્તિપત્રો અને ફરમાનો :**

મુઘલકાલ દરમ્યાન પ્રસિદ્ધ જૈનાચાર્યો ચાતુર્માસમાં જયાં સ્થિર થયા હોય ત્યાં સંસ્કૃત ભાષામાં વિજ્ઞપ્તિપત્રો એમના શિષ્યો દ્વારા સંસ્કૃતમાં લખવામાં આવતાં. આ વિજ્ઞપ્તિપત્રોમાં ચિત્રાલેખન સાથે સ્થળવર્ણનો પણ કાવ્યમય ભાષામાં લખવામાં આવતાં.

આ ઉપરાંત જૈન મુનિઓએ પોતાની વિદ્વત્તા અને કડક આચારપાલનથી મુસ્લિમ બાદશાહોને પ્રસન્ન

કરી અનેક પ્રકારનાં ફરમાન મેળવ્યાં હતાં. આ ફરમાનો પ્રાણીમાત્રના કલ્યાણ માટે તેમજ જૈનધર્મના સિદ્ધાંતોના પ્રચાર માટેનાં હતાં. પશુ-પક્ષીઓને ન મારવાં એવી 'અમારી', જજિયાવેરો, મૃતકનું ધન ન લેવું, બંદીવાનોને છોડી મૂકવા, માછલાં ન મારવા, પર્યુષણ તેમજ બીજા તહેવારોમાં જીવહિંસા ન થાય અને જૈનોને પોતાનાં તીર્થોમાં આવવા-જવા સવલતો મળે એ માટેનાં ફરમાન મેળવ્યાં હતાં. (પરીખ, શાસ્ત્રી : ૧૯૭૯ : ૨૮૮). ઉ.ત. બાદશાહ અકબરે પર્યુષણના પર્વદિનોમાં પ્રાણીવધની મનાઈ અંગે હીરવિજયસૂરિને હિ.સ. ૯૯૨ (ઈ.સ. ૧૫૮૪)માં આપેલું ફરમાન, શાહજહાંએ અમદાવાદના ચિંતામણિ-પાર્શ્વનાથના મંદિરના પુનર્નિર્માણ અંગે ઈ.સ. ૧૬૪૮માં ફરમાવેલું ફરમાન વગેરે.

અકબરે ઈલાહી ૪૬(૧૬૦૧)માં વિજયસેનસૂરિને આપેલું ફરમાન, અકબર અને જહાંગીરે નવસારીના પારસી દસ્તૂરોને અને ઈસુના અનુયાયીઓના ત્રીજા મંડળના પાદરીઓને આપેલાં ફરમાનો તે તે સંપ્રદાયને મળેલા રાજા તરફના પ્રોત્સાહનનું પ્રતિબિંબ પાડે છે. (પરીખ, શાસ્ત્રી : ૧૯૭૯ : ૨૪-૨૫).

આમ ભારતીય ઇતિહાસના અને સંસ્કૃતિના મૂળ સ્રોતરૂપ હસ્તપ્રતો અને અભિલેખો પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસના આલેખન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ મૂળભૂત સ્રોતોમાંથી તત્કાલીન સમાજ, ધર્મ, અર્થતંત્ર, રાજ્યવહીવટ, ભાષા, લિપિ, સાહિત્ય, કલા, સમયાંકન જેવાં વિવિધ પાસાંઓ પર પ્રકાશ પાડે છે તેમજ ઇતિહાસની ખૂટતી કડીઓના અન્વેષણ અને સંશોધન માટે આવાં મહત્ત્વનાં સાધનો આધારભૂત અને ઉપકારક બને છે.

## સંદર્ભગ્રંથ સૂચિ


Gail, Adalbert J., Mevissen, Gerd, J. R., Salomon, Richard (2006). *Script and Image*. Delhi : Motilal Banarasidas Publishers Private Limited.

ओझा, गौरीशंकर हीराचंद (१९९३). 'भारतीय प्राचीन लिपिमाला' : तृतीय आवृत्ति. न्यू दिल्ही : मुनशीराम मनोहरलाल पब्लीशर्स प्राइवेट लिमिटेड.

नंदीकेश्वरविरचितम् 'अभिनयदर्पणम्' (સંપા. ડૉ. અમૃત ઉપાધ્યાય, ૨૦૧૦). અમદાવાદ : સરસ્વતી પુસ્તક ભંડાર.

ઠાકર, જયંત (૨૦૦૬), 'હસ્તપ્રત વિજ્ઞાન', અમદાવાદ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ.

પરીખ, રસિકલાલ, શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૬). 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૪. સોલંકીકાલ. અમદાવાદ : ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ.

(૧૯૭૭) – ગ્રંથ ૫, સલ્તનતકાલ

(૧૯૭૯) – ગ્રંથ ૬, મુઘલકાલ

(૧૯૮૧) – ગ્રંથ ૭, મરાઠાકાલ.

ભટ્ટ, વસંતકુમાર (૨૦૦૯-૧૦). 'સંસ્કૃત પાણ્ડુલિપિઓ અને સમીક્ષિત પાઠસમ્પાદન-વિજ્ઞાન', અમદાવાદ-સરસ્વતી પુસ્તક ભંડાર.

શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૩). 'ભારતીય અભિલેખવિદ્યા'. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય.

શેલત, ભારતી (૨૦૦૫). 'લિપિ' અમદાવાદ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ.

શેલત, ભારતી. કુરેશી ઝુબેર, સંપાદકો (૨૦૧૨). उदयराजविरचितं राजविनोद महाकाव्यम् સરખેજ : શાહ વજીહુદ્દીન ઍકેડેમી.

અમદાવાદનાં ખતપત્રો (૨૦૧૨). ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ



ચિત્ર ૧ : કલ્પસૂત્ર સુબોધિકા રૌપ્યાક્ષરી



ચિત્ર ૨ : લેખકની પુસ્તક લખવાની નિપુણતાને લીધે દેખાતી અક્ષરાકૃતિઓ



ચિત્ર ૩ : બાલગોપાલ સ્તુતિના ચિત્રપ્રસંગો

# સંસ્કૃત ગ્રંથોમાં મળતા मस्करिन् શબ્દ વિશે વિચાર

◆

ડૉ. નિલાંજના શાહ

સંસ્કૃતમાં, मस्करिन् શબ્દ વ્યાકરણશાસ્ત્રના ગ્રન્થોમાં, કોશ ગ્રન્થોમાં અને કુમારદાસરચિત 'જાનકીહરણ' આશરે (ઈ.સ.ની પાંચમી સદી) અને ભટ્ટિરચિત 'ભટ્ટિકાવ્ય' આ (ઈ.સ.ની છઠ્ઠી સદી)એ બે મહાકાવ્યોમાં અને બાણરચિત 'હર્ષચરિત' ઈ.સ.ની સપ્તમી સદીનો પૂર્વાર્ધ)માં મળે છે.

તે પહેલાં આ શબ્દ જૈન ભગવતીસૂત્ર (આ.ઈ.સ.પૂર્વેની પાંચમી સદી)માં[1] અને બૌદ્ધ સાહિત્યના દીર્ઘનિકાય પરની સુમંગલવિલાસિની ટીકામાં[2] ગોશાલના સંદર્ભમાં મળે છે. તેમ બાશમે પોતાના 'A History and Doctrines of the Ājīvakas' નામના પુસ્તકમાં નોંધ્યું છે.*

આ શબ્દની પૂર્વભૂમિકાનો આછો ખ્યાલ આપવા માટે, પ્રાકૃત ભાષામાં રચાયેલા ભગવતીસૂત્રમાં મળતી ગોશાલની વિગત ટૂંકમાં આપવી જરૂરી છે. આ मस्करी શબ્દ એ ગોશાલ નામના જૈન પરિવ્રાજકનું ઉપનામ છે. તેનું વ્યક્તિગત નામ ગોશાલ છે. પ્રાકૃત ભાષામાં આ શબ્દ मंखलि તરીકે, પાલિમાં मकखलि તરીકે અને સંસ્કૃતમાં मस्करी તરીકે પ્રયોજાયો છે. ગોશાલ मस्करी પંથના અનુયાયી હતા. ગોશાલ જે આજીવક સંપ્રદાયના સ્થાપક ગણાય છે તેના પહેલાથી આ પંથ પ્રવર્તતો હતો અને આજીવક સંપ્રદાય કરતાં ઘણા વિશાળ જૂથને આવરતો હતો. ગોશાલે આ મસ્કરી પંથમાં નવો પ્રાણ પૂર્યો તેથી તે ગોશાલ મસ્કરી તરીકે ઓળખાય છે.

ભગવતીસૂત્રના ત્રીજા પર્વના પંદરમા શતકમાં ગોશાલનો મોટેભાગે मंखलिपुत्त તરીકે નિર્દેશ થાય છે અને કેટલેક ઠેકાણે मंखलि તરીકે થાય છે[3] બાશમ એમના પુસ્તકમાં નોંધે છે કે આ ગોશાલના પિતા मंख તરીકે, ધાર્મિક ચિત્રોનું પ્રદર્શન કરવાનો અને બિરદાવલીના ગાયક તરીકેનો વ્યવસાય કરતા હતા તેથી તે मंखलि કહેવાયા અને એમના પુત્ર તરીકે ગોશાલ मंखलि કે मंखलिपुत्त તરીકે ઓળખાયા. જૈન ધાર્મિક સાહિત્ય પ્રમાણે, ગોશાલનો મસ્કરી પંથ સાથે ઘનિષ્ટ સંબંધ હોવાને લીધે તેમને આ ઉપનામ મળ્યું જણાય છે.

આ મંસ્કરી પંથ એ દંડ સાથે વિચરતા ધાર્મિક પરિવ્રાજકોનો એક પંથ છે. આ પંથના અનુયાયીઓ નિયતિવાદના પુરસ્કર્તા હતા. તે પરિવ્રાજકો मा कुरुत कर्माणि शान्तिर्वः श्रेयसी' 'એટલે કે કર્મ ન કરો, શાન્તિ જ તમારા માટે કલ્યાણકારી છે, એમ ઘોષણા કરતા ફરતા હતા. તત્કાલીન સમાજમાં આ પરિવ્રાજકો તેમના નિયતિવાદને કારણે અમુક અંશે ટીકાને પાત્ર પણ થયા હતા.

જૈન પરંપરા પ્રમાણે, આ ગોશાલે અમુક વર્ષો સુધી મહાવીરનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું, પણ પાછળથી ગોશાલનો દંભ ઉઘાડો પડતાં, તે મહાવીરથી છૂટા પડ્યા હતા અને તેથી જૈન શાસ્ત્રોમાં મિથ્યાવાદી આચાર્ય તરીકે નિન્દાને પાત્ર બન્યા. આ ગોશાલમંખલિ ઈ.સ. પૂર્વે ૪૮૩માં મૃત્યુ પામ્યા, તેથી તેમનો સમય આશરે ઈ.સ.પૂર્વે છઠ્ઠીથી પાંચમી સદી ગણાય.[4]

હવે સંસ્કૃતગ્રંથોની વાત કરીએ તો સહુ પ્રથમ આશરે ઈ.સ.પૂર્વની પાંચમી સદીમાં રચાયેલ પાણિનીય અષ્ટાધ્યાયીના એક સૂત્ર (૬.૧.૧૫૪)માં આ શબ્દ મળે છે : मस्करमस्करिणौ च वेणुपरिव्राजकयोः । આ સૂત્રથી मस्कर અને मस्करिन् એ શબ્દોનું યથાસંખ્ય વેણુ (વાંસ) અને પરિવ્રાજકના અર્થમાં નિપાતન કરવામાં

★ પ્રસ્તુત લેખ માટેની પ્રેરણા એ. એલ. બાશમનાં ઉપર્યુક્ત પુસ્તકમાંથી મળી છે, ને બદલ તેમનો આભાર માનું છું.

આવે છે તેથી  मस्करिन् એટલે ''દંડ સાથે વિચરતો પરિવ્રાજક'' એમ અર્થ થાય છે.

આ શબ્દની વ્યુત્પત્તિ આમ છે : मस्करी इत्यत्र माङ्पूर्वात् करातेरिनिप्रत्ययः सुडागमो, माङो ह्रस्वत्वञ्च निपात्यते परिव्राजकेऽभिधेये ।

ઉપર્યુક્ત પાણિનીય સૂત્ર પરના મહાભાષ્યમાં આ શબ્દ વિશે નોંધપાત્ર સમજૂતી આપી છે : न वै मस्करोऽस्यास्तीनि परिव्राजकः । किं तर्हि ? मा कृत कर्माणि मा कृत कर्माणि शान्तिर्वः श्रेयसी-त्याह अतो मस्करी परिव्राजकः । उद्योतः-न वै सर्वः-दण्डधरः नापि तन्मात्रेण परिव्राजकत्वम् अयं त्यक्तवानयं त्यक्तवान् कर्माणि इत्युपक्रम्य स्वयं कर्माणि परित्यज्य परान्प्रत्येवमुपदेष्टा इत्यर्थः । काशिकावृत्तिः (६.१.१५४) : माकरणशीलो मस्करी कर्मापवादित्वात् परिव्राजक उच्यते ।

આમ મહાભાષ્યકાર અને ઉદ્યોતકારે સ્પષ્ટ કહ્યું છે કે માત્ર દંડ ધારણ કરવાથી મસ્કરી પરિવ્રાજક થવાતું નથી - આ મસ્કરી પરિવ્રાજકો બધાને કર્મો છોડી દેવાનો ઉપદેશ આપે છે. મસ્કરીએ ક્યાં કર્મો છોડવાં; એ બાબત પણ ઉદ્યોતકારે સ્પષ્ટ કરી છે : भाष्ये-कर्म शब्देन काम्यकर्माण्युच्यन्ते । नित्यनैमित्तिकानि तु मुमुक्षोरपि कर्तव्यान्येव ।

ઈ.સ.ની બારમી સદીમાં થયેલા વર્ધમાનસૂરિના 'ગણરત્નમહોદધિ' (પૃ. ૧૮૮) ગ્રંથમાં કાશિકાની જેમજ मस्करी શબ્દને સમજાવ્યો છે. मस्करी परिव्राजकः । स ह्येवमाह- मा कृषत कर्माणि शान्तिर्वःश्रेयसीति ।

**સંસ્કૃત કોશગ્રંથોમાં मस्करिन् શબ્દનો અર્થ આ પ્રમાણે મળે છે :**

'અમરકોશ' (૨.૭.૪૧)માં भिक्षुः परिव्राट् कर्मन्दी पाराशर्यपि मस्करी । આપ્યું છે તેમાં ભિક્ષુ વગેરે આદરણીય તપસ્વીઓનાં નામ સાથે मस्करी નો સમાવેશ કર્યો છે.

ઈ.સ.ની દસમી સદીના 'હલાયુધકોશ' (પૃ. ૫૨૦)માં मस्करिन् શબ્દને इतस्ततो गच्छत्यनेन । એટલે કે દંડ સાથે વિચરતો પરિવ્રાજક એમ સમજૂતી આપીને, पाराशरिन् વગેરે પવિત્ર તપસ્વીઓની સાથે મસ્કરીનું નામ ગણાવ્યું છે. ઈ.સ.ની અગિયારમી સદીમાં થયેલા ક્ષીરસ્વામીની 'અમરકોશોદ્ઘાટન' ટીકા (પૃ. ૧૧૯)માં મહાભાષ્યની જેમજ આ શબ્દની સમજૂતી આપી છે : ઈ.સ.ની અગિયારમી સદીમાં થયેલા હેમચંદ્રાચાર્યના 'અભિધાનચિંતામણિ' કોશ (પૃ. ૪૭૪, શ્લો. ૮૦૯-૮૧૦)માં मस्करिन् શબ્દનો વાનપ્રસ્થ, વૈખાનસ, યતિ વગેરે સનાતન પ્રકારના તપસ્વીઓ દર્શાવતા શબ્દો સાથે પાઠ છે.

અમરકોશ પરની દાક્ષિણાત્ય ટીકામાંથી લિંગયસૂરિની 'અમરપદવિવૃત્તિ' ટીકા (વો.૧, પૃ. ૪૭૪)માં मस्करो वेणुदण्डः सोऽस्यास्तीति मस्करी । माकरणशीलः कार्म्यकर्मप्रतिषधपरो वा । એમ સમજૂતી આપી છે.

અમરકોશ પરની ભાનુજી દીક્ષિતની 'વ્યાખ્યાસુધા' ટીકા (પૃ. ૨૬૨)માં આ मस्करी શબ્દની જે સાત રીતે વ્યુત્પત્તિ આપી છે, તે અહીં ટાંકી છે :

(१) मस्क गतौ (भ्वादि) बाहुलकादरः ।

(२) मस्करो ज्ञानं गतिर्वास्यास्ति । मस्करमस्करिणौ । (६.१.१५४) इति इनिः ।

(३) यद्वा मस्करो वेणुरस्यास्ति । इनिः (५.२.११५)

(४) यद्वा मा कर्तुं कर्म निषेद्धुं शीलमस्य ।

(५) यद्वा मुकुर इव शुद्धमन्तः करणमस्यास्ति । प्राग्वन्निपातः ।

(६) यद्वा मङ्कते । मकि खण्डने । बाहुलकादरः ।

(૭) मकरो निधिभेदोऽस्यास्ति । प्राग्वन्निपातः ।

આમાંની પ્રથમ ચાર વ્યુત્પત્તિ मस्करी શબ્દના અર્થ જોડે વધારે બંધ બેસે છે.

આ કોશગ્રંથોમાં આપેલા અર્થ પરથી લાગે છે કે મોટાભાગના કોશગ્રંથો આ मस्करी શબ્દનો અર્થ 'આદરણીય પરિવ્રાજક' કરે છે. 'નિયતિવાદના પુરસ્કર્તા' તરીકે આ શબ્દની સમજૂતી માત્ર ક્ષીરસ્વામીની ટીકામાં અને લિંગયસૂરિની અમરકોશ પરની ટીકામાં મળે છે. હલાયુધ કોશમાં 'વિચરતા પરિવ્રાજક' એવો અર્થ મળે છે. સામાન્ય રીતે અમરકોશના ટીકાકારો તેમજ અન્ય કોશગ્રંથોના કર્તાઓ 'વેણુ (વાંસ) ધારનાર પરિવ્રાજક' એમ અર્થ કરતાં જણાય છે.

**સંસ્કૃત સાહિત્યની કૃતિઓમાં મળતો मस्करिन्‌નો અર્થ અને સંદર્ભ**

સંસ્કૃત સાહિત્યમાં આ શબ્દ નીચેનાં બે સંસ્કૃત મહાકાવ્યો અને એક ગદ્યકાવ્યમાં મળે છે. સીતાનું હરણ કરવા આવેલા રાવણનું 'જાનકીહરણ' અને 'ભટ્ટિકાવ્ય'માં मस्करी તરીકે નીચે પ્રમાણે વર્ણન આપ્યું છે :

(१) दम्भाजीवकमुत्तुङ्गजटामण्डितमस्तकम् ।
कश्चिन्मस्करिणं सीता ददर्शाश्रममागतम् ॥ (जानकीहरण, १०-७६)

દંભથી આજીવિકા મેળવનારા, ઉંચી જટાથી શોભતા મસ્તકવાળા, કોઈ મસ્કરી (પરિવ્રાજક)ને સીતાએ આશ્રમમાં આવેલો જોયો.

(२) गते तस्मिञ्जलशुचिः शुद्धदन् रावणः शिखी ।
जञ्जपूकोऽक्षमालावान् धारयो मृदलाबूनः ॥
कमण्डलुकपालेन शिरसा च मृजावता ।
संवस्त्र्य लाक्षिके वस्त्रे मात्राः सम्भाण्डय दण्डवान् ॥
अधीयन्नात्मविद्विद्यां धारयन् मस्करिव्रतम् ।
वदन् बह्वङ्गुलिस्कोटं भ्रूक्षेपं च विलोकयन् ॥ (भट्टिकाव्य, ५.६१-६३)

અર્થાત્ તેના (લક્ષ્મણના) ગયા પછી, જળ (સ્નાન કરીને) વડે શુદ્ધ થયેલો, સ્વચ્છ દાંત રાખતો, સતત જપ કરતો, રુદ્રાક્ષની માળા રાખતો અને માટીનું તુંબડું હાથમાં રાખીને રાવણ;

કમંડળ અને ભિક્ષાપાત્રને ધારણ કરતો, સ્વચ્છ મસ્તકવાળો, લાખથી રંગેલા બે વસ્ત્રો પહેરીને, જરૂરી સામગ્રીનું પોટકું વાળીને, સાથે દંડ રાખતો; અધ્યાત્મવિદ્યાનો પાઠ કરતો, મસ્કરીવ્રતને ધારતો, મોટેભાગે આંગળીઓની ચપટી વગાડીને (પોતાને જે કહેવું છે તે જણાવતો), તેમજ ભવાં ચઢાવીને (તેની સામે) તાકીને જોતો (રાવણ સીતા પાસે આવીને બોલ્યો).

બાણના 'હર્ષચરિત'માં ભૈરવાચાર્યે રાજા હર્ષવર્ધનને મળવા મોકલેલા મસ્કરી પરિવ્રાજકનું વિગતે વર્ણન મળે છે :

(३) न चिराच्च प्रविशन्तं प्रांशुम्, आजानुभुजम्, भैक्षक्षाममपि स्थूलास्थिभिरवयवैः पीवरमिवोपलक्ष्यमाणम् पृथूत्तमाङ्गम्, उत्तुगवलिभङ्गस्थपुटललाटम् निर्मांसगण्डकूपकम्, मधुबिन्दुपिङ्गलपरिमण्डलाक्षम्, ईषदा-वक्रघोणम्, अतिप्रलम्बैककर्णपाशम्, अलाबुबीजविकटोन्नतदन्तपङ्क्तिम्, तुरगानूकश्लथाधरलेखम्, लम्ब चिबूकायततरलपनम्, अंसावलम्बिना काषायेण योगपट्टकेन विरचितवैकक्षकम्, हृदयमध्यनिबद्ध ग्रन्थिना च रागेणेव खण्डशः कृतेन धातुरसारुणेन कर्पटेन कृतोत्तरासङ्गम्, पुनरुक्तबालप्रग्रहवेष्टननिश्चल मूलेन बद्धमृत्परिशोधनवंशत्वक्तितउना कौपीनसनाथशिखरेण खर्जूरपुटसमुद्गकगर्भीकृतभिक्षाकपालेन दारवफलक-

त्रयत्रिकोणत्रियष्टिकमण्डलुना बहिरुपपादितपादुकावस्थानेन स्थूलदशासूत्रनियन्त्रितपुस्तिकापूलकेन वामकरधृतेन योगभारकेणाध्यासितस्कन्धम्, इतरकरगृहीतवेत्रासनं मस्करिणमद्राक्षीत् । (हर्षचरित, उच्छ्वास ३, पृ. १७३)

તેમણે (રાજાએ) થોડી જ વારમાં પ્રવેશેલા તેને (મસ્કરી પરિવ્રાજકને) જોયો. તે ઊંચો હતો, તેની ભુજાઓ ઘુંટણ સુધી લાંબી હતી. ભિક્ષાટનને કારણે, ખરેખર તે દૂબળો હોવા છતાં, મોટાં હાડકાવાળાં અવયવોને, લીધે જાણે કે જાડો દેખાતો હતો. તેનું મસ્તક મોટું હતું. લાંબી રેખાઓને લીધે તેનું કપાળ ખરબચડું હતું. માંસ ન હોવાને લીધે તેના ગાલમાં ખાડા પડેલા હતા. તેની આંખની કીકીઓ મધના ટીપા જેવી પીળાશ-પડતી હતી અને નાક સહેજ વાંકુ હતું. તેના કાનની એક બુટ વધારે લાંબી હતી, દૂધીના બીજની જેમ તેના દાંત વાંકા ચુકા અને આગળ પડતા હતા. તેનો નીચલા આઠ ઘોડાના નીચલા હોઠ જેમ લબડતો હતો, લાંબી દાઢીને લીધે તેનો ચહેરો વધારે લાંબો લાગતો હતો. તેના ખભા પરથી લટકતા કાષાય રંગના યોગપટ્ટકને તેણે લાંબી માળાની જેમ ધારણ કર્યું હતું. છાતીની વચ્ચે બાંધેલી ગાંઠને લીધે તેમજ (લાલ)રંગને લીધે, જાણે ટુકડાઓમાં વહેંચાયેલા લાગતા ગેરુઆ રંગના વસ્ત્રને તેમણે ઉત્તરીયની જેમ ઓઢયું હતું. એકછેડાથી ડાબા હાથમાં પકડેલા વાંસના બીજા છેડે, એના ખભા પાછળ લટકતી એક ઝોળી હતી, તે ઝોળીનો ઉપરનો છેડો વાળથી વણેલી દોરીથી મજબૂત બંધાયેલો હતો. એમાં માટી ચાળવા માટેની વાંસની ચાળણી બાંધેલી હતી. તેના આગળના ભાગથી, કૌપીન વસ્ત્ર લટકી રહ્યું હતું : ઝોળીની અંદર, ખજૂરના પાંદડાને વાળીને બનાવાયેલું ભિક્ષાપાત્ર હતું. લાકડાની ત્રણ પટ્ટીઓને જોડીને બનાવાયેલા ત્રિકોણની અંદર કમંડલું મૂક્યું હતું અને ત્રિકોણના ત્રણ પટ્ટામાં ભેરવેલી ત્રણ દાંડીઓથી તે વાંસથી લટકતું હતું. ઝોળીની બહાર ચાખડીઓ લટકી રહી હતી. કપડાની જાડી કિનારીઓથી બાંધેલા પોથીઓના ગુટકાઓ પણ એ ઝોળીમાં મૂકેલા હતા અને એના જમણા હાથમાં નેતરની ચટાઈ હતી.

આ ત્રણે કૃતિઓમાં આવતા मस्करिन् શબ્દનું વિવેચન નીચે મુજબ છે :

કવિ કુમારદાસરચિત 'જાનકીહરણ' મહાકાવ્ય (આ ઈ.સ. ૫મી સદી)ના એક શ્લોક (૧૦-૭૬)માં સીતાનું અપહરણ કરવા આવેલા રાવણનું વર્ણન કરતાં તેને માટે दम्भाजीवकम्..... એવો શબ્દ પ્રયોજ્યો છે.

આ મહાકાવ્યના સંપાદક નંદરગીકર, તેનો અર્થ 'दंभः आजीविका जीवनसाधनं यस्य ।' 'દંભથી આજીવિકા રળનારો પરિવ્રાજક' એમ કરે છે. તેમના મતે, અહીં વિચરતા જૈન પરિવ્રાજકોના પંથના અનુયાયીનો નિર્દેશ છે. (પૃ. ૩૩૮). બાશમે નોંધ્યું છે કે કેટલાક ડૉ. ભાંડારકર જેવા કેટલાક વિદ્વાનો, તેને આજીવકના મૂળ અર્થમાં પ્રયોજ્યો હોય એમ માને છે.[૫] તે સંદર્ભમાં માનીએ કે ભલે આજીવક સંપ્રદાય પહેલી સદીથી ભારતમાં પ્રવર્તતો ન હતો, પણ દક્ષિણ ભારત - સીલોન વગેરેમાં તે સાવ નામશેષ થયો ન હતો તેથી આ શબ્દ તેના મૂળ અર્થમાં કવિએ પ્રયોજ્યો હોય. આમ માનવામાં મુશ્કેલી એ આવે છે કે આજીવક સંપ્રદાયના સાચા અનુયાયીઓ મસ્તક પર એક વાળ પણ રહેવા દેતા નહોતા, જ્યારે અહીં આ શ્લોકમાં આજીવકને જટાધારી કહ્યો છે.

કવિ કુમારદાસે આજીવક અને મસ્કરી-બે શબ્દોને પર્યાય તરીકે પ્રયોજ્યા છે, પણ ખરેખર બંને જુદા છે, એમ બની શકે કે ગોશાલ મસ્કરી હતો અને આજીવન સંપ્રદાયનો સ્થાપક હતો. તે મૂળ વાત ભૂલાઈ ગઈ હોય અને મસ્કરી અને આજીવક એક ગણાવા માંડ્યા હોય. બીજી શક્યતા એ છે કે જૈન આગમ ગ્રંથમાં (ભગવતી સૂત્રમાં) મસ્કરી પંથના અને આજીવક સંપ્રદાયના અનુયાયીઓ પ્રત્યે એક જાતનો જે પૂર્વગ્રહ પ્રવર્તતો હતો તેનું પ્રતિબિંબ दम्भाजीवकः શબ્દમાં મળે છે. આમ કુમારદાસે मस्करी શબ્દ મૂળ પારિભાષિક અર્થમાં પ્રયોજ્યો જણાતો નથી. તેમણે ગોશાલના અનુયાયી તરીકે પણ मस्करी શબ્દનો પ્રયોગ કર્યો નથી એ સ્પષ્ટ છે. 'આજીવક' અને 'મસ્કરી' બંને શબ્દો એમણે 'આજીવિકા કમાનાર' - એ શિથિલ અર્થમાં પ્રયોજ્યા

હોય એમ જણાય છે.

વલભીના કવિ ભટ્ટિએ ભટ્ટિકાવ્યમાં સીતાનું અપહરણ કરવા આવેલા રાવણનું જે ત્રણ શ્લોકો (૫.૬૧-૬૩)માં વર્ણન કર્યું છે, તેમાં તેને મસ્કરિવ્રત ધારણ કરતો દર્શાવ્યો છે. આ શ્લોકોમાં તેને શિખા રાખતો અને દંડધારણ કરતો દર્શાવ્યો છે અને આત્મવિદ્યા (ઉપનિષદોનું) અધ્યયન કરતો જણાવ્યો છે.

ભટ્ટિકાવ્યના પ્રાચીન ટીકાકાર જયમંગલે मस्करीનો અર્થ 'પરિવ્રાજક' કર્યો છે. તે मस्करी શબ્દને આમ સમજાવે છે : मा कुरुत कर्माणि शान्तिर्वः श्रेयसीत्येवं घोषयन्ति ये ते मस्करिणः परिव्राजकाः । ટીકાકાર મલ્લિનાથે આ શબ્દની સમજૂતી આપતાં કહ્યું છે :

दण्डवान् त्रिदण्ड इत्यर्थः अत एव शिखी इत्युक्तम्, एकदण्डिनः शिखाऽभावात् । તેમનો ભાવાર્થ એ છે કે વૈષ્ણવ પરિવ્રાજકો શિખા રાખતા નથી, અને એક દંડ રાખે છે માટે અહીં ત્રણ દંડ ધારણ કરનાર, શિખા રાખનાર શૈવ પરિવ્રાજકનો નિર્દેશ છે, આ શ્લોકોમાં મસ્કરી પરિવ્રાજકનું કંઈક વિગતે વર્ણન મળે છે. ભટ્ટિકાવ્યમાં આપેલું આ વર્ણન અમુક અંશે હર્ષચરિતમાં આપેલા વર્ણનને મળતું આવે છે. હર્ષચરિતમાં જે मस्करी નું વિસ્તૃત શબ્દચિત્ર છે, તેતો સ્પષ્ટ રીતે શૈવ પરિવ્રાજકનું છે.

સંસ્કૃત સાહિત્યમાં मस्करीનું વિસ્તૃત વર્ણન માત્ર 'હર્ષચરિત' (આ ઈ.સ. ૭મી સદી)માં મળે છે. કવિ બાણે मस्करीનું એવું સરસ શબ્દચિત્ર આપ્યું છે કે કોઈ કુશળ ચિત્રકાર એના પરથી એનું આબેહુબ ચિત્ર દોરી શકે. શૈવાચાર્ય ભૈરવાચાર્ય, એમનો શિષ્ય, જે मस्करी પરિવ્રાજક છે, તેને રાજા હર્ષવર્ધનને ભેટ આપવા માટે તેને મળવા મોકલે છે, ત્યારે હર્ષવર્ધને તે મસ્કરીને કેવો જોયો એ સંદર્ભમાં તેનું વર્ણન છે. હર્ષચરિતના ત્રીજા ઉચ્છવાસમાં એક આખા ફકરાને રોકતા આ સંસ્કૃત વર્ણન અને તેના અહીં આપેલા (મેં કરેલા) અનુવાદ પરથી, મસ્કરીના દેખાવનો પૂરપૂરો ખ્યાલ આવી જાય તેમ છે, તેથી પુનરુક્તિ ટાળી છે.

આ મસ્કરી પરિવ્રાજકના ગુરુ ભૈરવાચાર્ય શૈવ આચાર્ય છે (પૃ. ૧૭૧) તેવું પહેલાં કૃતિમાં લેખકે કહ્યું છે. તેથી સ્પષ્ટ છે કે આ મસ્કરી શૈવ પરિવ્રાજક છે. તેના આ વર્ણનમાં તે અધ્યાત્મવિદ્યાનો જાણકાર હતો, એમ જણાવ્યું નથી, પણ તેના ખભે લટકતી ઝોળીમાં પોથીના ગુટકાઓ હતા. તેવો નિર્દેશ છે, તેથી અનુમાન થઈ શકે કે ઉપનિષદના ગુટકાઓ હશે, તેની શિખા વિશે પણ કંઈ નિર્દેશ નથી.

આ સિવાય પણ હર્ષચરિતમાં બીજે બે ઠેકાણે મસ્કરીનો નિર્દેશ મળે છે. યુવાન હર્ષવર્ધનના મિત્રમંડળમાં એક તામ્રચૂડક નામનો મસ્કરી હતો તેવો આ કૃતિમાં (પૃ. ૭૫) નિર્દેશ છે. તે પછી પિતાના મૃત્યુને લીધે શોકમાં ગરકાવ થઈ ગયેલા હર્ષવર્ધનને આશ્વાસન આપવા આવેલા લોકોમાં यथावदधिगतात्मतत्त्वाश्च संस्तुता मस्करिणः । (આત્મજ્ઞાનને યથાર્થ રીતે પામેલા પ્રશસ્ય મસ્કરીઓ) હતા, તેમ પણ નિર્દેશ મળે છે. (પૃ.૩૦૩) આ બધા નિર્દેશો પરથી સ્પષ્ટ થાય છે કે હર્ષવર્ધનના દરબારમાં પણ તેમની સાથે નિકટનો સંબંધ ધરાવતા મસ્કરી પરિવ્રાજકો હતા. જે શૈવધર્મી હતા અને ભટ્ટિકાવ્યમાં વર્ણવેલા મસ્કરી પરિવ્રાજક માફક અધ્યાત્મવિદ્યામાં પારંગત હતા -

ઉપર્યુક્ત સંસ્કૃત ગ્રંથોમાં मस्करिन् શબ્દ જે જે અર્થમાં પ્રયોજાયેલો જોવા મળે છે, તે જોતાં તે વિશે આમ વિચારી શકાય.

જૈન આગમગ્રંથ ભગવતીસૂત્રના તેમજ પાણિનિ અને પછી પતંજલિના એટલે કે ઈ.સ.ની શરૂઆતના સમય સુધીમાં मस्करिन् શબ્દ, નિયતિવાદના પુરસ્કર્તા તરીકે મસ્કરી પંથના પરિવ્રાજક સાથે સંકળાયેલો હતો. તે પછીના વર્ષો દરમિયાન મસ્કરી પંથનું પ્રવર્તન ધીમે ધીમે ઓછું થતું ગયું, તેમ આ શબ્દ સાથે સંકળાયેલો વિશિષ્ટ અર્થ પણ લગભગ વીસરાવા માંડ્યો છતાં કાશિકાવૃત્તિમાં તેમજ લિંયગસૂરિની અમરકોશ પરની ટીકામાં તેનો આછો અણસાર જણાય છે.

તેજ પ્રમાણે જૈન આગમગ્રંથોમાં, તેમના નિયતિવાદને લીધે મસ્કરી પંથના અનુયાયીઓ માટે જે પૂર્વગ્રહ છે, તેનાં ઓછો પડઘો 'જાનકીહરણ' માં પ્રયોજેલાં મસ્કરીના **'दम्भाजीवक:'** વિશેષણમાં પડતો લાગે છે.

બાકી તો હલાયુધ, હેમચંદ્રાચાર્ય વગેરેના દસમી સદી પછીના કોશગ્રંથોમાં મોટેભાગે मस्करी નો અર્થ 'દંડ ધારનાર પરિવ્રાજક' એમ જ મળતો હોય છે. 'ભટ્ટિકાવ્ય'માં મસ્કરી પરિવ્રાજક એ શૈવ પરિવ્રાજક છે. એમ વર્ણન પરથી જણાય છે, જ્યારે 'હર્ષચરિત'માં તો સ્પષ્ટપણે એને શૈવાચાર્યનો શિષ્ય કહ્યો જ છે. આ પરથી એમ કહી શકાય કે સંસ્કૃત સાહિત્યમાં मस्करी શબ્દ 'દંડ ધારનાર પરિવ્રાજકો' અને ખાસ કરીને શૈવ પરિવ્રાજકો માટે વિશેષપણે પ્રયોજાતો હશે.

## મુખ્ય સંદર્ભગ્રંથો


**અંગ્રેજી ગ્રંથ**

History and Doetrīnes of the Ājīviakas, by A.L.Basham, Pub. Luzae and company, Landon, 1951

**સંસ્કૃત ગ્રંથો :**

हेमचंद्राचार्यकृत अभिधानचिन्तामणिकोश: सं. नेमिचन्द्र शास्त्री, चौ.सं.सिरीझ, वाराणसी, १९६४

अमरकोश : दशिणात्यव्याख्योपेत:), लिंगयसूरिरचित अमरपदविवरणम्, वो. १-२,

अडयार लायब्रेरी एन्ड रीसर्च सेन्टर, अड्यर, इ.स. १९४९, क्षीरस्वामिरचिता अमरकोशद्घाटनटीका, सं. के.जी. लोक, पुना, १९१३-

काशिकावृत्ति, भा. १-२, संस्कृत परिषद, उस्मानीया युनि., हैदराबाद, १९६९-१९७६.

कुमारदासकृत जानकीहरणम्, सं. जी, आर. नन्दरगीकर, मुंबइ, १९०७

भगवतीसूत्रम् पंचम अंग, तृतीयखण्ड, शतक १५, अनुवादक, पं. भगवानदास दोशी, प्र. गुजरात विद्यापीठ, अमदावाद, वि.सं. १९८५

भट्टिकाव्यम्, जयमङ्गला टीकासहित, सं. शिवदत्त शास्त्री, मुंबई, ई.स. १९२८,

मल्लिनाथ रचिता सर्वपथीना टीका सहित, सं. क.प्रा. त्रिवेदी, मुंबइ, ई.स. १८९७

वैयाकरण-महाभाष्यम्, खंड १-४, प्र. मोतीलाल बनारसीदास वाराणसी, इ.स. १९६३

बाणरचित हिन्दी हर्षचरितम्, सं. जगन्नाथ पाठक, प्र. चौखंबा विद्याभवन, वाराणसी, इ.स. १९६४

हलायुधकोश:, सं. ज़यशंकर जोषी, वाराणसी, शकाब्द, १८७१


## પાદટીપ

૧. **ભગવતીસૂત્ર**, પંચમઅંગ, તૃતીયખંડ, શતકપંદરમું, પૃ. ૩૬૭-૪૦૨

૨. દીઘનિકાય પરની બુદ્ધઘોષની સુમંગલવિલાસિની ટીકા મળી નથી Basham A. L., *A History and Doctraines of Ājīvakas*, p. 79-80

૩. **ભગવતીસૂત્ર**, ઉપર્યુક્ત શતક પંદરમું, પૃ. ૩૭૬

૪. Basham, *op. cit.*, pp. 99-100

૫. Ibid., pp. 165-171, 182.

# પ્રાચીન ઉપનિષદોમાં 'વિદ્યા' : શંકરાચાર્યની દૃષ્ટિ*

◆

ક્રિષ્ણા જોષી+

'વિદ્યા'ની સાધનામાં ભારતીય દર્શનોમાં આચાર્ય કે સદ્ગુરુનું સ્થાન અતિમહત્ત્વનું માનેલ છે. ગુરુ દ્વારા જ વિદ્યાપ્રાપ્તિ શક્ય બને છે. ગમે તે સાધન હોય, ઉપાસના હોય કે ભક્તિ હોય કે વિદ્યા હોય પણ ગુરુકૃપા વિના કશું સાધ્ય બનતું નથી. ભારતીય સંસ્કૃતિમાં આ ઉજ્જ્વળ ગુરુ શિષ્ય પરમ્પરાનાં દર્શન થાય છે. દા.ત. છાંદોગ્ય ઉપનિષદમાં સત્યકામ - જાબાલ, રૈક્વ-જાનશ્રુતિ, શ્વેતકેતુ-વિરોચન, ઇન્દ્ર-સનતકુમાર તથા નારદના સંવાદો આ હકીકતોની પુષ્ટિ કરે છે. મુંડકોપનિષદમાં પણ શૌનક અને અંગિરા આ બાબતનું પ્રમાણ છે. પ્રશ્ન-ઉપનિષદમાં સુકેશ સત્યકામ વગેરે શિષ્યો પૈપ્પલાદ મુનિ પાસે ગયાની વાતો છે. કઠોપનિષદમાં યમ અને નચિકેતાનો સંવાદ છે. આમ વિદ્યા માટે ગુરુની આવશ્યકતા સિદ્ધ કરવાનું પ્રમાણ છે. છાંદોગ્ય ઉપનિષદમાં ૮.૭.૨[૧] માં બંધ કોને કહેવાય ? મુક્તિ એટલે શું ? વિદ્યા કોને કહેવાય ? અવિદ્યા એટલે શું ? વગેરે પ્રશ્નો શિષ્ય સહજ ભાવે જ આચાર્યને પૂછે છે અને ગુરુ તેની શંકાઓનું નિવારણ પ્રેમથી કરે છે.

'વિવેકચૂડામણિ'[૨] (૯૭, ૩૪ થી ૩૬ શ્લોકો)માં આત્મતત્ત્વ જાણવા ઇચ્છતા પુરુષે સ્થિતપ્રજ્ઞ ગુરુ પાસે જવું કે જેથી સંસાર રૂપ બંધન છૂટે. જે બ્રહ્મનિષ્ઠ હોય, પાપરહિત હોય, વિદ્વાનપુરુષ હોય તે જ આત્મવિદ્યાનો અધિકારી છે એમ દર્શાવ્યું છે.

મુંડકોપનિષદ્માં કહ્યું છે કે, ગુરુએ વિદ્યા ક્રિયાવાન, શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, શ્રદ્ધાવાળા અને જેમણે વિધિવત્ વ્રત કરેલા છે, એમને જ આપવી જોઈએ. છાંદોગ્યમાં त्रैलोक्यराज्यात् य गुरुतरा विद्या ।[૩] એમ જણાવ્યું છે.

**'વિદ્યા' પ્રકટ થવાનાં કારણો :**

શ્રી શંકરાચાર્ય શાંકરવેદાન્તમાં પોતાના શિષ્યને વિદ્યા ઉત્પન્ન થવાનાં કારણો દર્શાવે છે, અને તેના માટેની શ્રુતિઓ तत्त्वमसि, अहं ब्रह्मास्मि, अयं आत्मा ब्रह्म ઇત્યાદિ સ્પષ્ટ કરે છે કે - જીવાત્મા અને પરમાત્મામાં તાદાત્મ્ય છે. જુદાપણું નથી પરન્તુ જીવાત્મા પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે. આ બ્રહ્મવિદ્યાથી ઉત્કૃષ્ટ અન્ય કોઈપણ વિદ્યા ન હોઈ શકે. અતઃ એ નિત્યવસ્તુનું સાક્ષાત્ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તો હાથમાં સમિધ લઈને શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની પાસે જ જવું જોઈએ.[૪]

આ વિદ્યા મહાન દુઃખની નિવૃત્તિ તથા સુખની પ્રાપ્તિ કરાવી શકે છે. જીવ જ્યારે આ વિદ્યા પ્રાપ્ત કરે છે, ત્યારે અવિદ્યા અસ્મિતા, રાગ અને દ્વેષ આદિ દુઃખના કારણોનો સર્વથા નાશ થવાથી દુઃખની આત્યન્તિક નિવૃત્તિ થાય છે. અને સર્વદા નિરતિશય આનન્દની પ્રાપ્તિ થાય છે.

**तत्र को मोहः कः शोकः - एकत्वमनुपश्यतः[५] ॥७॥ (ईशावास्योपनिषद्)**

અર્થાત્ બધા ભૂતોમાં એકાત્મનું દર્શન કરનાર વિદ્વાનોને શું શોક અને શું મોહ ?

---

* લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર દ્વારા તા. ૨૯-૩૧, માર્ચ, ૨૦૦૮ના દિવસોએ આયોજિત 'ભારતીય દર્શનો' ઉપરના સેમિનારમાં રજૂ કરેલ શોધપત્ર.

+ મુલાકાતી અધ્યાપક, સંસ્કૃત વિભાગ, હ.કા.આર્ટ્સ કૉલેજ, અનુસ્નાતક કેન્દ્ર, અમદાવાદ.

તથા

**रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दीभवति ॥**[6]

એટલે કે આ વિદ્યા જ ઇહલૌકિક તથા માનસિક દુઃખોનો નાશ કરે છે. અને આ વિદ્યાને જ પ્રાપ્ત કરીને જીવ આનંદ પ્રાપ્ત કરે છે. બ્રહ્મવિદ્યાથી જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આમ જ્યારે અવિદ્યા [illegible] શોકનિવૃત્તિ થાય ત્યારે બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે. અને શરીરનો નાશ થતાં વેદાન્ત જાણનાર વેત્તા નામ, રૂપ વગેરેની ગન્ધથી પણ રહિત અદ્વિતીય બ્રહ્મને પ્રાપ્ત થાય છે. નિત્ય, નિરતિશય, આનંદઘન, ગ્રાહ્ય ગ્રાહકાદિક ભેદ, બ્રહ્મનું સાયુજ્ય એ જ વેદાન્તવિદ્યાનું અન્તિમ અને સર્વોત્તમ ફલ છે.

શ્રુતિ પણ કહે છે કે -

**स ब्रह्मविद्यां सर्वविद्याप्रतिष्ठामथर्वाय ज्येष्ठपुत्राय प्राह ॥**[7] **( मुण्डकोपनिषद् - १.१.१ )**

બ્રહ્માએ પોતાના મોટા દીકરા અથર્વાને સર્વ વિદ્યાઓની પ્રતિષ્ઠા-આધારભૂત એવી બ્રહ્મવિદ્યા કહી.'

**'વિદ્યા'નું સ્વરૂપ :**

બૃહદારણ્યક ઉપનિષદ્‌માં યાજ્ઞવલ્ક્ય-મૈત્રેયીની કથા આવે છે, કે જેમાં પોતાના સર્વસ્વનો ત્યાગ કરીને જ્યારે યાજ્ઞવલ્ક્ય વનમાં જવા માટે નીકળે છે, ત્યારે મૈત્રેયી તેને પૂછે છે કે, - 'શું આ સમ્પત્તિ પામીને અમૃતત્વ મેળવી શકીશ ?' એ સમયે યાજ્ઞવલ્ક્ય કહે છે કે ભૌતિક સમ્પત્તિથી અમૃતત્વની કોઈ આશા નથી. અમૃતત્વ પામવા માટે આત્માને જોવો પડે. સાંભળવો પડે, મનન કરવું પડે તેના પર નિદિધ્યાસન કરવું પડે. એજ આત્માને પામવાનો શ્રેષ્ઠ માર્ગ છે (૨.૪.૫).[8] વિદ્યાનું લક્ષણ 'આવું વિદ્યાનું સ્વરૂપ છે.' એવા શબ્દોમાં વર્ણન કરતા નથી. પરન્તુ અલગ પ્રકારે વિદ્યા વિશે કહી આપે છે. દા.ત. અવિદ્યાને લીધે જન્મ, રોગ, ઘડપણ, નાશ ઇત્યાદિ દુઃખો પ્રાપ્ત થાય છે. જેના થકી સંસારનાં દુઃખો દૂર થાય છે, તે વિદ્યા એવું મુમુક્ષોઓએ સમજવાનું છે. તેથી વિદ્યાનું સ્વરૂપ એટલે જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ અને જન્મ-મરણ સાથે સંકળાયેલા સર્વદુઃખોનો નાશ થઈ જાય એવી એક આનંદમય અવસ્થા છે. બીજા શબ્દોમાં શંકરાચાર્ય કહે છે :

''દેહ ઇત્યાદિના જ્ઞાનથી વિરુદ્ધ આત્માના સ્વરૂપનું ભાન થવું અથવા જ્ઞાન થવું એ જ મુક્તિ છે.''[9]

આથી જ કહી શકાય કે મુક્તિની અવસ્થા અને વિદ્યા આ બે જુદી વસ્તુ નથી. અખંડ ચિદાત્માના રૂપે સ્થિતિ તેને જ શંકરાચાર્ય મુક્તિ કહે છે -

**ब्रह्मविद् ब्रह्मैव भवति ।**[10] **( मुण्डकोपनिषद् - ३.२.९ )**
**न वेषभाषाभिरमुष्य मुक्तिर्या**
**केवलाखंडचिदात्मना स्थितिः ॥**[11]

એટલે કે આ મુક્તિ બાહ્ય વેશ કે ભાષાઓ પર આધાર રાખતી નથી. એ વિકાસથી પામી શકાય છે. એમ આ મુક્તિ સિદ્ધ કરવા માટે અહંતા અને મમતા નો ત્યાગ કરવો પડે છે.

ઈશાવાસ્ય ઉપનિષદ્‌માં શંકરાચાર્યના મતે विद्यां च अविद्यां च । આ બે શબ્દો દ્વારા 'વિદ્યા' અને 'અવિદ્યા'ની ઉપાસના એક સાથે કરવાનું કહ્યું છે શંકરાચાર્યના મતે 'વિદ્યા' અને 'અવિદ્યા' એક બીજાને ઉપકારક છે. ત્યાં 'અવિદ્યા' શબ્દનો અર્થ સત્કર્મ એવો લેવાનો છે, અને 'વિદ્યા' શબ્દથી ઉપાસના અર્થ છે. આ બે અર્થો સિવાય બીજા કોઈ પણ અર્થઘટનો કરવાની શંકરાચાર્ય છૂટ આપતા નથી. એ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે ''ઈશાવાસ્ય ઉપનિષદ્‌ના શબ્દોમાં અવિદ્યાથી કર્મ અને વિદ્યાથી આત્મજ્ઞાન સમજવું નહિ.''

**''विद्यां चाविद्यां चेति सहोक्तिरियमुपकृता सद्भिः ।**
**सत्कर्मोपासनयोर्नत्वात्मज्ञानकर्मणोः क्वापि ॥**[12]**''**

તેથી આ વિદ્યાને પ્રાપ્ત કરવા માટે શંકરાચાર્ય જ્ઞાનની સાત ભૂમિકાઓનું વિવરણ કરે છે જે આ પ્રમાણે છે :

**(૧) શુભેચ્છા :**

પૂર્વના કે વર્તમાન જન્મમાં કરેલા નિષ્કામ કર્મ તથા ઉપાસના દ્વારા જેના અન્તઃકરણની શુદ્ધિ થઈ છે અને જેણે એકાગ્રતા પ્રાપ્ત કરી છે, એવા સાધકને સાધન ચતુષ્ટય સિદ્ધ થવાથી આત્માને જાણવાની પ્રબળ ઇચ્છા થાય તેને શુભેચ્છા કહે છે. સમગ્ર સંસાર દુઃખમય લાગવાથી ઉત્પન્ન થયેલી તીવ્ર મુમુક્ષાને શુભેચ્છા કહે છે.

**(૨) સુવિચારણ :**

આ ઇચ્છાથી પ્રેરાઈને બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ગુરુનો આશ્રય લઈને, વેદાન્ત ઉપદેશ સાંભળીને અને એ જે સાંભળ્યું હોય તેના અર્થનું કુતર્કો છોડીને અનેક યુક્તિઓપૂર્વક અર્થસાધક મનન કરવું તેને સુવિચારણ કહે છે. શાસ્ત્રો અને સજ્જનોનો સંબંધ કરવાથી વૈરાગ્ય થાય અને પછી અભ્યાસપૂર્વક સદાચારમાં જે પ્રવૃત્તિ થાય છે તેને સુવિચારણ કહે છે.

**(૩) તનુમાનસી :**

ઉપર કહેલી શુભેચ્છા અને સુવિચારણમાં સંયોગથી ઇન્દ્રિયોના વિજય ઉપર રાગ ન રહે અને મનની સ્થિતિ એ વિષયો ઉપર જ્યારે પાતળી પડી જાય ત્યારે એ મનની અંતર્મુખ ક્ષીણદશાને તનુમાનસી કહે છે.

ઉપર્યુક્ત ત્રણ અવસ્થાઓ તત્ત્વજ્ઞાનના જ્ઞાનની સાધન કોટિમાં ગણવામાં આવે છે.

**(૪) સત્ત્વાપત્તિ :**

ઉપરની ત્રણ ભૂમિકાના અભ્યાસથી સાધકનું મન અનાત્મ પદાર્થો વિશે ઉદાસીન અને પ્રસન્ન થવાથી આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે. શ્રવણાદિ, સંશય, વિપર્યય રહિત સ્વરૂપાનુભવરૂપી નિર્વિકલ્પક સ્થિતિ થવાથી ચિત્તમાં જ્ઞાનમય નિશ્ચલ શુદ્ધ સત્ત્વની સ્થિતિ થાય તેને સત્ત્વાપત્તિ કહેવાય છે. આ ચોથી સ્થિતિ સ્વયં તત્ત્વજ્ઞાનરૂપ હોવાથી જીવનમુક્તના સાધનરૂપ છે.

**(૫) અસંસક્તિ :**

આ ભૂમિકાનો અભ્યાસ દૃઢ થયા પછી નિરંતર સ્વરૂપ સ્થિતિમાં લીન બનીને अहं मम ભાવ ગળી જાય અને દેહાદિમાં આસક્તિનો અભાવ સ્થિર થાય છે, અને બાહ્ય સૃષ્ટિ અસ્પષ્ટ ભાસવા લાગે છે. એવી જે સ્થિતિ થાય તેને અસંસક્તિ કહે છે.

**(૬) પદાર્થ ભાવના :**

ઉપરની પાંચમી ભૂમિકા અભ્યાસથી દૃઢ થયા પછી યોગીની નિર્વિકલ્પક સ્થિતિ થાય છે અને એ બધું સર્વના અધિષ્ઠાન આત્મસ્વરૂપમાં ગળીને અદૃશ્ય થઈ જાય છે. તેની આ ભૂમિકાને પદાર્થ ભાવના કહે છે.

**(૭) તુર્યગા :**

આ ભૂમિકાને તુર્યગા અથવા કૈવલ્ય પણ કહેવાય છે. આ છઠ્ઠી ભૂમિકાના અભ્યાસથી દૃઢ થાય છે અને પરિણામે કેવળ આત્મારૂપે જ એકનિષ્ઠા પ્રાપ્ત થાય છે, જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયરૂપ, ત્રિપુટીની ચતુર્થ સાક્ષી ભૂમિકાની પેઠે ભાવરૂપની તથા છઠ્ઠીની પેઠે અભાવરૂપથી પણ પ્રતીતિ થતી બંધ થાય છે. તુર્યગા નામની આ સાતમી ભૂમિકા છે. અને તેને જ વ્યુત્થાનરહિત વિદેહસ્થિતિ કહે છે.[૧૩]

આ ઉપર્યુક્ત ભૂમિકાઓને ગોખીને મોઢે કરવાથી વિલક્ષણ આનંદ પ્રાપ્ત થતો નથી. પરન્તુ તેને સમજીને પચાવવાથી અને અનુભવમાં ઉતારવાથી ક્રમે-ક્રમે એ આનંદ પ્રાપ્ત થાય છે.

◆ 'વિદ્યા'ના પ્રકારો :

વિદ્યાના મુખ્ય બે પ્રકારો છે.

(૧) પરાવિદ્યા (૨) અપરાવિદ્યા

મુંડકોપનિષદમાં શૌનક જ્યારે પૂછે છે કે,

**कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवतीति ॥३॥**[१४] (मुण्डकोपनिषद्, १.१.३)

જેના ઉત્તરમાં અંગિરા કહે છે કે -

**द्वे विद्ये वेदितव्ये इति ह स्म यद् ब्रह्मविदो वदन्ति परा चैवापरा च ॥४॥**[१५]

(मुण्डकोपनिषद्, १.१.४)

ઉપનિષદો મુજબ જે જ્ઞેય વિષય છે, તે બ્રહ્મ છે. અને તેનું જ્ઞાન લૌકિક જ્ઞાન કરતાં ઉચ્ચતર કોટિનું છે.

◆ પરાવિદ્યા :

પરા અર્થાત્ પરમાત્મવિદ્યા. પરાવિદ્યા એ બ્રહ્મનું જ્ઞાન છે. મુણ્ડકોપનિષદમાં તેથી તેની વ્યાખ્યા આપતાં કહે છે કે -

**अथ परा यया यदक्षरमधिगम्यते ॥५॥** (मुण्डकोपनिषद्, १.१.५), **यत्तदद्रेश्यमग्राह्यम् अगोत्रमवर्णम-चक्षुःश्रोत्रं तदपाणिपादे नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं तदव्ययं यद्भूतयोनिं परिपश्यन्ति धीराः ॥६॥**[१६] (मुण्डकोपनिषद्, १.१.६)

અર્થાત્ જે 'વિદ્યા' વડે અક્ષરને જાણી શકાય છે, અનુભવી શકાય છે, જે વિદ્યાથી નિર્ગુણને પામી શકાય છે. જે તે અક્ષર અદ્રેશ્ય એટલે જ્ઞાનેન્દ્રિયોથી ન જાણી શકાય તેવું છે. અગ્રાહ્ય અર્થાત્ વાણી વગેરે કર્મેન્દ્રિયોથી ન ગ્રહણ કરી શકાય તેવું છે. તેનો ગોત્ર કે વંશ નથી. તેને બ્રહ્માદિ કોઈ વર્ણ નથી. તેને ચક્ષુ કે કોઈ ગોત્ર નથી. તેને હાથ પગ નથી, તે નિત્ય છે, વિભુ છે. તે સર્વવ્યાપક સૂક્ષ્મ છે. તે ભૂતોના કારણરૂપ છે. તે તત્ત્વને ધીરપુરુષો અક્ષર તરીકે જાણે છે. તે અક્ષરને જાણવાની વિદ્યા તે પરાવિદ્યા.

આ પરાવિદ્યા એટલે જ બ્રહ્મવિદ્યાઃ આ બ્રહ્મવિદ્યા દ્વારા જ **भिद्यते हृदयग्रन्थिः** એટલે મનની બધી જ શંકાઓનું સમાધાન થાય છે.[૧૭]

પરાવિદ્યાને પામવા માટે દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાં જ પડે છે. નિત્યાનિત્ય વસ્તુના વિવેક-પૂર્વક, ક્ષણભંગુર, નાશવાન, અનિત્ય શરીર અને સ્ત્રીપુરુષ ધનાદિ સમ્પૂર્ણ દૃશ્યમાનથી વિરક્ત થઈને કેવલ એક નિત્યવિજ્ઞાનધન બ્રહ્મના ધ્યાનમાં અભેદભાવ રૂપે સ્થિત રહેવાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને અંતે પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

**विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह ।**
**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥११॥**[१८] (ईशावास्योपनिषद्)

અર્થાત્ જે વિદ્યા અને અવિદ્યા બન્નેને જાણે છે તે અવિદ્યા વડે મૃત્યુને તરીને વિદ્યા વડે અમૃતને પામે છે.

અત્રે 'અવિદ્યા' (કર્મ) વડે મૃત્યુને તરીને 'વિદ્યા' (જ્ઞાન) વડે અમૃતને પામે છે. અહીં 'અવિદ્યા' શબ્દનો અર્થ વર્ણાશ્રમવિહિત કર્મ થાય છે. 'અવિદ્યા' વડે અર્થાત્ કર્મ વડે 'મૃત્યુને' એટલે જ્ઞાનોત્પત્તિમાં વિરોધી એવું જે પૂર્વનું કર્મ તેને તરીને એટલે દૂર કરીને 'વિદ્યા વડે' એટલે કે જ્ઞાન વડે, 'અમૃત' કહેતાં જે બ્રહ્મ તેને 'ભોગવે છે.' અર્થાત્ પામે છે એમ અર્થ છે. મૃત્યુને તરવાના ઉપાય તરીકે અત્રે જે 'અવિદ્યા'

બતાવી તેનો અર્થ 'વિદ્યા'થી ભિન્ન વિહિતકર્મ એવો થાય છે.

આમ ટૂંકમાં પરા એટલે નિરપેક્ષ સત્ય. જે લોક પૂરી શ્રદ્ધાભક્તિથી તથા આત્મભાવથી બ્રહ્મવિદ્યાની સમીપ જાય છે ત્યારે આ બ્રહ્મવિદ્યા એમના ગર્ભ, જન્મ, જરા, અને રોગ વગેરે અનર્થસમૂહનું છેદન કરે છે અને પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે.

◆ **અપરાવિદ્યા :**

અપરા અથવા ધર્મ અધર્મના સાધન અને એના ફળની સાથે સંબંધિત વિદ્યા.

અર્થાત્ લૌકિક પદાર્થનું જ્ઞાન છે. બહારની અથવા બાહ્ય વિષયના શાસ્ત્રોની વિદ્યા તે કેવળ કહેવા તથા સાંભળવાની વસ્તુ છે. એને અપરા કહે છે. અપરા વિદ્યા એ જ અવિદ્યા છે. અપરાવિદ્યામાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છન્દ, નિરુક્ત, જ્યોતિષનો સમાવેશ થાય છે. જે સર્વજ્ઞ છે અને સર્વવિત્ છે. જેનું જ્ઞાનરૂપ તપ છે અને પરમાત્માથી જ નામ, રૂપ અને અન્ન આ ત્રણ ઉત્પન્ન થયાં. આ પરબ્રહ્મના જ્ઞાનને બ્રહ્મજ્ઞાન યા બ્રહ્મવિદ્યા કહેવાય છે, અને આ વિદ્યાના અભાવને અવિદ્યા કહેવાય છે.

મુણ્ડકોપનિષદમાં કહ્યું છે કે -

**अविद्यायां बहुधा वर्तमाना वयं कृतार्था इत्यभिमन्यन्ति बालाः ।**

**यत्कर्मिणो न प्रवेदयन्ति रागात्तेनातुराः क्षीणलोकाश्च्यवन्ते** ॥[१९] (मुण्डकोपनिषद्, १.२.९)

આચાર્ય શંકરે વિદ્યાને જ જ્ઞાનનું મુખ્ય સાધન માનેલું છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં વિદ્યા જ સર્વશ્રેષ્ઠ માનવામાં આવેલ છે,. વિદ્યા દ્વારા અવિદ્યાનો નાશ થાય છે. સત્ય અને અનૃત વગેરેના મિથુનીકરણને શંકરાચાર્યે અવિદ્યાત્મક માનેલ છે. શંકરાચાર્યના મતે અપરાવિદ્યાનો વિષય સંસાર માનેલો છે. આથી અપરાવિદ્યા મુક્તિનું સાધન માનવામાં આવી નથી. અપરા વિદ્યા તે દ્વૈતાત્મક છે. સગુણવિદ્યા અને અપરાવિદ્યા બંને સમાન છે. બન્ને લૌકિક વિષયો સાથે સમ્બન્ધિત છે, સગુણ વિદ્યા ઉપાસ્ય સમ્બન્ધિત છે. સગુણ વિદ્યા ઉપાસ્ય ઉપાસકનો ભેદ છે. તેમાં કર્મરૂપી સાધનની આવશ્યકતા નથી. આ રીતે કર્મકાંડ ઉપાસનાકાંડ તથા યોગાદિ સાધનો પણ શંકરના મતે વિદ્યાના જ અંગો છે. પણ વિદ્યા આ સાધનોને આધીન રહીને ફળ આપે છે એવું નથી. વિદ્યાના સાધનમાં ભલે વૈષમ્ય છે પણ તેનું લક્ષ્ય મુક્તિ છે. કેટલાક વિદ્વાનો લૌકિક અથવા વ્યાવહારિક વિદ્યા નામ આપવા માટે સંમત નથી. તેમની દૃષ્ટિએ અન્તિમ અથવા પારમાર્થિક દૃષ્ટિએ લૌકિકજ્ઞાન તે જ્ઞાન જ નથી. પણ તેમના મતે જ્ઞાન તેને જ કહી શકાય જેનાથી ભવબન્ધનનો નાશ થાય.

ઉપરોક્ત બાબતે સામાન્ય રીતે કહેવા જઈએ તો પણ જોકે અન્તિમ સત્ય તો એ જ છે કે બ્રહ્મજ્ઞાનની મર્યાદા અને તેના સાધનોથી પર છે. તેનાથી અતીત છે. તેથી તે કારણે પણ બ્રહ્મ જાણી શકાતું નથી.

તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે કે -

**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।**[२०] (तैत्तिरीय उपनिषद् - १.४)

બ્રહ્મસ્વરૂપથી અજ્ઞેય છે તેથી જે બ્રહ્મને જાણે છે, તે બ્રહ્મ થાય છે. અને આ પ્રકારની જે સર્વોચ્ચ સ્થિતિ છે ત્યાં સુધી પહોંચવાનું જે સાધન છે તે વિદ્યા જ છે. અને આથી જ કહ્યું છે કે -

**सा विद्या या विमुक्तये ।**

◆ **ઉપસંહાર :**

આ પ્રમાણે મોક્ષમાર્ગમાં જે કોઈ અગ્રેસર થવા ઇચ્છે છે તે બધા માટે જરૂરિયાત અને લક્ષ્ય મોક્ષજ્ઞાન મેળવવું તે છે. કારણ કે આ જગતમાં સર્વજન સુખપ્રાપ્તિ અને દુઃખનિવૃત્તિની ઇચ્છા કરે છે. અને તેને જ

પોતાનું અભીષ્ટ માની સુખસમ્પાદનાર્થે યથાશક્તિ યત્ન પણ કરે છે. જગતની ઘણી બધી વસ્તુ અનિત્ય છે. અનિત્ય પદાર્થમાં સુખદાતૃત્વ છે જ નહીં કારણ કે એક જ વખત જે વસ્તુ સુખદાયક હોય તે બીજી વખત દુઃખદ નીવડે છે. વિષયોમાં જો સુખ હોય તો એક જ વિષય એકને સુખ આપે અને બીજાને દુઃખ આપે એમ ઘટે નહીં. માટે દૃશ્ય જગતના ઘણા બધા પદાર્થમાં અનંત જન્માભ્યાસથી સુઃખદાયકત્વની ભ્રાન્તિ જ છે. વસ્તુતઃ વિષયોમાં સુખ-જડત્વ છે જ નહીં, એ સિદ્ધાન્ત છે. માટે સુખપ્રાપ્તિ અને દુઃખ નિવૃત્તિ દુઃસંપાદ્ય હોવાથી હાલનો ઘણોખરો જનસમૂહ દુઃખનો અનુભવ કરે છે. આ દુઃખનું કારણ જગત્ સત્યત્વનો ભ્રમ જ છે. અને આ ભ્રમને દૂર કરવા માટે જ શંકરાચાર્ય વિદ્યાનો ઉલ્લેખ કરે છે. અવિદ્યાના બંધનમાંથી છૂટીને જીવ વિદ્યાની પ્રાપ્તિ કરે છે. બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ કરે છે. એટલે કે 'વિદ્યા' વડે 'અવિદ્યા'રૂપી મૃત્યુને તરીને અમૃતરૂપી જ્ઞાનને પામે છે.

---

### પાદટીપ


૧. 'छांदोग्य उपनिषद', अनुवाद : शांकरभाष्यसहित, गीताप्रेस गोरखपुर. १९९३.

૨. 'विवेकचूडामणि', श्री वाणीविलास मुद्रालय, श्रीरंगम्. १९९०.

૩. રાવલ, સી. વી. 'શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન', યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૯૪, પૃષ્ઠ ૪૪૫.

૪. 'मुण्डकोपनिषद', शांकरभाष्यसहित, गीताप्रेस गोरखपुर, १९९२, पृष्ठ ४५

૫. પટેલ ગૌતમ (સંપા.), આદિ શંકરાચાર્ય વિરચિત 'ઉપનિષદ્ભાષ્ય', અનુવાદ : નીલમ પટેલ, સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ. ૨૦૦૬, પૃષ્ઠ ૧૫

૬. जोषी, लक्ष्मेश, 'ब्रह्मसूत्र शांकरभाष्य', पार्श्व प्रकाशन, अहमदाबाद, २००१, पृ. २१९

૭. 'मुण्डकोपनिषद', शांकरभाष्यसहित, गीताप्रेस गोरखपुर १९९२.

૮. શર્મા નથુરામ, 'શ્રી ઉપનિષદો (બૃહદ્આરણ્યક ઉપનિષદ)', ભગવતસિંગ પ્રિન્ટીંગ પ્રેસ, ગોંડલ, ગુજરાત, ૧૯૫૩.

૯. શાસ્ત્રી ગિરજાશંકર, 'સર્વવેદાન્ત સિદ્ધાન્ત સારસંગ્રહ', શ્લોક ૮૪૪, સસ્તુ સાહિત્વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૯૯.

૧૦. 'मुण्डकोपनिषद', ઉપર્યુક્ત ૩.૨.૯

૧૧. શાસ્ત્રી, ગિરજાશંકર, 'સર્વવેદાન્ત સિદ્ધાન્ત સારસંગ્રહ', શ્લોક ૮૪૪, સસ્તુ સાહિત્વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૯૯.

૧૨. એજન, શ્લોક ૧૬૭

૧૩. રાવલ, સી.વી., ઉપર્યુક્ત. પૃ. ૬૨૨

૧૪. 'मुण्डकोपनिषद', १.१.३, शांकरभाष्यसहित, गीताप्रेस गोरखपुर. १९९२.

૧૫. એજન, ૧.૧.૪

૧૬. એજન, ૧.૧.૫, ૧.૧.૬

૧૭. એજન, ૩.૨.૯

૧૮. પટેલ, ગૌતમ (સંપા.), આદિ શંકરાચાર્ય વિરચિત 'ઉપનિષદ્ભાષ્ય' અનુવાદક : નીલમ પટેલ, સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ. ૨૦૦૬, પૃષ્ઠ ૧૯

૧૯. 'मुण्डकोपनिषद', १.२.९, शांकरभाष्यसहित, गीताप्रेस गोरखपुर. १९९२.

૨૦. 'તૈત્તિરીય ઉપનિષદ' (શ્રી શાંકરભાષ્ય સહિત), શ્રી વાસુદેવ જોષી (ભાષાંતરકર્તા), સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૨, પૃષ્ઠ ૧૦૧.

# પદ્મપુરાણમાં રામકથા : એક અધ્યયન*

◆


## પ્રા. રબારી બલાભાઈ એસ.+


પૌરાણિક આખ્યાનના રૂપમાં રામકથા અત્યંત પ્રાચીન છે. રામકાવ્યનો આરંભ પ્રામાણિક તથા પૂર્ણરૂપમાં પ્રથમ વાલ્મીકિથી થયો એ સર્વસામાન્ય તથ્ય છે. પરંતુ વાલ્મીકિ રામાયણની ઘટના-સંકુલતા, કથાનકની સુસંગઠિતતા તથા સૌથી વધારે એમના વિભિન્ન પાઠોથી અનુમાન કરી શકાય છે કે વાલ્મીકિની પૂર્વે પણ રામકથા વિદ્યમાન હતી, પણ એ સંભવ છે કે પહેલાં લોકકથાના રૂપમાં પ્રચલિત હોય અને તેમાંથી વાલ્મીકિએ કથાનક ગ્રહણ કર્યું હોય, જેની વિસ્તૃત માહિતી નીચે પ્રમાણે છે.

વૈદિક સાહિત્યમાં રામકથા એક મુખ્ય આખ્યાનના રૂપમાં નથી, પરંતુ વિભિન્ન સ્થળો ઉપર મહત્ત્વપૂર્ણ પાત્રોનો નામોલ્લેખ મળે છે. વેદોમાં ઇક્ષ્વાકુ, દશરથ, રામ, જનક, સીતા, વગેરે નામો મળે છે. ઋગ્વેદમાં 'ઇક્ષ્વાકુ' નામના રાજાનો ઉલ્લેખ તથા દાનસ્તુતિમાં દશરથનો એક રાજાના રૂપમાં ઉલ્લેખ મળે છે. કેટલાંક સ્થળોએ એક રાજાના રૂપમાં રામનો ઉલ્લેખ મળે છે. ઋગ્વેદમાં કૃષિની અધિષ્ઠાત્રી દેવીના રૂપમાં સીતાનો ઉલ્લેખ છે.

બ્રાહ્મણસાહિત્યમાં ઐતરેય બ્રાહ્મણમાં 'राम मार्गवेमय !'[1] શતપથ બ્રાહ્મણમાં 'राम औपतस्विनि'[2] જૈમિનીય ઉપનિષદ બ્રાહ્મણમાં બે સ્થળો પર राम क्रातुजातेय वैयाघ्रपद्य[3] નો ઉલ્લેખ મળે છે. કૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીય બ્રાહ્મણ, શતપથ બ્રાહ્મણ, જૈમિની બ્રાહ્મણ વગેરેમાં વિભિન્ન પ્રસંગોએ જનકનો ઉલ્લેખ મળે છે. સીતાનો પ્રથમ ઉલ્લેખ તૈત્તિરીય બ્રાહ્મણના કૃષ્ણયજુર્વેદના સોમરાજાના ઉપાખ્યાનમાં મળે છે.

યજુર્વેદમાં 'હલ' દ્વારા વિશેષ યુક્તિથી અંકિત રેખાઓના અર્થમાં 'સીતા' શબ્દનો પ્રયોગ છે. ગૃહ્યસૂત્રમાં ઇન્દ્રની પત્નીના રૂપમાં સીતાનો ઉલ્લેખ છે.

મહાભારતમાં અરણ્યપર્વ, દ્રોણપર્વ તથા શાન્તિપર્વ વગેરેમાં રામકથા મળે છે. જાતકકથાઓમાં દશરથજાતક, અનામત જાતકમાં રામકથા મળે છે. જૈનકથાઓમાં વિસ્તૃત રૂપમાં રામકથા મળે છે, તેમાં વિમલસૂરિની પરંપરા અને ગુણભદ્રાચાર્યની પરંપરામાં રામકથા મળે છે. અધ્યાત્મરામાયણ, આનન્દરામાયણ અદ્ભુતરામાયણ, યોગવાસિષ્ઠ રામાયણ વગેરેમાં રામકથા જોવા મળે છે. મહાકાવ્યો ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, રઘુવંશ, જાનકીહરણ વગેરેમાં રામકથા જોવા મળે છે. નાટકોમાં પ્રતિમા નાટક, અભિષેક નાટક, મહાવીરચરિત, ઉત્તરરામચરિત, ભટ્ટિકાવ્ય, અનર્ઘરાઘવ, બાલરામાયણ, પ્રસન્નરાઘવ તથા હનુમન્નાટક વગેરેમાં રામકથા વિસ્તૃત રીતે જોવા મળે છે.

પુરાણોમાં હરિવંશપુરાણ, વિષ્ણુપુરાણ, વાયુપુરાણ, ભાગવતપુરાણ, કૂર્મપુરાણ, અગ્નિપુરાણ, લિંગપુરાણ, વામનપુરાણ, પદ્મપુરાણ વગેરેમાં રામકથાનું નિરૂપણ થયેલું છે.

### રામનું દાર્શનિક સ્વરૂપ

'रति राजते वा महीस्थितः सन् इति रामः !'[4] અથર્વવેદીય રામપૂર્વતાપનીય ઉપનિષદ 'राम' શબ્દની વ્યાખ્યા શક્તિ, શીલ તથા સૌન્દર્યના આધાર પર કરે છે. સંસ્કૃતમાં रा ધાતુનો અર્થ 'દાન દેવું' એવો થાય છે. રાક્ષસોના વિનાશ માટે રામના અવતરણના આધાર પર 'રામ' શબ્દમાં 'રા'-રાક્ષસ તથા 'મ' મરણથી

---

★ સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અને સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૨-૧૦-૨૦૧૧ના રોજ આયોજિત રાજ્યસ્તરીય પરિસંવાદમાં ''ભારતીય ભાષાઓમાં રામકથા'' વિષયાન્તર્ગત પ્રસ્તુત શોધપત્ર.


+ વ્યાખ્યાતા, શ્રીમતી આર.ડી.શાહ આર્ટ્સ અને શ્રીમતી વી.ડી.શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા, જિ. અમદાવાદ.

બનેલ છે.

પ્રસ્તુત શોધપત્રમાં 'પદ્મપુરાણ'માં વર્ણિત રામકથાની સવિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

**કથાસાર**

વા. રામાયણનું[૫] કથાનક પ્રખ્યાત હોવાથી તે કથાનો સાર અહીં આપવામાં આવ્યો નથી. પરંતુ પ્રસ્તુત વિષયના કથાવસ્તુને દૃષ્ટિ સમક્ષ રાખીને નિરૂપણ કરવામાં આવ્યું છે.

પદ્મપુરાણ[૬] માં સાત ખંડ છે, પરંતુ તેમાંથી ત્રણ ખંડોમાં રામકથાનો ઉલ્લેખ મળે છે. આ પુરાણમાં ખંડોનો અલગ અલગ રચનાકાળ માનવામાં આવે છે. પાતાલખંડને ઈ.સ. બારમી શતાબ્દી અને ઉત્તરખંડને ઈ.સ. પંદરમી શતાબ્દીનો માનવામાં આવે છે.[૭] આ બન્નેમાં રામકથાનું વર્ણન પુષ્કળ પ્રમાણમાં કરવામાં આવ્યું છે. 'પુરાણવિમર્શ'માં આચાર્ય બલદેવ ઉપાધ્યાય પદ્મપુરાણનો રચનાકાળ સોળમી શતાબ્દી માને છે. આ પુરાણમાં રામકથા સાર આ પ્રમાણે છે :

**૧. સૃષ્ટિખંડ**

સૃષ્ટિખંડમાં કોઈ વિસ્તૃત રામકથા મળતી નથી (જુઓ અધ્યાય ૩૫-૩૯ અને ૫૧)

**૨. પાતાલખંડ**

આમાં રામના અશ્વમેધયજ્ઞનું (અ. ૧-૬૮) વિસ્તૃત વર્ણન છે. જ્યાં એક પુરાકલ્પીય રામાયણનું (અ. ૧૧૬) વર્ણન મળે છે, જે કથાનો વિસ્તાર આગળ ઉલ્લિખિત છે.

**૩. ઉત્તરખંડ**

જેમાં રામચરિતનું એક પૂરું વૃત્તાંત પ્રાપ્ત થાય છે. સૌ પ્રથમ રામાવતારના સંદર્ભમાં સ્વયંભૂ મનુની તપસ્યાનું વર્ણન છે. જેના ફળસ્વરૂપ ત્રણ જન્મો વિષ્ણુના રૂપમાં પ્રાપ્ત થાય છે. બાકીની કથા વા. રામાયણના સાત કાંડોનું સંક્ષિપ્ત રૂપ છે (અ. ૨૪૨.૨૪૪).

પદ્મપુરાણમાં વૈવસ્વત મનુના વંશમાંથી રામાદિ ચાર ભાઈઓની ઉત્પત્તિ બતાવવામાં આવી છે.[૮]

- પુલસ્ત્ય મુનિપુત્ર વિશ્રવા અને કૈકસીના સંતાનો દશમુખ (રાવણ), ભાનુકર્ણ(કુંભકર્ણ), વિભીષણ અને ચંદ્રણખા(શૂર્પણખા) બતાવ્યા છે.[૯]
- રાજા દશરથને વૈવસ્વત મનુપુત્ર ઈક્ષ્વાકુ વંશના રાજા અજનો પુત્ર બતાવવામાં આવ્યો છે. બીજા ભાઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.[૧૦]
- દશરથની પત્નીઓ અને તેનાથી ઉત્પન્ન થયેલા પુત્રોની બાબતમાં વિભિન્ન મત પ્રાપ્ત થાય છે. જેમાં (૬-૨૪૨) ત્રણ પત્નીઓ અને ચાર સંતાનોનો ઉલ્લેખ રામાયણની જેમ જ મળે છે. પરંતુ અ. ૫-૧૧૬માં ચાર પત્નીઓ કૌશલ્યા, સુમિત્રા, સુપ્રભા, અને સુવેષા અને તેમના ક્રમાનુસાર ચાર પુત્રો રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નને ઉત્પન્ન થયેલા બતાવ્યા છે.
- રામનો વ્યુત્પતિજન્ય અર્થ ઉલ્લિખિત છે. त्रिभुवनाभिपरामतया राम इति नाम चक्रे....।।[૧૧]
- શિશુવયમાં રામને બધી વિદ્યાઓ વસિષ્ઠ ઉપનયન સંસ્કાર કરીને શીખવે છે.[૧૨]
- રામના વિવાહ વખતે દશરથ દૂતો પાસેથી માહિતી લઈને વિદર્ભ જાય છે. જનકે દશરથને આપેલા વચનથી ચિંતિત હોવાને લીધે શિવનું ચિંતન કરે છે. શિવજી દ્વારા સ્વયંવરમાં આપવામાં આવેલું 'આજગવ ધનુષ્ય' ઉઠાવીને રામે સીતાની પ્રાપ્તિ કરી[૧૩], જ્યારે ઉતરખંડમાં (૬.૨૪૨) આ પ્રસંગ વા. રામાયણનું અનુસરણ માત્ર છે.

- વા. રામાયણની છાયા વરદાન પ્રસંગમાં[૧૪] દેખાય છે. પરંતુ કૈકેયીની જગ્યાએ સુવેષા નામનો ઉલ્લેખ કરીને પદ્મપુરાણકાર થોડુંક પરિવર્તન કરે છે.
- દશરથના મૃત્યુ પછી મંત્રીઓએ ભરતને રાજ્ય આપવાનું નક્કી કર્યું. ભરતે મોટાભાઈનું અનુસરણ કરીને રાજ્યની ઇચ્છા કરી નહીં. અને વનમાં જઈને 'રામરાજ્ય ગ્રહણ કરીશ' એવી માંગણી કરી. રામે રાજ્યનો સ્વીકાર ન કરવાને કારણે ભરતને પાદુકાઓ આપી. ભરત ભક્તિપૂર્વક શુભ પાદુકાઓ રાજસિંહાસન પર રાખીને રાજ્ય કરવા લાગ્યો.[૧૫]
- દંડકારણ્યમાં[૧૬] રામ, લક્ષ્મણ અને સીતાને પુત્રનો વધ કરવાવાળા માનીને ચંદ્રણખાએ સુંદર કન્યાનું રૂપ લઈને, ત્યાં આવવાનું ખોટું કારણ બતાવીને રામ-લક્ષ્મણની સાથે વિવાહની માંગણી કરી. માંગણીનો અસ્વીકાર અને પુત્રવધના ક્રોધને કારણે તરત જ પાતાલલંકામાં જઈને એના પતિ ખરને આ વૃત્તાંત કહ્યો. લક્ષ્મણનું ખર સાથે યુદ્ધ થયું. યુદ્ધ વધવાને લીધે પોતાના પતિને બચાવવા ચંદ્રણખાએ (શૂર્પણખા) રાવણની પાસે જઈને સીતાના સૌંદર્યની પ્રશંસા કરીને સીતાહરણ કરવાનું કહ્યું. રાવણ પુષ્પક વિમાન દ્વારા આવી પહોંચ્યો. રામને જોઈને ભયભીત રાવણે અવલોકની વિદ્યાનો સહારો લઈને કપટથી પુષ્પક વિમાન દ્વારા સીતાનું હરણ કર્યું. રાવણના યુદ્ધમાં જટાયુ ઘાયલ થયો. રાવણ સીતાને લઈને લંકામાં અશોક વૃક્ષની નીચે ત્રિજટાદિ રક્ષકોની વચ્ચે છોડી દઈને પોતાના ધામમાં ચાલ્યો ગયો. (ખંડ-૫)માં માત્ર સીતાહરણનો ઉલ્લેખ છે.
- જટાયુના મૃત્યુ બાદ રામે વિધિપૂર્વક અંત્યેષ્ટિ સંસ્કાર કર્યો અને એમણે યોગીઓ માટે ઉચિત સનાતન પદ પ્રાપ્ત કર્યું એવો ઉલ્લેખ છે.[૧૭]
- સુગ્રીવના વચનની યાદ, સીતાશોધ, હનુમાનનું લંકાગમન, નિશાનીરૂપ મુદ્રિકા સાથે લઈ જવી. હનુમાન દ્વારા લંકામાં ઉત્પાત, લંકાદહન અને રામ પાસે આવીને સઘળું વૃતાન્ત કહેવું[૧૮] વગેરે પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.
- રાવણ અને ઇન્દ્રજીત દ્વારા વિભીષણનું અપમાન કરીને તેનો ત્યાગ કર્યો. વિભીષણ રામના શરણે ગયો[૧૯] અને હનુમાનના કહેવાથી રામે એનો સ્વીકાર કર્યો.
- રામ વગેરે લંકા વિજય માટે સેતુબંધથી ગયા હતા તેવો ઉલ્લેખ છે,[૨૦] તો ૫.૧૧૬માં શિવ દ્વારા આપવામાં આવેલ 'आजगव' ધનુષ્ય પર બેસીને લંકામાં ગયા એવો ઉલ્લેખ છે.
- ગરુડ દ્વારા રામ-લક્ષ્મણને પાશોથી મુક્ત કરવામાં આવ્યા. રામ-લક્ષ્મણે ક્રમાનુસાર કુંભકર્ણ અને ઇન્દ્રજીતને માર્યા. રાવણ દ્વારા શક્તિપ્રયોગથી ઘાયલ લક્ષ્મણ મહાગિરિની ઔષધિથી ભાનમાં આવ્યો,[૨૧] એવો ઉલ્લેખ છે.
- રાવણે યજ્ઞનો આરંભ કર્યો. પરંતુ વાનરોએ તેનો નાશ કર્યો, ત્યારબાદ રામ-રાવણનું યુદ્ધ થયું. શ્રીરામે રાવણનું મસ્તક કાપી નાખ્યું તેમ છતાં શિવનાં વરદાનથી ફરીવાર તે યથાવત્ રહ્યું, અંતમાં, બ્રહ્માસ્ત્રથી રામે રાવણને માર્યો.[૨૨]
- રાવણના મૃત્યુ બાદ રામે વિભીષણનો રાજ્યાભિષેક કર્યો, સીતાની અગ્નિપરીક્ષા કરી. બ્રહ્મા વગેરે દેવોએ સીતાના અવતારનું પ્રયોજન બતાવ્યું ત્યારે સીતાનો રામે સ્વીકાર કર્યો. વિભીષણ પુષ્પક વિમાન લઈને આવ્યા. અને રામાદિ પુષ્પક વિમાનથી અયોધ્યા આવ્યા.[૨૩] પાતાલખંડ(અ. ૧૧૬)માં શ્રીરામે વિભીષણ દ્વારા રાવણ વગેરેની મરણક્રિયા કરાવી, એના નામનું શિવાલય બાંધ્યુ, વિભીષણનો રાજ્યાભિષેક અને સીતાની અગ્નિપરીક્ષા કરીને પુષ્પક વિમાન દ્વારા અયોધ્યા તરફ ગયા, એવું વર્ણન છે.
- રામ ભરતનું વર્ણન હનુમાન દ્વારા જાણીને નંદીગ્રામ ગયા. વિનંતી કરવા રામે અયોધ્યામાં પ્રવેશ કર્યો.

સુવર્ણાસન પર બેસીને નગરજનોએ રામનો અભિષેકોત્સવ મનાવ્યો.[૨૪]

- લોકાપવાદના ભયથી રામે ગર્ભવતી સીતાનો ત્યાગ ગંગા કિનારાના મોટા વનમાં કર્યો[૨૫] એવો ઉલ્લેખ છે. પાતાલખંડ (અ.૫૫.૫૯)માં સીતાત્યાગ પ્રસંગ વિસ્તારથી નિરૂપિત છે. ગર્ભવતી સીતાને લોપામુદ્રાદિ સ્ત્રીઓને મળવાનો દોહદ થયો, રામે ધોબીના કહેવાથી સીતાત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. ભરત અને શત્રુઘ્ન દ્વારા આ કર્મ કરવાની ના પાડવામાં આવતાં રામે લક્ષ્મણને સીતાને દોહદના બહાને રથમાં બેસાડીને ગંગાના કિનારે લઈ જઈને વનમાં ત્યાગ કરવાનું કહ્યું. સીતાએ પોતાના ત્યાગના સંબંધમાં રામને ઉદ્દેશીને કેટલાક આક્રોશપૂર્ણ કઠિન પ્રશ્નો પૂછ્યા. અંતમાં 'હું રામના ગર્ભ સંભાળવા માટે જીવિત રહું છું' એમ કહ્યું.

- વનમાં શિષ્યો સાથે આવતા સીતાએ વાલ્મીકિને પોતાનો સર્વ વૃતાન્ત કહ્યો. સીતાને પોતાના આશ્રમ લઈ ગયા. સીતાએ બે જોડીયા બાળકોને જન્મ આપ્યો, વાલ્મીકિએ એમને જાતકર્માદિ સંસ્કાર કરીને લવ-કુશ એવાં નામ આપ્યાં. વાલ્મીકિએ જનોઈ આપીને અંગો સહિત વેદ રહસ્યમંત્રોની સાથે ધનુર્વેદ તથા રામાયણ ભણાવ્યું. તથા શસ્ત્રો પણ આપ્યા[૨૬].

- રામે અશ્વમેધ યજ્ઞમાં સીતાની સુવર્ણમૂર્તિ બનાવીને યજ્ઞારંભ કર્યો. જ્યાં વાલ્મીકિ, રામ, સીતાની વચ્ચે સીતાત્યાગ અને સીતાની પવિત્રતાની બાબતમાં સંવાદ થાય છે, અંતમાં પૃથ્વી સીતાને પોતાના આસન ઉપર બેસાડીને સ્વર્ગમાં લઈ જાય છે અને પરમધામને પ્રાપ્ત કરે છે[૨૭]. ત્યારે પાતાલખંડ (અ. ૬૭)માં રામનો સંદેશો લઈને લક્ષ્મણ સીતાને લેવા માટે ગયા અને રથમાં બેસાડીને પરત લાવ્યા. રામે સુવર્ણમૂર્તિની જગ્યાએ સીતાને બેસાડીને યજ્ઞ કર્યો હતો. આ પ્રકારે કવિ અહીં સુખાન્ત લાવ્યા છે.

- સીતાને રસાતલમાં ગયા બાદ ૧૧,૦૦૦ વર્ષ ધર્મપૂર્વક રામે રાજ્ય કર્યું. ત્યારબાદ પરમધામ જવાની ઇચ્છાથી રાજ્યભાર શત્રુઘ્નને સોંપીને શ્વેતવસ્ત્ર ધારણ કરીને સ્વધામ ગયા. રામ બધાની સાથે સરયૂના પાણીમાં પ્રવેશીને ગયા.[૨૮]

**નિષ્કર્ષ**

ઉપર્યુક્ત કથાને આધારે સાહિત્યિક, ધાર્મિક, દાર્શનિક અને સાંસ્કૃતિક અધ્યયનનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**સાહિત્યિક**

૧. કેટલાક પ્રસંગોમાં એકસૂત્રતાનો અભાવ છે. પદ્મ. ના ખંડોના રચનાકાળ અને કર્તૃત્વની બાબતમાં સંદેહ ઉત્પન્ન થાય છે.

૨. પદ્મપુરાણકાર વાલ્મીકિ રામાયણનું અનુસરણ કરે છે.

૩. સીતાત્યાગ પ્રસંગમાં સીતાએ જે આક્રોશપૂર્ણ પ્રશ્નો કર્યા છે, તેમાં ક્રાન્તિકારી આદર્શનારીનું નિરૂપણ કરીને લેખકોને પોતાની વૈચારિક ભૂમિકાનું દર્શન કરાવ્યું છે. તારાને પૂછવાથી વાલીવધનું જે ઔચિત્ય રામને બતાવ્યું છે, તેમાં રામાયણની કથાનું સમાધાન કરીને પદ્મપુરાણકારનો અભિગમ સાર્થક થાય છે.

- પદ્મપુરાણકારે યુદ્ધના પ્રસંગોમાં વીર, અદ્ભુત, ભયાનક, કરુણ, બિભત્સાદિ રસોનું અદ્ભુત સંયોજન કવિએ કર્યું છે.

- પદ્મપુરાણકારે વિભીષણ, દશરથ, જટાયુ, સુગ્રીવ, હનુમાન, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, જનક, સીતા, ત્રિજટા, વાલી, કૈકસી, વિરાધ, ઈન્દ્રજીત, કુંભકર્ણ, રામ, કૌશલ્યા, સુમિત્રા, શૂર્પણખા, લવ, કુશ, વિશ્રવા, શિવ, મારીચ, વગેરે પાત્રોનું નિરૂપણ કર્યું છે.

- પદ્મપુરાણકારે શૂર્પણખા સત્યવચન બોલે છે, એ એના સ્વભાવની વિરુદ્ધ છે. આમ છતાં, તેનું ઊર્ધ્વીકરણ કર્યું છે. જ્યારે સીતાત્યાગમાં રામનું નિમ્નીકરણ કર્યું છે.

**ધાર્મિક**

પદ્મપુરાણમાં વ્રત, નિયમ, તીર્થયાત્રા, વિવાહ, અગ્નિસંસ્કાર, ઉપનયન-જાતકર્માદિ સંસ્કારો, શ્વેતવસ્ત્ર, આચમન અને કુશધારણ વગેરેના ઉલ્લેખ આવે છે તેમાં ધર્મશાસ્ત્રના પ્રભાવ અંતર્ગત સત્યધર્મ અને સહિષ્ણુતાનું દર્શન થાય છે.

**દાર્શનિક**

પદ્મપુરાણનો પાતાલખંડ (અ.૧-૬૮) રામોપાસક દ્વારા લખવામાં આવ્યો છે. એમાં રામને વિષ્ણુના અવતાર તરીકે સ્થાપિત કરવામાં આવ્યા છે. જ્યારે પાતાલખંડ, અ.૨૮ અને ઉત્તરખંડ અ. ૨૪૨ વગેરેમાં શ્રીરામનું જે પરબ્રહ્મસ્વરૂપ પ્રતિપાદિત કર્યું છે, એમાં રામાવત અથવા રામરસિક સંપ્રદાયનો પ્રભાવ નિર્દિષ્ટ છે. રામાવત સંપ્રદાયમાં રામને પરબ્રહ્મ અને સીતાને એમની શક્તિસ્વરૂપે પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

**સાંસ્કૃતિક**

શિક્ષાવ્યવસ્થાની અંતર્ગત ગુરુપરંપરાનો ઉલ્લેખ મળે છે, તેમાં હિન્દુ ધર્મમાં ઉપનયન સંસ્કાર પછી શિક્ષણનો પ્રારંભ થાય છે. સીતાત્યાગ, અગ્નિપરીક્ષામાં ઉત્કૃષ્ટ કુટુંબવ્યવસ્થાનું નિરૂપણ છે. જેમાં ભારતીય સંસ્કૃતિના આચાર-વિચારનું દર્શન થાય છે. રાજ્યવ્યવસ્થામાં કૂટનીતિનું દર્શન થાય છે. ચિત્રકલા, આભૂષણ વગેરેમાં ભારતીય સંસ્કૃતિનું દર્શન થાય છે. દંડકારણ્ય, અયોધ્યા, કિષ્કિન્ધા, લંકા વગેરેમાં ભૌગોલિક સામગ્રીનું દર્શન થાય છે. દેવ, રાક્ષસ, વાનર, માનવાદિ વિભિન્ન સંસ્કૃતિઓના સમન્વયનું દર્શન થાય છે.

**પાદટીપ**

૧. डॉ. श्रीमती आशाभारती, 'रामकथा और उसके प्रमुख नारी-पात्र'. प्रका. इतिहास शोध संस्थान, महरौली, नई दिल्ली, संस्करण प्रथम, १९८६, पृ. १७
૨. એજન પૃ. ૧૮
૩. એજન પૃ. ૧૮
૪. એજન, પૃ. ૨૯
૫. रामायणः वाल्मीकि, १/६०, ओरियंटल, इन्स्टिट्यूट, बडौदा
૬. पद्मपुराण (ભાગ ૧-૨) વ્યાસકૃત, અનુ. ગિરજાશંકર શાસ્ત્રી, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, સં. ૨૦૪૨
૭. आर. सी. हाजरा, 'इण्डियन कलचर', भाग ४, पृ. ७५
૮. पद्मपुराण (૬.૨૪૨.૬૪-૯૫)
૯. पद्मपुराण (૬.૨૪૨.૧૫-૧૯)
૧૦. अस्याभूत्प्रथमं जन्म मनोः स्वायंभुवस्य च ।
रघूणामन्वये पूर्वराजा दशरथोऽभूत ॥ पद्मपु., ૬.૨૪૨.૮-૯
૧૧. એજન, ૫. ૧૧૬.૪૫
૧૨. એજન, ૫. ૧૧૬.૪૮-૪૯
૧૩. એજન, ૫. ૧૧૬.૬૦-૧૩૯
૧૪. એજન, ૫. ૧૧૬. ૧૪૧-૧૪૩, ૬.૨૪૨. ૧૮૪-૧૮૫

૧૫. એજન, ૫. ૨૪૨. ૧૮૯-૧૯૨.
૧૬. એજન, ૬.૨૪૨. ૨૨૮-૨૬૪
૧૭. એજન, ૬. ૨૪૨. ૨૬૪-૨૬૫
૧૮. એજન, ૬. ૨૪૨. ૨૮૨-૨૯૦
૧૯. એજન, ૫.૧૧૬
૨૦. એજન, ૬. ૨૪૨. ૨૯૮-૨૯૯
૨૧. એજન, ૬. ૨૪૨. ૩૦૦-૩૧૨
૨૨. એજન, ૬. ૨૪૨. ૩૧૨-૩૨૦
૨૩. એજન, ૬. ૨૪૨. ૩૨૪-૩૪૯
૨૪. એજન, ૬. ૨૪૨. ૩૫૦-૬. ૨૪૩.૭
૨૫. એજન, ૬.૨૪૪. ૨-૪
૨૬. એજન, ૬.૨૪૪. ૫-૬. ૫૯
૨૭. એજન, ૬.૨૪૪. ૧૩-૩૨
૨૮. એજન, ૬.૨૪૫.૩૫-૭૭

# મલાતજ ગામ : ઈતિહાસ અને પુરાતત્ત્વ

◆

હરિપ્રસાદ શાસ્ત્રી*

**પરિચય :**

ચરોતરમાં સોજિત્રા પાસે આવેલું ગામ મલાતજ (અક્ષાંશ : ઉત્તર ૨૨° ૩૭'; રેખાંશ : પૂર્વ ૭૨° ૨૪') ગુજરાતનાં યાદગાર ગામોમાં ગણનાપાત્ર સ્થાન ધરાવે છે. ઈ.સ. ૧૯૪૮ પહેલાં એ વડોદરાના ગાયકવાડ રાજ્યમાં હતું, ત્યારે એ વડોદરા પ્રાંતના પેટલાદ તાલુકામાં ગણાતું. એ પછી હવે એ ગુજરાત રાજ્યના આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકામાં ગણાય છે.

મલાતજનો પિન કોડ નંબર ૩૮૭૨૨૦ છે; ને ટેલીફોન નંબર ૦૨૬૯૭-૨૩૯૮૬૪ છે.

મલાતજની ઉત્તરે પેટલી અને એની પાર ડેપોલ ગામ આવેલાં છે, પૂર્વમાં ચાંગા, દક્ષિણમાં કાસોર, અને પશ્ચિમમાં સોજિત્રા તથા ડભોઉ ગામ આવેલાં છે.

મલાતજ નડિયાદ-પેટલાદ રેલવે લાઈન (નૅરો ગેજ) પર વસો અને સોજિત્રાની વચ્ચેનું રેલવે સ્ટેશન ધરાવે છે. અહીંથી સોજિત્રા, આણંદ અને નડિયાદ જવાની સ્ટેટ ટ્રાન્સપૉર્ટ બસની સગવડ પણ ઉપલબ્ધ છે.

'મલાતજ' નામની વ્યુત્પત્તિ સંશોધન માગી લે છે.

**ઈતિહાસ :**

વહીવંચાએ નોંધેલી અનુશ્રુતિ અનુસાર આ ગામ પહેલવહેલું નાગરોએ અને બીજી વાર જોધા નામે રબારીએ વસાવેલું. આ બે વસવાટોનો સમય નોંધાયો નથી. પરંતુ એ બંને ઘટનાઓ ઈસ્વી ૧૫ મી સદી પહેલાંની માલૂમ પડે છે. એ પુરાતન કાલના કોઈ અવશેષ હાલ મોજૂદ રહ્યા હોય એવું માલૂમ પડતું નથી. પરંતુ આધુનિક ગામની પૂર્વ સીમમાં અગાઉ એક વાવ હતી; ને એ સમય જતાં પુરાઈ ગઈ છે એવું પૂર્વજો જણાવે છે. વળી પૂર્વ સીમમાં અનોપ માતાની દહેરી પાસે કેટલાક પુરાવશેષ સચવાયા છે. પરંતુ એ કયા તબક્કાના છે એ નક્કી કરાયું નથી. હાલ ગામની પૂર્વ ભાગોળે આવેલો જોધિયો કૂવો જોધા રબારીની યાદગીરી છે.

અનુશ્રુતિ અનુસાર હાલનું મલાતજ ગામ (ત્રીજીવાર) વિ.સં. ૧૫૧૨ (ઈ.સ. ૧૯૫૫-૫૬)માં વેજા પટેલ નામે પાટીદારે વસાવ્યું છે. એ લેઉવા પાટીદાર હતા. હાલ મલાતજમાં મુખ્ય વસ્તી એમના વંશજોની છે. એના ચાર ભાગ છે; ને ગામમાં એમની ચાર ખડકીઓ આવેલી છે.

વેજા પટેલ અહીં આવ્યા તે પહેલાં એમના પૂર્વજો ચાંપાનેરમાં વસતા હતા. સમય જતાં તેઓ ચાંપાનેરથી અડાલજ થઈ પહેલાં દેવાતજમાં ને પછી સોજિત્રામાં વસેલા. વેજા પટેલ સોજિત્રાથી અહીં આવેલા ને એમણે હાલનું મલાતજ વસાવ્યું. પાટીદારો જમીનની પાટી ધરાવે ને એમાં ખેતી કરે-કરાવે. મલાતજના પાટીદારો ૨૭ ગામોના જૂથમાં આવેલા છે.

ગામ વસાવવા વેજા પટેલે સોજિત્રાથી સાઠોદરા નગરોના કુટુંબને પણ અહીં વસાવેલું, સાઠોદરા નાગરો ડભોઈ પાસેના સાઠોદ ગામના વતની હતા; હાલ તેઓની મુખ્ય વસ્તી અમદાવાદ, અને નડિયાદ અને ડભોઈમાં આવેલી છે.

---

* પૂર્વ અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ

વળી અર્વાચીન મલાતજના ઉત્તર ભાગમાં મહીડા રાજપૂતોનો ગરાસ આવેલો છે ને તેઓના વસવાટનો અલગ વાંટો પણ છે. તેઓ ગરાસિયા તરીકે ઓળખાય છે.

મલાતજમાં મુખ્ય વસ્તી પાટીદારોની છે. બીજા નંબરે ગરાસિયાઓની વસ્તી આવેલી છે. ત્રીજા ક્રમે બારૈયાઓ ગામના પશ્ચિમ ભાગમાં વસેલા છે. તેઓ પવાર જાતિના રાજપૂત હોવાનું કહેવાય છે. નાગર જ્ઞાતિનાં તો અહીં દસ-બાર કુટુંબ વસેલાં. ઉપરાંત ગામમાં સોની, સુથાર, લુહાર, કુંભાર, વાઘરી, રાવણિયા, ધોબી, વાળંદ, રબારી, ભંગી, વણકર, અને ચમાર તથા વહોરા જેવી અન્ય જ્ઞાતિઓમાં થોડાં કુટુંબ વસેલાં છે.

વેજા પટેલે ઈ.સ. ૧૪૫૫માં હાલનું મલાતજ વસાવ્યું ત્યારે તેમની સાથે સોજિત્રાથી અહીં આવી વસેલા સાઠોદરા નાગર દેવદત્ત ત્રવાડી (ત્રિવેદી) હતા. તેઓ લૌગાક્ષ ગોત્રના સામવેદી હતા. એ સમયે ગુજરાતમાં અમદાવાદના સુલતાન અહમદશાહ રજાનું શાસન પ્રવર્તતું હતું. પછી થોડા સમયમાં મહમૂદ શાહ બેગડાનું શાસન પ્રવર્ત્યું (ઈ.સ. ૧૪૫૯-૧૫૧૧). એણે પાવાગઢ પાસે આવેલું ચાંપાનેર જીતી પાયતખ્ત ત્યાં રાખેલું. એના સમયમાં ચાંપાનેર પ્રદેશમાંથી અનેક પ્રજાજનો અન્યત્ર જઈ વસ્યા હોવાનું માલૂમ પડે છે.

ઈ.સ. ૧૫૭૨માં મુઘલ બાદશાહ અકબરે ગુજરાત પર ચડાઈ કરી ત્યાં મુઘલવંશની સત્તા સ્થાપી. અકબર પછી જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબની હકૂમત પ્રવર્તી. ઈ.સ. ૧૭૫૯માં મુઘલ શાસનનો અંત આવ્યો.

૧૭મી-૧૮મી સદીમાં ગુજરાતમાં મરાઠા સત્તાનો આરંભ અને પ્રસાર થયો. સમય જતાં પેશવાઈની પડતી થઈ.

ઈ.સ. ૧૭૧૮-૧૮૧૮ દરમ્યાન વડોદરામાં ગાયકવાડ વંશની સત્તા દૃઢમૂલ થઈ. આ દરમ્યાન ગુજરાતમાં પહેલાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું અને ઈ.સ. ૧૮૧૭ પછી બ્રિટિશ સરકારનું શાસન પ્રવર્ત્યું. વડોદરાના ગાયકવાડ રાજાએ પણ આખરે બ્રિટનનાં રાણી વિક્ટોરિયાનું આધિપત્ય સ્વીકાર્યું. વડોદરાના મહારાજા સયાજીરાવ ઉજાના સમગ્ર રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કર્યું. વળી, દરેક ગામમાં પુસ્તકાલય તથા ગ્રમપંચાયતની જોગવાઈ કરી. મલાતજ આમ વડોદરા રાજ્યમાં આવેલું હોઈ, તેના રહીશોને પણ આ સાર્વજનિક સુધારાઓનો લાભ પ્રાપ્ત થયો.

મહારાજા સયાજીરાવ (ઈ.સ. ૧૮૭૫-૧૯૩૯)ના પ્રગતિશીલ શાસન દરમ્યાન મલાતજના પ્રજાજનોને પણ આ ઉમદા રાજવહીવટનો લાભ સાંપડ્યો. ગામની દરેક જ્ઞાતિના છોકરાઓ તથા છોકરીઓ અક્ષરજ્ઞાન ધરાવતાં થયાં. ગામમાં પ્રાથમિક શાળા, કન્યાશાળા, પુસ્તકાલય તથા ઔષધાલયની સુવિધા સ્થપાઈ. અહીં શરૂઆતમાં અંત્યજ શાળા સ્થપાઈ ને આગળ જતાં અસ્પૃશ્યતાની ભાવના નાબૂદ કરવા અંત્યજ છાત્રોને સાર્વજનિક શાળાઓમાં સમાવી લેવાયા.

**વિવિધ ક્ષેત્રમાં થતી પ્રગતિ :**

મલાતજ ૧૯૩૦-૪૦ દરમ્યાન છ ધોરણની ગુજરાતી પ્રાથમિક શાળા તથા કન્યાશાળા હતી. સમય જતાં અંગ્રેજી-ગુજરાતી શિક્ષણ આપતી ત્રણ ધોરણની એ.વી.સ્કૂલનો પ્રબંધ કરાયો. ગામમાં પોસ્ટ ઑફિસની સુવિધા થઈ; સ્ટેશનમાં તાર-ટપાલની સગવડ કરાઈ.

ગામમાં વિવિધ વસ્તુઓની દુકાનો જૂજ હતી. ઘણી જરૂરી વસ્તુઓ લેવા માટે બાજુના સોજિત્રા કે કાસોર ગામમાં જવું પડતું, ગામની ઉગમણી ભાગોળે જોધિયા કૂવા પાસે આવેલા મોટા કૂવામાંથી ગામની સ્ત્રીઓ માથે બેડું મૂકી પાણી ભરી જતી; ને ગામની ઉગમણી ભાગોળે આવેલા મોટા તળાવે જઈ કપડાં ધોઈ લાવતી. ભેંસોને પાણી પાવા આ તળાવમાં લઈ જતા; ને ઘાસ ચરવા ગામના દક્ષિણ ભાગોળે આવેલ ચરામાં રબારીઓ લઈ જતા. રબારીવાસમાં ગાયો, બકરાં અને ઘેટાં રખાતાં, કુંભારવાડામાં માટીનાં વિવિધ વાસણ

ઘડાતાં. સારા-નરસા પ્રસંગે ગામના વાળંદો વિવિધ સેવા આપતા.

સમય જતાં ગામમાં વીજળી આવી, ઘરમાં વોટર વર્ક્સની સુવિધા થઈ. ટૅલિફોન આવ્યા, ખેતી માટે ગાડું એકો અને ડમણિયું જેવાં વાહન હતાં; હવે ઘોડાગાડી અને રિક્ષાનીય સગવડ થઈ. ગામની પશ્ચિમે ડભોઈ જવાના માર્ગ પર શ્રી ખોડાભાઈ સોમાભાઈ પટેલની સખાવતથી માધ્યમિક શિક્ષણ આપતી હાઈસ્કૂલની જોગવાઈ થઈ; હવે ગામના વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ માટે રોજ ચાલતા સોજિત્રા જવું પડતું નહિ. ઉચ્ચ શિક્ષણ માટે વડોદરા કે અમદાવાદ જેવાં દૂરનાં સ્થળ ઉપરાંત હવે કન્યાઓ માટે નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની તેમજ ઉચ્ચ શિક્ષણ માટે આણંદ પાસે વલ્લભ વિદ્યાનગરની વિવિધ વિદ્યાશાખાઓ ધરાવતી સંસ્થાઓ સ્થપાઈ.

મલાતજનું રેલવે સ્ટેશન ગામથી ઘણું દૂર આવેલું છે. હવે મલાતજ અને સોજિત્રાનાં રેલવે સ્ટેશનો વચ્ચે ડભોઉનું ફ્લૅગ-સ્ટેશન ઉમેરાયું; એ મલાતજના રહીશો માટે નજીક છે. ગામમાં ઢોલ-નગારાં અને ગ્રામોફોન હતા; હવે અહીં રેડિયો તથા ટી.વી.ની સુવિધા પણ કરાઈ. સટાક ચકલામાં ઊંચું ટાવર બંધાયું. ગામમાં દૂધનો માવો બનાવવાની ભઠ્ઠી હતી; હવે અહીં દૂધની ડેરી પણ સ્થપાઈ. ગામમાં વર્તમાનપત્રો પણ આવતાં થયાં. ગામના મુખ્ય માર્ગો પર ડામરની પાકી સડકો થઈ.

મલાતજના સાહસિક યુવકો તથા પ્રૌઢજનો ઘણા સમયથી સારી કમાણી માટે પૂર્વ આફ્રિકાનાં કેન્યા, યુગાન્ડા અને ટાંઝાનિયા જેવાં રાજ્યોમાં જઈ વસતા. કેટલાક યુ.કે.માં પણ જતા. સમય જતાં હવે ઘણા રહીશો અમેરિકા, કૅનેડા તથા યુનાઇટેડ સ્ટેટ્સમાં જઈ કમાવા લાગ્યા છે.

ગામમાં સારું કમાતા સાહસિકોના પ્રતાપે પાકી સડકો ઉપરાંત પાકાં ટકાઉ મકાનોની સુવિધા પણ વધી છે. સામાજિક રિવાજોમાં અનેકવિધ સુધારા-વધારા આવતા રહ્યા છે.

સામાજિક પ્રસંગો તથા અતિથિઓની મુલાકાતો માટે મઢીની ધર્મશાળા પાસે પટેલ-વાડીની સુવિધા કરવામાં આવી છે.

**નામાંકિત વ્યક્તિઓ :**

મલાતજમાં વસેલા સાઠોદરા નાગરોના પૂર્વજ દેવદત્ત લૌગાક્ષ ગોત્રના સામવેદી હતા. એમના પુત્ર જયદેવ, અને પૌત્ર નારણજી (નારાયણ). નારણની ચોથી પેઢીએ મુકુંદજી મહાવજી, મહાદેવજી અને રઘુનાથજી નામે ચાર ભાઈઓ થયા. મુકુંદજીની શાખામાં શ્રી પ્રાણલાલ અને શ્રી અર્જુનલાલ થયા. મહાવજીની શાખાના બે ફાંટા પડ્યા. બચાજીના ફાંટામાં કાળિદાસ થયા, જ્યારે જીવણજીના ફાંટામાં શ્રી ભાઈલાલ, શ્રી ભોળાનાથ અને શ્રી હરિલાલ થયા. મહાદેવજીની શાખા થોડી પેઢીએ લુપ્ત થઈ ગઈ. રઘુનાથજીની શાખામાં શ્રી મણિલાલ, શ્રી ચિમનલાલ અને શ્રી નટવરલાલ થયા.

શ્રી કાળિદાસ સુખરામને ચાર પુત્ર હતા : છોટાલાલ, હીરાલાલ, શંભુલાલ અને વ્રજલાલ એ પૈકી છોટાલાલ અને વ્રજલાલ સમસ્ત ગુજરાતમાં ખ્યાતિ પામ્યા.

છોટાલાલ (ઈ.સ. ૧૮૧૨-૧૮૮૫) પહેલાં તલાટીની નોકરી કરતા હતા. પરંતુ નર્મદાકાંઠે આવેલા પુરુષોત્તમ નામે સિદ્ધયોગીનો સમાગમ થતાં એમના આદેશથી નોકરી તજી પોતાનું જીવન યોગસાધના તથા બ્રહ્મ ઉપાસનામાં તેમજ નવાપાખંડી પંથોના મતોનું ખંડન કરી વેદ તથા વેદાંતમાં દર્શાવેલ મતોનું પ્રતિપાદન કરવામાં ગાળ્યું. છોટાલાલે 'છોટમ' નામ પ્રયોજી સુબોધ પદ્યમાં સેંકડો પદો, કેટલાંક જ્ઞાનકાવ્યો અને વીસેક આખ્યાનો રચ્યાં છે. કવિ છોટમની કૃતિઓ સં. ૧૯૦૬ (ઈ.સ. ૧૮૫૦)થી સં. ૧૯૩૬ (ઈ.સ. ૧૮૮૦)ની મિતિ ધરાવે છે. સંતકવિ છોટમની બોધપ્રદ વાણી સમસ્ત ગુજરાતમાં પ્રસરી. એમની કૃતિઓમાં છોટમની વાણી' ગ્રંથ ૧,૨ અને ૩ સુપ્રસિદ્ધ છે.

શ્રી વ્રજલાલ કાળિદાસ (ઈ.સ. ૧૮૨૫-૧૮૯૨) શાસ્ત્રી અને સાક્ષર તરીકે ખ્યાતિ પામ્યાં. એમણે અનેક સ્થળોએ આવેલી પાઠશાળાઓમાં વિવિધ વિષયોનું અધ્યયન કર્યું. ૧૮૫૯માં તેઓ અમદાવાદમાં 'ધર્મપ્રકાશ' માસિકના તંત્રી થયા. એમણે સંસ્કૃત ઉપરાંત અર્ધમાગધી અપભ્રંશ અને જૂની ગુજરાતી ભાષા તથા સાહિત્યનું અધ્યયન કરી ગુજરાતી ભાષાના ઉદ્ભવ તથા ક્રમિક વિકાસ પર પ્રકાશ પાડી ગુજરાતી ભાષાના આદ્ય ભાષાશાસ્ત્રી તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી. 'ગુજરાતી ભાષાનો ઈતિહાસ' (૧૮૬૬) અને ઉત્સર્ગમાળા' (૧૮૭૦) એમનાં પ્રસિદ્ધ પ્રકાશન છે. આગળ જતાં તેઓ અમદાવાદની ગુ.વ. સોસાયટીના આસિસ્ટન્ટ સેક્રેટરી તથા 'બુદ્ધિપ્રકાશ' માસિકના તંત્રી નિમાયા. વડોદરાના મહારાજાએ એમને 'શાસ્ત્રી' પદવી આપી એમનું બહુમાન કર્યું. ઉત્તરાવસ્થામાં એમણે મલાતજમાં વસી સંસ્કૃત પાઠશાળા શરૂ કરી. ૧૮૮૭માં મઢીમાં વડ નીચે રહેલી રાંસાઈ માતાની અન પ્રતિમતે ૧૮૮૭માં મંદિર બંધાવી એ પ્રતિમાની તથા એમની નવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. ગામ લોકોએ એની શતાબ્દી તથા સપાદ શતાબ્દી ઉજવી છે.

શ્રી વ્રજલાલ શાસ્ત્રીના પુત્ર શ્રી ગંગાશંકર જ્યોતિષ, આયુર્વેદ અને કર્મકાંડમાં નિષ્ણાત હતા. એમના જ્યેષ્ઠ પુત્ર શંકરલાલ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં સંસ્કૃત તથા ગુજરાતીના અધ્યાપક હતા. એમણે 'સાહિત્યને ઓવારેથી' (૧૯૩૮), તથા 'સાહિત્ય દ્રષ્ટાને' નામે વિવેચન-ગ્રંથ તેમજ 'પાનદાની' નામે નવલિકાસંગ્રહ પ્રકાશિત કરી સાહિત્યના સર્જક તથા વિવેચક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી.

વચેટ પુત્ર કનુપ્રસાદ મુંબઈમાં અનેક વર્તમાનપત્રો તથા સામયિકોના સંપાદનમાં પરાયણ રહી પત્રકાર તરીકે ખ્યાતિ પામ્યા.

સહુથી નાના ભાઈ હરિપ્રસાદે અમદાવાદની ગુ.વ. સોસાયટીમાં અનુસ્નાતક અભ્યાસ કરી એમ.એ. અને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. સમય જતાં તેઓ ભો.જે.વિદ્યાભવનમાં વ્યાખ્યાતા, અધ્યાપક અને પ્રાધ્યાપક તરીકે સેવા આપી, પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના માર્ગદર્શક નિમાયા. એમના માર્ગદર્શન નીચે સંસ્કૃતમાં ૯ અને ભારતીય સંસ્કૃતિમાં ૧૩ મળી કુલ ૨૨ જણે યુનિવર્સિટીની પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે.

હરિપ્રસાદ કૉલેજમાં ભણતા ત્યારથી લેખો લખવાનો શોખ ધરાવતા. હવે તેઓ સંશોધનાત્મક ગ્રંથો પણ લખવા લાગ્યા. એમના ગ્રંથોમાં 'મૈત્રકકાલીન ગુજરાત' (૧૯૫૪), 'ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ' (૧૯૬૪) અને 'પ્રાચીન ભારત' (૧૯૭૦) ખાસ ઉલ્લેખનીય છે. વળી એમણે અનેક અપ્રકાશિત કૃતિઓનું સંપાદન કર્યું છે, જેમાં સંતકવિ છોટમની અનેક કૃતિઓનો સમાવેશ થાય છે. વળી એમણે ૬૦ થી વધુ અભિલેખોનું વાચન તથા સંપાદન કર્યું છે. લલિત સાહિત્યની અનેક કૃતિઓ રચી છે. ઈતિહાસ, સંસ્કૃતિ, અભિલેખો, પુરાતત્ત્વ ઈત્યાદિને લગતા સેંકડો લેખ લખી પ્રકાશિત કર્યા છે. એમની વિદ્યોપાસનાની કદરરૂપે એમને અનેક માનપાન પ્રાપ્ત થયાં છે, જેમાં નર્મદ સુવર્ણ ચંદ્રક (૧૯૫૮), રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૬૨), ગૌરવ પુરસ્કાર (૨૦૦૧) અને વાચસ્પતિ પુરસ્કાર (૨૦૦૬) ખાસ નોંધપાત્ર છે. મલાતજના ગ્રામજનોએ ૧૯૬૧માં ચાંદીના કાસ્કેટમાં મુદ્રિત માનપત્ર આપેલું. હાલ જીવનના દસમા દસકામાં ય એમની લેખનપ્રવૃત્તિ ચાલુ છે.

મહાવજીના મોટા પુત્ર જીવણના વંશમાં માણેકલાલ, ભોળાનાથ અને હરિલાલ થયા. માણેકલાલ અકસ્માતે અકાળ અવસાન પામ્યા. એમનાં પત્ની નર્મદા વ્યવહારકુશળ હતાં. ભોળાનાથ રતલામમાં રેલવે ઓફિસર હતા; હરિલાલના મોટાપુત્ર બાપાલાલ અમદાવાદમાં રેલવે ખાતામાં હતા.

મહાવજીના મોટાભાઈ મુકુંદજીની પેઢીમાં જેઠાલાલ અને અરજનલાલ થયા. જેઠાલાલ બહુ ભણ્યા નહોતા, પણ ઘડિયાળ-રીપેરિંગ, હાર્મોનિયમ, મૂંગી સિનેમા, ફોટોગ્રાફી વગેરે નાની હુન્નર કલામાં જાણકારી ધરાવતા. એમના ભાઈ અંબાલાલ ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક હતા ને અમદાવાદના મજૂર મહાજન સંઘના

અગ્રગણ્ય કાર્યકર હતા. એમના મોટા પુત્ર પ્રફુલ્લચંદ્ર અમદાવાદની કૉમર્સ કૉલેજમાં અધ્યાપક હતા ને બીજા પુત્ર સુરેન્દ્ર (સતુભાઈ) એમ.બી.બી.એસ. થઈ મ્યુનિસિપલ તેમજ પોતાની હૉસ્પિટલમાં તબીબી સેવા આપતા. અરજનલાલ આફ્રિકા ગયા ને ત્યાં જ સ્થાયી થયા.

રૂઘનાથજીના વંશમાં મણિલાલ ચિમનલાલ અને નટવરલાલ થયા. મણિલાલ મલાતજની એ.વી. સ્કૂલના વહીવટમાં સક્રિય ભાગ લેતા. ચિમનલાલના પિતા હીરાલાલ મુત્સદ્દી હતા ને બે હાથે ૧૨ આંગળી ધરાવતા ચિમનલાલ ગૂજરાત વિદ્યાપીઠના વાણિજ્ય વિશારદ હતા. એમણે મલાતજમાં પોતાના ખેતરમાં નવતર ફળો તથા શાકભાજીના અવનવા પ્રયોગ કર્યા. એમાંનાં પરવળ આસપાસનાં શહેરોનાં શાક બજારોમાં લોકપ્રિય હતાં. ફળોમાં નારંગી-મોસંબી વગેરે નોંધપાત્ર છે. ખેતરના કૂવામાં મોટર-પંપ મૂકી જરૂરી પાણીનો પુરવઠો ધરાવતા. પરંતુ છેવટે ખોટ જતાં એમને અર્ધી જમીન વેચી દેવી પડી. નટવરલાલ એમને સક્રિય સહાય કરતા. આગળ જતાં ભોળાનાથે નિવૃત્ત થઈ મલાતજમાં પોતાના સેન્ટરમાં અવનવા પ્રયોગ કર્યા ત્યારે નટવરલાલે એમને સાથ આપેલો તેમજ ગામ નજીક આવેલા પોતાના ખેતરમાં પાણીના પુરવઠા માટે કૂવામાં મોટર પંપનો પ્રબંધ કરેલો.

મહાવજીના ચોથા પુત્ર મહાદેવનો વંશ થોડી પેઢીએ લુપ્ત થયો.

મલાતજના પાટીદારોના છોકરાઓ શિક્ષણમાં બહુ પાવરધા નીવડતા નહિ,પરંતુ સાહસિક વૃત્તિ ધરાવી સારું અર્થોપાર્જન કરતા. એમાંના ઘણા આફ્રિકાના કેન્યા, યુગાન્ડા અને ટાંગાનિકામાં જઈ અથાગ ખંતથી અઢળક કમાણી કરતા. એમાં શ્રી દેસાઈભાઈ અને શ્રી ઉમેદભાઈ ખાસ નોંધપાત્ર છે. ગામના કેટલાક પાટીદાર યુવકો ભારતમાં મુંબઈ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં સ્થાયી થતા. એનાં શ્રી પ્રભુદાસ તથા શ્રી છોટાભાઈ ખાસ ઉલ્લેખનીય છે. દેશની સ્વાતંત્ર્ય-લડતોમાં સક્રિય ભાગ લેનાર યુવકોમાં શ્રી શામળદાસ જાણીતા છે. તેઓ બોચાસણની કૉંગ્રેસ શાખાના અગ્રગણ્ય કાર્યકર હતા.

મહીડા ગરાસિયાઓમાં શ્રી વજેસંગજી, શ્રી પ્રભાતસિંહ અને શ્રી જીતસિંહ જાણીતા છે.

બારૈયાઓમાં શ્રી શૈલેશ પરમાર ઉચ્ચ શિક્ષણ ધરાવતા.

**દેવાલયો :**

મલાતજમાં શ્રી બેની પટેલે ઉગમણી ભાગોળે મોટા તળાવના કાંઠે વૈજનાથ મહાદેવનું મંદિર બંધાવ્યું. જૂના મંદિરના અવશેષોમાં શિવલિંગ અને પોઠિયાની પ્રતિમાઓ વર્તમાન મંદિરની બહાર મોજૂદ છે. વર્તમાન શિવાલયમાં નવું શિવલિંગ, પછીતના ગોખલામાં માત્ર પાર્વતીની પ્રતિમા અને નંદીની શિલ્પકૃતિ સ્થાપેલ છે.

નાગર દેવદત્તના પુત્ર જયદેવે મલાતજના ઉત્તર ભાગમાં વાંટામાં જવાના માર્ગ પર નારણદેવનું મંદિર બંધાવ્યું. એમના પુત્રનું નામ પણ 'નારણ' હતું. આ મંદિરમાં આવેલી પ્રાચીન વિષ્ણુ-પ્રતિમા ચતુર્ભુજ છે ને એની બંને બાજુની ઊભી શિલ્પપટ્ટીઓમાં વિષ્ણુના પાંચ-પાંચ અવતારોની પ્રતિમાઓ કંડારેલી છે. આ પ્રતિમા નારણદેવની મનાય છે, પરંતુ પ્રતિમાવિધાનની દૃષ્ટિએ અવલોકતાં એ ખરેખર નારાયણનુ નહિ પણ ત્રિવિક્રમનું સ્વરૂપ ધરાવે છે.

મલાતજની ઉગમણી ભાગોળે આવેલ મઢીમાં પાલડી પાસેના વૃક્ષ નીચે ગામના અનેક પુરાવશેષ સચવાયા છે. મઢીમાં મુખ્ય દેવ રણછોડજીનું મંદિર આવેલું છે, એ આ ગામનું સહુથી લોકપ્રિય દેવાલય છે. એમાં રણછોડજી તરીકે પૂજાતી પ્રતિમા પણ ચતુર્ભુજ વિષ્ણુનું ત્રિવિક્રમ સ્વરૂપ ધરાવે છે. આ મંદિરમાં સવાર-સાંજ ધામધૂમથી પ્રતિમા પૂજા તથા આરતી થાય છે. અગાઉ ત્યાં બદરીનાથ નામે મહંત પુજારી હતા; પછી રામકૃષ્ણ નામે પ્રજ્ઞાચક્ષુ પુજારી હતા, જે ગામના પાટીદાર કુટુંબમાં જન્મેલા. શ્રી રામકૃષ્ણ ઘણા બાહોશ અને મિલનસાર હતા. એ પહેરવેશમાં માત્ર લંગોટી ધારણ કરતા. તેઓ સુખદુ:ખોથી વાકેફ રહેતા. પોતે પ્રજ્ઞાચક્ષુ

હોવા છતાં સમસ્ત મઢીમાં વાવેલ વૃક્ષો તથા છોડોની દેખરેખ રાખી જાણતા. પોતે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં વહેલા પ્રભાતે નિયમિત પૂજા-આરતી કરતા. મઢીમાં આવેલા કૂવામાં કોસથી પાણી કાઢી વાડીમાં પહોંચાડવા માટે તેઓ કેટલાક ઉત્સાહી જનોની મદદ લેતા ને પોતે કૂવાના થાળે ઊભા રહી કોસ ઝીલતા. મઢીના આંગણામાં આ બંને લોકપ્રિય પૂજારીઓની સમાધિઓ આવેલી છે.

રણછોડજીનું મંદિર મઢીમાં પૂર્વ ભાગે આવેલું છે; મઢીનું પ્રવેશદ્વાર પશ્ચિમ દિશામાં છે. એમાં પ્રવેશ કરતાં પહેલાં ચંચાઈ માતાનું મંદિર આવે છે. એની ટોચ શિખરબંધી નહિ, પણ ઘૂમટબંધી છે. ચંચાઈ માતા સમસ્ત ગામની લોકપ્રિય કુળદેવી છે. ભાવિક જનો ઇષ્ટપ્રાપ્તિ માટે એમની બાધા રાખે છે. અહીં આસો તથા ચૈત્રની નવરાત્રીએ હવન થાય છે.

'ચંચાઈ' નામનો ખરો અર્થ સ્પષ્ટ થયો નથી. કેટલાક એને ચામુંડા માને છે, પરંતુ માતાજીના મંદિરમાં પહેલાંની તથા હાલની જે દેવી-પ્રતિમા પ્રતિષ્ઠિત કરાઈ છે તે વસ્તુતઃ મહિષાસુરમર્દિની દેવીનું સ્વરૂપ ધરાવે છે. જૂની પ્રતિમા પાસેના આંગણામાં રખાઈ હતી, તેને તથા તેના જેવી નવી પ્રતિમાને શ્રી વ્રજલાલ શાસ્ત્રીએ ઈ.સ. ૧૮૮૭માં આ મંદિર બંધાવી એમાં પધરાવેલી. ગ્રામજનોએ એની ૧૦૦ વર્ષની તથા ૧૨૫ વર્ષની ઉજવણી કરેલી.

મોટા તળાવમાં અનેક નાનામોટા મગર રહેલા છે. એની દક્ષિણ દીવાલના ઉગમણા છેડે વેરાઈ માતાનું મંદિર આવેલું છે. ગ્રામજનો કુટુંબના દરેક શુભ પ્રસંગે ત્યાં વધામણું કરવા જાય છે. આ પ્રતિમા વારાહી દેવીની હોય એવું અપેક્ષિત છે, પરંતુ અગાઉની ખંડિત પ્રતિમા તથા હાલની નવી પ્રતિમા પણ વસ્તુતઃ મહિષાસુરમર્દિની માતાનું સ્વરૂપ ધરાવે છે.

ગામના દક્ષિણ માર્ગ પર સારસાના કૈવલ્ય સંપ્રદાયનું મંદિર આવેલું છે. ગામના અનેક પાટીદાર ભક્તો ત્યાં દર્શન કરવા આવે છે.

મલાતજમાં સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક ભક્ત આવેલા છે, ખાસ કરીને પાટીદાર જ્ઞાતિમાં, પરંતુ ગામમાં એ સંપ્રદાયનું મંદિર આવેલું નથી.

સટાકથી ભઠ્ઠી તરફ જવાના માર્ગ પર વૈષ્ણવ સંપ્રદાયનું નાનું દેવાલય આવેલું છે.

ગામની આથમણી ભાગોળે વૃક્ષ નીચે શીતળા માતા વગેરેની પ્રતિમાઓ બિરાજે છે.

સટાકની ઉત્તરે વહાણવટી માતા વગેરે દેવ-દેવીઓની દેરીઓ આવેલી છે. ગામની દક્ષિણે આવેલ વણકરવાસમાં પણ કેટલીક દેવદેવીઓની દેરીઓ આવેલી છે.

આ બધી પ્રતિમાઓ આરંભમાં જણાવેલી પ્રતિમાઓ જેટલી પ્રાચીન નથી.



શ્રીરામ રાજ્યાભિષેક કસીદા :
શ્રીરામકે રાજમેં ફિર બહાર આઈ.
શ્રીરામચંદ્ર કૃપાલુ ભજ મન...

# કસીદા બંધારણ

## તરતીબ અને ઉર્દૂ ગુજરાતી તરજુમો

◆

**પ્રો. નિસાર અન્સારી***
**શશિકાંત શુક્લ**

કસીદા : અરબી, ફારસી, ઉર્દૂ તથા તૂર્કી ભાષાઓમાં પ્રચલિત એક લોકપ્રિય કાવ્ય પ્રકાર. એમાં કોઈ વ્યક્તિ અથવા વસ્તુની પ્રશંસા કરવા માટે અરબી શાયરો તેના કબીલાના વીરપુરુષોનું પ્રશસ્તિગાન વાર્ષિકોત્સવ તેમજ યુદ્ધસમયે કસીદા ગાઈને કરતા. આ કાવ્યપ્રકારનો ઉદ્ભવ અરબી ભાષામાં ઘણા પ્રાચીન કાળમાં થયો હતો. ઈ.સ.ની આઠમી સદીમાં ઇસ્લામ ધર્મની સાથે સાથે અરબી ભાષાનો ફેલાવો થવાથી આ કાવ્યપ્રકાર ફારસી (પર્શિયન) અને તુર્કી ભાષાઓમાં પ્રવેશ્યો હતો. ભારતમાં અરબી અને ફારસીના આગમન બાદ હિન્દી-ઉર્દૂમાં પણ તેનું ખેડાણ શરૂ થયું હતું.

કસીદાની રચનાના નિયમો : (ક) કસીદા કાવ્યની પ્રથમ પંક્તિના બન્ને મિસ્રા (કડી) પ્રાસયુક્ત હોય છે અને ત્યારપછીની દરેક પંક્તિના છેલ્લા મિસ્રા એકબીજા સાથે પ્રાસ મેળવે છે. કસીદા કાવ્ય અરબી, ફારસી અને ઉર્દૂના કોઈપણ છંદમાં લખી શકાય છે. તેમાં પંક્તિઓની ઉપર કોઈ મર્યાદા રહેતી નથી. (ખ) કસીદા કાવ્યમાં કુલ પાંચ ભાગ હોય છે : (૧) **મત્લઅ :** એટલે પ્રથમ પંક્તિ. આમાં કોઈ નવીન વાત એવી રીતે રજૂ કરવામાં આવે છે કે વાચક કાવ્ય તરફ આકર્ષાય છે. (૨) **તશબીબ :** આ ભાગમાં કવિ પોતાના કાવ્યની પ્રસ્તાવના બાંધે છે. તેમાં યુવાની, જુદી જુદી ઋતુઓ, સ્ત્રી સૌંદર્ય વગેરેનું વિગતવાર વર્ણન સુરુચિપૂર્ણ કરવામાં આવે છે. કસીદાના આ ભાગમાંથી ગઝલ (ઉદાત્ત શૈલી અને સૂરવાળું ગેય કાવ્ય) કાવ્યપ્રકારની ઉત્પત્તિ થઈ હોવાનુ માનવામાં આવે છે. આ વિભાગને નસીબ પણ કહેવામાં આવે છે. (૩) **ગુરેઝ :** કવિ કસીદાના તશબીબ વિભાગને જ્યારે વળાંક આપે છે અને તેને આગળના વિભાગ સાથે જોડે છે ત્યારે વચ્ચેની કડીસમાન પંક્તિ અથવા પંક્તિઓને ગુરેઝ કહેવામાં આવે છે. આ કસીદાનો સૌથી મુશ્કેલ ભાગ હોય છે. આથી જ તેને કસીદાનો આત્મા કહેવામાં આવે છે. અરબીમાં આ વિભાગને મુખ્લિસ કહેવામાં આવે છે. (૪) **મદહ :** એટલે પ્રશંસા. આ વિભાગમાં કવિ પસંદ કરેલ વ્યક્તિ અથવા વિષયની પ્રશંસા કરે છે. (૫) **મક્તઅ :** છેલ્લી પંક્તિ અથવા દુઆ. આમાં કવિ પ્રશંસિત વ્યક્તિના કલ્યાણ માટે શુભેચ્છા પ્રગટ કરે છે.

પ્રાચીન કાળમાં કવિઓ કસીદાઓ લખીને રાજાઓ, અમીર-ઉમરાવો વગેરેની પ્રશંસા દ્વારા તેમને લોકપ્રિય બનાવવામાં મદદ કરતા હતા. એ રીતે કવિઓ પોતાની આજીવિકા મેળવતા હતા. કસીદા કાવ્યમાં અતિશયોક્તિ અને અલંકારોનો છૂટથી ઉપયોગ થતો હતો અને કવિને પોતાના વિચારો વ્યક્ત કરવાની પૂરી સ્વતંત્રતા રહેતી હતી. તેનાથી ભાષાનો વિકાસ થવા ઉપરાંત શબ્દભંડોળમાં વૃદ્ધિ થતી. તેમાં મહત્ત્વના પ્રસંગો પણ રજૂ કરવામાં આવતા. તેથી તેનું ઐતિહાસિક મહત્ત્વ પણ છતું થયું છે.

---

* ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

કસીદા પ્રશંસા ઉપરાંત શોક અને નિંદા માટે પણ પ્રયોજાય છે. શોકાત્મક કસીદાને મર્સિયા અને નિંદાત્મક કસીદાને હિજૂવિયા કહે છે. અત્રે બે ઉર્દૂ કસીદામાંથી ઉર્દૂ ગુજરાતી પ્રશસ્તિ ગીતો દૃષ્ટાંત તરીકે રજૂ કર્યાં છે. જે શ્રીરામરાજ્યાભિષેક, પૂ. ગાંધીજી અને આપણાં કુટુંબના લગ્ન પ્રસંગે લખવા માટે નવસર્જકને પ્રેરણાદાયી બનશે.

આ સિવાય અરબી, ફારસી અને ઉર્દૂમાં ખુદા માટે જે પ્રશસ્તિ ગાનની રચના કરાય છે તેને 'હમ્દ' અને મહંમદ પયગંબર સાહેબ માટેના પ્રશસ્તિકાવ્યને 'નાત' કહેવૌમાં આવે છે.

મહારાજા શિવાજી (સયાજી) રાવ ગાયકવાડની ડાયમંડ જ્યુબિલી (સને ૧૯૩૬) પ્રસંગે રચાયેલ.

**કસીદા : ૧ : અસર સાલેરી, બડોદવી.**

ફીર બહાર આઈ હુએ દૂર ગમ વ[૧] રંજ વ મહન,[૨]
રશકે[૩] ફીરદોસે[૪] બરીં બન ગયા સહને ગુલશન[૫].
ગુંચે[૬] ગુંચે સે યે કહે દો કી બરાતી બન જાયે,
હો મુબારક[૭] કે બહાર આઈ હે બનકર દુલ્હન.
જીસ કો દેખો વો ચમન મેં હે શગુફતા[૮] ખનદાં,[૯]
ભુલકર યાદ ભી કરતા નહીં કોઈ શેવન.[૧૦]
દેખકર અબ્રે સીયાહ[૧૧] વજદ[૧૨] મેં પૈમાના[૧૩] હૈ,
મોહતસિબ[૧૪] કા ભી ન હો જાયે કહીં નશ્શા હરન[૧૫].
મહવે હૈરત[૧૬] મૈં હુઆ દેખ કે ગુલશન કી બહાર,
દીલ શગુફતા થા ચકાચુન્દ[૧૭] મેં અક્કલે રોશન[૧૮].
ઈસી આલમ મેં ખડા થા મેં તમાશા બનકર,
આયા અટખેલીયાં[૧૯] કરતા હુઆ એક રશ્કે ચમન.
શમા રૂ રશ્કે કમર ઝોહરાજબીં[૨૦] માહજબીં[૨૧],
ગુલ રૂખ[૨૨] વ સીમતન[૨૩] વ સર્વ કદ[૨૪] વ ગુંચે દહન.
જબ નઝર મુઝ પે પડી નાઝ[૨૫] સે હંસ કર બોલા,
આજ ક્યું તુઝ પે ઉદાસી હૈ યેહ કૈસી ઉલઝન.[૨૬]
જબ કી ખુશ હો કે દિખાતે હૈં બડોદાવાલે[૨૭],
અપને આકા એ[૨૮] જવાંબખ્ત[૨૯] કી જુબિલી કી ફબન[૩૦].
નામ જીસકા હૈ મહારાજા શિવાજી રાવ,
રાહતે ખલ્ક[૩૧] કા જૂયા[૩૨] હૈ અમાં[૩૩] કા મસફન[૩૪].
શૌક્ત વ હશમત[૩૫] વ ઈકબાલ[૩૬] હૈં જીસ કે દબાઁ[૩૭],
મમ્બાએ[૩૮] જૂદ વ સખા[૩૯] લુત્ફ[૪૦] વ કરમ કા મખઝન.[૪૧]
દુશ્મને જેહલ[૪૨] વ તઅસ્સુબ[૪૩] હૈ રિઆયા પરવર[૪૪],
હિન્દ મેં પહેલા અછૂતોં કા વોહ મલજા[૪૫] મામન[૪૬].
વોહ જો મુસ્લિમ કા મુઆવિન[૪૭] હૈ તો હિન્દુ કા મુબીન[૪૮],
જીસ કી હૈબત[૪૯] સે લરઝતે[૫૦] હૈં શરીર વ રહઝન.[૫૧]
હૈ માસાવાત[૫૨] કા હામી તો પનાહ આઈન[૫૩],
જૂઠી રસ્મોં[૫૪] કો બદલ દે જો હૌ પૈદા ઉલઝન.
મસદરે બખ્તે જવાં[૫૫] ઝુબ્દાએ[૫૬] ઈલ્મ[૫૭] વ હુનર,

ફખરે[૫૮] અખલા[૫૯] કે નિકૂ[૬૦], ફખરે ઝમી[૬૧] ફખરે ઝમન[૬૨].
ઈલ્મ કે શૌકને અઝ બસ કી સખી[૬૩] ઉસકો કિયા,
શાહિદે[૬૪] અદલ[૬૫] હૈં કાલેજ હો યા હો મક્તબેફન[૬૬].
તબએ રોશન[૬૭] સે મિટી[૬૮] ઝુલસતે આલમ[૬૯] યકસર[૭૦],
મિશઅલે[૭૧] ઈલ્મ સે હર ખાનાએ[૭૨] દિલ હૈ રોશન.
ડાયમંડ જૂબિલીને આજ ઐ એ દિખાયે એજાઝ[૭૩],
ચૂસલે[૭૪] હીર-કની[૭૫] તૈશમેં[૭૬] આકર દુશમન[૭૭]
મહેરબાં તૂ તો રિયા ભી હૈ તુઝ પર કુબોં,
હર કદમ પે વોહ તેરે વારતી હૈ[૭૮] તન મન ધન.
ઈફ્ફત[૭૯] વ શર્મ કી દેવી હૈ મહારાની ભી,
નુઝહતે તબ્આ[૮૦] જહાં કરતી હૈ આકર પૂજન.
સિન્ફે નાઝુક[૮૧] કી તરક્કી મેં હૈ હર દમ કોશાં,[૮૨]
બારે એહસાં[૮૩] સે ઝુકી જાતી હૈ સબ કી ગર્દન.
જીસકે પ્રતાપ કી પ્રતાપી કા પરતવ[૮૪] જો પળે,
તો ચમક ઉઠે સિયાહબખ્ત[૮૫] ભી મિસ્લે[૮૬] દર્પન.
એક હૈ શાહિદે મહ[૮૭] દૂસરા રશ્કે ખુર્શીદ,[૮૮]
એક હૈ રૂહે રવાં[૮૯] દૂસરા અકલે રોશન.
અય અસર[૯૦] તાબકુજા[૯૧] તૂલે સુખન[૯૨] રોક કલમ,
નુકતઃચીની[૯૩] ન કરેં વોહ જો નહીં સાહિબે ફન[૯૪].
મદહે[૯૫] મમ્દૂહ[૯૬] કોઈ ખેલ સમઝ રખ્ખા હૈ,
દસ્તે પાયા હૈં[૯૭] યહાં અહલે હુનર અહલે સુખન.
યહી મૌકા હૈ દુઆવોં કા ઉઠા હાથ શિતાબ[૯૮],
દર્ગહે ઈઝદે બારી[૯૯] મેં ઝુકા દે ગર્દન
જબ તલક સહને ગુલિસ્તાંમેં[૧૦૦] બહારેં આયેં,
ઔર દુન્યામેં બરસ્તા રહે જબ તક સાવન.
મહ વ ખુર્શીદ કે જલ્લવે રહેં કાયમ જબ તક,
નામ આકા કા ચમકતા રહે માનિન્દે કિરન[૧૦૧].
ધીર વ[૧૦૨] ધરતી પે ચમકતા રહે મિસ્લે ખુર્શીદ,
ઔર પ્રતાપ ભી દુન્યા મેં હો પરતવ અફગન[૧૦૩].
ઔર મહારાની સુહાગન રહેં દુન્યા મેં મુદામ[૧૦૪],
માહ હૈ પરતવે ખુર્શીદે સે જબ તક રોશન.
સને છત્તીસ[૧૦૫] કો દુન્યા નહીં ભૂલેગી અસર,
ડાયમંડ જુબિલી મનાતા હે શહેન્શાહે ઝમન.

**કસીદા : ૧ ના ઉર્દૂના અઘરા શબ્દોનો ગુજરાતી અર્થ :**

| ક્રમ નં. | ગુજરાતી અર્થ |
|---|---|
| ૧. | વ = અને |
| ૨. | મહન = કષ્ટ |

૩. રશક = ઈર્ષા
૪. ફીરદોસે બરી = સ્વર્ગ
૫. સહને ગુલશન = બગીચાનું મેદાન.
૬. ગુન્ચે ગુન્ચે = કળી કળી
૭. મુબારક = શુકનવંત, આબાદ
૮. શગુફતા = ખીલેલું
૯. ખનદાં = હસતું; હસતાં.
૧૦. શેવન = રૂદન; આંસુ.
૧૧. અબ્રે સીયાહ = કાળાં વાદળો
૧૨. વજદ = મસ્તીમાં આવવું; નાચવું.
૧૩. પૈમાના = જામ
૧૪. મોહતસિબ = હિસાબનીશ.
૧૫. નશ્શા હરન = નશો ઉતરી જવો
૧૬. મહવે હેરત = આશ્ચર્યચકિત
૧૭. ચકાચુન્દ = ઝાકઝમાળ; રેલમછેલ.
૧૮. અક્કલે રોશન = બુદ્ધિનો ચમકારો; બુદ્ધિનો પ્રકાશ.
૧૯. અટખેલીયા = રમત.
૨૦. ઝોહરાજબીં = શુક્રના ગ્રહ જેવું ચળકતું કપાળ (ચળકતો ચહેરો).
૨૧. માહજબીં = ચંદ્ર જેવું કપાળ; ચંદ્ર જેવો ચળકતો ચેહરો.
૨૨. ગુલ રૂખ = ફૂલ જેવો સુંદર ચહેરો.
૨૩. સીમ તન = સુંદર શરીર; ચાંદી જેવું ચમકીલું તન.
૨૪. સર્વ કદ = શરુનાં વૃક્ષ જેવું કદ.
૨૫. નાઝ સે = ગર્વથી.
૨૬. ઉલઝન = મુશ્કેલ; ગુંચવણ
૨૭. બડોદાવાલે = વડોદરાના રહેવાસી.
૨૮. આકા = માલિક
૨૯. જવાંબખ્ત = નસીબદાર
૩૦. ફબન = દેખાવ.
૩૧. રાહતે ખલ્ક = પ્રજાને રાહત
૩૨. જૂયા = શોધનાર
૩૩. અમાં = શાંતિ
૩૪. મસકન = સુખચેનની જગ્યા; રાહત મળે તેવી જગ્યા.
૩૫. શૌકત વ હશમત = જાહોજલાલી.
૩૬. ઈકબાલ = નસીબ
૩૭. દર્બાં = ચોકીદાર
૩૮. મમ્બા = ઉદ્દ્ભવ સ્થાન

૩૯. જૂદ વ સખા = દાનવીરતા; દાનેશ્વરી
૪૦. લુત્ફ = આનંદ
૪૧. મખઝન = ખજાનો
૪૨. જેહલ = અજ્ઞાનતા
૪૩. તઅસ્સુબ = કોમવાદ
૪૪. રિઆયા પરવર = રૈયતને પોષનાર; પ્રજાને પાળનાર
૪૫. મલજા = આશ્રય આપનાર; હિમાયતી
૪૬. મામન = માન આપનાર; આશ્રિત.
૪૭. મુઆવિન = મદદ કરનાર; મદદકર્તા
૪૮. મુબીન = સાથ આપનારા; રક્ષક.
૪૯. હૈબત = ડર
૫૦. લરઝતે = ધ્રૂજતાં, થરથરતાં.
૫૧. રહઝન = લૂંટારા
૫૨. માસાવાત = બરાબરી; સમાનતા.
૫૩. આઈન = બંધારણ
૫૪. રસ્મ = રિવાજ
૫૫. મસદરે બખ્શે જવાં = જ્યાંથી નસીબ ખુલતું હોય તે ઉદ્‌ભવ સ્થાન
૫૬. ઝુબ્દાએ = શિરોમણિ; સરતાજ
૫૭. ઈલ્મ = ઇલમ - જ્ઞાન, કલાકારીગરી
૫૮. ફખ્ર = ગર્વ
૫૯. અખલાક = ચારિત્ર; વ્યવહાર. અખલા કે નિફ - સારો સુંદર વ્યવહાર.
૬૦. નિફ = સારો
૬૧. ઝમી = ધરતી
૬૨. ઝમન = સમય
૬૩. ઇલ્મ કે શૌકને અઝ બસ કી સખી - તેમને જ્ઞાન આપવાનો શોખ હતો તેથી તેઓ દાનવીર બન્યા. દા.ત. પ્રથમ સ્ત્રી શિક્ષણના હિમાયતી
૬૪. શાહિદ = સાક્ષી
૬૫. અદલ = ન્યાય
૬૬. મક્તબેફન = નિશાળ; જ્ઞાન આપતી શાળા.
૬૭. તબએ રોશન = સરળ સુંદર સ્વભાવ.
૬૮. મિટી = નાશ પામવું.
૬૯. ઝુલમતે આલમ = દુનિયાનો અંધકાર
૭૦. યકસર = સંપૂર્ણ

૭૧. મિશઅલ = મશાલ
૭૨. ખાના = ઘર
૭૩. એજાઝ = ચમત્કાર
૭૪. ચૂસલે = ચૂસવું
૭૫. હીર-કની = હીરાકણી
૭૬. તૈશ મેં = આવેશમાં; ગુસ્સામાં
૭૭. આકર દુશમન = આવીને દુશ્મન
૭૮. વારતી હૈ = ન્યોછાવર કરે છે
૭૯. ઈફ્ફત = અસ્મિતા
૮૦. નુઝહતે તબ્આ = ઉમદા સ્વભાવ
૮૧. સિન્ફે નાઝુક = સ્ત્રી જાતિ માટે પ્રગતિ
૮૨. કોશાં = પ્રયત્નશીલ
૮૩. બારે એહસાં = ઉપકારનો બોજ
૮૪. પરતવ = પડછાયો
૮૫. સિયાહબખ્ત = બદનસીબ
૮૬. મિસ્લ = ની જેમ
૮૭. મહ = ચંદ્ર
૮૮. ખુર્શીદ = સૂર્ય
૮૯. રૂહે રવાં = મુખ્ય માણસ
૯૦. અય અસર = એ ભાઈ; શાયરનું ઉપનામ
૯૧. તાબકુજા = ક્યાં સુધી
૯૨. તુલે સુખન = વાતને લંબાવવી
૯૩. નુકતઃચીની = નુકતેચીની
૯૪. સાહિબે ફન = સર્વવિદિત; જાણકાર
૯૫. મદહ = પ્રશસ્તિ
૯૬. મમ્દૂહ = જેની પ્રશસ્તિ કરવામાં આવે તે
૯૭. દસ્તે પાયા = હસ્ત ઉદ્યોગ; અદબ વાળવી
૯૮. શિતાબ = તરત જ; જલદી
૯૯. દર્ગહે ઇઝદે બારી = ઈશ્વરના દરબારમાં
૧૦૦. સહને ગુલિસ્તાં મેં = બગીચાનું મેદાન
૧૦૧. માનિન્દે કિરન = કિરણની જેમ
૧૦૨. ધીર = ધૈર્યવાન; ધીરજવાન
૧૦૩. પરતવ અફગન = પડછાયો પડતો રહે ત્યાં સુધી.

૧૦૪. મુદામ = હંમેશા; હંમેશ

૧૦૫. સને છત્તીસ = સન ૧૯૩૬

ડભોઈના કાનૂગો જનાબ રૂપનારાયણના ભાઈ પ્રેમનારાયણની શાદી પ્રસંગે 'અસર' સાલેરી, બડોદવીએ તા. ૧૬ મે, ૧૯૪૨ને રોજ લખેલ.

## કસીદા - ૨

ફિર બહાર આઈ હુયે દૂર ગમ વ[૧] રંજ વ મહન[૨],
લો મુબારક[૩] હો કિ ફિર આ ગયા જગમેં ફાગન.

રંગ રેલિયાં[૪] મનાને લગે ગુલશન[૫] વાલે,
હો ગયા ફિર સે ગુલાબી કિસી ઘર કા આંગન.

જૈસે આકાશ સે હોને લગી યકસર[૬] બરસાત,
ફેંકે ધરતી પે 'રવિ દેવ'ને રંગીન કિરન.

મુઝકો હરૈતથી કિ બે વક્ત[૭] કા ફાગુન કૈસા,
આઈ આવાઝ ભલા યેહ ભી હૈ કોઈ ઉલઝન.[૮]

ગુન્ચે[૯] ગુન્ચે સે યેહ કહે દો કી બરાતી બન જાએ,
આજ હૈ રૂપ કે ઘર પ્રેમ કી શાદી કા જશન.[૧૦]

પ્રેમ ઔર રૂપ કા ઘર કૈસી અનોખી બાતેં,
રૂપ ઔર પ્રેમ કે બંધન મેં યહ કૈસા બંધન.

રૂપ અગર પ્રેમ કો મિલ જાયે તો ઇશ્વર મિલ જાયે,
પ્રેમ ઔર રૂપ મિલેં જીસકોં વહી 'સુખનંદન'.

ઐસે સંગમ કી જગહ આજ ખુશી કા દિન હૈ,
ફિર ભલા કર્યું હો ઉદાસી તુઝે કૈસી ઉલઝન.

પ્રેમ કો આજ કિશનગઢ સે મિલા એક મોતી,
જૈસે પરવાને[૧૧] કો મિલ જાયે ચિરાગે[૧૨] રોશન.

યૂં તો સરદાર[૧૩] હસીનાને જહાં મેં સરદાર[૧૪],
પ્રેમ કે રૂપ મેં બે મિસ્લ[૧૫] હુવા દુર્રે[૧૬] કિશન.(કિશનગઢ)

કોઈ સરદાર કુમારી કી કરે ક્યા તારીફ[૧૭],
હાથ કંગન કો ભલા કૈસે દિખાયે દર્પન.

પ્રેમ કે સામને સરદાર ભી ઝુક જાતે હૈ,
ઔર કર દેતે હે મેવાડ કે મોતી અર્પન.

મઈ કી હૈ બયાલીસ[૧૮] કી સન ઐશ કા દિન,
ફિર દુઆ કે લિયે ઝુક જાયે 'અસર' કી ગર્દન.

નશ્શા-એ પ્રેમ સે ઉંચા રહે સરદાર કા સર,
હુસ્ને[૧૯] સરદાર સે દિલ પ્રેમ કા કાયમ રોશન.

રૂપ સે[૨૦] દોનો કે જીવન કા અંધેરા ભાગે,
ઔર આશિષ કે લિયે સાથ રહે 'સુખનંદન'.[૨૧]

## કસીદા : ૨ ના ઉર્દૂના અઘરા શબ્દોનો ગુજરાતી અર્થ :

**ક્રમ નં.** **ગુજરાતી અર્થ**

૧. વ = અને
૨. મહન = કષ્ટ
૩. મુબારક = શુકનવંત; આબાદ
૪. રંગરેલિયા = આનંદ
૫. ગુલશન = બગીચો
૬. યકસર = સંપૂર્ણ
૭. બે વક્ત = કવખતે
૮. ઉલઝન = ગૂંચવણ
૯. ગુન્ચે ગુન્ચે = કળી કળી
૧૦. જશન = ઉત્સવ
૧૧. પરવાના = પતંગિયું
૧૨. ચિરાગ = દીવો
૧૩. સરદાર = કન્યાનું નામ
૧૪. સરદાર = સુંદર સ્ત્રીઓમાં મુખ્ય (વિશેષણ)
૧૫. બે મિસ્લ = અજોડ
૧૬. દુર્રે = મોતી
૧૭. તારીફ = વખાણ
૧૮. મઈ કી હૈ બયાલીસ = મે, સન ૧૯૪૨
૧૯. હુસ્ન = સૌંદર્ય
૨૦. રૂપ = રૂપનારાયણ-ભાઈ (કાનૂગો)
૨૧. સુખનંદન = કવિમિત્રનું ઉપનામ.

## ખુદા માટેનું ઉર્દૂ-ગુજરાતી પ્રશસ્તિ ગાન : 'હમ્દ' - ૩

અય સારી દુન્યા કે માલિક
રાજા ઔર પરજા કે માલિક
જોત હૈ તેરી જલ ઔર થલ મેં
બાસ હૈ તેરી ફૂલ ઔર ફલ મેં
ખાક સે તૂને બીજ ઉગાયે

* * *

ફિર પૌદે પરવાન (ઉછેરવું) ચઢાયે.
હિલતે હૈં પત્તે તેરે હિલાયે
ખિલતી હૈં કલિયા તેરે ખિલાયે.
બે આસોં કી આસ તુહી હૈ
જાગતે સોતે પાસ તુહી હૈ.

ઉર્દૂ શાયર : મૌલાના હાલિ. ઉર્દૂવાચન માળા, ધોરણ ૨ પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

## સંદર્ભ


૧. 'કસીદા', ગુજરાતી વિશ્વકોશ : પાના નં. ૨૬૬-૨૬૭, એમ. એ. અબ્બાસી
૨. 'કસીદો', ગુજ. સાહિત્ય કોશ, ખંડ ૩. પાના નં. ૮૯, ચંદ્રકાન્ત ટોપીવાળા

# પરદુઃખ ભંજક આચાર્ય બુદ્ધિસાગરજી

◆

**નવીનચંદ્ર ગીરધરલાલ પારેખ**

**ડાહ્યાભાઈ બી. પટેલ**

લગભગ એક સદી પૂર્વે વિજાપુર તાલુકાના સાબરમતી તટે આવેલા ખડાત ગામના કોટ્યર્ક મંદિરમાં આચાર્ય બુદ્ધિસાગરજીની સાધના દ્વારા વીર ઘંટાકર્ણના પ્રગટ થવાનો અને ત્યારબાદ તે જ આકૃતિની આરસની પ્રતિમા બનાવીને થોડેક દૂર આવેલા મહુડી ગામમાં તેની પ્રાણપ્રતિષ્ઠા કરી તે જગપ્રસિદ્ધ પ્રસંગ સહુની જાણકારીમાં છે. આ પ્રસંગના ઉદ્ભવની પશ્ચાદભૂમિકા, તેમજ આવી કઠિન સાધના કરવા માટેનાં મૂળ કારણો માટે કોઈ સંશોધન કે આલેખન થયાનું જણાતું નથી.



પરદુઃખભંજક આચાર્ય બુદ્ધિસાગરજી

વિજાપુર તાલુકાનો સાબરમતી તટે આવેલો સમગ્ર વિસ્તાર વીસમી સદીના પ્રારંભે અત્યંત વિષમ દુર્દશાનો ભોગ બનેલો હતો. ભીલ, આદિવાસી, ઠાકોરો, કોળી અને અન્ય પછાત વર્ગોની બહોળી વસતીને લીધે શિક્ષણ અને કેળવણી શૂન્યવત્ હતાં. ત્યારે ભૂત, પ્રેત, વળગાડ જેવી માન્યતાઓ આ પ્રદેશમાં મોટા પ્રમાણમાં પ્રવર્તતી હતી. બીજું, પ્રજાની કરવેરા નહીં ભરવાની મક્કમતાને કારણે ગાયકવાડ સરકારે પિલવાઈ ગામને ઘેરો ઘાલીને તોપમારાથી આખું ગામ નષ્ટ કર્યું હતું. આ બનાવને લીધે પિલવાઈના મૃતદેહો સમગ્ર વિસ્તારમાં ભૂત-પ્રેત થઈ આ વિસ્તારને રંજાડે છે તેવો ફફડાટ સર્વત્ર ફેલાયેલો હતો. લૂંટફાટ કરી પ્રજાને રંજાડનારાઓ માટે સાબરમતીના અભેદ્ય કોતરો મોટું આશ્રયસ્થાન હતું. ઉપરાંત તાવ, રોગ કે બિમારી માટે આ વિસ્તારની ગરીબ અને અભણ પ્રજા ભૂવા, દોરા-ધાગા અને ધતિંગ કરવાવાળાઓની પકડમાં જકડાયેલી હતી. સમગ્ર વિજાપુર પંથકમાં એક માત્ર બુદ્ધિસાગરજી એવી વ્યક્તિ હતી કે જેમણે આ પ્રદેશની જનતાને ભયમુક્ત, અંધશ્રદ્ધાથી વિમુખ, ભૂતપ્રેતના વળગાડની માન્યતાઓની મુક્ત કરવાનો ભેખ ધારણ કર્યો હતો.

બુદ્ધિસાગરજી અવારનવાર કોટ્યર્ક મંદિરના કૂવાના ભોંયરામાં એકાંતમાં ચિંતન, સાધના તેમજ પુસ્તકો લખવા લાંબા સમય સુધી બેસતા. મંદિરના મુખ્ય પૂજારી નટવરલાલ પંડ્યા તેમના મિત્ર હતા. એક વાર રાજસ્થાનથી આવેલા બ્રાહ્મણને પોતાની દીકરીના લગ્ન માટે પૈસાની જરૂર હોવાથી તે કોટ્યર્ક મંદિરે





**બૌદ્ધધર્મવાળી પુસ્તિકાના પાનાં જેના લખાણ માટે જુઓ આજ લેખની ફૂટનોટ-ઘંટાકર્ણ વીરનો મંત્ર**



**કોટયર્કના ભોંયરામાં જવાનો માર્ગ**

આવ્યો. તે સમયે બુદ્ધિસાગરજીએ આસપાસના શ્રાવકો દ્વારા નાણાંની વ્યવસ્થા કરીને પેલા બ્રાહ્મણને પૈસા આપીને વિદાય કર્યો. કાંઈક એવું બન્યું કે બીજા વર્ષે આ બ્રાહ્મણ ફરી આવ્યો અને પોતે બ્રાહ્મણ થઈને સાધુ સંત પાસેથી દાન લઈને દીકરીનું લગ્ન કર્યા બદલ તેણે પસ્તાવો જાહેર કર્યો. તેમજ બદલામાં બુદ્ધિસાગરજીને કંઈક અર્પણ કરીને તેમના ઋણમાંથી મુક્ત થવા માંગતો હતો. સેવક નટવરલાલે પૂછપરછ કરતાં તેણે એક નાની પુસ્તિકા બતાવી અને બુદ્ધિસાગરજીને કહ્યું કે પુસ્તિકામાં બતાવેલી રીત પ્રમાણે જો દિવસો સુધી અખંડ સાધના કરશો તો એક દેદીપ્યમાન દેવ પ્રગટ થશે અને આ વિસ્તારની પ્રજાને ભૂત-પ્રેત અને બિમારીથી મુક્તિ મળશે અને લોકો સુખ શાંતિ અનુભવી નીડર બનશે. યોગીરાજ બુદ્ધિસાગરજીએ બ્રાહ્મણનો પ્રસ્તાવ અને સાધના દરમ્યાન કરવાની વિધિના નિયમોનો સ્વીકાર કર્યો. વિધિ શરૂ થઈ અને કેટલાક દિવસો બાદ બુદ્ધિસાગરજીની નજર સમક્ષ સામેની ભીંત ઉપર વીર ઘંટાકર્ણ પ્રગટ થયા. તાત્કાલિક સુખડી પ્રસાદ ધરાવવામાં આવ્યો તે સાથે જ સુખડીનો પ્રસાદ અને ઘંટાકર્ણની આકૃતિ અદશ્ય થયા. આચાર્યશ્રીએ તે આકૃતિનું ચિત્ર દોરાવી અને કેવળ બાર દિવસના ટૂંકા સમયમાં ઘંટાકર્ણનું આરસનું શિલ્પ તૈયાર કરાવી બાજુના મહુડી ગામમાં તેની પ્રાણપ્રતિષ્ઠા કરી.

પેલો બ્રાહ્મણ તો ચાલ્યો ગયો પરંતુ મંત્ર જાપ કરવાની પુસ્તિકા સેવક નટવરલાલને સોંપી ગયો. શ્રી કોટ્યર્ક તીર્થ વિષેનું પુસ્તક તૈયાર કરવા માટે મંદિરના સેવકોના વારસોને મળીને મંદિર વિષેની ઐતિહાસિક વિગતો એકત્ર કરવાનું આવશ્યક હતું. તેથી સેવક નટવરલાલના પૌત્રને મળવા અમે વડોદરા ગયા. મંદિર વિષેની ઘણી સામગ્રી એકઠી કરી તે દરમ્યાન દાદા નટવરલાલે સાચવી રાખવા આપેલી પેલી ઘંટાકર્ણના પ્રાગટ્યવાળી નાની હસ્તલિખિત પુસ્તિકા અમોને બતાવી. આ પુસ્તિકાનાં કેટલાંક પાનાઓના ફોટોગ્રાફ્સ અમે લીધા, જેમાંથી થોડાંક શ્રી કોટ્યર્ક તીર્થના પુસ્તકમાં પ્રસિદ્ધ થયા. ૧. ત્યારબાદ જ્યારે ઈ.સ. ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન ગુજરાતના સૂર્યમંદિરો અને સૂર્યપૂજા વિષયે અમે સંશોધન કરી રહ્યા હતા ત્યારે ફાર્બસની રાસમાળામાં (ગુજરાતી) / કવિ દલપતરામ ડાહ્યાભાઈનો ભૂતપ્રેત વિષેનો ઈનામી નિબંધ અમારા જોવામાં આવ્યો. આ ઈનામી નિબંધ ઈ.સ. ૧૮૩૪માં કવિ દલપતરામે લખ્યો હતો. ૨. તેમાં વીર ઘંટાકર્ણની સાધના અને તેને પ્રગટ કરવાની પ્રક્રિયાનું સવિસ્તર લખાણ હતું. (જુઓ ફૂટનોટનું લખાણ ઘંટાકર્ણ વીરના મંત્ર અંગે જે ઍલેક્ઝાંડર કિનલૉક ફૉર્બ્સ કૃત રાસમાલા ભાગ ૨, દ્વિતીય આવૃત્તિ, ૧૯૨૨ના પૃ. નં. ૩૮૩ ઉપર પ્રગટ થયેલ છે). પહેલા પાને મંત્રો વિ. નું લખાણ પેલા બ્રાહ્મણે બુદ્ધિસાગરજીને આપેલી પુસ્તિકા જેવું જ બરાબર હતું. ઘણું જ આશ્ચર્ય ઉપજાવે તેવી વાત છે કે આ સમગ્ર પ્રક્રિયા બૌદ્ધ ધર્મની છે જેનો સ્પષ્ટ ઉલ્લેખ દલપતરામે આ નિબંધમાં કર્યો છે. આચાર્ય બુદ્ધિસાગરજી તો જૈન ધર્મના પ્રકાંડ પંડિત અને ચુસ્ત અનુયાયી હતા છતાં કોઈપણ પ્રકારની ચર્ચા કે વાદ વિવાદ કર્યા વિના પેલા બ્રાહ્મણનો પ્રસ્તાવ સ્વીકારીને આ બૌદ્ધ મંત્રોનો જાપ કરવા બેઠા, તેમાં તેમની પરદુઃખ ભંજન માટેની તત્પરતા જણાય છે. કેવળ અહિંસાના આચરણ ઉપર ઉદ્ભવેલા જૈન અને બૌદ્ધ પંથો સદીઓથી એકબીજા પ્રત્યે કટુતા અને વૈમનસ્ય રાખી રહ્યા છે છતાં આચાર્ય બુદ્ધિસાગરજીની વીર ઘંટાકર્ણની ઉપાસના અને તેના મંદિરનું નિર્માણ તેમની માનવકલ્યાણનાં કાર્યો કરવાની ધગશ માટે ઉમદા ઉદાહરણ આપે છે. દલપતરામના ઘંટાકર્ણને પ્રગટ કરવાની વિદ્યા બૌદ્ધ ધર્મ આધારિત હોવાના લખાણ વિશે થોડો સંશય ઉદ્ભવતા અમે નવીનચંદ્ર આચાર્ય સંપાદિત 'બૌદ્ધ મૂર્તિ વિધાન' પુસ્તક તપાસી જોયું. તેમાં દૈવી બોધિસત્ત્વોના વિભાગમાં છઠ્ઠા બોધિસત્ત્વ વિષે ઘંટાપાણિ શબ્દ પ્રયોગ કરેલો છે અને તેમાં 'બૌદ્ધ સંપ્રદાયના તાંત્રિક માર્ગમાં તેનું વિશેષ મહત્ત્વ છે અને તેની જાહેરમાં પૂજા થતી ન હોવાથી તેની પ્રતિમા જવલ્લે જ જોવા મળે છે. ' વિ. લખ્યું છે. ઘણા જૈન મુનિઓ અને શ્રાવકો દ્વારા અમે જાણ્યું કે ઘંટાકર્ણનો ઉલ્લેખ જૈન ગ્રંથોમાં નથી. કેટલાક જૈનો ઘંટાકર્ણનું મંદિર એ જૈન દેરાસર નથી તેમ માને છે. છતાં જૈનોનો એક વર્ગ ઘંટાકર્ણને તીર્થંકરની કક્ષામાં મૂકવા પ્રયત્નશીલ છે.

આ પ્રસંગનું મૂળ કારણ બુદ્ધિસાગરજીમાં તેમના બાલ્યકાળથી પ્રવર્તતી નીડરતા, સત્યની ઉપાસના

અને પ્રજાના દુઃખો નિવારવાની પ્રબળ ભાવના છે. જયભિખ્ખુએ વર્ણવેલ તેમની કિશોર વયનો પ્રસંગ સમજવા જેવો છે. ઝાડ નીચે કબર પાસે બેસીને આખી રાત ભૂતની રાહ જોઈને બેસી રહેલા બેચરદાસ પટેલ (દીક્ષા લીધા પહેલાનું નામ) અને ભૂખ લાગવાથી ભૂતને ધરાવવાનું ખોરાકનું પોટલું પોતે આરોગી ગયાનો પ્રસંગ આચાર્યશ્રીની ભૂતપ્રેત વિરોધી ગતિવિધિઓનો ખ્યાલ આપે છે. બહુમુખી પ્રતિભાસંપન્ન બુદ્ધિસાગરજીના જીવનમાં ગૂઢવિદ્યા જ્ઞાન પણ એક મહત્ત્વનું અંગ હતું એ વાત ખ્યાલમાં રાખવાની જરૂર છે. તેમની ગૂઢવિદ્યાના જ્ઞાનનો પરિચય આપતો એક મહત્ત્વનો પ્રસંગ અમદાવાદમાં તેમના સ્વર્ગવાસ પૂર્વે ત્રણેક મહિના દરમ્યાન બન્યો હતો. બાબત એવી હતી કે પાલીતાણાના નરેશ આણંદજી કલ્યાણજીની પેઢી પાસેથી પાલીતાણાના જૈન તીર્થોનો યાત્રાળુ વેરો વસુલતા હતા જે ઘણો અસહ્ય હતો અને આ કરવેરો ઘટાડવાનો સંઘર્ષ લાંબા સમયથી ચાલ્યો આવતો હતો. અનાયાસે બુદ્ધિસાગરજી દિલ્હી દરવાજા બહાર ટાટા ઍડવાન્સ મીલની સામે આવેલા ઝવેરી મોહનલાલ હેમચંદના બંગલે વિશ્રામ કરવા પધાર્યા ત્યારે ત્યાં મુનિ વિજયનેમિસૂરિજી પણ ત્યાં ઉપસ્થિત હતા. ૪. પાલીતાણા નરેશના જક્કી વલણની જયારે ચર્ચા થઈ ત્યારે યોગીરાજ બુદ્ધિસાગરજીએ આશ્ચર્ય પમાડે તેવો પ્રસ્તાવ મૂક્યો. તેમણે કહ્યું કે હું મારા યોગબળની સાધના દ્વારા રાત્રે પલંગ સહિત રાજાને ઉઠાવી અહીં લાવી તેમની સહી લઈને પાલીતાણા તીર્થનો ઝઘડો હંમેશ માટે સમાપ્ત કરી આપીશ. જ્યારે વિજયનેમિસૂરિ આ પ્રસ્તાવ અંગે સંમત ન થયા ત્યારે બુદ્ધિસાગરજીએ બીજીવાર ભારપૂર્વક રજુઆત કરી જણાવ્યું કે પછી તમે કદીએ આ યાત્રાવેરો માફ નહીં કરાવી શકો. આ પ્રસંગ પછી થોડાં વર્ષો બાદ ઈ.સ. ૧૯૨૮માં આ પેઢીને પાલીતાણા નરેશ સાથે કરાર કરવો પડ્યો. જેમાં થયેલા કરાર મુજબ આણંદજી કલ્યાણજી વાર્ષિક યાત્રાવેરો રૂા. ૬૦,૦૦૦ જેટલો ચૂકવે તેવી વ્યવસ્થા કરવી પડેલી. આવા પ્રકાંડ પ્રબોધ મૂર્તિ અને શાસ્ત્ર વિશારદ યોગીરાજ બુદ્ધિસાગરજી કેવળ ૫૧ વર્ષનું આયુષ્ય જીવી ઈ.સ. ૧૯૨૫માં સ્વર્ગવાસી થયા.

### સંદર્ભગ્રંથ


૧. નવીનચંદ્ર પારેખ, 'શ્રી કોટ્યર્ક તીર્થ'. કોટ્યર્ક સમિતિ, અમદાવાદ, ૨૦૦૯
૨. 'ફાર્બસ રાસમાળા' : બીજી આવૃત્તિ, ભાગ ૨, પાના નં. ૩૮૧ થી ૩૮૪, ભૂત નિબંધનો લેખ : લેખક શ્રી દલપતરામ ડાહ્યાભાઈ, ઈ.સ. ૧૮૪૯. ગુજરાત વર્ના. સોસાયટી અમદાવાદ
૩. નવીનચંદ્ર આચાર્ય. 'બૌદ્ધ મૂર્તિવિધાન', યુનિ. ગ્રંથનિર્માણ બૉર્ડ (૧૯૭૮), પૃ. ૫૬-૫૮
૪. અનિલ મહેતા, 'એક અદ્ભુત યોગી'. યોગીરાજ શાંતિસૂરીશ્વરજીની જીવનકથા. પ્રથમ આવૃત્તિ ૧૯૯૯. પાના. ૭૬-૭૮.




ડાબીબાજુએ કૉટ્યર્કનું પ્રાચીન મંદિર જેની નીચે ભોંયરું છે.

જમણી બાજુનાં મંદિરો સત્તરમી સદીના જીર્ણોદ્ધાર થયેલા છે.

**ઘંટાકર્ણ વીરનો મંત્ર :***

ભૂત ફ્હાડવાના કામમાં એક મંત્ર ઘણો ચાલે છે તે એક જ વિષે અમે વર્ણન આપિયે છિયે; એ બૌદ્ધ મંત્ર છે અને ઘંટાકરણ વીરનો મંત્ર કહેવાય છે. એ મંત્રથી જેવું શુભ અશુભ કામ સાધી લેવાનું હોય તે પ્રમાણે શુદિ અને વદિમાં તેનો આદર કરવામાં આવે છે. સાધનાર બગીચામાં, દેવમંદિરમાં કે ઘરમાં કોઈ ચોખ્ખી જગ્યા હોય ત્યાં, મંત્ર સાધવા એકાન્તમાં બેસે છે. પ્રથમ તો –

उँ ह्रीँ क्लीँ गंगाजलाय नमः

એ મંત્રથી સ્નાન કરે છે. ત્યાર પછી,

ॐ ह्रीँ क्लीँ आनंददेवाय नमः

એ મંત્રથી શુદ્ધ વસ્ત્ર પ્હેરે છે, ત્યાર પછી

ॐ ह्रीँ श्री भूमादिदेवतायैनमः

એ મંત્રથી પૃથ્વીની પૂજા કરીને તે ઠેકાણે બેસે છે. પછી ધૂપ તથા ઘીના અને તેલના દીવા સળગાવે છે. પછી કાગળ ઉપર કે તાડપત્ર ઉપર ઘંટાકરણ વીરની મૂર્તિ કહાડે છે. તેમાં તેના કાનમાં ઘંટા પ્હેરાવેલી ચીતરે છે, અને નીચે લખેલો મંત્ર તેમાં લખીને તેનો જપ કરે છે :-

ॐ नमो घंटाकर्णो महावीरः सर्वव्याधिविनाशकः ।
विस्फोटकभये प्राप्ते रक्ष रक्ष महाबल ॥ १
यत्र त्वं तिष्ठसि देव लिखितोऽक्षरपंक्तिभिः ।
रोगास्तत्र प्रणश्यंति वातपित्तकफोद्भवाः ॥ २
तत्र राजभयं नास्ति याति कर्णे जयाक्षरं ।
शाकीनीभूत वैताला राक्षसाः प्रभवंति न ॥ ३
नाकाले मरणं तस्य न च सर्प्पेण दृश्यते ।
अग्निचोरभयं नास्ति ॐघंटाकर्ण नमोऽस्तु ते ॥ ४

ठः ठः ठः स्वाहा

આ મંત્ર બેતાળીશ દિવસમાં થઈને તેત્રીશ હજાર વાર જપવો પડે છે. પછી ધૂપ દેવામાં આવે છે એટલે મંત્ર પરિપૂર્ણ થાય છે. તે પછી માદળિયામાં રાખે તો ભૂતપ્રેતાદિક ન્હાશી જાય, રાજાનો ભય ઉપજે નહિ, બુદ્ધિબળ વધે, શત્રુ વશ થાય; અથવા તેની સ્ત્રી તેને વશ થાય, (કોઈ વાર આ કામ કઠિણ થઈ પડે છે,) તેમજ ઘરની ભીંત ઉપર તેને ચ્હોડવામાં આવે તો સાપ, ઉંદર અને બીજાં ઝેરી પ્રાણી તેમાંથી જતાં રહે છે, તેમ જ ભૂત પણ ન્હાસવા માંડે છે.

---

* સંદર્ભગ્રંથસૂચિ, નં. ૨

# સૌરાષ્ટ્રની દેહાણ્ય જગ્યાઓ

◆

**ભીમજી ખાચરિયા***

કોઈ પણ ધર્મ-પંથ, કે સાંપ્રદાયિક સમાજ પોતાની ધાર્મિક સંસ્કૃતિને કાયમી પ્રસ્થાપિત કરવા સ્થાનક, મઠ, દેરું, મંડપ, ઉપાશ્રય, દેવળ, ગુરુદ્વારા, મસ્જિદ કે મંદિર જેવી જગ્યાઓની સ્થાપના કરે છે. આ જગ્યાઓ, મંદિરો, સ્થાનકો, દેરાંઓ, મઠો કે ઉપાશ્રયો પોતાની ધાર્મિક સાંપ્રદાયિક પરંપરા, તેનું તત્ત્વચિંતન, વિધિ-વિધાન, મંત્ર-તંત્ર અને તેના અનુયાયી વર્ગની શ્રદ્ધાને ટકાવી રાખવામાં તેમજ જે તે પંથ-પરંપરાના પ્રસાર-પ્રચાર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વેદકાળમાં દ્વીપકલ્પથી ઓળખાતો ગુજરાત માંહેનો આ પ્રદેશ તે સોરઠ, કાઠિયાવાડ, સુરાષ્ટ્ર કે સૌરાષ્ટ્ર. ભૌગોલિક દૃષ્ટિએ તે ભારતના પશ્ચિમ ભાગે ૨૦°-૪° થી ૨૩°-૨૫° ઉત્તર-અક્ષાંસ અને ૬૯°-૫° થી ૭૨°-૨૦° પૂર્વે રેખાંશની વચ્ચે આવેલો છે. લાંબો દરિયાકિનારો, ઓઝત, ભાદર, મચ્છુ, હિરણ, મધુવંતી જેવી નદીઓ, ગિરનાર, બરડો, ચોટીલો, શેત્રુંજય જેવા પહાડો અને ફળદ્રુપ જમીન આ ભૂભાગને કુદરત તરફથી મળેલા આગવા વિશેષો છે. મૂળ અનાર્યોનો આ પ્રદેશ તેના પ્રાકૃતિક અને દ્વારકા, સોમનાથ, ગિરનાર જેવાં તીર્થધામોને કારણે સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બન્યો. સૌરાષ્ટ્રના સાગરકાંઠે ભ્રમણશીલ લડાયક જાતિઓ ઊતરી, તો નદી, સરોવરકિનારે માલધારીઓના નેસ નંખાયા, હિનયાન અને બૌદ્ધપંથના વિહારોરૂપે ગુફાઓ બની. દિગંબર અને શ્વેતાંબર જૈન પરંપરાનાં દેરાસરો અને ઉપાશ્રયો બન્યાં, શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયનાં મંદિરો બંધાયાં, મહાપ્રભુજીની બેઠકો, શક્તિપીઠ અને મઠોની સ્થાપના થઈ. આ સાથે વિષ્ણુ, વરાહ, રામ, કૃષ્ણ, સૂર્ય, હનુમાન, ગણેશ, શિવ, કાલી, અંબા, ચામુંડા વગેરે દેવદેવીઓ અને આ ભૂમિના ટીંબે ટીંબે લોકદેવોનાં સ્થાનકો થયાં. બીજી બાજુ ગેબી ગિરનારના પ્રતાપે યોગીઓ, સિદ્ધો, શૈવ, શાક્તો, જૈન, તાંત્રિક, યાંત્રિક, વૈષ્ણવ, સૂફી, આર્યસમાજ અને સંત-સાધકોએ આ ભૂમિને પોતાનું સાધનાક્ષેત્ર બનાવ્યું.

આપણે ત્યાં અંધારયુગ તરીકે ઓળખાતા મધ્યકાળમાં આવી પડેલું મુસ્લિમોનું આક્રમણ અને કુદરતી આફતો તેમજ તળભૂમિના લોકસમુદાયમાં વધતાં જતાં ઊંચ-નીચના ભેદભાવ, ધર્મની જડતા અને માનવસંહારને કારણે અંદરથી તૂટતા જતા સમગ્ર લોકસમાજને ઉગારવા મુખ્ય બે પ્રવાહો આગળ આવ્યા. એક ધર્મભક્તિ અને બીજો રાજકીય ભક્તિ. ધર્મભક્તિને આપણે ભક્તિઆંદોલન તરીકે ઓળખાવીએ છીએ. આ ભક્તિઆંદોલન ચલાવનાર સંતોએ ધર્મ-સંસ્કૃતિનું રક્ષણ, દીનદુ:ખિયાની સેવા અને લોકસમુદાયની અજ્ઞાનતા દૂર કરવા, પોતાની પ્રજ્ઞા પ્રમાણે શાસ્ત્ર અને સાહિત્યના માધ્યમે ઉપદેશ આપવાનું ચાલુ કર્યું. પોતાના આ ઉમદા હેતુને સર્વાંશે પાર પાડવા, પગપાળા પરિભ્રમણ કરતાં કરતાં જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં સ્થિર થઈ જગ્યાઓ બાંધી; આ જગ્યાઓમાં જાત-પાત, ઊંચ-નીચ, ગરીબ-તવંગર કે સાંપ્રદાયિક ભેદભાવ વિના લૂલાં-લંગડાં, રોગિયાં-પતિયાં, અનાથ-અભ્યાગતો અશક્તો, સાચા ત્યાગીઓ અને જુઠ્ઠા એદીઓ, બધાંને આશરો, દીન-દુખિયાઓની સેવા, ગાયને તરણું, તરસ્યાને પાણી, ભૂખ્યાને ભોજન અને ભજનનો મહિમા કરવામાં આવ્યો.

સૌરાષ્ટ્રની આ દેહાણ્ય જગ્યાઓ બાંધવા પાછળ ધર્મ-સંસ્કૃતિનું રક્ષણ, દીન-દુઃખિયાઓની સેવા એ મહત્ત્વનાં કારણો હતાં. આ ઉપરાંત નીચે દર્શાવેલ કારણો પણ અગત્યનાં જણાય છે :

– કોઈ સંત કે સાધક પોતાને પસંદ પડેલા સ્થળે લાંબા સમય સુધી સાધના કરે ને તે સ્થળ પૂજનીય બની જાય.

---

* અધ્યક્ષ, ગુજરાતી વિભાગ શ્રી બોસમિયા કૉલેજ, જૂનાગઢ રોડ, જેતપુર - ૩૬૦૩૭૦

– ગુરુના આદેશ મુજબ શિષ્ય, ગુરુનિદર્શિત જગ્યાએ ઝૂંપડી બાંધે.
– ભગત પોતાના નિવાસસ્થાનને જ ભજનનું કેન્દ્ર બનાવે અને ત્યાં આશ્રમ બંધાય પછી તેમના વંશની પરંપરા દ્વારા તે જગ્યાનો વિકાસ થાય.
– ભગત ગાયોને માટે પૂરતું પાણી અને ચારો મળી રહે એવી શોધમાં નીકળે, અનુકૂળ સ્થળ મળતાં ત્યાં વસવાટ કરે અને ધીમે ધીમે તે સ્થળ જગ્યામાં પરિણમે.
– કોઈ સંતનું સમાધિસ્થળ તે સંતની પરંપરાની જગ્યાનું કારણ બને.
– પ્રાચીન તીર્થ સ્થળનો જીર્ણોદ્ધાર કરીને કોઈ સાધુ-સંત, ભક્ત ત્યાં બેસી જાય અને ત્યાં જગ્યાનું ડીંટ બંધાય.

આ રીતે વિધર્મીઓના આક્રમણ સામેની એક પ્રકારની લડતના ભાગ ઉપરાંત સામાજિક, ધાર્મિક, પ્રાકૃતિક પરિવેશ પણ આ જગ્યાઓનાં નિર્માણનું કારણ બને છે. આ સંત સ્થાનકોને પંથ કે સંપ્રદાયની દૃષ્ટિએ વર્ગીકૃત કરવાનો પ્રયાસ કરીએ તો તેને મુખ્ય બે વિભાગમાં વહેંચી શકાય : ૧. સંપ્રદાયયુક્ત જગ્યાઓ ૨. સંપ્રદાયમુક્ત જગ્યાઓ.

સંપ્રદાયયુક્ત એટલે એવી જગ્યાઓ કે જે કોઈ એક ચોક્કસ પરંપરિત પંથ કે સંપ્રદાયને જ વરેલી હોય, જેમાં અમુક ચોક્કસ દેવ-દેવીની જ આરાધના કેન્દ્રસ્થાને હોય તેમજ તેમનાં ચોક્કસ શાસ્ત્રો, વિધિ-વિધાનો, નીતિ-નિયમો અને સિદ્ધાંતો તથા ચોક્કસ કંઠીબંધ અનુયાયી વર્ગ હોય. જેમકે-પ્રણામી સંપ્રદાયની જગ્યાઓ, કબીર આશ્રમો, આણદાબાવા આશ્રમ, જલારામની જગ્યા...વગેરે આ પ્રકારમાં મૂકી શકાય, તો કોઈ ચોક્કસ પંથ કે સંપ્રદાયની કંઠી સ્વીકાર્યા વિના, લોકધર્મને જ કેન્દ્રમાં રાખી 'ભજન કરો અને ભોજન કરાવો'ના મંત્રને ચરિતાર્થ કરતી જગ્યાઓને બીજા પ્રકારની એટલે કે સંપ્રદાયમુક્ત જગ્યાઓ તરીકે ઓળખાવી શકાય. આ પ્રકારની જગ્યાઓમાં કોઈ ચોક્કસ પરંપરિત સાંપ્રદાયિક દેવ-દેવીની ઉપાસના નહીં પણ જુદી જુદી સાધનાધારાઓ સાંપ્રદાયિક પરંપરાનો સમન્વય થયો હોય છે. તેમજ તેઓના આરાધ્ય દેવ, ઉપાસ્યદેવ અને ઈષ્ટદેવ પણ સમયાંતરે બદલતા રહે છે, જેમ કે પાંચાળની સંત પરંપરાની જગ્યાઓ, ગોંડલ જીવણદાસ લોહલંગરીની જગ્યા, દૂધરેજ-દુધઈ વડવાળાની જગ્યા, પરબની જગ્યા વગેરેને સંપ્રદાયમુક્ત જગ્યાઓ તરીકે ઓળખાવી શકાય. જોકે મધ્યકાળમાં વકરેલી સાંપ્રદાયિક રૂઢિચુસ્તતાને ડામવા અને ધર્મ-અધર્મના ભેદ મિટાવવા, સર્વધર્મ સમભાવના સૂત્રને ચરિતાર્થ કરતી આ સંપ્રદાયમુક્ત જગ્યાઓમાં પાછળથી ચોક્કસ સાંપ્રદાયિક બંધનો તો ઊભાં થયાં છે. સૌરાષ્ટ્રનાં આ બન્ને પ્રકારનાં સંતસ્થાનકો વિષયક જ્યારે વિચારણા શરૂ કરી, ત્યારે જાણ્યું કે સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશોમાં તો મધ્યકાળથી માંડી આજ સુધીમાં ડુંગરાઓ, ગાળીઓ, નદીઓ, સાગર તટો અને ગામડાંઓમાં અગણિત સંતો તથા સ્થાનકો પથરાયેલાં પડ્યાં છે, જેમાંનાં કેટલાંક માત્ર ધૂણાઓ છે તો કેટલાંક માત્ર થડા, ઓટા કે દેરી સ્વરૂપે છે. કેટલાંક માત્ર સમાધિસ્થાનકો છે તો કેટલીક સુંદર, જીવતી જગ્યાઓ છે. આ તમામ સંતસ્થાનકો વિશે સંપૂર્ણ આલેખ આપવો હોય તો મહાનિબંધ જેટલું સંશોધન કાર્ય કરવું પડે. તેથી અહીં તો માત્ર જે સંતસ્થાનકોએ ધર્મ-સંસ્કૃતિના જતન સાથે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સૌરાષ્ટ્ર અને સૌરાષ્ટ્રની બહાર ખ્યાતિ મેળવી છે તેમજ જેની પરંપરા બહુ જ લાંબી ચાલી છે એવી ખ્યાતનામ સંત-સ્થાનકોની દેહાણ્ય જગ્યાઓનો જ પરિચય આપવાનો ઉપક્રમ સેવ્યો છે.

ગુજરાતી સંતસાહિત્યના સંશોધક નાનાભાઈ જેબલિયા કહે છે કે 'કરુણા ગર્જતા સાગર સમી કરુણાના અવતાર સમા આ લોકસંતોએ યાતનાઓ, અનાદરો, માનહાનિઓ સહન કરીને આપણી દુનિયાને જીવવા જેવી બનાવી છે. મીણબત્તી થઈને એ સળગ્યા, ધૂપ થઈન સુધલ્યા છે.'[૧]

**ગોરખમઢી**

સૌરાષ્ટ્રની દેહાણ્ય જગ્યાઓમાં પ્રાચીન જગ્યા પાટણથી પૂર્વભાગે સરસ્વતી નદીના કિનારે આવેલ

'ગોરખમઢી' તરીકે ઓળખાતી નાથ પરંપરાની જગ્યા છે. ગોરખમઢી તેના સ્થાપના કાળે બાર ગામની જાગીર ગણાતી. આ જગ્યાના મહંતને કાનફટા નાથજી તરીકે ઓળખવામાં આવે છે. સદાવ્રતના માહાત્મ્યને પ્રગટ કરતી આ જગ્યા અને સ્થાપક ધૂંધળીનાથ વિષયક અનેક દંતકથાઓ મળે છે. હાલ આ જગ્યામાં દરરોજ બે વખત ભૂખ્યાં–તરસ્યાંને અન્નજળ અપાય છે. નાથ પરંપરાની આ જગ્યા ઉપરાંત જૂનાગઢ ગરવા ગિરનારના પરિસરમાં આવેલ ગોરખનાથ, ગેબીનાથ, ઓઘડનાથ, વેલનાથ વગેરે થાનકો અને સિદ્ધ પ્યારે રામજીની જગ્યા, લક્કડ ભારતીનો અખાડો, ગોરખનાથ આશ્રમ વગેરે ઉલ્લેખનીય છે. ઉપરાંત થાનગઢમાં આવેલ ગેબીનાથની જગ્યા, મોરબી તાલુકાના દહીંસરા ગામે આવેલ મોતીરામની જગ્યા, કનેસરા ગામે આવેલ સેવાવન આશ્રમ વગેરે જગ્યાઓ આગવો પ્રભાવ પાથરી રહી છે. આવી જ દેહાણ્ય જગ્યાઓમાં ભક્તિઆંદોલનનાં પ્રવર્તક શ્રી રામાનંદજીના શિષ્ય પીપાભગત, રોહીદાસ અને પ્યારેરામજી દ્વારા સ્થપાયેલ થાનકો, જગ્યાઓ અને કબીર આશ્રમો તેની પ્રાચીનતા, સેવાકીય પ્રવૃત્તિઓને કારણે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

### પીપા ભગતની જગ્યા

આજથી લગભગ ૬૭૦ વર્ષ પહેલાં ભક્ત પીપાજીના હાથે જેનું ડીંટ બંધાયું તે જાફરાબાદ પાસેના ઉમેજ ગામની નજીક આવેલી 'પીપા ભગતની જગ્યા' આ સંદર્ભે ઉલ્લેખનીય છે. પીપાવાવની જગ્યાના મૂળ સ્થાપક સ્વામી રામાનંદના શિષ્ય કબીરના ગુરુભાઈ ભક્ત પીપાજી રાજસ્થાનના ગાગરોડ ગઢની રાજગાદીનો ત્યાગ કરી, ૧૪મી સદીના ઉત્તરાર્ધમાં દ્વારિકાનાથનાં દર્શનાર્થે સૌરાષ્ટ્રમાં આવે છે. દ્વારકાથી પાછા વળતાં દુષ્કાળથી પીડાતા લોકસમુદાયને જોઈ જાફરાબાદની નજીક આવેલા ઉમેજ ગામની નજીક એક વાવનાં કાંઠે રણછોડરાયની મૂર્તિ સ્થાપી, ભૂખે મરતી પ્રજા માટે સદાવ્રત ચાલુ કરે છે ને પીપાવાવની જગ્યાનો પાયો નંખાય છે. એક વાવને કાંઠે રણછોડરાયની મૂર્તિ સ્થાપી, ભૂખે મરતી પ્રજા માટે સદાવ્રત ચાલુ કરે છે ને પીપાવાવની જગ્યાનો પાયો નંખાયો છે. પાંચ વર્ષ સુધી સેવાકાર્ય કરી જગ્યાની ધુરા પોતાના ગુરુભાઈ ધરમદાસને સોંપી પોતે વતન રાજસ્થાનમાં ચાલ્યા જાય છે. ધરમદાસ પછી આ જગ્યામાં ઉત્તરોત્તર ચૌદ મહંતો થયા, તેમાંના એક પ્રતાપી મહંત તે 'ગીગારામજી', જેમણે છપ્પનિયા દુષ્કાળમાં ખીચડીની દેગો ચાલુ કરેલી. ગીગારામ પછી રામદાસ અને વિઠ્ઠલદાસ ગાદીએ આવ્યા હતા. હાલ મહંત કનૈયાદાસ આ જગ્યાની ગાદી સંભાળી રહ્યા છે. ઈ.સ. ૧૯૧૯માં કપોળ પરસોત્તમ કિકાણીના આર્થિક સહયોગથી જીર્ણોદ્ધાર પામેલી આ 'પીપા ભગતની જગ્યા' આજ ફરી જીર્ણોદ્ધાર માટે કોઈ કિકાણીની રાહ જોઈને બેઠી છે.

### રોહીદાસની જગ્યા

જૂનાગઢ જિલ્લાના વિસાવદરથી ગિરમાં પ્રવેશતાં પ્રેમપરા, મોણપરી અને કાંસિયાનેસના રસ્તે જતાં એક રસ્તો સતાધાર તરફ ફંટાય છે. આપા ગીગાથી પ્રચારમાં આવેલ આ સતાધારની બાજુમાં સરસાઈ-મોણિયા ગામે 'રોહીદાસ કુંડ' તરીકે ઓળખાતી વિશાળ જગ્યા છે. અહીં ત્રણ કુંડ છે. બે સ્નાન માટે અને એક ચરણામૃત માટે. કહેવાય છે કે સ્નાન કરવાના કુંડમાં રોહીદાસ ચામડાં કેળવતા. સંવત ૧૪૩૩ની મહાસુદ પૂનમને રવિવારે કાશી શહેરના એક ચમાર કુટુંબમાં જન્મેલા રોહીદાસ, સૌરાષ્ટ્રની આ જગ્યાએ ક્યારે આવ્યા? તેના કોઈ ચોક્કસ પુરાવાઓ મળતા નથી, પણ દંતકથાથી એટલું તારણ કે પોતાના ગુરુભાઈ પીપાભગતની જેમ પોતે પણ તીર્થાટને નીકળ્યા હશે અને આ સ્થળ પસંદ પડતાં અહીં અહીં રોકાઈ ગયા હશે. લોકવાયકા એ છે કે ગુરુની શોધમાં નીકળેલાં મીરાંબાઈ રોહીદાસની પાછળ અહીં આવેલાં અને અહીં આ જગ્યાએ રોહીદાસને ગુરુ તરીકે સ્વીકારી, કંઠી બંધાવેલી.

ગોંડલ રાજવી સર ભગવતસિંહજીએ પોતાના રાજયકાળ દરમ્યાન આ જગ્યાનો જીર્ણોદ્ધાર કરાવેલો, જેની સાખ પૂરતી આરસની તકતી કુંડની દીવાલ પર મોજૂદ છે. ઈ.સ. ૧૯૮૧માં હરિજન સમાજે સાથે મળી રોહીદાસનું મંદિર બંધાવ્યું, બાજુમાં નીલકંઠ મહાદેવ અને કાળ ભૈરવનાં મંદિરો બાંધ્યાં.

## કબીર સાહેબની જગ્યાઓ

સ્વામી રામાનંદના શિષ્ય કબીર સાહેબનો પ્રભાવ સમગ્ર ભારત અને ભારતીય સંતપરંપરામાં આધ્યાત્મિક, ધાર્મિક, સાધનાકીય, સાંપ્રદાયિક, સાહિત્યિક અને સામાજિક એમ બહુવિધ રીતે ઝીલાયો છે. સાંપ્રદાયિક સમન્વય અને હિંદુ-મુસ્લિમ એખલાસની મશાલ જગાવનાર, કબીર સાહેબે કોઈ સંપ્રદાય કે આશ્રમની સ્થાપના કરી નથી, પરંતુ તેમના અવસાન બાદ શિષ્ય ધર્મદાસજીએ ગુરુની વાણીને લોકભોગ્ય બનાવવા, કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરવા ગુરુગાદીની સ્થાપના કરી અને કબીર સંપ્રદાયનો પાયો નાખ્યો. સમયાંતરે આમાંથી જે શાખા-પ્રશાખાઓ ફૂટી તેમાંથી મુખ્ય બે શાખા રામકબીર અને સત્ત કબીર જેનો પ્રભાવ સૌરાષ્ટ્રમાં પણ ઝીલાયો. જેની શાહેદી જામનગર-રામકબીર આશ્રમ, લુણીવાવ, રાજકોટ-સત્ત કબીર આશ્રમ, લીમડી શ્રી કબીર યોગાશ્રમ પૂરી પાડે છે.

### કબીર આશ્રમ-જામનગર

છોટા કાશી તરીકે ઓળખાતા જામનગર શહેરમાં આવેલ કબીર આશ્રમના સ્થાપક મહંત ખેમદાસજી હતા. તેમણે સંતોના ઉતારા એ સત્સંગ માટે જામનગર રાજવી જામ રણમલ પાસેથી મોટાફળિયા વિસ્તારમાં થોડી જગ્યા અનુદાનમાં મેળવીને આશ્રમની સ્થાપના કરી. સમયાંતરે શહેરી વિકાસ સાથે, સત્સંગનો વ્યાપ વધતાં આશ્રમના છઠ્ઠા ગાદીપતિ મહંત પુરુષોત્તમદાસજીએ પોતાના સમયના રાજવી જામ વિભાજી પાસે, આશ્રમના વિકાસાર્થે વધારે જમીનની માંગણી મૂકી. સંતના સાચા પ્રસ્તાવનો સ્વીકાર કરી, જામ વિભાજીએ ઈ.સ. ૧૮૯૫માં જામનગર શહેરના કિસનપરામાં આજે જે ભવ્ય 'શ્રી રામ કબીર આશ્રમ' ઊભો છે તે જગ્યા અર્પણ કરી. આશ્રમના સાતમા મહંત શાંતિદાસજીએ ગુરુનું સ્વપ્ન સાકાર કરવા આશ્રમમાં નિજમંદિર, સભામંડપ, સમાધિખંડ, ભોજનાલય, અતિથિગૃહ બંધાવ્યાં. સાથે કબીર સાહેબ પ્રબોધિત સેવા મંત્રને સાકાર કરવા ગૌશાળા, અન્નક્ષેત્રો, છાશકેન્દ્રો, ઔષધાલયો ઊભાં કર્યાં. સ્ત્રી અને બાળઉત્કર્ષના હેતુને પાર પાડવા સદ્‌ગુરુ કબીર જ્ઞાનમંદિર અને મહિલા જ્ઞાનમંદિરની સ્થાપના કરી. આ બધાંની સાથે મહત્ત્વનું કાર્ય તો એ કર્યું કે આશ્રમોપાર્જિત સેવાનો લાભ સૌ કોઈ લઈ શકે તે માટે પોરબંદર, દ્વારકા, કાશી એમ ત્રણ જગ્યાએ પેટા આશ્રમો સ્થાપ્યા.

મહંત શાંતિદાસજી પછી જામનગર કબીર આશ્રમના મહંત પદે આવનાર રામસ્વરૂપદાસજીએ પણ ગુરુના પગલે-પગલે પાલનપુર અને જામકલ્યાણપુરમાં પેટા આશ્રમ સ્થાપ્યા. સાંપ્રદાયિક વિચારધારાના પ્રચારાર્થે, પ્રકાશનકાર્ય ચાલુ કરી, કબીર સાહિત્યનું પ્રકાશન કર્યું. આધુનિક હૉસ્પિટલો અને શાળાનાં સંકુલો ઊભાં કર્યાં. ગુરુના કાર્યને વૈશ્વિકરૂપ આપવા વારંવાર વિદેશોના પ્રવાસ ખેડી, વિદેશોમાં પણ કબીરમંડળ અને કબીર આશ્રમની સ્થાપના કરી. મહંત રામસ્વરૂપદાસજીનું ભગીરથ કાર્ય તો એ હતું કે ઈ.સ. ૧૯૯૮ના દુષ્કાળમાં આશ્રમના ધનના ભંડારો ખુલ્લા મૂકી રોજના ૧૫૦૦ માણસોને સાડાત્રણ મહિના સુધી ભોજન પૂરું પાડ્યું. આશ્રમના આ વર્તમાન મહંત જગદીશદાસજી નિષ્ઠાથી આશ્રમની ધુરા સંભાળી રહ્યા છે. મૂળની પરંપરાને જાળવી સતત સેવાકીય પ્રવૃત્તિઓમાં રત રહેતા આ મંહતે ઈ.સ. ૨૦૦૧માં કચ્છમાં આવેલ ધરતીકંપ વખતે જરૂરિયાતમંદોને રોટી, કપડાં, મકાન સાથે સાર્વજનિક દવાખાનું ખોલી વિના મૂલ્યે દવાઓ પૂરી પાડી હતી. સેવાકીય પ્રવૃત્તિઓ સાથે દર વર્ષે જુદા જુદા રોગોને લગતા કૅમ્પનું આયોજન કરી દર્દીઓની વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. રોટી, કપડાં અને મકાન પછી માનવીની સૌથી મહત્ત્વની કોઈ જરૂરિયાત હોય તો તે છે આરોગ્ય. તેને સંતોષવાનું કામ આ આશ્રમ દ્વારા થઈ રહ્યું છે તે આશ્રમનું જમા પાસું છે.

### કબીર આશ્રમ-લુણીવાવ

આજથી આશરે ત્રણસો વર્ષ પૂર્વે મધ્યપ્રદેશમાંથી જૂનાગઢ-ગિરનારના દર્શને નીકળેલા બે સંતો ફરતાં ફરતાં ગોંડલ મુકામે આવે છે. ગોંડલમાં ભા કુંભાજીની રાજ્યસત્તા હતી. ગરાસદાર મોકાજીને કુંભાજી સાથે

ઠીક ઠીક મતભેદો હતા એટલે કુંભાજીએ ગામોનો ગરાસ આંચકી લીધો. તે સમયે લુણીવાવ ગામના પાદરમાં આ સંતો પાસે મોકાજી બેસીને તેમને ગાંજાની ચલમ પિવડાવે છે ત્યારે સંતોએ કહ્યું- ''ક્યા કુછ તકલીફ હૈ ?'' ત્યારે મોકાજીએ માંડીને વાત કરી. સંતોએ કહ્યું – ''જા તેરા ગરાસ કલ વાપસ મિલ જાયેગા'' બન્યું પણ એવું કે બીજે દિવસે સવારે કુંભાજીએ મોકાજીને બોલાવી ગરાસ પાછો આપ્યો. અહીં મોકાજીને થયું કે આ સંતો વચનસિદ્ધ છે, એટલે એમને લુણીવાવ બોલાવ્યા, સેવા કરી, ગુરુદીક્ષા લીધી અને આશ્રમ સ્થાપવાની વિનંતી કરી. સંતોએ આ સ્થાને કબીર આશ્રમની સ્થાપના કરી. આ લુણીવાવ ગોંડલથી થોડે અંતરે આવેલું નાનું ગામ છે. લુણીવાવમાં સમાધિમંદિર, સમાધિનાં સ્થાનકો છે. પાછળના ભાગે ઓરડામાં કબીર સાહેબની ગુરુગાદી, કબીરબીજગ્રંથ, કબીર ટોપી અને માળાનું સ્થાપન છે. ઓરડામાં જુદા જુદા મહંતોના ફોટાઓ છે. આશ્રમમાં ભાદરવા માસની પૂનમનો ઉત્સવ ઘણી ધામધૂમથી ઊજવાય છે. આ દિવસ કબીરપંથની સ્થાપનાનો દિવસ માનવામાં આવે છે. કબીરપંથીઓ પધારે છે. ભજન સત્સંગ ચાલે છે. ભવ્ય ભોજનસમારંભ થાય છે. આ આશ્રમ નીચે સો વીઘા જમીન છે. ગૌશાળા ચાલે છે આજે આ પંથમાં મૂર્તિપૂજા અને બાહ્ય ધાર્મિક ક્રિયાઓ વધી ગઈ છે.

### સંત કબીર મંદિર–રાજકોટ

સંત ગોદડ સાહેબે લુણીવાવમાં જેમ કબીર આશ્રમની સ્થાપના કરી તે રીતે અહીં પણ કબીર મંદિરની સ્થાપના કરી, કબીર વિચારધારાનો ફેલાવો કરેલ. આ સંત કબીર આશ્રમમાં પણ ભાદરવી પૂનમનો મેળો ભરાય છે. આ દિવસે સૌરાષ્ટ્ર, કચ્છનાં કબીરપંથી ભાઈ–બહેનો, સંતો એ સેવકો પધારે છે. ભજન અને સત્સંગ–હેલીઓ જામે છે. વર્તમાન સમયની જરૂરિયાત મુજબ વિદ્યાર્થીઓની શિક્ષણસેવા, ગૌશાળા, લાઈબ્રેરી તેમજ અન્નક્ષેત્ર વગેરે સેવાઓ આ આશ્રમમાં અવિરતપણે ચાલુ છે.

### શ્રી કબીર યોગાશ્રમ - લીંબડી

શ્રી કબીર યોગાશ્રમની સ્થાપના સૌરાષ્ટ્રમાં મીઠા ઢાઢીના ગામ લીંબડીમાં શ્રી તપસ્વી બાપુએ ઈ.સ. ૧૯૫૨માં કરી હતી. આ તપસ્વી સાહેબની પૂર્વ વિગતો મળતી નથી, પણ સુરત, રાજકોટ, લખતર, જૂનાગઢ અને લીંબડી વગેરે પ્રદેશોમાં તપસ્વી બાપુએ તપ કરી શ્રી કબીર વિચારધારાનો ફેલાવો કરેલ. લીંબડીમાં તેમણે હરિદાસજી સાહેબ નામના એક સંતની વિનંતીથી નાની ઝૂંપડી બનાવી છ મહિના રહીને ત્યાં ઉગ્ર તપસ્યા કરેલી. આજે જે કબીર યોગાશ્રમ લીંબડીમાં છે તેની મૂળ જગ્યાએ નાનકડી ઝૂંપડી હતી તેમ કહેવાય છે. આ કબીર યોગાશ્રમની સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ ખૂબ જોવા મળે છે. સુંદર ગૌશાળાઓ, સંતોના ઉતારા, ધર્મશાળાઓ અને સંત કબીર વિષયક પુસ્તકોનાં પ્રકાશનો આશ્રમની વિશિષ્ટતા છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રભરમાં વિવિધ જગ્યાઓએ કબીર સાહેબના નામે અનેક આશ્રમો અને જગ્યાઓ જોવા મળે છે જેમ કે :

- શ્રી કબીર આશ્રમ – દ્વારકા
- શ્રી સત્ય કબીર શાંતિ આશ્રમ – પોરબંદર
- શ્રી કબીર આશ્રમ – જામકલ્યાણપુર
- સત્ય કબીર ટેકરી – રાજકોટ
- સદ્‌ગુરુ કબીર મંદિર – ભૂજ
- સંતકબીર દેરી – મોટા કોટડા

* * *

નાથપરંપરા અને રામાનંદીય શિષ્ય પરંપરાની સાથે સાથે સૌરાષ્ટ્રનાં સંતસ્થાનકોના પ્રાદુર્ભાવમાં નીલકંઠપુરી, રૂગનાથપુરી, જીવણદાસ, લોહલંગરી, ગેબીનાથ, રામેતવન, જેરામભારતી, કુબાવતજી મહારાજ જેવા લોકસંતો અને તેની પરંપરામુક્ત પરંપરાએ મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી છે.

### ઝીંઝુવાડા અને દૂધરેજની જગ્યાઓ

સૌરાષ્ટ્રમાં જેની શાખા-પ્રશાખાઓ અને પરંપરા બહુ જ લાંબી ચાલી છે તે નીલકંઠપુરીનો મૂળ આશ્રમ દસાડા તાલુકાના ઝીંઝુવાડા ગામે આવેલો છે. નીલકંઠપુરીના શિષ્ય રઘુનાથપુરી કે રૂગનાથદાસ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના દૂધરેજ ગામે આવી આશ્રમની સ્થાપના કરે છે. સમયાંતરે ગોંડલના જીવણદાસ લોહલંગરી સાથે સાંપ્રદાયિક સમન્વય સધાતા ૧૬૩૦માં આશ્રમની ગાદી ષષ્ટમપુરી સ્વામીને સોંપે છે. છઠ્ઠા સ્વામી તરીકે ઓળખાતા ષષ્ટમપુરી સ્વામીના બે સમર્થ શિષ્યો એક લબ્ધારામ અને બીજા રવિ ભાણ સંપ્રદાયનો પાયો નાખનારા ભાણસાહેબ. લબ્ધારામ દૂધરેજ વડવાળા ધામની ગાદી સંભાળે છે અને ભાણ સાહેબ ગુરુ પાસેથી 'સાહેબ'ની પદવી ધારણ કરી વડોદરા જિલ્લાના શેરખી ગામે આશ્રમની સ્થાપના કરે છે. લબ્ધારામ પછી દૂધરેજની ગાદીએ રત્નદાસ, માનદાસ, કૃષ્ણદાસ અને ઓધવદાસ આવે છે. ઓધવદાસ ધર્મના પ્રચારાર્થે શિષ્ય મેઘસ્વામી સાથે મૂળી પાસેના દૂધઈ ગામે આવીને ધર્મની ધજા રોપે છે. જગ્યાનું સુકાન મેઘસ્વામીને સોંપી પોતે પાછા દૂધરેજ આવે છે. આવી જ રીતે ઓધવદાસ પછીના દૂધરેજની જગ્યાના સાતમા ગાદીપતિ ગંગાદાસ શિષ્ય ભગવાનદાસ સાથે ચોટીલાના દેવસર ગામે આવી દરબાર રાણીંગ ખાચરે દાનમાં આપેલી ૧૧૦૦ વીઘા જમીનમાં 'નવા સૂરજ દેવળ' નામે આશ્રમ સ્થાપી, શિષ્ય ભગવાનદાસને કારભાર સોંપી પોતે પાછા દૂધરેજ આવે છે. આમ દૂધરેજમાંથી રવિ-ભાણ સંપ્રદાય, દૂધઈ વડવાળા દેવ અને નવા સૂરજ દેવળ જેવી વિશાળ શાખાઓ અને ચૂલી, મેસવાણ, મેસરિયા, કુંતલપુર, ગારિયા, દાણીધાર જેવી પ્રશાખાઓ ફૂટે છે.

મહંત ગંગાદાસ પછી દૂધરેજની ગાદીએ ઉત્તરોત્તર ગોવિંદદાસ, રઘુવીરદાસ, જીવરામદાસ, ગોમતીદાસ અને કલ્યાણદાસ આવે છે. હાલ કલીરામ બાપુ દૂધરેજ વડવાળાધામની ગાદી સંભાળી રહ્યા છે. દૂધરેજમાં વડવાળા ધામ તરીકે ઓળખાતી આ જગ્યામાં રામચંદ્રજીનું મંદિર છે. પોતાનું વિશાળ ભોજનાલય છે. યાત્રિકો માટે રહેવા-ઊતરવાની વ્યવસ્થા અને ગૌશાળા છે.

### રવિ-ભાણ સંપ્રદાયની જગ્યાઓ

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં રવિ—ભાણ સંપ્રદાયની શિષ્ય—પરંપરા, નાદ શિષ્ય અને બૂંદ શિષ્ય એમ બે સ્વરૂપે વિકસે છે. બહુધા સર્જકચેતના ધરાવતા આ સંપ્રદાયના સંતોએ ભજનને કેન્દ્રમાં રાખી, પોતાના ઘરઆંગણે જ ઝૂંપડીઓ બાંધીને જીવનસાધના વિકસાવી છે. વર્તમાન સમયમાં ગુજરાતમાં આ સંપ્રદાયનાં ૩૭૫ (ત્રણસો પંચોતેર) જેટલાં નાનાં-મોટાં સ્થાનકો પોતાનો આગવો પ્રકાશ પાથરી રહ્યાં છે.

### મોરાર સાહેબની જગ્યા—ખંભાળિયા

સૌરાષ્ટ્રમાં આ પરંપરાની સાંપ્રદાયિક રીતે મહત્ત્વની જગ્યા જામનગર જિલ્લાના ખંભાળિયા ગામે આવેલી છે. રવિ સાહેબના શિષ્ય મોરાર સાહેબ ગુરુ-આજ્ઞાએ હાલાર પંથકની વસ્તી ચેતવવા જામનગર જિલ્લાના ધ્રોલ પાસેના ખંભાળિયા ગામે આવે છે. અહીં ખભે કાવડ ધારણ કરી, રામરોટી ઉઘરાવી, અન્નક્ષેત્ર ચાલુ કરી, ગુરુગાદીની સ્થાપના કરે છે. ધીમે ધીમે આ જગ્યાનો વિકાસ થાય છે અને સંતના સંતત્વથી પ્રભાવિત થઈ દાસ હોથી, ચરણદાસ, જીવા ભગત, ધરમશી ભગત, લાલાજી, દલુરામ, દુર્લભરામ અને કરમણ જેવા ધર્મપુરુષો મોરાર સાહેબનું શિષ્યત્વ સ્વીકારે છે. ઈ.સ. ૧૮૦૪માં શિષ્યોને આપેલ વચન પ્રમાણે રવિસાહેબ અહીં આવી આ જગ્યાએ સમાધિ લે છે, તો ઈ.સ. ૧૮૫૧માં ગાદીની ધુરા ચરણદાસને સોંપી રાવ રણમલની હાજરીમાં મોરાર સાહેબ પણ અહીં જીવતાં સમાધિ લે છે. મોરાર સાહેબના અવસાન બાદ ચરણદાસે આ બન્ને સમાધિ ઉપર રામનું મંદિર બંધાવ્યું. હાલ ખંભાળિયાની આ જગ્યાનો વહીવટ વડોદરાના વરસાણી માતાની જગ્યાના મહંત વિઠ્ઠલદાસજી સંભાળી રહ્યા છે.

**ભીમ સાહેબની જગ્યા - આમરણ**

રવિ-ભાણ સંપ્રદાયની બીજી મહત્ત્વની જગ્યા જામનગર જિલ્લાના આમરણ ગામે આવેલી છે. આ જગ્યાના સ્થાપક ત્રિકમ સાહેબના શિષ્ય ભીમ સાહેબ હતા, જેમનો જન્મ ઈ.સ. ૧૭૧૮માં ગરોડા બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. પોતાની જન્મભૂમિને જ તીર્થસ્થાન બનાવી, જગ્યાની સ્થાપના કરી અને અહીં ઈ.સ. ૧૮૨૫માં તેઓ સમાધિ લે છે. ભીમસાહેબ પછી ગાદીએ કલ્યાણદાસ, નાગદાસ, મેઘીદાસ, ખેમદાસ, જેરામદાસ અને પૂરણદાસ જેવા સંતો આવે છે. હાલ આ જગ્યાનો કારભાર ગુલાબદાસ મહારાજ સંભાળી રહ્યા છે. જગ્યામાં ભીમ સાહેબની પાદુકા અને ઢોલિયો છે. સમાધિ ઉપર ભીમ સાહેબની મૂર્તિ પધરાવી મંદિર બાંધવામાં આવ્યું છે.

**દાસી જીવણની જગ્યા - ઘોઘાવદર**

શામળિયે કરી છે ચકચૂર રે બેની મુને શામળિયે કરી છે ચકચૂર....
અજવાળુ રે હવે અજવાળું રે, ગુરુજી તમ આવ્યે રે મારે અજવાળું....
ઝણણણ, ઝણણણ, ઝણણણ ઝણ ઝાલરી વાગી...દાસી જીવણ[૨]

ઈ.સ.૧૭૫૦માં ગોંડલ પાસેના ઘોઘાવદર ગામે જન્મેલા ભીમ સાહેબના પ્રતાપી શિષ્ય દાસી જીવણ પણ જન્મભૂમિ ઘોઘાવદરને કર્મ-ધર્મભૂમિ બનાવી જગ્યાનું સ્થાપન કરે છે. સૌરાષ્ટ્રના સંતસાહિત્યમાં કવિ તરીકે અને રાધાના અવતાર તરીકે ઓળખાતા આ સંતના જીવન સાથે અનેક ચમત્કારિક ઘટનાઓ જોડાયેલી છે. ઈ.સ. ૧૮૫૨માં પુત્ર દેશળ ભગતને જગ્યા ભળાવી જગ્યામાં જ જીવતાં સમાધિ લે છે. આજે પુત્ર દેશળ ભગતની પુત્રીનો પરિવાર આ જગ્યા સંભાળી રહ્યો છે. વર્તમાન સમયમાં સૌરાષ્ટ્રમાં રવિ-ભાણ સંપ્રદાયની જગ્યાઓ એટલી માતબર સંખ્યામાં જીવંત છે કે એના વિશે વિગતે ચિતાર આપવો હોય તો સ્વતંત્ર બનાવવો પડે, અહીં તો અન્ય મહત્ત્વની જગ્યાઓનો માત્ર નામોલ્લેખ કરીને અટકીએ છીએ જેની વિગતો નીચે મુજબ છે.

– સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ગામે દાસી જીવણના ગુરુભાઈ અક્કલદાસજીની જગ્યા આવેલી છે.

– ત્રિકમસાહેબની શિષ્યપરંપરાના નાથુરામ સાહેબના શિષ્ય બાળક સાહેબ ગુજરાતમાં સાત જગ્યાઓનું સ્થાપન કરે છે, તેમાંથી ચાર જગ્યાઓ સૌરાષ્ટ્રમાં આવેલી છે.

(૧) રાજકોટ - કરણપરા શેરી નં. ૩, રામવાડી, (૨) રાજકોટ - નવા થોરાળા, (૩) રાજકોટ - ચુનારાવાડ પાસે, રામઘાટ સામે, (૪) જૂનાગઢ - ભવનાથ મંદિર પાસે.

- ભાણ સાહેબના પુત્ર ખીમ સાહેબના શિષ્ય શ્રી રતનદાસની જગ્યા રાજકોટ જિલ્લાના વાંકાનેર ગામે આવેલી છે. આ જગ્યાનું સાંપ્રદાયિક મહત્ત્વ એ છે કે રવિ સાહેબ પોતાના શિષ્ય ભીમ સાહેબને આપેલ વચન પ્રમાણે 'સમાધિ' લેવા ખંભાળિયા જવા નીકળ્યા ત્યારે, રસ્તામાં બીમારીને કારણે આ જગ્યાએ રોકાયા અને અહીં જ તેનું અવસાન થયું. બાદમાં તેમના દેહને અહીંથી ખંભાળિયા લઈ જવામાં આવ્યો.
- ખીમ સાહેબની શિષ્ય પરંપરાના લાલ સાહેબના શિષ્ય 'હિમદાસ'ની જગ્યા અમરેલીમાં આવેલી છે.
- મોરાર સાહેબના શિષ્ય જીવાભગતની જગ્યા ટંકારામાં આવેલ છે.
- મોરાર સાહેબના બીજા શિષ્ય ધરમશી ભગત જામનગર જિલ્લાના 'જોડિયા' ગામે જગ્યા બાંધે છે, તો ધરમશી ભગતના શિષ્ય કુરજી ભગત અને મૂળા ભગત અનુક્રમે બાલંભા અને બેટ ગામે જગ્યા બાંધે છે.
- રવિ-ભાણ પરંપરાના સંત સેવાદાસજી રાજકોટ જિલ્લાના કુવાડવા ગામે જગ્યા બાંધે છે, તો તેમનાં શિષ્યા વાલબાઈમા ધ્રાંગધ્રા ગામે જગ્યાનું સ્થાપન કરે છે.

- દાસી જીવણના શિષ્ય પ્રેમ સાહેબની જગ્યા ગોંડલ પાસેના કોટડા સાંગાણી ગામે આવેલી છે.
- સૌરાષ્ટ્રમાં 'ઉગાપંથ'ની સ્થાપના કરનાર 'ઉગારામ' પણ મૂળ રવિ-ભાણ સંપ્રદાયના અનુયાયી હતા, જેમની મૂળ જગ્યા ગોંડલ તાલુકાના બાંદરા ગામે આવેલી છે.
- ઉગારામના શિષ્ય લાભુદાસ ગોંડલમાં જગ્યાનું સ્થાપન કરે છે. દેવજીરામ જેતપુર તાલુકાના ભેડા-પીપળીયા ગામે જગ્યા બાંધે છે.

રવિ-ભાણ પરંપરાની ઉપર નિદર્શિત જગ્યાઓ ક્ષમતા પ્રમાણે સમાજસેવાનાં કાર્યો કરી રહી છે.

**દૂધઈ વડવાળાની જગ્યાઓ**

દૂધરેજ વડવાળા ધામમાંથી પ્રગટેલી 'રવિ-ભાણ' પછીની બીજી મહત્ત્વની પરંપરા તે 'દૂધઈ વડવાળા'ની પરંપરા, જે મહાપંથને કેન્દ્રમાં રાખીને રબારી અને માલધારીઓની પાટ ઉપાસનાનાં કેન્દ્રરૂપે વિકાસ સાધે છે. દૂધઈ વડવાળા દેવ તરીકે ઓળખાતી જગ્યાના સ્થાપક, દૂધરેજ વડવાળા ધામમાં આઠમા ગાદીપતિ ઓધવદાસજી હતા. 'વસતી ચેતવવા' અર્થે ગામડે-ગામડે પરિભ્રમણ કરતા, ઓધવદાસ પોતાની સાથે ઈ.સ. ૧૮૮૭માં મૂળી પાસેના દૂધઈ ગામે આવે છે. અહીં નાની એવી પર્ણકૂટીમાં અન્નદાન અને ગૌસેવાનો પ્રારંભ કરી જગ્યાની સ્થાપના કરે છે. ઉત્તરાધિકારી તરીકે પોતાના શિષ્ય મેઘસ્વામીને જગ્યાનું સુકાન સોંપી પોતે દૂધરેજ જઈ ગાદી સંભાળે છે. મેઘસ્વામીએ દુષ્કાળગ્રસ્ત સ્થિતિમાં ઊભી થયેલી પાણીની તંગીને પહોંચી વળવા માટે શિષ્ય-સમુદાય સાથે શ્રમયજ્ઞ કરી દૂધઈ ગામની ઉત્તર દિશામાં તળાવ અને બ્રહ્માણી નદીના કિનારે કૂવો ગળાવ્યો. આજે આ તળાવ મેઘ તળાવડી તરીકે ઓળખાય છે. દૂધઈની આ જગ્યાની ગુરુગાદી ઉત્તરોત્તર સેવાદાસજી, ભગવાનદાસજી અને લક્ષ્મીદાસજીએ સંભાળી હતી. લક્ષ્મીદાસજીએ પોતાના કાર્યકાળ ઈ.સ. ૧૯૫૬ દરમિયાન, સ્થાપત્યવિદ છગનલાલ સોમપુરાના માર્ગદર્શન હેઠળ, આ જગ્યાના પરિસરમાં ત્રણ શિખરવાળું, ૫૬ ફૂટ ઊંચું, કોતરણીયુક્ત મંદિર બંધાવે છે. મહંત શ્રી લક્ષ્મીદાસ પછી તેમના શિષ્ય શ્રી રામબાલકદાસજીએ આ જગ્યાની ગાદી સંભાળી હતી. હાલ વર્તમાન સમયમાં પુરાનદાસજી આ જગ્યાનો વહીવટ સંભાળી રહ્યા છે.

ભારતીય સંતપરંપરાની આગવી વિશેષતા એ રહી છે કે તેની ક્યારેય કોઈ સીમા ભેદે કે સંપ્રદાય ભેદે અવરોધાઈ નથી. બલ્કે જ્યારે જરૂર જણાઈ ત્યારે સાંપ્રદાયિક રૂઢિચુસ્તતાને તોડી 'सहनाववतु सह नौ भुनक्तु सहवीर्यं करवावहे'ના મંત્રને આત્મસાત્ જ નહીં પણ સાર્થક કરી પોતાની જ્યોતને વધારે પ્રદીપ્ત બનાવી છે. સૌરાષ્ટ્રમાં આવેલ દૂધરેજ વડવાળાધામ અને ગોંડલ વડવાળા ધામની જગ્યાઓ આ બાબતની સાખ પૂરે છે.

**વડવાળાધામ - ગોંડલ**

ગોંડલ વડવાળાની જગ્યાના સ્થાપક જીવણદાસ લોહલંગરી મૂળ રામાનુજાચાર્ય પ્રવર્તિત શ્રી સંપ્રદાયના અનુયાયી હતા. છેક મરવાડથી ધર્મ-ઉપદેશાર્થે ફરતાં ફરતાં સંવત ૧૬૨૫માં સૌરાષ્ટ્રના ગોંડલ સ્ટેટમાં આવી ગોંડલી નદીને કાંઠે જગ્યા બાંધે છે. સમન્વયવાદી વિચારધારા ધરાવનાર આ સંતનું ક્રાંતિકારી કાર્ય તો એ હતું કે તત્કાલીન વકરેલી સાંપ્રદાયિક રૂઢિચુસ્તતાને તોડવા દૂધરેજ જઈ અરસ-પરસ એકત્વ સાધવા, સાંપ્રદાયિક વિધિ-વિધાનોની આપ લે કરે છે. દૂધરેજ, જે મૂળ દશનામી શંકરાચાર્યની શૈવ પરંપરા અને ગોંડલ લોહલંગરી મૂળ રામાનુજાચાર્યની વૈષ્ણવી પરંપરા, આ વૈષ્ણવી પરંપરા 'શિવ'નું નામ પણ ન બોલી શકે એવા સાંપ્રદાયિક રૂઢિચુસ્ત સમયમાં આ બન્ને પરંપરા તોડી, બન્ને જગ્યાએ, પ્રકૃતિના તત્ત્વ વટવૃક્ષને માધ્યમ બનાવી, સ્મૃતિચિહ્નોની આપલે કરી સાંપ્રદાયિક એકત્વ સાધ્યું. આજે આ બન્ને જગ્યાઓ 'વડવાળા ધામ' તરીકે ઓળખાય છે. વડવાળા ધામ તરીકે ઓળખાતી ગોંડલની આ જગ્યામાં, વટવૃક્ષ નીચે વીતી ગયેલા કાળનો હિસાબ આપતી મહાત્મા લોહલંગરીની સમાધિ ભાવિકો માટે તીર્થસ્થાનરૂપ છે. જીવણદાસ લોહલંગરી પછી જગ્યાની ગાદીને

ઉત્તરોત્તરે ધનબાઈમા, કલ્યાણદાસજી, રામદાસજી, રચનાદાસજી અને ભાણદાસજીએ સંભાળી હતી. હાલ બાલકદાસજી પછી તેમના પુત્ર જમનાદાસજી ગાદી શોભાવી રહ્યા છે. જગ્યામાં છેલ્લાં ૪૦ વર્ષથી નિયમિત ભૂખ્યાને ભોજન આપવામાં આવે છે.

મહાત્મા લોહલંગરીજીએ રોપેલ આ વટવૃક્ષમાંથી સંત મૂળદાસ (સંવત ૧૭૬૮ જગ્યા-અમરેલી) મહાત્મા નથુરામજી (જગ્યા ચલાલા પાસેના ખંભાળિયા ગામે), અટલ સ્વામી (જગ્યા-ભિયાળ), ભાવસ્વામી (જગ્યા-ધોલેરા) મૂલસ્વામી (જગ્યા-કુકરવાડા), દાસાપંથના સ્થાપક દાસારામ ઈ.સ. ૧૬૪૦ (જગ્યા બાલાગામ) જેવી શાખાઓ અને ઠારણ ભગત (જગ્યા-પાટણવાવ), કલ્યાણ ભગત અને ભાણા ભગત (જગ્યા-ઉપલેટા), દેવજી ભગત (જગ્યા બગડુ) જેવી પ્રશાખાઓ ફૂટતી ગઈ. જેણે તત્કાલીન સૌરાષ્ટ્રના આકરા તાપમાં તવાતા લોકસમુદાયને શીતળતા આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

**પાંચાળ પીરપરંપરાની જગ્યાઓ**

સૌરાષ્ટ્રને સંતસ્થાનકોથી સમૃદ્ધ બનાવવામાં અન્ય લોક સંતોની જેમ પાંચાળની સંતપરંપરાએ પણ મહત્ત્વનું યોગદાન પૂરું પાડ્યું છે.

**ગેબીનાથ જગ્યા - થાન**

આ પરંપરાના આદ્ય પુરુષ નાથપંથી ગેબીનાથના જીવન વિષયક આધારભૂત માહિતી મળતી નથી, પરંતુ દંતકથા મુજબ તેમનો જન્મ હોથલ પદમણીની કૂખે થયો હતો અને તેમના ગુરુ ગોરખનાથ હતા. ગુરુના આદેશ મુજબ ઈ.સ. ૧૬મી સદીમાં ગેબીનાથે સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ પાસે બ્રહ્મગુફામાં ધૂણી ધખાવી. પરિણામે આપા મેપા, આપા રતા, આપા જાદરા, આપા ગોરખ, આપા દાના, આપા વિસામણ, આપા ગીગા, મૂળી આઈ, ભોળી આઈ, રાણીમા-રૂડીમા, ભીમસ્વામી, સૂરો ભગત, ધરમશી ભગત ગાંગા ભગત, ઢાંગો ભગત, વણવીર ભગત જેવા અલખધણીનાં ઉપાસકો સૌરાષ્ટ્રની ભોમકાને સાંપડ્યાં. ગેબીનાથે જે ગુફામાં તપસ્યા કરેલી ત્યાં આજથી લગભગ ૭૦ વર્ષ પહેલાં કલકત્તાનિવાસી રામજી ભગતે ઓસરીઉતાર ત્રણ ઓરડા બંધાવી આપેલા. ગુફા ઉપરના ઓરડાના પ્રવેશદ્વારના આગલા ભાગમાં ગેબીનાથની મૂર્તિ મૂકવામાં આવેલ છે. સ્થાનકની બહાર આપા જાદરાના બૂંદશિષ્ય આપા ગોરખાએ પધરાવેલ હનુમાનજીની મૂર્તિ છે. સ્થાનકનો ટેલિયો આજુબાજુનાં ગામડાંઓમાં ફરી સદાવ્રત ઉઘરાવી સદાવ્રત ચલાવે છે.

પાંચાળમાં ભક્તિનાં બીજ રોપનાર ગેબીનાથના મુખ્ય બે શિષ્યો થયા. એક થાનગઢના રહીશ કુંભાર ભગત આપા મેપા અને બીજા મોલડી ગામના કાઠી ભગત આપા રતા. આપા મેપાએ આપા રતાના જમાઈ જાદરાનું લલાટ વાંચી લીધું અને બન્ને ભક્તોએ સાથે મળી આપા જાદરાને સીધ્યો. આપા જાદરાના પુત્ર થયા આપા ગોરખા. તે પણ પિતાના પગલે સંસારનો અંચળો ઉતારી ગેબનો રસ્તો સ્વીકારે છે.

**મોલડી - આપા રતાની જગ્યા**

આપા રતાની જગ્યા મોલડી ગામની ધારે આવેલી છે. જગ્યામાં આપા રતાએ સ્થાપેલ બાવન વીર હનુમાનજીની પૂજા થાય છે. બાવન વીરની પૂજા થતી હોય તેવી સૌરાષ્ટ્રમાં આ એક માત્ર જગ્યા છે. જગ્યામાં રામજી મંદિર, શંકરનાં દેરાં અને આપા રતાનું સમાધિસ્થાન અને અન્ય મહંતોની સમાધિદેરીઓ પણ છે. વર્તમાન મહંત દિનકરદાસજી જગ્યાની ૩૦૦ વીઘા જમીન, ગૌશાળા, અન્નક્ષેત્ર અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ સંભાળી ચલાવી રહ્યા છે. જગ્યામાં દર વર્ષે રતાની તિથિ-ભાદરવા સુદ સાતમનો મેળો અને હનુમાનજયંતી ઊજવવામાં આવે છે. આપા મેપા, આપા જાદરા અને આપા ગોરખાની જગ્યાઓ થાનમાં આવેલી છે. પાંચાળની સંતપરંપરામાં આપા મેપા, આપા રતા, આપા જાદરા અને આપા ગોરખા પછી, સૌરાષ્ટ્રના

આભને ટેકો આપનારા મુખ્ય સંતો આપા દાના અને આપા વિસામણનો બળુકી રીતે આવિર્ભાવ થાય છે.

**ચલાલા :- આપા દાનાની જગ્યા**

જેની કૃપાથી અમરેલી પરગણાનું ચલાલા ગામ તીર્થધામ બન્યું છે તે આપા દાનાનો જન્મ ઈ.સ. ૧૭૨૮માં આણંદપુર-બાડલા (તા. જસદણ, જિ. રાજકોટ) ગામના ગામધણી પિતા કાળા ખાચર અને માતા માલુબાઈને ત્યાં થયો હતો. વીસ વર્ષની યુવાનીમાં આપા દાનાએ સંસારનો ત્યાગ કરી, આપા જાદરાની કંઠી બાંધી, ગુરુમંત્ર અને ગુરુઆજ્ઞા લઈ ઈ.સ. ૧૭૬૮માં ગરમલી ગામે આવ્યો. અહીં ૧૮ વર્ષ સુધી ગૌસેવા અને સદાવ્રત ચલાવ્યું. સંજોગોવશાત્ ઈ.સ. ૧૭૮૬માં ગરમલી ગામ છોડી બોડકા ગામે આવ્યા. અહીં પણ વધારે સમય ન વિતાવતાં અહીંથી આજ વર્ષમાં અંતે ભોકાવાળાના આગ્રહે ચલાલા આવ્યા, જ્યાં ધરમની ધજારૂપી ૩૬ વર્ષ સુધી ગૌસેવા અને ગોળ-ચોખાનું સદાવ્રત ચલાવ્યું. અહીં ચોરાણું વર્ષના દીર્ઘાયુ બાદ નાના ભાઈ નાથાભાઈના પુત્ર જીવણ ભગતને પાસે બોલાવી જગ્યાનું સુકાન સોંપી અને સૂરજદેવની સાક્ષીએ ભક્તજનોની ઉપસ્થિતિમાં તા. ૧૯-૧-૧૮૨૨, પોષ સુદ એકાદશી અને શનિવારના રોજ યૌગિક ક્રિયાથી પોતાની જીવનલીલા સંકેલી. આપા જીવણ ભગતે ઈ.સ. ૧૮૨૩માં આપા દાનાના સમાધિ સ્થળે મંદિર બંધાવ્યું. જીવણ ભગત પછી આ જગ્યાના મહંતપદે અનુક્રમે દેવા ભગત, ઉનડ બાપુ, દાદા બાપુ, ભાણ બાપુ, મંગળુ બાપુ અને વલકુ બાપુ છે.

ઉનડ બાપુએ ઈ.સ. ૧૮૭૮માં પાલિતાણાના ઠાકોર સુરસિંહજીની સહાયથી મંદિરને ચાંદીના કમાડથી સુશોભિત બનાવ્યું, તો વર્તમાન મહંત શ્રી વલકુ બાપુએ જગ્યાના પાયાના આદર્શો અકબંધ રાખી અન્નક્ષેત્ર, ગૌશાળા, અતિથિગૃહ, પશુસંવર્ધન અને વૈદકીય સહાય જેવી પ્રવૃત્તિઓ શરૂ કરેલ છે. આ ઉપરાંત દાનેવ ગુરુકુળ નામે શૈક્ષણિક સંસ્થા અને 'દાનેવદર્શન' નામનું માસિક પણ ચાલુ કરાવ્યું. વ્યસનમુક્તિ, કુરિવાજો, વહેમ અને અંધશ્રદ્ધા નાબૂદ કરવા દાનેવ ભક્તિમાર્ગ નામના સંગઠનની પણ સ્થાપના કરી.

**ચલાલા : મૂળી આઈની જગ્યા**

અનુયાયીઓમાં ઈશ્વરના અંશાવતાર ગણાતા આપા દાનાના ત્રણ પ્રતાપી વીર શિષ્યો થયા. મૂળી આઈ, ભોળી આઈ અને આપા ગીગા. મૂળી આઈએ ચલાલામાં જ આપા દાનાના સાંનિધ્યમાં ઝૂંપડી બાંધી ગૌસેવા અને સદાવ્રત ચલાવ્યું. જગ્યામાં જલારામ, રામપંચાયત અને રામદેવપીર, મૂળી આઈનું સમાધિસ્થાન છે. પ્રાર્થનાખંડ અને વિશ્રાંતિગૃહમાં દર ગુરુવારે ભજન-કીર્તન થાય છે. કુદરતી આપત્તિઓના કપરા કાળમાં અન્નક્ષેત્રો-સદાવ્રત અને છાશકેન્દ્રો ચલાવાય છે. આ જગ્યામાં સીવણ, કમ્પ્યૂટર શિક્ષણના વર્ગો વિના મૂલ્યે ચલાવવામાં આવે છે. આ મૂળી આઈના પ્રતાપી શિષ્ય થયા કુંડલાના લાખો ભગત, જે કુંડલામાં સેવાકીય પ્રવૃત્તિઓ કરી અલખનો નાદ જગાવે છે.

**માચિયાળા : ભોળી આઈની જગ્યા**

આપા દાનાના બીજા શિષ્ય ને ભોળી આઈ, જેમનો જન્મ ઈ.સ. ૧૭૦૬માં અમરેલી જિલ્લાના માચિયાળા ગામે મેઘવાળા કુટુંબમાં થયો હતો. ભોળી આઈએ ભલગામના સાધુજીવ મૂળાભાઈ સાથે સંસાર માંડ્યો. આ કુટુંબમાં એક વર્ષ પછી દીકરી રાજીનો જન્મ થયો, પણ બાળપણથી ભક્તિ રંગે રંગાયેલા ભોળી આઈનું મન સંસારમાં ન લાગ્યું. ગુરુ આજ્ઞા લઈ માચિયાળા જઈ સેવા-ધરમની ઝૂંપડી બાંધી, મજૂરી કરીને સદાવ્રત ચલાવ્યું. આયખું વનપ્રવેશ કરે તે પહેલાં પોતાનું જીવનકાર્ય પૂર્ણ થયેલું સમજી ઈ.સ. ૧૭૫૬માં ભોળી આઈએ જીવતાં સમાધિ લીધી. માચિયાળામાં ઢબી નદીના કિનારે ભીમનાથ મહાદેવના સાંનિધ્યમાં ભોળી આઈની જગ્યા આવેલી છે. આ જગ્યામાં હનુમાનજી તથા રામદેવપીરનાં મિશ્ર અને મહંતોનાં સમાધિ સ્થાનક છે. વર્તમાન સમયમાં વિવિધ ઉત્સવો, ભજન-કીર્તનો નિયમિત થાય છે.

**સતાધાર : આપા ગીગાની જગ્યા**

આપા દાનાના સૌથી પ્રતાપી શિષ્ય તે સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ સતાધારની જગ્યાના સ્થાપક આપા ગીગા રાત-દિવસ ગૌસેવામાં રત રહે છે. એક સમયે યુવાન ગીગાનું વિત્ત પારખી આપા દાના તેની પીઠ પર પીરાઈ પંજો મારી સાથે સાથે ગીગાને જગ્યાની કુલ (૨૧૬) બસ્સો સોળ ગાયોમાંથી અડધા ભાગે (૧૦૮) એકસો આઠ ગાયો આપી જ્યાં લોબાનની સુગંધ આવે ત્યાં ઝૂંપડી બાંધવાની સાન આપે છે. અનેક ચમત્કારો અને સંકટોમાંથી પસાર થઈ આપા ગીગા ગિરના નાકે જગ્યા બાંધે છે. આપા ગીગાનો જન્મ ઈ.સ. ૧૭૭૭માં ગધઈ જ્ઞાતિમાં થયો હતો. પિતાનું નામ અલીભાઈ અને માતાનું નામ સુરઈ (લખી) હતું. સુરઈ પોતાના સગાને ત્યાં ચલાળા જવા નીકળી ત્યારે રસ્તામાં શાપુર ગામે પુત્રનો જન્મ થયો. મા-દીકરો ચલાળે આવ્યાં પણ સગાએ આશરો પણ આપ્યો નહીં. એટલે આપા દાનાની જગ્યામાં આશરો લઈ અને મા-દીકરાએ આપા દાનાનું શરણું લીધું. આ આપા ગીગા વિસાવદરથી સાત કિલોમીટર દૂર, ગુરુએ આપેલાં જ્ઞાન મળતાં ઈ.સ. ૧૮૦૯માં સતાધારની જગ્યાનું ડીંટ બાંધે છે. જીવનની દરેક પળ અભ્યાગતોને આશરો, ભૂખ્યાને ભોજન અને ગૌસેવામાં વિતાવી આપા ગીગા પોતાનું ઉત્તરદાયિત્વ કરમણ ભગતને સોંપી ઈ.સ. ૧૮૭૦માં સમાધિ લે છે. કરમણ ભગત પછી સતાધારની જગ્યાના મહંતપદે ઉત્તરોત્તર રામ બાપુ, જાદવ બાપુ, હરિ બાપુ, હરજીવન બાપુ, લક્ષ્મણ બાપુ અને શામજી બાપુ. જીવરાજ બાપુ, હાલ વિજય બાપુ સંભાળે છે.

શામજી બાપુને આપા ગીગાએ પ્રબોધેલ સદાવ્રત અભ્યાગતોને આશરો, ગૌસેવા અને માનવસેવાને નવું પરિણામ આપવા એક સાથે ત્રણ હજારથી વધારે લોકોની રસોઈ થઈ શકે તેવું રસોડું, ત્રણેક હજાર લોકો આરામથી રહી શકે તેવું અતિથિગૃહ અને બાજરિયા નેસ પાસે વિશાળ ગૌશાળા બંધાવેલ છે. અહીં આંબાઝર નદીને કાંઠે સ્નાનઘાટ, બગીચો અને કુંડ બંધાવેલ છે. પાંચ વર્ષની નાની ઉંમરે જ પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર શામજી બાપુ અને સતાધાર એક બીજાના પર્યાય બની ગયેલ, લાગલગાટ ૩૧ વર્ષ સુધી મહંતપદ સંભાળી પોતાની હયાતીમાં જ જીવરાજ બાપુને તિલક કરી ઈ.સ. ૧૯૮૩માં ૭૮ વર્ષની વયે સ્વધામ સિધાવ્યા. જીવરાજબાપુએ તા. ૧૩-૪-૦૬ને ગુરુવારના રોજ ગુરુના પગલે-પગલે વિજય ભગતની લઘુ મહંત તરીકેની ચાદર અને તિલકવિધિ કરી જગ્યાનું સુકાન સોંપેલ છે. સતાધારના સ્થાનકમાં હનુમાનજી તથા શંકરનાં મંદિરો છે. તમામ મહંતોના સમાધિમંદિરો પણ છે. સૌરાષ્ટ્રના ગધઈ સમાજ દ્વારા દર અષાઢી બીજે જગ્યામાં ધજા ચડાવવામાં આવે છે. શિવરાત, અષાઢી બીજ, ભાદરવી અમાસ, કાર્તિકી પૂનમ, દિવાળી અને આખો શ્રાવણમાસ અહીં લોકોત્સવો થાય છે. લોકસમુદાય સ્વૈચ્છિક રીતે જ સેવા કાર્યમાં જોડાય છે.

**પાળિયાદ : આપા વિસામણની જગ્યા**

સૌરાષ્ટ્રમાં પ્રાણિત સંતસ્થાનકોના પ્રાદુર્ભાવમાં જેણે મહત્ત્વનું યોગદાન પૂરું પાડ્યું છે, તે છે પાંચાળની સંતપરંપરા. આ પરંપરાની જગ્યાઓમાં ભાવનગર જિલ્લાના પાળિયાદ ગામે આવેલી આપા વિસામણની જગ્યા ઉલ્લેખનીય છે. આપા આ વિસામણનો જન્મ પાળિયાદ ગામે ખુમાણ શાખાના પાતામન અને આઈ રાણબાઈમાને ત્યાં વિ.સં. ૧૮૨૫ના મહા માસની વસંત પંચમીના દિવસે (તા. ૧૩-૦૨-૧૭૬૯, સોમવાર) થયો હતો. આપા વિસામણની યુવાની જમઝાળ, ફરતા સારાયે પંથકમાં એમના નામની ફે ફાટે, પરંતુ એક દિવસ આપા જાદરાના બૂંદ શિષ્ય, આપા ગોરખાનો સંસ્પર્શ થતાં આપા વિસામણની ભીતર અધોગામી ઊર્જાનાં વહેણ બદલાઈ જાય છે. તે પૂર્વાશ્રમના કાળઝાળ કાઠી શાંત હૃદયના સંત બને છે. ગુરુઆજ્ઞાએ પત્ની ધનબાઈ સાથે પાળિયાદ ગામમાં જ ઝૂંપડી બાંધી ગાયોની સેવા અને ઘી-ગોળ-ચોખાનું સદાવ્રત ચાલુ કરે છે. ધીમે ધીમે આપા વિસામણની કર્મ, જ્ઞાનમય ભક્તિની દીપશીખા ચડતી જાય છે અને સમાજમાં પોતાના પૂર્વસૂરિ આપા જાદરા, આપા ગોરખ, આપા દાનાની જેમ જાગતા પીર તરીકેની પદવી પ્રાપ્ત કરે છે, ને આપા વિસામણ રામદેવપીરના અવતાર તરીકે પૂજાવા લાગે છે. જીવનના અંતિમ શ્વાસ સુધી દીન-દુ:ખિયાની સેવા કરનાર આ સંત પુરુષે લક્ષ્મણજી મહારાજ(સરવા ગામના હાદા બોરિયાના પુત્ર)ને ગાદી સોંપી, તા.

૨૮-૧૦-૧૮૩૦ ભાદરવા સુદ અગિયારસ ને ગુરુવારના રોજ પોતાના ધૂણા સામે શિષ્ય સમુદાય સાથે ભજન ભાવ બોલીને જીવનલીલા સંકેલી લીધી.

બાળપણથી જ માતાની છત્રછાયા ગુમાવી આપા વિસામણની છત્રછાયામાં ઊછરેલ લક્ષ્મણ બાપુ પણ પ્રતાપી સંત હતા. તેમણે આપા વિસામણના સમયમાં મુર્શિદાબાદથી દર્શનાર્થે આવેલ બાબુમલ શેઠ અને પાળિયાદના કાઠી દરબારોની સહાયથી જગ્યામાં વિશાળ મંદિર બંધાવ્યું, જેમાં રામ-લક્ષ્મણ-જાનકી વાસુકીદેવ તથા સૂર્યનારાયણની મૂર્તિ અને ધૂણા પાસે હનુમાનજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. આ જગ્યાને ભાવનગર પરગણાનું તીર્થધામ બનાવવાનું શ્રેય લક્ષ્મણ બાપુને ફાળે જાય છે. લક્ષ્મણ બાપુ પછી આ જગ્યાના ગાદીસ્થાને તેમના પુત્ર મોટા ઉનડબાપુ આવે છે. સૌરાષ્ટ્રમાં પડેલા છપ્પનિયા દુષ્કાળના કપરા કાળમાં ગાયોના સંરક્ષણ સાથે આ સંત પુરુષે, 'છે કોઈ અન્નનો ક્ષુધાર્થી' જેવી હાકલ મારીને ભૂખ્યાને ભોજન કરાવ્યાં હતાં.

મોટા ઉનડબાપુ પછી પુત્ર દાદ બાપુ અને પુત્ર નાના ઉનડબાપુ પાળિયાદની ગાદીએ આવે છે. નાના ઉનડબાપુ ભાગવત અને રામાયણના સારા જ્ઞાતા અને વક્તા હતા. આ મહંતે જગ્યામાં ગૌશાળા અતિથિગૃહ, અશ્વશાળા, સભામંડપ, અનાજના કોઠારો વગેરે બાંધકામો અને સામાજિક ઉત્કર્ષના ભાગરૂપે ભક્ત સમુદાયને દારૂ, જુગાર, માંસ અને વ્યભિચાર ન કરવા જેવી પ્રતિજ્ઞાઓ લેવડાવી જગ્યાના આંતર-બાહ્ય કલેવરને બદલી નાખ્યું છે. ગુરુપરંપરાનું ઋણ ચૂકવવા આ જગ્યાએ વિશાળ હનુમાનજીનું મંદિર તેઓ બંધાવી આપે છે. નાના ઉનડબાપુનું અવસાન થતાં અમરા બાપુ ગાદી સંભાળે છે. જગ્યાની વર્તમાન સમયની તાસીર મુજબ તેમણે જગ્યામાં ગૌશાળા, અન્નક્ષેત્ર, તબીબી સેવાઓ, વસ્ત્રદાન, તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય, કુદરતી આફતોમાં લોકસેવા વગેરે સેવાકીય પ્રવૃત્તિઓની ધજા ફરકાવેલી છે. આ ભગીરથ કાર્યમાં અમરા બાપુનું અવસાન થતાં હાલમાં ઉમાબા પોતાની સેવાઓ આપી રહ્યા છે.

આપા વિસામણના સમર્થ શિષ્યોમાં મુખ્ય ત્રણ ગણાવી શકાય.

(૧) ગોરૈયા ગામના રબારી સૂરો ભગત.

(૨) મૂળ જસદણના અને પાછળથી બોટાદ આવીને વસેલા મૂળિયા શાખાના ઘાંચી વોરા ભીમ ભગત-ભીમસ્વામી, જેણે ગુરુ આજ્ઞાએ ધંધુકા પાસેના ખસ ગામે જગ્યા બાંધી, આ ભીમ સ્વામીએ પાળિયાદની જગ્યામાં જીવતા સમાધિ લીધી હતી.

(૩) રામપરા ગામના કોળી ધરમશી ભગત. એમની જગ્યા અને સમાધિ આજે રામપરા ગામમાં મોજૂદ છે.

* * *

સૌરાષ્ટ્રમાં ગિરનાર એ આદિકાળથી જોગી, જતિ અને સિદ્ધોનું સાધનાક્ષેત્ર રહ્યું છે. આ સિદ્ધોના પુણ્ય પ્રતાપે સૌરાષ્ટ્રને લોકધરમની ધજા ફરકાવનાર દેવીદાસ, નારણદાસ, ભોજા ભગત, ગંગા સતી, વાલમરામ અને જલારામ જેવા સંત પુરુષો સાંપડે છે, જેમણે પોતાના ગુરુના આદેશ પ્રમાણે જે તે સ્થળ શહેર-ગામ પસંદ કરી જગ્યાઓ બાંધી. આવી દેહાણ્ય જગ્યાઓમાં સત દેવીદાસે સ્થાપેલ પરબની જગ્યા, ખાખી જાળિયા ગામે આવેલ નારણદાસની જગ્યા, ફતેહપુર ભોજા ભગતની જગ્યા, સમઢિયાળા ગંગા સતીની જગ્યા, વાલમરામની જગ્યા ગારિયાધાર, જલારામની જગ્યા વીરપુર વગેરે નોંધપાત્ર છે.

**પરબની જગ્યા**

મારા અંતર પડદા કોરે ધર્યા
મારા માર્યા છે કામ ને કરોધ
સામૈયા કરો સંતના... અમરમા...[૩]

ગિરનારથી પૂર્વ દિશામાં ભેંસાણ ગામથી ૫ કી.મી. દૂર આવેલ 'પરબની જગ્યા' વિષે શ્રી ઝવેરચંદ મેઘાણી (આ જગ્યાના તત્કાલીન મહંત શ્રી ગંગાબાઈની મુલાકાત લઈને) પોતાના પુસ્તક 'પુરાતન જ્યોત'ની પ્રસ્તાવનામાં લખે છે ''મૂળ આંહી સરભંગ ઋષિનો આશ્રમ. ઋષિ કોઢિયા હતા. રામાવતાર સુધી વાટ જોવાની હતી. પછીના કાળમાં આ થાનકનો અહાલેક-શબ્દ હતો : 'સંત સરભંગ ! લોહી માંસકા એક રંગ !'', પછી આ પડતર થાનકને ચેતાવ્યું કચ્છી ડાડા મેકરણે, એના વખતમાં ઝોળી ફરતી. એના કાળમાં અમૂલાબાઈ નામનાં એક સાધ્વી સાથે જસા(રબારી)ને વોળદાન (કાઠી) આવ્યા. મક્કેમદીનેથી લાવેલી આંબલીનું એમણે દાતણ રોપ્યું. જગ્યાનું ડીંટ બંધાયુ દેવીદાસથી. દેવીદાસ રબારીના દીકરા. ગિરનારના થાનક રામનાથમાં જોગી જેરામભારથી રહેતા. નજીકમાં રબારીઓ નેસ નાખીને પડેલા. દેવીદાસ જન્મ્યા કહેવાય છે જેરામ ભારથી વરદાને કરી. પછી દેવીદાસ આ જગ્યાએ ટેલવો બન્યો. દેવીદાસ ગોબર ઉપાડતા, નારણદાસ ભંડાર કરતા. પરિપક્વકાળે ગુરુએ અરધો રોટલો નારણદાસને આપીને કહ્યું, ''જા ઉત્તર તરફ, ભૂખ્યાને દેજે, (આજ પણ એ ખાખીજાળિયાની જગ્યામાં આખો રોટલો નહીં, પણ બે ટુકડા કરીને જ પીરસાય છે.) આમ આ જગ્યાનું મંડાણ તો શરભંગ ઋષિથી થાય છે, પણ એનું વિધિવત્ ડીંટ બંધાય છે સત્‌દેવીદાસથી. દેવીદાસનો જન્મ સં. ૧૭૮૧ના ચૈત્ર માસની અજવાળી નોમ રામનવમીના શુભ દિવસે) મુંજયાસર ગામે વઢિયાર શાખાના પરમાર રબારી પિતા પૂજા ભગત અને માતા સાજણબાઈની કૂખે થયો હતો. નાની ઉંમરમાં જ ગિરનારની રામનાથ જગ્યાના સાધુ જેરામ ભારથી પાસે દીક્ષા લઈ ગુરુના આદેશ મુજબ ભેંસાણ પાસેના શરભંગઋષિના ધૂણા પાસે આવી ઝૂંપડી બાંધી ભૂખ્યાને ભોજન સાથે એ સમયે સત્‌દેવીદાસે સરાહનીય કાર્ય તો કર્યું કે જેને પોતાના ઘરના માણસો પણ સંઘરવા તૈયાર ન હતા તેવા રક્તપિત્તિયા, કોઢિયા અને દીનદુઃખિયાઓને પોતાની ઝૂંપડીમાં આશ્રય આપ્યો અને તેમની સેવા કરી. દેવીદાસના આવા અકલ્પનીય માનવસેવાના કાર્યથી પ્રભાવિત થઈને જ શોભાવડલા ગામના આહિરની દીકરી અમર પરણીને સાસરે જવાને બદલે સંસારનો અંચળો ઉતારી પરબના આ સંતના સેવાકાર્યમાં જોડાઈ જાય છે. સમયાંતરે ભેંસાણ પરગણાના રાજવી કાઠી આલા ખુમાણના દીકરા શાર્દૂલ ભગત પણ દેવીદાસ પાસે દીક્ષા લઈને આ સેવાકાર્યમાં જોડાઈ જાય છે.

ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, દીનદુઃખિયાની સેવા અને અનેક લોકોનાં જીવનપરિવર્તન કરી સત્‌દેવીદાસે અને શિષ્યા અમરમાએ ઈ.સ. ૧૮૦૦માં જીવતાં સમાધિ લીધી. દેવીદાસ પછી આ જગ્યાનો કારભાર શાર્દૂલ ભગત સંભાળે છે. તેમણે અહીંનાં સમાધિસ્થાનો ઉપર આરામગાહ (દરગાહ) બનાવી તેના ઉપર મંદિરનું નિર્માણ કર્યું. ધીમે ધીમે જગ્યાની સુવાસ ફેલાતાં ચરણદાસ, ગરીબદાસ, જીવણદાસ, લીરબાઈ, માંડણપીર, રૂડા ભગત, સાંઈસેલાણી, હુરાબાઈ, ખીમણબાઈ, ઊકરડાપીર, કરમણપીર, રામ ભગત અને માંગલબાઈ, રતનદાસ, ગવરીદાસ જેવા અનેક સત્ પુરુષો અને અમરમા, વેલો ભગત, રામૈયો, ગાંગેવ, શાર્દૂલ ભગત, માંડણ ભગત, જેસો ભગત જેવા શાર્દૂલ ભગતની સાથે નિષ્કામ સેવા ભક્તિમાં સહભાગી બને છે. સંવત ૧૮૫૫માં પરબના ગાદીપતિ તરીકે ચરણદાસની નિમણૂક કરી શાર્દૂલ ભગતે સંવત ૧૮૭૬માં ગુરુના ચરણમાં રહેવાના ભાવ સાથે દેવીદાસ અને અમરમાના સમાધિસ્થળના ઉંબરા પાસે જીવતાં સમાધિ લીધી. ચરણદાસ પછી પરબની જગ્યાનો કારભાર ઉત્તરોત્તર કરમણ પીર, દાના બાવા, સેવાદાસજી, અમરી માતા, વેલા બાવા, વસમદાસજી, જલારામજી, માતા હીરબાઈ, ધ્યાનદાસજી, કાનદાસજી, ગંગા માતાજી, બાળકદાસ બાપુ, હરિદાસ બાપુ, રામકુ બાપુ, સેવાદાસ બાપુ વગેરે સંતોએ સંભાળ્યો હતો.

પરબની જગ્યાનો આંતર-બાહ્ય વિકાસ મહંત સેવાદાસ બાપુથી શરૂ થાય છે. તેમણે સંવત ૨૦૦૬માં પોતાના ગુરુ પ્રેમદાસની આજ્ઞાથી પાજોદની જગ્યા છોડી પરબની ગાદી સ્વીકારી. બુઝાતી જતી પરબની જ્યોતને ફરી પ્રજ્વલિત કરવા સંવત ૨૦૦૭માં સંતસંમેલન અને રામદેવપીરનો મંડપોત્સવ કર્યો. વિશાળ અતિથિગૃહો, ગૌશાળા અને ભોજનાલયો બંધાવ્યાં. મીઠાપુર, ચલાળા, માલણકા, મેખડી, તોરણિયા તેમજ

ઘેડ પંથકમાં પરબની પેટા શાખા ઊભી કરી. લોકહૃદયમાં એક સાચા સંતનું સ્થાન પ્રાપ્ત કરી ઈ.સ. ૧૯૮૩માં હાલના મહંત કરશનદાસ બાપુને પોતાના ઉત્તરાધિકારી તરીકે સ્થાપી, એકાએક ફાગણ વદ આઠમના રોજ સેવાદાસ બાપુ પોતાની જીવનલીલા સંકેલી લે છે. વર્તમાન મહંત કરશનદાસબાપુ સમાધિસ્થાનો ઉપર વિશાળ શિખરબંધ મંદિરો બંધાવી રહ્યા છે. ગુજરાત અને ગુજરાતની બહાર પરબની પેટા શાખાઓ ખોલી રહ્યા છે. આજે આવી (પરબની ઝૂંપડી) તરીકે ઓળખાતી નાની મોટી શાખાઓનો આંક એકસો પચાસ સુધી પહોંચાડવામાં આવ્યો છે. આજે તો પરબની દરેક જગ્યાએ અન્નદાનનો મહિમા છે. ધીમે ધીમે આ તમામ શાખાઓમાં મહાપંથી પાટ-ઉપાસના, રામદેવપીર મંડપ અને પાટ-ઉપાસનારૂપે કેન્દ્રમાં રહ્યા છે. પરબની આ પરંપરામાં જીવણદાસે મોઢવાળા ગામે, સંત લીરબાઈએ કંડોરણા ગામે અને ગૌરીદાસે લીલિયા તાલુકાના ખારા ગામે પરબની ઝૂંપડીઓ બાંધી. આ ઝૂંપડીઓમાં લોકસેવાનાં કાર્યો આજે પણ અવિરતપણે થઈ રહ્યાં છે.

**ફતેહપુર : ભોજા ભગતની જગ્યા**

દુનિયા ભરમાવા ભોળી રે, ચાલ્યો બાવો ભભૂતિ ચોળી રે.
દોરા ધાગાને ચિઠ્ઠી કરે, બાવો આવે ગુણકારી ગોળી રે... ભોજા ભગત[૪]

ભોજા ભગતનો જન્મ ઈ.સ. ૧૭૮૫માં જેતપુર તાલુકાના દેવકીગાલોલ ગામે, સાવલિયા શાખના સામાન્ય ખેડૂત, પિતા કરસનદાસ અને માતા ગંગાબાઈને ત્યાં થયો હતો. બાળપણમાં જ ગિરનારી યોગી રામેતવન પાસેથી દીક્ષા લઈ, ભોજા ભગત તત્કાલીન રાજકીય સામાજિક અંધાધૂંધ પરિસ્થિતિને કારણે, પચ્ચીસ વર્ષની ઉંમરે પોતાના કુટુંબ સાથે દેવકીગાલોલ ગામ છોડી અમરેલી જિલ્લાના ચક્કરગઢ ગામે વસવાટ કરે છે. તત્કાલીન સમાજમાં પ્રવર્તતા દંભ, પાખંડ, વહેમ અને અંધશ્રદ્ધાને તોડવા, ભોજા ભગત સંસારનો ત્યાગ કરી, ચક્કરગઢ ગામથી એક માઈલ દૂર ઠેલી નદીના કિનારે લોક માન્યતા પ્રમાણે, ભૂતપ્રેતના વસવાટાવાળા, શાપિત, ઉજ્જડ ટીંબા ઉપર ધરમની ધજા રોપી જગ્યા બાંધે છે. ભોજા ભગતની નિષ્કામ સેવા-ભક્તિ, સંતત્વ અને સર્જકચેતનાથી પ્રભાવિત થઈ, અમરેલીના દીવાન વિઠ્ઠલરાવ, ભોજા ભગતનાં પદોની હસ્તપ્રત તૈયાર કરનાર વિદ્વાન જીવણરામ, ગારિયાધારમાં જગ્યા બાંધી, અન્નક્ષેત્ર ચાલુ કરનાર સંત વાલમરામ અને 'જલા સો અલ્લા'ના સૂત્રથી પંકાયેલ જલારામ જેવા એકાધિક વ્યક્તિઓ ભોજા ભગત પાસે દીક્ષા લઈ શિષ્ય બને છે.

ભોજા ભગત પોતાનો અંતકાળ નજીક આવતાં ફતેહપુર જગ્યાનો કારભાર પોતાના ભાઈ જસા ભગતના પુત્ર અરજણને સોંપી પોતે પોતાના શિષ્ય જલારામને આપેલ વચન પ્રમાણે વીરપુર આવી ઈ.સ. ૧૮૫૦માં પોતાની જીવનલીલા સંકેલી લે છે. વીરપુરની જગ્યામાં આજે ભોજા ભગતની ફૂલસમાધિ ઉપર પધરાવેલ ચરણપાદુકાની મંગલકારી દેરી ઊભી છે. ભોજા ભગતે સ્થાપેલી જગ્યા ફતેહપુરના ગાદીપતિ વર્તમાન સમયમાં શાંતિદાસ બાપુ સંભાળી રહ્યા છે.

**વીરપુર : જલારામની જગ્યા**

ભોજા ભગતનું શિષ્ય મંડળ તો બહોળું હતું, પરંતુ બે શિષ્યોની કીર્તિ આજે ચોમેર ફેલાઈ રહી છે. એક વીરપુરના જલારામ અને બીજા ગારિયાધારના વાલમરામ. વાલમરામે અમરેલી પાસેના ગારિયાધારમાં જગ્યા બાંધી તો જલારામે ગોંડલ પાસેના વીરપુરમાં જગ્યા બાંધી, 'ટુકડો ત્યાં હરિ ઢૂકડો'નો મંત્ર આપી ભારત અને ભારતની બહાર જેણે અન્નદાનનો અહાલેક જગાડ્યો. જલારામનો જન્મ તા. ૪-૧૧-૧૭૯૯ના રોજ રાજકોટ જિલ્લાના વીરપુર ગામે લોહાણા પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ પ્રધાન ઠક્કર અને એ માતાનું નામ રાજબાઈ હતું. બાળપણથી જ સાધુ-સંતો અને ભક્તિના રંગે રંગાયેલો પોતાનો આ પુત્ર, ક્યાંક સાધુ ન બની જાય એ બીકથી માતા પિતા સોળ વર્ષની ઉંમરના જલારામનાં લગ્ન આટકોટના વતની પ્રાગજી સોમૈયાની પુત્રી વીરબાઈ સાથે કરી નાખે છે, પરંતુ ભક્ત જલારામનો જીવ સંસારમાં ન લાગતાં પત્ની

વીરબાઈને સં. ૧૮૭૨ના સામાજિક વ્યવહાર પ્રમાણે આણું વળાવી પોતે તીર્થ સ્થાનોની યાત્રા કરવા નીકળી પડે છે. દોઢેક વર્ષ સુધી ગોકુળ, મથુરા, અયોધ્યા, કાશી, રામેશ્વર, જગન્નાથ, બદ્રીનાથ, ગયાજી વગેરે સ્થળોએ પરિભ્રમણ કરી વતન પાછા ફરે છે, પરંતુ જીવને હજુ સાંત્વન મળતું નથી. તેથી ભોજા ભગત પાસેથી ૧૮ વર્ષની ઉંમરે દીક્ષા લે છે. જલારામ ગુરુઆજ્ઞાએ પત્નીને આટકોટથી તેડાવી, ફરી વીરપુર આવે છે અને પતિ-પત્ની સાથે મળી મજૂરી કરી ૪૦ મણ દાણા એકઠા કરી સંવત ૧૮૭૬માં સદાવ્રત ચાલુ કરે છે. ભક્ત જલારામની નિષ્કામ ભક્તિ અને સદાવ્રતથી પ્રભાવિત થઈને સંવત ૧૮૮૧માં વીરપુર ઠાકોર મૂળજી બીજા આ પ્રવૃત્તિને વેગ આપવા જલારામને બે સાંતીની જમીન, એક વાડી અને પોતાના રાજમાંથી દાણા માપ કરી આપે છે. સંવત ૧૯૩૪માં સૌરાષ્ટ્રમાં પડેલા કપરા દુષ્કાળમાં જલારામે ગોમટા, ગુંદાળા, ચરખડી વગેરે ગામોમાં અન્નક્ષેત્ર ચાલુ કરાવી હજારો લોકોને દુષ્કાળમાં કારમા સંકટમાંથી ઉગાર્યા હતા.

સંવત ૧૯૩૫માં પત્ની વીરબાઈનું અવસાન થવા કાળની લીલા પામી જનાર આ સંત જમનાબાઈના પુત્ર હરિરામને બોલાવી પોતાના મુખમાંથી પ્રસાદ કાઢી હરિરામના મુખમાં મૂકી, સાંકેતિકરૂપે ગાદી સુપ્રત કરે છે. સંવત ૧૯૩૭ની મહાવદી દશમને બુધવારે હરસની વ્યાધિ વધતાં, હરિભજન કરતાં કરતાં જલારામ દેહ ત્યજી પ્રભુપદને પામે છે. પોતાના ગુરુ અને પિતામહે પ્રગટાવેલ આ યજ્ઞને જલતો રાખવા હરિરામ સંવત ૧૯૩૭ના ફાગણ સુદિ સાતમને શુક્રવારે વિધિવત્ ગાદી સંભાળે છે અને આજ્ઞા પ્રમાણે જગ્યાનું નામ 'જલારામની ઝૂંપડી' રાખે છે. 'જલારામની ઝૂંપડી' તરીકે ઓળખાતી વીરપુરની આ જગ્યાએ આંતરિક સત્ત્વને જાળવી રાખ્યું છે. દાતાઓ તરફથી મળતા અઢળક દાનથી વૈભવશાળી મંદિરો ઊભા કરવાને બદલે પરંપરાને જાળવી રાખીને હજારો સાધુ સંતો અને આમ સમાજના ભોજન અર્થે વાપરવામાં આવે છે. ભોજનાલય તરફ જતાં ગુરુ ભોજલરામની સમાધિ આવેલી છે. આ એ જ ભોજનાલય છે કે જ્યાં માતા વીરબાઈમા પોતે રોટલા ઘડીને સૌ કોઈને જમાડતાં હતાં. આજે પણ આ જલારામની જગ્યામાં આવતા ગરીબ-તવંગરને એક પંક્તિમાં જ ભોજન આપવામાં આવે છે. ભોજનાલયની બાજુમાં જ જલારામે રોપેલ પીપળાનું વૃક્ષ છે અને સામેની બાજુ 'ધાનનો અખૂટ કોઠાર' છે. અહીં ગરીબો અને જરૂરિયાતમંદોને બાજરી, ઘઉં, ચોખા આપવામાં આવે છે.

આ જગ્યામાં ધ્રાંગધ્રા મહારાજા સાહેબે જગ્યાને અર્પણ કરેલી બળદથી ચાલે તેવી વિશાળ ઘંટી, જલારામ જે ઢોલિયા પર બેસતા તે ઢોલિયો, ગાદલું, તકિયો તેમજ સાધુ સ્વરૂપે આવેલા શ્રી હરિએ આપેલ ઝોળી અને ધોકો જાળવી, સાચવી રાખવામાં આવે છે.

**ગારિયાધાર : વાલમરામની જગ્યા**

ભોજા ભગતના બીજા શિષ્ય વાલમરામ ભગત હતા. તેમનો જન્મ સંવત ૧૮૮૪માં ગારિયાધાર ગામે કણબી કુળમાં લવાબાપા અને માતા જબાઈમાતાની કૂખે થયો હતો. નાની ઉંમરમાં ભોજા ભગત પાસે દીક્ષા લઈ વાલમરામ ગારિયાધારમાં સંવત ૧૯૦૫માં આશ્રમ બાંધે છે. સંવત ૧૯૧૮માં રામજીમંદિર અને ધર્મસ્તંભની પ્રતિષ્ઠા કરી ગુરુ આજ્ઞા મુજબ તરસ્યાને પાણી તે ભૂખ્યાને ભોજન સદાવ્રત ચાલુ કરે છે. વાલમરામ આજીવન બ્રહ્મચર્ય પાળે છે. પરિણામે ગારિયાદારની ગાદી પોતાની બહેન રાધાબાઈના પુત્ર જેઠારામદાસને સોંપી ૫૮ વર્ષની વયે ૧૯૪૨ના વૈશાખ સુદ પાંચમના રોજ જીવતાં સમાધિ લે છે. હાલમાં આ જગ્યાએ 'જ્યાં ટુકડો ત્યાં હરિ ઢૂકડો' એ ગુરુઆદેશ અને અન્નદાનની પરંપરાની જ્યોત અવિરતપણે પ્રગટી રહેલ છે.

* * *

સૌરાષ્ટ્રની આ દેહાણ્ય જગ્યાઓમાં, સૌરાષ્ટ્રમાં મહાપંથ, નિજારપંથ, ધૂનો ધરમ, મોટો ધરમ, મહા માર્ગ, બીજ માર્ગ તરીકે ઓળખાતી આ પરંપરાના કે પંથના આગવા વિશેષો એ રહ્યા છે કે સમયે-સમયે આ પંથપરંપરા સતત પરિવર્તિત થતી રહી છે. સૌરાષ્ટ્રમાં રામદેવપીરના આગમન બાદ રામેદવજી ની સુધારાવાદી

નીતિ, બિનસાંપ્રદાયિક સ્વીકારને કારણે સૌરાષ્ટ્રમાં પ્રવર્તમાન સંપ્રદાયમુક્ત જગ્યાઓએ રામદેવપીર પરંપરાનો પણ સ્વીકાર-અંગીકાર કર્યો. પરિણામ સ્વરૂપ પાંચાળની પીર-પરંપરાના આપા વિસામણે પાળિયાદમાં પોતાની જગ્યામાં રામજી મંદિર, હનુમાનજી મંદિરની સાથે રામદેવજીનું પણ સ્થાપન કર્યું અને લોકસમુદાયમાં પોતે પણ રામદેવપીરના અવતાર તરીકે પ્રસ્થાપિત થયા, ભારતમાં જેની નામના ફેલાયેલી છે, તે પ્રાચીન પરબની જગ્યામાં પણ રામદેવજી પ્રવર્તિત પંથ-પરંપરાનો સ્વીકાર કરી તેની સાથે પોતાની પૂર્વ પરંપરાનું સાયુજ્ય સાધી જ્યોત-ઉપાસના સાથે રામદેવપીરનું મંદિર સ્થાપ્યું.

આમ પાટ-ઉપાસના સાથે સૌરાષ્ટ્રની દેહાણ્ય જગ્યાઓમાં પણ રામદેવજી મહારાજનું સ્થાપન-પૂજન થતાં સમયાંતરે તેમના નામે જ સૌરાષ્ટ્રમાં ગામડે-ગામડે તેમના દુવારાઓ અને જગ્યાઓ બંધાવા લાગે છે. સૌરાષ્ટ્રમાં પ્રવર્તમાન રામદેવજી મહારાજે પોતાના સેવાકાળ દરમિયાન રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્રમાં પ્રવર્તમાન પંથ-પરંપરામાં આવેલી બદીઓ દૂર કરવા ઉપાસનાનું સંવર્ધિત સ્વરૂપ અખત્યાર કર્યું. બંધ બારણે પાટ-ઉપાસનામાં થતા વ્યભિચારોને અટકાવવા રામદેવજી મહારાજ પાટનું જ સ્વરૂપ બદલાવી તેને ખુલ્લી જગ્યામાં લાવી રામદેવપીર મંડપ એવું નામ આપી પાટ-ઉપાસનાને સર્વ સ્વીકૃત એવું રૂપ આપે છે. પાટ-ઉપાસનાના સંવર્ધિત એવા મંડપ-ઉપાસનાના છ વિધિ-વિધાન મુજબ કોઈપણ અનુયાયી રામદેવપીરનો મંડપ કરે તો તેણે ત્યાં દુવારો કે મંદિર બંધાવવું પડે. મંડપના આ વિધિ વિધાનના ભાગરૂપ દુવારો કે જગ્યાઓ ઊભી કરવાની પ્રણાલી વધતી રહી, પરિણામે સૌરાષ્ટ્રમાં ગામડે ગામડે રામદેવજીનાં સ્થાનકો, દુવારાઓ, મંદિરો જગ્યાઓનો પ્રાદુર્ભાવ થયો, જેના કારણે સૌરાષ્ટ્રમાં રામદેવપીરની પ્રખ્યાત જગ્યાઓ અસ્તિત્વમાં આવી.

**રામદેવપીરની જગ્યાઓ**

- સૌરાષ્ટ્રમાં લીંબડી પાસે રંગપુર નામના ગામમાં સંવત ૧૮૯૭ના ભાદરવા સુદ અગિયારસના દિવસે સાધુ સંતો અને શિષ્યોની વિશાળ હાજરીમાં રામદેવજી મહારાજના શિષ્ય રામગર સ્વામીએ સમાધિ લીધેલ, જે જગ્યાએ આજે રામદેવપીરનું ભવ્ય મંદિર છે.
- રામદેવપીરનાં મંદિરો સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના પ્રદેશોમાં ખૂબ જોવા મળે છે, જેમ કે જાફરાબાદ, વેરાવળ, પોરબંદર, માધવપુર, ચોરવાડ, વિસાવાડા, રાતડી, કછુડી, દ્વારકા, દીવ વગેરે
- રામદેવપીરનાં બે પ્રખ્યાત મંદિરોમાં (૧) જૂના રણૂજા, (૨) નવા રણૂજા મંદિરો છે. જૂના રણૂજા એ ભરવાડની પેટા જ્ઞાતિ મોટાભાઈ ભરવાડોનું શ્રદ્ધાનું સ્થળ છે. કાલાવડ તાલુકાના વોડીસાંગ ગામમાં કરશન ભરવાડને ત્યાં હીરા નામના પુત્રનો જન્મ થયેલ. આ હીરો, હીરા ભગત થતાં સંવત ૨૦૧૪માં પોતાના ગામમાં ઓટા પર છબી પધરાવી, પીપળો રોપી મંદિર બાંધે છે, તો નવા રણૂજા એ જૂના રણૂજાની બાજુમાં આવેલું રામદેવપીરનું મંદિર છે. આ મંદિરની સ્થાપના ઈ.સ. ૧૯૬૦માં જામનગરના વેપારી ખુશાલચંદ ડાયાલાલ કામદાર કરે છે. હાલમાં આ મંદિરે અન્નક્ષેત્ર અને અન્ય સેવાનાં કાર્યો ચાલુ છે.
- નકલંક રણૂજા તરીકે ઓળખાતી જામનગર જિલ્લાના અલિયાબાડા પાસે આવેલી નકલંક રણૂજાની જગ્યા સંવત ૨૦૧૭ના જેઠ સુદ બીજ ને મંગળવાર તા. ૧૬-૫-૧૯૬૧ના રોજ રામદેવપીરના ઉપાસક નાગજીબાપુએ કરેલ છે. આ નાગજીબાપુ વર્ષો સુધી મૌન રહેલા.
- રામદેવપીરનાં મંદિરો મધ્ય સૌરાષ્ટ્ર અને તેની આસપાસના પ્રદેશોમાં પણ જોવા મળે છે. રાજકોટમાં દુલા ભગતે સ્થાપેલું રામદેવપીરનું મંદિર, કોઠારિયા-રામદેવપીરનું મંદિર, ગોંડલ વડવાળા જગ્યાનું રામદેવપીરનું મંદિર, ત્રંબા, સાપર, રતનપર, આણંદપર, જૂની સાંકળી, જેતલસર, સરપદળ, જામકંડોરણા, ચરખડી વગેરે ગામોમાં રામદેવ પીરનાં મંદિરો છે.
- જેતપુરથી ૮-૦૦ કિ.મી. દૂર બોરડી, સમઢિયાળા પાસે આવેલા રામદેવપીરનો આશ્રમ નવા રણૂજા

તરીકે કે સનાતન આશ્રમ તરીકે ઓળખાય છે. આ જગ્યાએ વર્ષો પહેલાં ગોલીડા અને ઢોલીડા નામનાં બે ગામો હતાં, જે ગામની વાવ અને પ્રાચીન સ્થાપત્ય આજે પણ જોવા મળે છે. આ સનાતન આશ્રમના મહંત શ્રી કરશનદાસબાપુ અન્નક્ષેત્ર, રક્તદાન વગેરે લોકસેવા કરી લોકસેવાની જ્યોત જલતી રાખે છે. આ આશ્રમમાં રામદેવજી મહારાજની રાધાકૃષ્ણની વિશાળ મૂર્તિ, શિવ મંદિર, ગણેશમંદિરની પ્રતિષ્ઠા થયેલ છે. આ જગ્યાએ ચૌદ વર્ષથી અષાઢી બીજનો મેળો ભરાય છે. મહંત કરશનદાસ બાપુની પ્રેરણાથી આજુબાજુનાં દસેક ગામડાંઓમાં 'જય મુરલીધામ' નામની ગૌશાળાઓ ચાલે છે. આ પંથકમાં કરશનદાસ બાપુ લોકસેવાનાં કાર્યો કરી જગ્યાની સુવાસ વધારે છે.

– ઉપલેટા તાલુકાના મેખાટીંબી રામદેવપીરનું મંદિર પણ લગભગ ૧૦૦ વર્ષ જેટલું જૂનું છે. ભાયાવદર મોટી મારડ, મોટી પરબડી, ધોરાજી, અમરેલી, બાબરા વગેરે વિસ્તારોમાં પણ રામદેવપીરનાં મંદિરો આવેલાં છે.
– આમ, સૌરાષ્ટ્ર કે ગુજરાતમાં આજે લગભગ સ્થળે-સ્થળે રામદેવજીનાં મંદિરો કે દુવારાઓ જોવા મળે છે, જે અજમલરાયની દ્વારકાધીશની ભક્તિનું એક પરિણામ છે એમ પણ કહી શકીએ.

**જામનગર - આણદાબાવા આશ્રમ**

'જ્યાં ન પહોંચે જામ ત્યાં પહોંચે રામ' એવી લોકોક્તિનું બિરુદ પ્રાપ્ત કરનાર સંત આણંદજી જામનગરમાં આવેલ આણદાબાવા આશ્રમના સ્થાપક હતા. સંત આણંદજી, જેનો જન્મ ધોરાજીના શ્રીમાળી સોની કટુંબમાં થયો હતો. બાળપણથી જ ભક્તિ અને સેવાના રંગે રંગાયેલા આ યુવાને સોળ વર્ષની વયે ઘર-સંસારનો ત્યાગ કરી જૂનાગઢ ગિરનારની વાટ પકડી. અહીં બાર વર્ષનું એક તપ પૂર્ણ કરી દ્વારકાનાથનાં દર્શન કરવા દ્વારકા ગયા. દ્વારકાથી પાછા વળતાં અંતરના અવાજે જામનગર આવી આજે આણદાબાવા ચકલા તરીકે ઓળખાતી જગ્યાએ સોનીકામ ચાલુ કરી આપકમાઈના બળે દાળિયાનું સદાવ્રત ચાલુ કર્યું. આજે આ સ્થળે વિશાળ ભોજનાલય, અતિથિગૃહ અને દવાખાનું સેવા માટે કાર્યરત છે. જીવનની હર એક પળ સેવાકાર્યમાં વિતાવનાર સંત આણદાબાવાએ પોતાનું ઉત્તરદાયિત્વ મૂળજીરામ નામના યુવાનને સોંપી ઈ.સ. ૧૭૭૨માં જીવતાં સમાધિ લીધી. ગુરુના કાર્યને સવાયું કરી બતાવવા મૂળાબાવાએ કમર કસીને લોકકલ્યાણનાં કાર્યો કર્યાં. ગામથી દશેક કિલોમીટર દૂર આજના રણજિત સાગર ડેમની બાજુમાં વાવ ગળાવી નામ રાખ્યું ધોરીવાવ. સાધુની સેવાભક્તિ જોઈ જામ રણમલજીએ ધોરીવાવની આજુબાજુની જમીન આશ્રમને અર્પણ કરી. આશ્રમને વિશાળ જગ્યા મળતાં મૂળા બાવાએ જગ્યામાં હનુમાનજીનું મંદિર અને રોગિયા-પત્તિયાંઓને રહેવા માટે આવાસો બંધાવ્યા. આરોગ્યધામ તરીકે ઓળખાતી આ જગ્યામાં દર વર્ષે નેત્રનિદાન કેમ્પ યોજાય છે. દુષ્કાળનાં વર્ષોમાં કેટલ કેમ્પનાં આયોજન થાય છે.

ઈ.સ. ૧૮૪૬માં મૂળાબાવાના અવસાન બાદ આશ્રમની ગાદીએ ઉત્તરોત્તર પ્રેમદાસ અને રાણાબાવા આવે છે. રાણાબાવા પછી ઈ.સ. ૧૮૭૮માં રામપ્રસાદજી આશ્રમની ગાદીએ આવે છે. આશ્રમના વિકાસની સાથે સેવાનું પ્રાબલ્ય પ્રગટાવનાર આ સંતે ઈ.સ. ૧૯૦૨માં જામનગરમાં આવેલ મરકી વખતે નિરાધાર બનેલાં બાળકો માટે અનાથાશ્રમની સ્થાપના કરી, તો ઈ.સ. ૧૯૪૦ના દુષ્કાળ વખતે અન્નના ભંડારો ખુલ્લા મૂકી, આવી સ્થિતિના કાયમી ઉકેલ માટે 'રામરક્ષિત આણંદગુરુ દુકાળ નિવારણ' ફંડની યોજના ઘડી. સંત સેવાને બિરદાવવા લોકે 'જ્યાં ન પહોંચે જામ ત્યાં પહોંચે રામ'ના સૂત્રોચ્ચાર કર્યા, તો દાતાઓએ દાનની નદીઓ વહાવી. ખંભાળિયાના ગોપાલજી વાલજી નામના દાતાએ તો આજે જામનગરના લીમડા લેન વિસ્તારમાં આણદાબાવા આશ્રમની મુખ્ય ઇમારત આવેલ છે તે રામપ્રસાદજીને અર્પણ કરેલી. રામપ્રસાદ પછી આશ્રમની ગાદી સંભાળનાર સંસ્કૃતવિદ્ માયાપ્રસાદ હતા. તેમણે ગરીબોની વિના મૂલ્યે સારવાર અર્થે સંસ્થામાં આયુર્વેદિક દવાખાનની શરૂઆત કરી, સાથે સંસ્થાના સાધના સેવાકીય ફલકને વિસ્તારવા દ્વારકામાં આણંદ કુટિર અને કાશીમાં હરિહરાશ્રમની સ્થાપના કરી. આશ્રમની કલગીમાં મહત્ત્વનાં આ બે સુંદર છોગાં ઉમેરનાર માયાપ્રસાદ

સારા કથાકાર પણ હતા.

ઈ.સ. ૧૯૫૭માં માયાપ્રસાદજીનું અવસાન થતાં આશ્રમની જ્યોતને દેદીપ્યમાન બનાવનાર શાંતિપ્રસાદજી ગાદીએ આવે છે. તેમણે સંસ્થાના વહીવટમાં ફેરફાર કરી, ખોટમાં ચાલતાં સંકુલોને નવું રૂપ આપ્યું. ઈ.સ. ૧૯૬૪માં અનાથ બાળકોના અભ્યાસાર્થે શૈક્ષણિક સંસ્થા શારદા મંદિરની સ્થાપના કરી. તત્કાલીન જામનગર પરગણાના વૃદ્ધોની યાતના જાણીને ઈ.સ. ૧૯૭૬માં વૃદ્ધાશ્રમનો પાયો નાખ્યો. અત્યારે દોઢસો જેટલા વૃદ્ધો ઘરથી પણ સારી રીતે અહીં જીવન પસાર કરે છે. શાંતિપ્રસાદનું અવસાન થતાં ઈ.સ. ૧૯૭૭થી વર્તમાન મહંત શ્રી દેવપ્રસાદજી સંસ્થાનો કારભાર સંભાળી રહ્યા છે. તેમણે આદરેલા પરિશુદ્ધ નિષ્કામ કર્મયોગના બળે આજે આશ્રમનો હર એક ખૂણો પરિષ્કૃત થયો છે. આશ્રમમાં આવેલા વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ, શારદામંદિર, ગૌશાળા, આયુર્વેદ દવાખાનું જેવાં જૂનાં સંકુલોના સંવર્ધન સાથે એલોપથી, હોમિયોપથી, મેગ્નેટ થેરાપી અને એક્યુપંકચર જેવાં ઉપચાર કેન્દ્રો, મુદ્રણાલય, મૂંગાં-બહેરાં માટે સ્કૂલ-હૉસ્ટેલ જેવાં નવાં સંકુલો સ્થપાયાં છે.

ઈ.સ. ૧૯૮૮ના દુષ્કાળ, ઈ.સ. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીના રોજ કચ્છમાં આવેલ ધરતીકંપ અને છેલ્લે દક્ષિણ ભારતમાં ઈ.સ. ૨૦૦૪માં આવેલ ત્સુનામી વખતે શ્રી દેવીપ્રસાદે રોટી, કપડાં, મકાન ઉપરાંત સારવાર કેન્દ્રો ખોલી વિનામૂલ્યે દવાની સહાય પૂરી પાડી હતી. આણદાબાવાથી શરૂ થયેલું માનવસેવાનું આ ઝરણું શ્રી દેવીપ્રસાદ સુધી પહોંચતાં પાવનકારી ગંગાનું રૂપ ધારણ કરી લે છે. આજે સંસ્થામાં નિયમિત સદાવ્રત ચાલે છે. દર પૂનમે જરૂરિયાતવાળા પરિવારોને દરિદ્રનારાયણ ફંડમાંથી અનાજની સહાય આપવામાં આવે છે. જામનગર ઈરવીન હૉસ્પિટલમાં દર્દીઓને રામરોટી પૂરી પાડવામાં આવે છે. દર વર્ષે રક્તપિત્ત, નેત્રનિદાન અને સર્વરોગનિદાન કેમ્પનાં આયોજન થાય છે. સંસ્થામાં દર વર્ષે ગુરુપૂર્ણિમા, ભાદરવા વદ પાંચમ, અષાઢી બીજ અને શ્રાવણ વદ તેરસના દિવસો ઊજવવામાં આવે છે. ધીરજ, ખંત, નિષ્ઠા અને નિષ્કામ કર્મ કેવું સુંદર પરિણામ નિપજાવી શકે એનું ઉત્તમ ઉદાહરણ આ સંસ્થા પૂરું પાડે છે.

* * *

ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમની સંસ્કૃતિ વચ્ચેનો આજ તો મોટો ભેદ કે તફાવત છે. કુદરતે સર્જેલાં પ્રાકૃતિક સ્થળો ઉપર પશ્ચિમના માણસોએ જ્યાં હોટેલો અને ભોગવિલાસનાં કેન્દ્રો ઊભાં કર્યાં છે, ત્યાં ભારત અને ગુજરાતની આમ જનતાએ સમગ્ર માનવજાતને ઉજાગર કરતા દિવ્ય તત્ત્વને પામી શકાય તેવી ભારતીય સંસ્કૃતિની ધરોહરરૂપ દેહાણ્ય જગ્યાઓ સ્થાપી, જે દરેક મનુષ્યના ગૌરવનું પ્રતીક છે.

### સંદર્ભ સૂચિ


૧. જેલલિયા નાનાભાઈ, 'આંપા દાના', પ્રવીણ પ્રકાશન, પ્ર.આ. ૧૯૮૯. પા. ૫
૨. દવે, રાજેન્દ્ર 'સૌરાષ્ટ્રના સંતો', પ્રવીણ, પ્રકાશન, રાજકોટ. પ્ર.આ. ૨૦૦૩. પા. ૧૪૩
૩. મેઘાણી, ઝવેરચંદ, 'પુરાતન જ્યોત', પુ. મુ. ૧૯૭૬. પા. ૧૧૩
૪. દવે, રાજેન્દ્ર 'સૌરાષ્ટ્રના સંતો', પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પ્ર.આ.૨૦૦૩. પા. ૩૪


### મુલાકાતો


૧. મહંત વલકુ બાપુ, ચલાલા આશ્રમ, જિ. ભાવનગર. તા. ૧૫/૨/૨૦૧૦
૨. મહંત કલ્યાણરામજી દૂધરેજ જગ્યા, જિ. સુરેન્દ્રનગર. તા. ૨૦/૩/૨૦૧૦
૩. મહંત વિજયબાપુ સતાધાર આશ્રમ, જિ. જૂનાગઢ. તા. ૩૧/૩/૨૦૧૦
૪. મહંત કરશનદાસ બાપુ, પરબ આશ્રમ, જિ. જૂનાગઢ. તા. ૦૧/૫/૨૦૧૦
૫. શ્રી શાંતિદાસજી બાપુ, ફતેહપુર, જિ. અમરેલી. તા. ૧૦/૫/૨૦૧૦
૬. શ્રી નિરંજન રાજ્યગુરુ. શ્રી નાથાલાલ ગોહેલ, ઘોઘાવદર, તા. ૧૫/૫/૨૦૧૦
શ્રી રવજી રોકડ, શ્રી મનોજ રાવલ, શ્રી લાભશંકર પુરોહિત, તા. ૧૫/૬/૨૦૧૦

# સમાજસેવા દ્વારા સમાજસુધારણા :
# ઠક્કરબાપા ગુજરાતના એક મહાન સમાજસેવક

◆

ડૉ. જયકુમાર ર. શુક્લ*

**પ્રસ્તાવના :**

બ્રિટિશ શાસનની અનેકવિધ આસરોના પરિણામે ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં સમાજસુધારણાની ચળવળ થઈ હતી. કવિ દલપતરામ, મહિપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ, દુર્ગારામ મહેતાજી, કવિ નર્મદ, કરસનદાસ મૂળજી અને હરગોવિંદદાસ કાંટાવાલા જેવા અનેક સુધારકોએ સમાજમાં પ્રવર્તતા સામાજિક અનિષ્ટો સામે ઝુંબેશ શરૂ કરી હતી. ઈ.સ. ૧૯૧૫માં મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકા છોડીને ભારતમાં કાયમી વસવાટ કરવા આવ્યા અને તેની સાથે સાથે સમાજસુધારાનો એક નૂતન અભિગમ આરંભાયો. ગાંધીજીના આગમન અગાઉ પણ ગુજરાતના સમાજસુધારકોએ સ્ત્રી-કેળવણી, દહેજપ્રથા, બાળલગ્ન અને વિધવા-પુનર્લગ્ન જેવા પ્રશ્નો ઉપાડ્યા હતા. પરન્તુ ભારત અને ગુજરાતમાં વસતા લાખો આદિવાસીઓ, ભીલો તથા કોળીઓ જેવા પીડિતો પ્રત્યે તેમનું ધ્યાન ગયું ન હતું. ગાંધીજીએ તેમના ઉદ્ધાર માટેના પાયાના પ્રશ્નો ઉઠાવ્યા એટલું જ નહિ, પણ તેમણે સેંકડોની સંખ્યામાં એવા સમાજસેવકો ઉત્પન્ન કર્યા કે જેમણે ગરીબો તથા પીડિતોના ઉદ્ધાર માટે તેમનું સમગ્ર જીવન અર્પણ કરી દીધું. જુગતરામ દવે, રવિશંકર મહારાજ, કુંવરજી મહેતા, કલ્યાણજી મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક અને પરીક્ષિતલાલ મજમુદાર જેવા સમાજસુધારકોએ ગરીબોની વચમાં રહીને, તેમજ તેમની જીવનશૈલી અપનાવીને તેમના ઉત્કર્ષ માટેનું કાર્ય શરૂ કર્યું હતું. અમૃતલાલ ઠક્કર આ પ્રકારના સમાજસેવકોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ''ઠક્કરબાપા'ના હુલામણા નામથી ગુજરાતભરમાં તેમજ ભારતવર્ષમાં ઓળખાતા અમૃતલાલ ઠક્કર (૧૮૬૯-૧૯૫૧) સમાજસેવા અને સમાજસુધારાના એક મહાન ભેખધારી ઋષિસમાન હતા. આ લેખમાં તેમનાં કાર્યોની વિગત તેમજ તેની સમીક્ષા કરવામાં આવી છે.

ઠક્કરબાપા ભાવનગરમાં લોહાણા જ્ઞાતિમાં જન્મ્યા હતા. લોહાણા જ્ઞાતિની સાહસિકવૃત્તિનો વારસો તેમને મળ્યો હતો. પરન્તુ ઘરના સંસ્કાર જૂનવાણી હતા. ઢેડ કે ગરોડાને અડકવાથી અપવિત્ર થવાય, તેમ તેમની માતા પ્રામાણિકપણે માનતાં હતાં. ઠક્કરબાપાએ પોતે જ આ બાબતનો ઘટસ્ફોટ કરતાં નોંધ્યું છે કે :

''ઢેઢ અને ગરોડા તો અસ્પૃશ્ય જ હોઈ શકે, તેને કોઈપણ રીતે જાણી બૂજીને અડાય જ નહીં. ભૂલથી પણ અડી જવાય તો નાહવું પડે અને નાહવાનું કદાચ ન બની શકે તો છાંટ તો લેવી જ પડે એવી છાપ મારા મન ઉપર એટલા જોરથી પાડવામાં આવી હતી કે ન પૂછો વાત.''

આમ હોવા છતાં પણ છેક નાનપણથી જ ઠક્કરબાપાને ગરીબો અને પીડિતો પ્રત્યે અનુકંપા થતી હતી અને તેમનાં દુ:ખો દૂર કરવાનાં સ્વપ્ન પણ તેઓ સેવતા હતા. કદાચ તેમના આવા સંસ્કારોએ જ ઠક્કરબાપાને ભારત સેવક સમાજ જેવી સંસ્થા તરફ પ્રેરિત કર્યા હતા. મુંબઈમાં તેઓ ઇજનેર તરીકે કામ કરતા હતા તે સમયથી જ તેઓ હરિજનોના સંપર્કમાં આવ્યા હતા. છેક ૧૯૦૩ થી ઠક્કરબાપા ગોપાળ કૃષ્ણ ગોખલે અને ધોંડો કેશવ કર્વે જેવા પ્રથમ પંક્તિના સામાજિક કાર્યકરોના સંપર્કમાં આવ્યા હતા. ગોખલેને મળીને તેમની સલાહથી જ ઠક્કરબાપાએ ભારત સેવક સમાજનું સભ્યપદ પ્રાપ્ત કર્યું હતું. ઈ.સ. ૧૯૧૪માં એટલે કે ગાંધીજીના દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આગમન પહેલાં તેઓ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૧૪ના રોજ તેના આજીવન સભ્ય બની ચૂક્યા હતા.

---

* નિવૃત્ત પ્રાધ્યાપક, શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯

ઈન્દુલાલ યાજ્ઞિકે તેમની આત્મકથામાં જણાવ્યું છે કે હિંદ સેવક સમાજના સભ્ય બનનાર વ્યક્તિએ કોઈપણ જાતની રાજકીય પ્રવૃત્તિનો ત્યાગ કરવો પડતો અને સમાજના અદના માણસની વચમાં રહીને તેણે સમાજસેવાનો ભેખ ધારણ કરવો પડતો. ઈન્દુલાલ યાજ્ઞિકે વધુમાં ઉમેર્યું છે કે હિંદ સેવક સમાજના ગુજરાતમાંથી જો કોઈ સૌ પ્રથમ સભ્ય હોય તો તે ઠક્કરબાપા હતા. ખુદ ઈન્દુલાલ તેમની પ્રેરણાથી જ પાછળથી એ સમાજમાં જોડાયા હતા. આ હકીકત ઉપરથી પણ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ઠક્કરબાપાનું માનસ કઈ રીતે ઘડાયું હતું.

ભારત સેવક સમાજમાં જોડાયા બાદ અમૃતલાલ ઠક્કરે પ્રથમ પાંચ વરસ મુંબઈમાં જ વસવાટ કર્યો અને તેમણે જાણીતા સમાજસુધારક શ્રી દેવધરના હાથ નીચે સેવાની તાલીમ લીધી. આ સમાજમાં જોડાયા પછી તરત જ તેમને ઉત્તર પ્રદેશમાં દુષ્કાળ રાહતના કામને માટે મોકલવામાં આવ્યા. ત્યાં તેમણે રાહતનું કામ વ્યવસ્થિત કર્યું. આ તેમનું સૌ પ્રથમ મોટી જવાબદારીનું કાર્ય હતું.

એ પછી તો એમને હાથે દુષ્કાળ રાહતનાં અનેક કામો થવાનાં હતાં. આ કાર્યમાં તે એટલા નિષ્ણાત બની ગયા કે ભારતમાં તે પછીના વરસમાં ભાગ્યે જ એવો દુકાળ પડ્યો હશે જ્યાં ઠક્કરબાપા રાહતકાર્ય માટે પહોંચી ગયા ન હોય.

ઠક્કરબાપા મુંબઈની સુધરાઈમાં નોકરી કરતા હતા, ત્યારથી જ ભંગીઓ અને દલિતો-(ઢેડ ભાઈઓ)ની દુર્દશા તેઓ જાણતા હતા. હિંદ સેવક સમાજમાં જોડાયા પહેલાં પણ તેમણે છપ્પનિયા દુકાળ (૧૮૯૯-૧૯૦૧) સમયે પણ તેમની અમૂલ્ય સેવાઓ આપી હતી. પણ આ સંસ્થામાં જોડાયા પછી તો તેમણે દલિતોદ્ધારનો ભેખ ધારણ કર્યો અને તેને માટે તેમણે સહકારી મંડળીઓ પણ સ્થાપી હતી. દલિતો શાહુકારોના ત્રાસથી મુક્ત ન હતા. તેમનું શોષણ અટકાવવા ઠક્કરબાપાએ હવે કમર કસી. તેમની સ્થિતિની હકીકતો એકઠી કરવામાં, તેમના કરજના આંકડાઓ મેળવવામાં, તેઓમાંથી કોણ કોણ કેટલી રકમના દેવાદાર છે, કોણ લેણદાર છે, મૂળ રકમ કેટલી હતી અને શાહુકાર વ્યાજ કેટલું માગે છે વગેરે હકીકતો મેળવવામાં ઠક્કરબાપા દિવસરાત જોતા નહિ. દલિતોની સાથે સાથે તેમણે મજૂર કલ્યાણનું કામ પણ ઉપાડી લીધું અને જમશેદપુરથી જ તેમણે આ કામની શરૂઆત પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન કરી દીધી.

ઈ.સ. ૧૯૧૮-૧૯માં પંચમહાલ જિલ્લામાં જ્યારે મહાભીષણ દુકાળ પડ્યો ત્યારે તેમણે ભીલોની વચમાં રહીને કામ કર્યું. જાણીતા સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીએ આ બાબત ઉપર પ્રકાશ પાડતાં નીચે મુજબ વેધક રીતે લખ્યું છે :

''દાહોદ-ઝાલોદના ભીલ ગામડાંની આ દશા બાપાએ નજરે જોઈ, ને તેમણે ૧૯૨૨માં જીવનની મજલનો તે પછીનો અવિસ્મરણીય ખાંભો ગુજરાતના દાહોદ ગામમાં ભીલ સેવામંડળ રૂપે રોપી દીધો. ભીલોના ઉદ્ધારનો પ્રશ્ન એ ગુજરાતના મહાપ્રશ્નોમાંનો એક કહેવાય. પંચમહાલનો બ્રિટિશ જિલ્લો અને એની પડોશનાં સંખ્યાબંધ દેશી રાજ્યો, એટલે જંગલી અવસ્થામાં સબડતાં એ ઈતિહાસ ગાપાં લાખો વીર શોષિતોનાં ગુલામખાનાં, એ ગુલામોના સમુદ્ધારમાં આર્થિક સહાયદાતા મુંબઈના યુવાન શેઠ લક્ષ્મીકાંત શ્રીકાન્ત બન્યા. સેવકોનું જૂથ ત્યાં પણ 'બાપા'એ ઊભું કર્યું. વિશાળ ભીલ પ્રદેશ પર એમના સેવામંડળની વડવાઈઓ વિસ્તરી ગઈ, અર્ધમાનવી ભીલોનાં બાળકોની મફત કેળવણી, વૈદકીય સારવાર અને સમાજસુધારા, જે ઘણાને સ્વપ્નકાય ભાસતા, તે બાપાએ સત્ય સૃષ્ટિ પર ઉતારી દેખાડ્યા.''

જે જમાનામાં બ્રિટિશ શાસકોએ હિંદના ગૃહઉદ્યોગોનો નાશ કર્યો હતો અને ખેતીની પણ દુર્દશા સર્જી હતી, તે જમાનામાં મહાત્મા ગાંધી ''ગ્રામોદ્ધાર દ્વારા દેશોદ્ધાર'' એ મહામંત્રને લઈને ભારત આવ્યા હતા. ગાંધીજીએ રેંટિયામાં માત્ર રાજકીય જ નહિ, પરન્તુ સાચું આર્થિક સ્વાતંત્ર્ય પણ નિહાળ્યું હતું. આમ, ગાંધીજીના આગમન સાથે ખાદી અને રેંટિયાની પ્રવૃત્તિએ ઘેરઘેર સ્થાન મેળવ્યું હતું. આ પ્રવૃત્તિઓને પ્રજા સમક્ષ મૂકવામાં ઠક્કરબાપાએ ઘણો અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો. હકીકતમાં તો ઠક્કરબાપાના ખાદીકામને લઈને ગાંધીજીનું નામ સૌરાષ્ટ્રભરમાં પ્રચલિત થયું હતું. ઠક્કરબાપા ખાદી ઉત્પત્તિને વેગ આપવા ઠેરઠેર હરિજનોનાં સંમેલનો ગોઠવતા અને રેંટિયાનું સૂતર જ વણવા માટે તેમને પ્રોત્સાહિત કરતા હતા. આ પ્રવૃત્તિને

અંગે ઠક્કરબાપા જે કેટલાક સંસ્કારી હરિજનોના સંપર્કમાં આવ્યા તેમાં દાદુભાઈ અને તેમની દીકરી લક્ષ્મી પણ હતાં. ઠક્કરબાપાએ જ તેમને ગાંધીજીની પાસે સાબરમતી આશ્રમમાં મોકલ્યા હતા. ખાદીની પ્રવૃત્તિ એ માત્ર રાષ્ટ્રીય જાગૃતિની કે આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી થવાની જ પ્રવૃત્તિ ન હતી. આ પ્રવૃત્તિ વિવિધ જ્ઞાતિઓ તથા કોમો માટેની એક જબરદસ્ત નૈતિક પ્રવૃત્તિ પણ હતી. ઠક્કરબાપાએ ખાદી અને રેંટિયામાં પણ દલિતોદ્ધારનાં દર્શન કર્યાં હતાં. આ દૃષ્ટિએ ઠક્કરબાપાના ખાદી અંગેના નીચેના વિચારો નોંધપાત્ર ગણાય :

''મારા અનુભવ ઉપરથી કહી શકું એમ છું કે કંતામણનું - એટલે કે રેંટિયાનું ભવિષ્ય ઊજળું છે. તે પણ મુખ્ય વ્યવસાય તરીકે નહીં પણ પેટા વ્યવસાય તરીકે. આ માટે કાંતનારી બાઈઓને અલબત્ત નિયમિત રીતે પૂણી પૂરી પાડવી જોઈએ. આ જાતનું કામ મળવાથી ગામડાંમાં વસતી પ્રજા પોતાની મામૂલી આવકમાં થોડો વધારો કરે છે. આ કાર્ય સામાન્ય સારા દિવસોમાં ગામડાંની પ્રજાનો પ્રવાહ શહેર તરફ વહી રહ્યો છે, એ તો જરૂર અટકાવશે અને દુષ્કાળના દિવસોમાં ગામડાંનાં સ્ત્રી-પુરુષો ગામ છોડી રાહત કેન્દ્રમાં ઊભરાય છે, એ પણ આથી બંધ થશે. આનાથી વણકર અને સુથારને જ આડકતરો ફાયદો થાય છે તે દેખીતો છે. જ્યાં સુધી દેશ મુખ્યત્વે ખેતીપ્રધાન દેશ રહે છે, ત્યાં સુધી, જે લોકોનું જીવન ખેતી પર નિર્ભર છે તેમને માટે વધારાની આવક આપનારા કોઈ વ્યવસાય સંપૂર્ણપણે જરૂરી છે. ખોરાક પછી બીજી સર્વસામાન્ય અગત્યની વસ્તુ કપડાં છે, અને આ દેશ માટે રેંટિયો એ સૌથી વધુ અનુકૂળ ગૃહઉદ્યોગ છે. કદાચ, એમ કહેવામાં આવે કે ખાદીની માંગ એ તો કૃત્રિમ માંગ છે. એટલે તે અલ્પાયુષી છે. અને વહેલો-મોડો એનો અંત ચોક્કસ આવનારો છે. પણ આ વિચાર તો મિલ રેંટિયા અને સાળ કરતાંયે આવી જાડી જાતનું કાપડ સસ્તુ ઉત્પન્ન કરી શકે છે; એવા ડરથી જન્મ્યો છે. પણ જ્યારે આવું કાપડ પોતાના જ ગામમાં ઉત્પન્ન થાય અને તે મિલ કરતાં વધારે મજબૂત અને ટકાઉ થાય તથા વચ્ચેના માણસોનો નફાનો ગાળો એમાંથી રદ થાય ત્યારે લોકોનો મોટો ભાગ જે ગરીબ વર્ગ છે એમની માંગને તે બરાબર પહોંચી વળી શકશે. આથી રેંટિયાનો પુનરુદ્ધાર એ ભારતના ગ્રામજીવનનું એક કામચલાઉ અસ્થાયી અંગ નથી પણ સ્થાયી અંગ છે; અને એ રીતે તેને જોવું જોઈએ. આપણો દેશ ગામડાંઓમાં જીવે છે; શહેરોમાં નહીં.''

હરિજનોના પ્રશ્ન પરત્વે મહાત્મા ગાંધીએ જ્યારે ૧૯૩૨માં આમરણાંત ઉપવાસ શરૂ કર્યા ત્યારે ઠક્કરબાપાએ સવર્ણો અને હરિજનો વચ્ચે ભાવાત્મક એકતા લાવવાના અથાગ પ્રયાસો કર્યા. એમણે કહ્યું કે અસ્પૃશ્યતાનિવારણ માટે હિંદુસમાજે ભારે પ્રયત્નો કરવા જોઈએ અને અસ્પૃશ્યતાના કલંકને હંમેશને માટે દૂર કરવું જોઈએ. એવા વ્યવસ્થિત પ્રયત્નો માટે સવર્ણોની સંસ્થા સ્થાપવી આવશ્યક હતી. ગાંધીજીએ એવી સંસ્થા ઊભી કરવાનું સૂચન કર્યું અને તેમની સૂચના અનુસાર મુંબઈમાં ઇન્ડિયન મરચન્ટ્સ ચૅમ્બરના હૉલમાં કેટલાક પ્રગતિશીલ સવર્ણ આગેવાનોની સભા તા. ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ પંડિત મદનમોહન માલવિયાજીના પ્રમુખપદે ભરવામાં આવી. આ સભામાં જ ''અસ્પૃશ્યતા નિવારણ સંઘ'' નામની સંસ્થા સ્થાપવામાં આવી. પાછળથી એ જ વરસે એ સંસ્થાનું નામ બદલીને ''હરિજન સેવક સંઘ'' રાખવામાં આવ્યું. એ સભામાં સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ, સર ચુનીલાલ મહેતા તથા હિંદુ સમાજના અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં જ નક્કી કર્યા અનુસાર ઘનશ્યામદાસ બિરલાની હરિજન સેવક સંઘના પ્રમુખ તરીકે અને ઠક્કરબાપાની તેના મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી. હરિજન સેવક સંઘે પોતાના ઉદ્દેશની પૂર્તિ માટે તત્કાલ નીચે પ્રમાણે કામો શરૂ કરવાનું જાહેર કર્યું :

૧. તમામ સાર્વજનિક કૂવા, ધર્મશાળા, રસ્તા, નિશાળો, સ્મશાનઘર વગેરે હરિજનો માટે ખુલ્લાં મૂકવામાં આવે.

૨. તમામ સાર્વજનિક મંદિરો હરિજનોને માટે ખોલવામાં આવે.

જેવી રીતે ઠક્કરબાપા હરિજન સેવક સંઘની પ્રવૃત્તિઓમાં પ્રથમથી જ જોડાયા હતા, તેવી જ રીતે તેઓ ભીલ સેવા મંડળની પ્રવૃત્તિઓ સાથે પણ શરૂઆતથી જ સંકળાયેલા હતા. હકીકતમાં તો ૧૯૨૨માં સ્થપાયેલી આ સંસ્થા ઠક્કરબાપાની યોજનાની જ ફલશ્રુતિ સમાન હતી. મીરાખેડીના આશ્રમનું ઉદ્‌ઘાટન પણ

તેમણે જ ૧૯૨૨ના માર્ચ મહિનામાં કર્યું હતું. આ આશ્રમના સેવકો પોતપોતાના કેન્દ્રમાં શાળા ચલાવતા, ગરીબો અને કંગાળોને અનાજની અને વસ્ત્રની મદદ આપતા, ધાર્મિક પુસ્તકોમાંથી પ્રસંગોપાત્ત કથા કરતા, માંદા અને દર્દીઓને ઉપયોગી એવી દવા આપતા તથા દારૂનિષેધનો ઉપદેશ કરતા હતા. ઠક્કરબાપા આ બધી પ્રવૃત્તિઓના મુખ્યકેન્દ્ર, સમાન હતા. ભીલોને પણ તેમના પ્રત્યે કેટલો બધો પ્રેમભાવ હતો તે તો નીચેનું ભીલ ગીત જ દર્શાવી શકે :

હાંમળો વીરા, હાંમળો બૂનો (૨) હાસી હાસી વાત રે,
રામજીની ભગતિ મને હાસી વાલી લાગે.
ગાંધી બાબો રઈને બોલ્યા, હાંમળો વીરા વાત રે – રામજીની
હરો સોડો માહ સોડો, સોડો સોરી સાડી રે – રામજીની
રીટિયાં કાંતો, તકતી કાંતો, કાંતો ઘરે ઘરના રે – રામજીની
ઠક્કર બાબો રઈને બોલ્યા હાંમળો વીરા વાત રે – રામજીની
સોરા સોરી ભણાવો ભૂંડા, ભલો તમુ ડાહાં રે – રામજીની
બાબા રામને મંદરે આવો, મેલો મોલાં દેવતા રે – રામજીની
સરીકાંત બાબો રઈને બોલ્યા, હાંમળો વીરા વાત રે – રામજીની
જાજું દેવું કરો મતી, રાખો હાસી ટેક રે – રામજીની
સુખદેવ કાકો રઈને બોલ્યા, હાંમળો વીરા વાત રે – રામજીની
મીનત મજૂરી કરો વીરા, કરો હાસી ખેડ રે – રામજીની
વણીકર દાદો રઈને બોલ્યા, હાંમળો વીરા વાત રે – રામજીની
વીર બણો હોડ બણો, રાખો હાંડ કામઠું રે – રામજીની
મોટાજી ભગત[1] રઈને બોલ્યા, હાંમળો વીરા વાત રે – રામજીની
ઉંગળી ધુંગળી ભગતિ કરો, બોલો હાસુ હાસું રે – રામજીની
ડાયા ગરુજી રઈને બોલ્યા, હાંમળો વીરા વાત રે – રામજીની
ઘોરમાં બાહેર સંપ રાખો, રાખી હાસી રીત રે – રામજીની

ઉપર્યુક્ત અભ્યાસ ઉપરથી એક બાબત સ્પષ્ટ રીતે તરી આવે છે કે ગાંધીયુગ જેવી રીતે રાષ્ટ્રીય આઝાદીની લડતની દૃષ્ટિએ વિશિષ્ટ હતો, તેવી જ રીતે તે સમાજસુધારણાની પ્રવૃત્તિઓની દૃષ્ટિએ પણ વિશિષ્ટ અને વિરલ હતો. ગાંધીજીએ રાષ્ટ્રીય આઝાદીની લડતને સમાજસુધારણાના અને ખાસ કરીને ગ્રામોદ્ધારના કાર્યક્રમો સાથે સુંદર રીતે વણી લીધી હતી. તેમણે સમાજસુધારણાને એક નવો અને સમાનતાના ધોરણે રચાયેલો સુંદર અભિગમ આપ્યો. સમાજસુધારા માટે હવે ભાષણો અને લેખો ઉપર નહીં પણ સમાજ સેવાએ સ્થાન લીધું. આમ ગાંધીજીએ નર્મદયુગનાં સમાજસુધારણાનાં પરિમાણો બદલી નાખ્યાં. આ દૃષ્ટિએ જોઈએ તો ઠક્કરબાપા ગાંધીયુગીન અને ગાંધીજીવન દૃષ્ટિની સમાજસુધારણાના સૌ પ્રથમ અને તેજસ્વી ફરજંદ હતા.

## સંદર્ભ ગ્રંથો


૧. શાહ, કાન્તિલાલ, 'ઠક્કરબાપા', (દિલ્હી, ૧૯૫૫)
૨. મેઘાણી ઝવેરચંદ, 'ઠક્કરબાપા'. (દિલ્હી, ૧૯૩૯)
૩. બેંકર, શંકરલાલ ઘેલાભાઈ, 'ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ', (અમદાવાદ, ૧૯૬૭)
૪. મહેતા, શારદાબહેન : 'જીવન સંભારણાં', (વડોદરા, ૧૯૩૮)
૫. મશરૂવાલા, કિશોરલાલ 'ગાંધી વિચારદોહન' (અમદાવાદ, ૧૯૬૭). ચોથી આવૃત્તિ.
૬. યાજ્ઞિક, ઈન્દુલાલ 'આત્મકથા' ભાગ બીજો (અમદાવાદ, ૧૯૭૦)
૭. મહેતા, ડૉ. સુમંત 'આત્મકથા' (અમદાવાદ, ૧૯૭૧)


૧. અંબાલાલ વ્યાસ.

# સ્વાતંત્ર્ય સંગ્રામમાં બોચાસણનું પ્રદાન

◆

ડૉ. રઘુવીર મકવાણા*

## ૧. પ્રાસ્તાવિક

બોચાસણ આણંદ જિલ્લાના બોરસદ તાલુકાનું એક આગળ પડતું ગામ છે. અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાન અને વલ્લભ વિદ્યાલયને કારણે તે તીર્થધામ બન્યું છે.

બ્રિટિશ શાસનકાળે હાલનો ખેડા જિલ્લો અને આણંદ જિલ્લો એક હતા. એ સમયના ખેડા જિલ્લામાં બોરસદ તાલુકો રાષ્ટ્રવ્યાપી સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રયોગશાળા હતો. અહીંના લોકો હેડિયાવેરાની લડત લડી સફળ થયા હતા. એના પગલે ના-કરની લડતમાં ઝંપલાવ્યું હતું. આ બન્ને લડતમાં બોરસદ તાલુકાએ આગેવાની લઈને રાષ્ટ્રને નવો રાહ ચીંધ્યો રહ્યો હતો. બોરસદ તાલુકામાં રાસ અને બોચાસણ એ બે ગામો આ લડતમાં મહત્ત્વનાં કેન્દ્રો હતાં. સામાજિક રીતે પણ રાસ અને બોચાસણ એકબીજા સાથે સંકળાયેલાં છે. આઝાદીની લડતમાં રાસ ગામેથી સરદાર વલ્લભભાઈ પટેલની ધરપકડ થઈ તેથી જાણીતું બન્યું. એમાંથી વિકસેલી ના-કર લડતનું નેતૃત્વ રાસે લીધું. એના પગલે-પગલે બોચાસણ અને બોરસદ તાલુકાનાં બીજાં ગામોમાં આ લડત પ્રસરી-વ્યાપ વધ્યો. એના પરિણામ સ્વરૂપે બોરસદ તાલુકામાં સવિશેષ રાજકીય જાગૃતિ આવી. અને દેશ માટે ફના થવાની ભાવના જાગી. આમ ગુજરાતના આધુનિક ઇતિહાસમાં બોચાસણ જાણીતું બન્યું.

આપણો ભારત દેશ લગભગ અઢારમી સદીના ઉત્તરાર્ધથી ૧૯૪૭ દરમિયાન પરાધીન રહ્યો. પરાધીનને સ્વપ્નમાં પણ સુખ મળતું નથી. દુનિયાનો કોઈ દેશ આટલા લાંબા સમય સુધી પરતંત્ર રહ્યો નથી. પ્રાણીમાત્રમાં સ્વતંત્રતાની ભાવના રહેલી છે. જાનવરને પણ બંધન ગમતું નથી. તેનો તે પ્રતિકાર કરે છે કે પ્રતિભાવ બતાવે છે. માણસ બુદ્ધિશાળી, વિચારશીલ અને સામાજિક પ્રાણી છે. તે પણ સ્વતંત્રતા ઝંખે છે. આઝાદી મેળવવા ઇચ્છતા માણસમાં સત્ય, સહનશીલતા, સેવા અને સમર્પણના ગુણો આવશ્યક છે. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ ગુણોનું દર્શન થાય છે.

સત્તરમી, અઢારમી સદીમાં ફ્રેન્ચ, ડચ, પોર્ટુગીઝ અને અંગ્રેજ પ્રજા ભારતમાં વ્યાપાર કરવા આવી. આ સમય આપણા માટે રાજકીય અંધકારમય હતો. વ્યાપાર અર્થે આવેલ આ યુરોપિયન પ્રજામાં ગળાફાટ હરીફાઈ જામી હતી. આ પ્રજાઓ અંધકારમય રાજકીય પરિસ્થિતિનો લાભ લઈ ભારતમાં પોતાની સત્તા જમાવવા માટે વ્યાપારી કુનેહ સાથે યુદ્ધ લડવાની કુશળતા મેળવનાર સાહસિક વ્યાપારીઓ વેપાર અર્થે મોકલવા માંડી. આ સમયે આપણા દેશવાસીઓમાં કુસંપ, રાષ્ટ્રીય ભાવના અને એકતાનો અભાવ તેમજ ગેરશિસ્ત વ્યાપક પ્રમાણમાં હતાં. ત્યારે યુરોપીય પ્રજાઓમાં અંગ્રેજોમાં શિસ્ત, સંપ, વ્યવસ્થા, નિષ્ઠા તેમજ સ્વદેશાભિમાન જેવા ગુણો હતા. એને પરિણામે બીજી યુરોપીય પ્રજાઓ કરતાં અંગ્રેજોએ ભારતમાં પ્રવર્તતી રાજકીય અંધાધૂંધીનો લાભ વેપારક્ષેત્રે જ નહિ પણ રાજકીયક્ષેત્રે પણ લીધો અને દાવપેચ ખેલવા માટે તેમને મોકળું મેદાન મળી ગયું. ભારતીય પ્રજામાં કે સ્થાનિક રાજા મહારાજામાં તેમની ટક્કર લેવાની શક્તિ ન રહી ન હતી. તેઓ તે અંગ્રેજોની ચાલબાજીનો ક્રમેક્રમે ભોગ બનતા ગયા.

૧૭૫૭ના પ્લાસીના યુદ્ધથી બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં રાજકીય સત્તાનાં પગરણ માંડ્યાં. ડેલહાઉસી સુધીના ગવર્નર જનરલોએ સામ, દામ, દંડ અને ભેદની નીતિ અખત્યાર કરી ભારતીય

---

* પૂર્વ આચાર્ય, પ્રા.શિક્ષક અ.મંદિર, વલ્લભ વિદ્યાલય, બોચાસણ, જિ. આણંદ

રાજકર્તાઓના કુસંપ અને દેશદ્રોહીપણા ઇત્યાદિનો લાભ લઈ ૧૯મી સદીની પહેલી પચીશી સુધીમાં રાજસત્તા જમાવી. તેમજ અંગ્રેજ શાસનને મજબૂત અને સર્વોચ્ચ બનાવ્યું.

## ૧. ૧૮૫૭ થી ૧૯૦૫

સંત તુલસી દાસે કહ્યું છે : 'पराधीन स्वप्ने ही सुख नाहि' સ્વતંત્રતા એ જીવનનો સાર છે. અમીરસ છે. એના વિણ વ્યક્તિ કે સમાજ સત્ત્વહીન બની જાય છે. જ્યારે એનું મહત્ત્વ સમજાય ત્યારે એની તીવ્ર ઝંખના કરે છે. તે માટે માનવી પોતાનું સર્વસ્વ હોમવા તત્પર બને છે. એ સ્વતંત્રતાનો જાપ જપે છે. એ એનો જીવનમંત્ર બની રહે છે. તે અર્થે માનવી મથતો જ રહે છે.

આપણા પૂર્વજોને પણ અંગ્રેજ શાસન કઠતું હતું. પરાધીનતા ડંખતી હતી. એથી ૧૭૫૭ પછી આઝાદી પ્રાપ્તિ અર્થે અનેક પ્રયત્નો વ્યક્તિગત ધોરણે કે સામૂહિક ધોરણે થતા રહ્યા. '૧૮૫૭માં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસન સામે સર્વવ્યાપી અસંતોષની આગ ધૂંધવાઈ ઊઠી.'' તેમજ ભારતમાં અંગ્રેજો પ્રત્યે વ્યાપક તિરસ્કાર જન્મ્યો, જે છેવટે ૧૮૫૭ની મહાન ઘટનામાં પરિણમ્યો. તે આપણો પ્રથમ શસ્ત્ર સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. આ સંગ્રામ પોતાના અસ્તિત્વ માટેની લડાઈ હતી. તેમાં સૌ પ્રથમ દેશની એકતાનો નાદ સંભળાયો.

ખલ્ક ખુદાકા, મુલ્ક બાદશાહકા,
ઔર હુકમ રાનીલક્ષ્મી બાઈકા.

બંગાળમાં સૌ પ્રથમ શહીદી વહોરી મંગળ પાંડેએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સામેલ થવાની લીલી ઝંડી આપી દીધી. ત્યાર બાદ બિહાર, ઓરિસ્સા, દિલ્હી, આગરા, અયોધ્યા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને દખ્ખણના કેટલાક મુલકોમાં સ્વાતંત્ર્યની આગ ભભૂકી ઊઠી. તે સમયે ગુજરાતમાં અંગ્રેજોને વફાદાર ગાયકવાડી સત્તા વિસ્તરેલી હતી. તેમ છતાં અમદાવાદ, પંચમહાલ, સાબરકાંઠા જિલ્લાઓમાં તથા મહીકાંઠા, રેવાકાંઠા વગેરે (એજન્સી) વિસ્તારોમાં ઘટનાની આગ પ્રસરી હતી'.[૧]

ખેડા જિલ્લામાં બ્રિટિશ હકુમત સન ૧૮૦૩માં સ્થપાઈ.[૨] એટલે ગામેગામ જમીન મહેસૂલ ઉઘરાવવા માટે તલાટીઓની નિમણૂકો કરવામાં આવી. એ પહેલાં દેસાઈઓ ઇજારદાર તરીકે મહેસૂલ ઉઘરાવતા, તલાટીઓની નિમણૂક થતાં નડિયાદના અજુભાઈ દેસાઈ રોષે ભરાયા અને તેમણે ભરૂચ અને મહુધાના દેસાઈઓનો સાથ મેળવી અંગ્રેજ સરકાર સામે માથું ઊંચક્યું. ચરોતરનાં બધાં જ ગામોના મુખી તલાટીઓને અંગ્રેજી રાજ્યના નવા હુકમને તાબે ન થવાની તેમણે પરંપરાગત હકની રૂએ આજ્ઞા કરી.''[૩] આ બાબતમાં મહેસૂલ કરતાં સ્વમાનનો સવાલ મહત્ત્વનો હતો.

અંગ્રેજોને વિદેશમાં શાસન કરવું હતું તેથી અજુભાઈ અને મહુધાના દેસાઈઓને રાજદ્રોહના આરોપસર પકડ્યો અને જેલ તેમજ દંડની સજા કરી. આમ અંગ્રેજ સરકાર સામે અવાજ ઉઠાવનારને દાબી દેવાની નીતિ અખત્યાર કરવામાં આવી.

તેમ છતાં ખેડા જિલ્લાના ક્ષત્રિયો, ઠાકોરો અને ખેડૂતો પર રાષ્ટ્રવ્યાપી લડતની અસર થયા વિના ન રહી. તેઓ પોતાના દેશ પર વિદેશી શાસન સાંખી ન શક્યા. એ સ્વમાની ક્ષત્રિયો મહી ઓળંગીને આવતા અંગ્રેજ લશ્કર સામે દાયકાઓ સુધી ઝૂઝતા રહ્યા અને આઝાદી માટે બલિદાન આપ્યું. આ ઘટનાને બિરદાવી અંજલિ આપતાં શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિક પોતાની 'આત્મકથા'માં લખે છે :

'સન ૧૮૫૭માં ખેડા જિલ્લાના ઠાકોરો અને ક્ષત્રિયોની લડતનો જે દાવાનળ કજળી ગયો હતો, તેના પર દેશવ્યાપી બંડની હવા ફૂંકાતાં તે પૂરા જોશથી સળગી ઊઠ્યો. બાપુ ગાયકવાડ, ભાઉ સાહેબ પવાર ને ભોંસલે રાજા વગેરે હારેલા મરાઠા સરદારોએ અમદાવાદમાં રહીને તમામ અંગ્રેજોની કતલ કરી તેમનું રાજ

ખતમ કરવાની યોજના ઘડી. કામમાં રાખેલા દેશી પલટણના માણસોને ફોડવા તેમણે ઝવેરી ન્યાયચંદની સહાયથી ચરોતરના ઉમેટા, દાઈમા, પરતાપપુરા વગેરે ગામોના ઠાકોરોનો સાથ મેળવ્યો. આ ઝનૂની ઠાકોરો પોતાના દળો લઈને રણે ચડ્યાને મહી નદી ઓળંગીને છેક વડોદરા સુધી હુમલો લઈ ગયા, પણ ખેડા કલેક્ટર તૈયાર રાખેલી ફોજ લઈને તેમની સામે દોડી પહોંચ્યા. ને પરતાપપુરા આગળ તેણે ઠાકોરોના દળને મારી હરાવ્યું. અંગ્રેજોએ કારમું વેર લીધું. કેટલાયે આગેવાનોને તોપને મોઢે ઉડાડી મૂક્યા. કેટલાકને ફાંસીએ ચઢાવ્યા ને બીજા ઘણાને જેલમાં પૂરી દીધા'.[૪] આણંદના ગરબડ મુખીએ આસપાસનાં ગામોના મુખીઓનો સાથ મેળવીને ગ્રામ રક્ષક દળ શરૂ કર્યું. અંગ્રેજોએ પાલા ગામને આગ ચાંપી ભસ્મીભૂત કર્યું. તેથી તેઓ અંગ્રેજોના ઊભા પાકનો નાશ કરતા, અંગ્રેજ સૈનિકો સૂતા હોય ત્યારે ઓચિંતા જ છાપો મારતા. ગોરા સૈનિકોના ખોરાક માટે રાખેલી ગાયો છોડાવી. ગોરાઓના ઘોડાનાં દામણ કાપી નાખ્યાં. આથી ખેડા જિલ્લામાં હાહાકાર મચી ગયો. આ રીતે ગરબડ મુખીએ ખેડામાં જ નહીં પણ ઉત્તરમાં આબુ સુધી અને દક્ષિણમાં મહીકાંઠાના સીમાડા અને ભરૂચ-રાજપીપળાના વિસ્તાર સુધી બળવાની વ્યવસ્થા ગોઠવવામાં મસલત કરી અને બનતી વ્યવસ્થા કરી. આમ મધ્ય ગુજરાતમાં ચરોતરે પોતાનું તેજ પરખાવ્યું.[૫] તેમજ બોરસદ તાલુકાના ઉમેટાની પ્રજાએ પુરુષાર્થ બતાવ્યો. પરંતુ ખેડા જિલ્લાના આ પ્રજાકીય પુરુષાર્થને સફળતા મળી નહિ. તેને દાબી દેવા અંગ્રેજોએ કશી જ કચાશ રાખી નહીં. પ્રજા પર અત્યાચાર ગુજાર્યો, જુલ્મ કર્યા. તેની જે છાપ ચિત્રકારના મગજમાં અંકિત થઈ તે ભીંતચિત્રમાં રજૂ કરી છે. આવું એક ભીંતચિત્ર બોચાસણના શ્રી. રાવજીભાઈ ભીખાભાઈ પટેલના સહજાનંદ ચોકમાં આવેલા ઘરના કરાની ઉત્તરાભિમુખ ભીંત ઉપર દોરેલાં ચિત્રોમાં પટ્ટી ૨ ના લંબચોરસમાં ડાબી બાજુએથી પહેલા ચિત્રમાં અંગ્રેજ સિપાઈઓ દેશી લોકોને હાથે દોરડું બાંધી તેમના અફસર આગળ લઈ જતા જણાય છે. આ યુગલ છે. તેને અફસરની કોઠીએ લઈ ગયા છે. આ યુગલ તેની ઘરવખરી સાથે લઈને ગયું છે. તે કાળે અંગ્રેજ લશ્કરના સિપાઈઓ ઘોડા રાખતા. ઘોડાને ખોરાકપાણી માટે સામાન્ય સંજોગોમાં કોઈ મુશ્કેલી નહોતી. જ્યારે ૧૮૫૭માં સ્વાતંત્ર્ય સંગ્રામનું બ્યૂગલ ફૂંકાયું ત્યારે ગુજરાતે પાછી પાની કરી નહિ. તેમાં ચરોતરે તેનું કૌવત બતાવ્યું. આ સંગ્રામને દાબી દેવા જે તે સ્થળે ઘોડેસવાર લશ્કરી ટુકડી જતી. તેમાં ઘોડાના ખોરાક માટે ઘાસચારો જોઈએ. તે સ્થાનિક સ્થળેથી મેળવતા પરંતુ જ્યારે આ લશ્કરી સિપાઈઓ સંગ્રામમાં આઝાદીના આશકો પર અત્યાચાર અને જુલ્મ ગુજારવા લાગ્યા ત્યારે ચરોતરના જે તે વિસ્તારની પ્રજાએ અંગ્રેજ લશ્કરના સિપાઈઓને ઘોડા માટે ઘાસચારો આપવાનું બંધ કર્યું, બહિષ્કાર કર્યો. ત્યારે ઘાસચારો નહિ આપવાની પણ ધરપકડ કરવામાં આવતી. દંડ અને શિક્ષા કરવામાં આવતાં. આ ભીંતચિત્ર દ્વારા એવું અનુમાની શકાય કે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકો પરના અત્યાચારનો વિરોધ કરવા પ્રજાએ અંગ્રેજ લશ્કરના સિપાઈઓને ઘાસચારો આપવાનો બહિષ્કાર કર્યો. તેમાં બોચાસણ ગામ પણ સામેલ હોઈ શકે. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામનો એક બોલતો અમૂલ્ય દસ્તાવેજ ભીંતચિત્ર સ્વરૂપે જોવા મળે છે. અંગ્રેજોએ ભારતના ઉત્થાનને દમનથી કચડી નાખવામાં પાછી પાની કરી નહિ. આમ ક્રૂરતા અને જંગલિયતથી અંગ્રેજો ફાવ્યા. અને બ્રિટનની સામ્રાજ્ઞી ભારતીય સામ્રાજ્ઞી બની. અંગ્રેજ શાસનમાં ભારતીય પ્રજાનું આર્થિક શોષણ કર્યું. આર્થિક રીતે ખુવાર થયેલ પ્રજા લાચાર બની, તેમની ખુમારી તૂટી, સરકારી અમલદારો માથાભારે બની બેઠા.

આ સમયે સરકારી અમલદારોના ત્રાસ, જુલ્મ અને શોષણથી પ્રજા પીડાતી હતી. ગામના સરકારી ચૉરે ખેડૂતોના બળદ-ગાડાંની નોંધ રહેતી. સરકારી સામાન અને દફતરની હેરફેર માટે ખેડૂતને બળદગાડા સાથે હાજર રહેવું પડતું. વળી અમલદારે પ્રજા પાસેથી પડાવેલ ભેટસોગાદનો માલ પણ તેમાં ખડકાતો. ખેડૂત તાલુકા મથકે પહોંચે એટલે અધિકારીની પત્ની કંઈ કામ ચીંધે, ફોજદાર ગામમાં આવે તો તેમના ઘોડા માટે રાવણિયા જુવારની સારી કડબ જે તે ખેડૂતના ખેતરમાંથી લાવીને નીરે. તેમજ શાકભાજી વગેરે પણ ભેટ તરીકે માગે.

એ જમાનામાં આજની જેમ વીજળી ગામડાંમાં પહોંચી નહોતી. તેથી અમલદારોનો ઉતારો ગામમાં

હોય ત્યારે ઘાંચીને દીવાબત્તી માટે તેલ પૂરું પાડવું પડતું. ગામના વાળંદે પણ અમલદારના ઉતારામાં પથારી સફાઈ વગેરે કામ માટે હાજર રહેવું પડતું. પાણીનાં વાસણો પૂરાં પાડવાની જવાબદારી કુંભારની રહેતી. તો અમલદારોને જમાડતા ગામના વેપારીઓ દ્વારા વારા કાઢતા. કોઈની પણ અગવડનો વિચાર કર્યા સિવાય આ સેવાઓ અમલદારોને મળતી. અમલદારોના આ વર્તને પણ અંગ્રેજ શાસન પ્રત્યે પ્રજામાં રોષની ભાવના જાગી.

ગામડાંઓમાં નાનામોટા અમલદારોનો ભારે ત્રાસ હતો જ. ગામના ઠાકરડા પાટણવાડિયા, દેવીપૂજક વગેરે કોમોને ગુનાહિત ગણવામાં આવતી. તેમને સરકારી ચૉરે હાજરી પુરાવવી પડતી. પ્રજા આ ત્રાસ અને યાતનાઓ મૂંગે મોંએ સહન કરતી અને દુઃખો વેઠતી. પ્રજા પ્રતિકાર કરવા માગતી હતી. પરંતુ તે અંગે કોઈ સંગઠન પ્રજા સુધી પહોંચ્યું નહોતું. લોકો બેચેન બની ગયા હતા. તેમાં રાષ્ટ્રભાવના અને રાજકીય જાગૃતિ ભળતાં બોચાસણના પ્રજાજનો તન, મન અને ધનથી આઝાદીની લડતોમાં જોડાવા તત્પર બન્યા હતા.

**૨. ૧૯૦૫ થી અસહકારની લડત**

૧૮૮૫માં હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ. તે હજી આમ જનતા કે ગુજરાતની સંસ્થા બની ન હતી. તેમ છતાં દેશમાં રાષ્ટ્રોત્થાનની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી હતી. બંગ-ભંગે ગુજરાત અને ખેડા જિલ્લામાં ચિનગારી ચાંપી. તેમજ હોમરુલ લીગની શાખા ખેડા જિલ્લામાં શરૂ થતાં બોચાસણ જેવા નાનકડા ગામડામાં રાષ્ટ્રીય વિચારો અને સવાલોની સમજ આવતી થઈ.

**ખેડા સત્યાગ્રહ (ઈ.સ. ૧૯૧૮)**

સન ૧૯૧૭માં ખેડા જિલ્લામાં ચોમાસું લગભગ પાંચથી છ માસ ચાલ્યું. સામાન્ય રીતે આ જિલ્લામાં ૨૫ થી ૩૦ ઈંચ વરસાદ પડે છે. પરંતુ ૧૯૧૭ના ચોમાસામાં ૭૦ (સિત્તેર) ઈંચ જેટલો વરસાદ વિજયાદશમી સુધી વરસ્યો. ખેડૂતોએ ત્રણચાર વાર વાવેતર કર્યું. પણ પાક કહોવાઈ ગયો. બિયારણ, મહેનત અને ખરચ નકામાં ગયાં. પશુઓ માટેનો ઘાસચારો પણ કહોવાઈ ગયો. આમ ખેડા જિલ્લામાં લીલો દુકાળ પડ્યો. સામાન્ય રીતે અતિવૃષ્ટિ પછી શિયાળુ પાક સારો થવાની આશા રહે છે. પરંતુ ઊભા પાકમાં રોગ આવ્યો. અને ભૂરા ઉંદરોના ઉપદ્રવે પાકનો નાશ કર્યો. બે ત્રણ માસ ચાલે તેટલા દાણા પણ ન પાક્યા. આથી ખેડૂતો મહેસૂલ ભરે ક્યાંથી ? સૂકો દુકાળ તો નજરે દેખાઈ આવે પરંતુ લીલો દુકાળ એટલો થવા છતાં દેખાતો નથી. આવી કારમી પરિસ્થિતિમાં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. જેથી જીવન જરૂરી ચીજો કાપડ, ઓજારો અને ઘરવખરીના ભાવમાં ભારે ઉછાળો આવ્યો. ખેડૂતો માટે આ દુકાળમાં અધિક માસ સમાન હતું. આણંદ, નડિયાદ અને બોરસદ જેવા સમૃદ્ધ તાલુકાના લોકો આર્થિક ભીંસમાં આવી ગયા હતા. ત્યારે જમીનની ફળદ્રુપતાની દૃષ્ટિએ ઊતરતા અન્ય તાલુકાઓના લોકોની અવદશા અવર્ણનીય હતી.

સામાન્ય રીતે આવી પરિસ્થિતિ માટે મહેસૂલી કાયદામાં એવી જોગવાઈ હતી કે, પાક ચાર આની પાકે તો પૂરું મહેસૂલ માફ કરવું અને પાક છ આની પાકે ત્યારે અડધું મહેસૂલ બીજા વર્ષ સુધી મુલતવી રાખવું. ખેડા જિલ્લાના કઠલાલ ગામે આ કાયદાનો લાભ લેવા સરકારને અરજી કરી. એ પછી તાલુકા અને જિલ્લા કક્ષાએ માગણી થવા લાગી. ખેડૂતોનો પક્ષ લઈને હોમરુલ લીગે અને તે વખતના ધારાસભાના સભ્યશ્રીઓ શ્રી વિઠ્ઠલભાઈ ઝ. પટેલે અને શ્રી. ગોકળદાસ કહાનદાસ પારેખે પણ આનાવારી નક્કી કરવા પ્રજાના પ્રતિનિધિઓનું તપાસ પંચ નીમવાની માગણી કરી. અને તેનો અહેવાલ આવે ત્યાં સુધી મહેસૂલ વસુલાત મુલતવી રાખવા સરકાર સમક્ષ રજૂઆત કરી. ઉલટાનું સરકારે કડકાઈ વાપરી મહેસૂલ વસૂલ કરવા માંડ્યું. આવા પ્રસંગે પ્રજાને ન્યાય ન મળે ત્યાં સુધી મહેસૂલ નહિ ભરવાની ગાંધીજીએ સલાહ આપી. તે અનુસાર ખેડા જિલ્લામાં મહેસૂલ ન ભરવાનાં લેખિત પ્રતિજ્ઞાપત્રો ભરાવા લાગ્યા. ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, ઈન્દુલાલ યાજ્ઞિક, મોહનલાલ પંડ્યા, રવિશંકર મહારાજ વગેરે આગેવાનો ખેડા જિલ્લાના ખેડૂતોને જાગૃત કરવા ગામેગામ ફરવા લાગ્યા.

આ ધર્મયુદ્ધમાં સાથ આપવા માટે બોરસદ તાલુકાના કાંઠાગાળામાં રાસ ગામે ખેડૂતોની એક સભા રાખવામાં આવી. મહાત્મા ગાંધીજીએ ૧૯૧૮ના એપ્રિલની ૧૮મી તારીખે આ સભાને સંબોધી. આ સભામાં જંત્રાલ, બનેજડા, ડભાસી, ગોરેલ, સૈજપુર, ખાનપુર, કડાણા, વડેલી, ઝારોલા, અમિયાદ વગેરે ગામોના ૨૫૦૦થી વધારે માણસોએ હાજરી આપી.[૬]

મહાત્માજીએ તેમના પ્રવચન દ્વારા બોરસદ તાલુકાને આઝાદીના આંદોલનની દીક્ષા આપતાં કહ્યું કે... મારી સલાહથી તો નથી તમારે સુખે સૂવાનું તેમ જ મારી સાથે કામ કરનારાઓને પણ સુખે સૂવાનું નથી, પરંતુ દુઃખ સહન કરવાનું છે. ઉજાગરા વેઠવાના છે. ઠેકાણે ઠેકાણે ભટકવાનું છે. તમારે તો ભેંસ જપ્ત થાય તો થવા દેવાની.... જેમ જેમ દિવસો વીતતા જાય છે તેમ તેમ મને લાગે છે કે જો આ સલાહ મેં તમને નહિ આપી હોત તો ગુજરાતના લૂણનો હું હરામી થયો હોત... આપણે લૂંટફાટ કરીને ઉદ્ધતાઈ કરીને નથી લડવું. આપણી આત્માની શક્તિ ખરચીને લડવું છે. દુઃખ દઈ જીત નથી મેળવવી. દુઃખ સહન કરી જીત મેળવવી છે. તપશ્ચર્યા કરવી જ પડે... દુઃખો સહન કરી આપણે વારસામાં વધારો કરવાનો છે. દુઃખો સહન કરી આપણે દુઃખ રાખશું તો આપણે જગતમાં અંકાઈશું. તે જોઈ જગત વધી શકશે.... આ લડતમાં બેવડો સ્વાર્થ છે. એક તો એ કે મહેસૂલ માફ કરે, બીજું પ્રજાનું પ્રજાપણું મક્કમ થાય. આ સ્વાર્થ કંઈ જેવો તેવો નથી, તેથી આપણે દુઃખ સહન કરવાં જોઈએ. આ કામ કંઈ આપણે વગર વિચાર્યે નથી કર્યું. વિચારીને જ કામ કરેલું છે. સારા કામને માટે લીધેલી પ્રતિજ્ઞા, લોકસંગ્રહને માટે લીધેલી પ્રતિજ્ઞા, સૂર્ય પૂર્વમાંથી પશ્ચિમમાં ઊગે તો પણ ન જ તૂટે. એ મારી નમ્ર સલાહ છે. પહેલું કામ એ કરજો કે, જે પ્રતિજ્ઞા લીધી છે, તેને પાળજો એ પ્રતિજ્ઞાથી આત્મશુદ્ધિ કરવાની છે. સત્યાગ્રહની શક્તિ એટલી વ્યાપક છે કે, એનાથી બધાં દુઃખો દૂર કરી શકાય છે. જેમ અગ્નિ સ્પર્શથી બધા મેલોને બાળે છે, તેમ સત્યાગ્રહથી પણ બધા મેલો દૂર થાય છે અને અનેક દુઃખોનું નિવારણ થાય છે.[૭]

આમ મહાત્મા ગાંધીજીએ બોરસદ તાલુકાની પ્રજાને સત્યાગ્રહ, આત્મશુદ્ધિ, પ્રતિજ્ઞાપાલન અને દુઃખ સહન કરવા દ્વારા પ્રજાપણું ટકાવી રાખવાનો રાહ ચીંધ્યો, ત્યારે વલ્લભભાઈ પટેલે આ પથકના પથિક બનવાની રીત બતાવતાં કહ્યું : ''હવે સત્યાગ્રહની લડત કાંઠામાં શરૂ થઈ, માટે આપણે ટંટો, લૂંટફાટ અને દગો વગેરે છોડી દેવાં જોઈએ, ન્યાયને રસ્તે લડવું જોઈએ.... શક્તિનો ખોટો ઉપયોગ કરી લડવું નહિ, ધારિયાં ઉગામવાનું છોડી દેવું જોઈએ. ભાઈચારો રાખવો, વિનયથી, વિવેકથી ચાલવું, આપણા જ હક્ક હોય તે મક્કમ પણે માગવા. મામલતદારોની બીક છોડી દેવી. હક્કની વાત હિમ્મતથી કહેવી. નિર્ભય બનવું.... પ્રજામાંથી ભય કાઢી નાખવો, કુચાલ, કુસંપ, ટંટોફિસાદ દૂર કરવાં.... સરકાર પણ તમે જેમ જેમ બોજો સહન કરતા જાઓ છો તેમ તેમ વધારે બોજો તમારા પર મૂકે છે. તમે જે બોજો અત્યાર સુધી સહન કર્યો છે તેને ફેંકી દો અને નિર્ભય થઈ બેસી જાઓ. આ સાચું છે તેને અનુસરો. પછી સરકાર પણ કહેશે કે તે ધારે છે તેવી પ્રજા નિર્માલ્ય નથી.... જો પ્રજાબળ એકત્ર થાય તો સરકાર પણ તેની સામે થઈ શકતી નથી.[૮]

ગાંધીજી અને વલ્લભભાઈ પટેલના પ્રેરણાદાયી પ્રવચનોની તાલુકા પ્રજા પર સારી અસર થઈ. લોકોમાં હિમ્મત અને શ્રદ્ધા વધ્યાં. અમલદારોએ લોકોને સતાવતા મુકદમા ઊભા કર્યા, જપ્તીઓનો દોર ચાલુ રાખ્યો. ''મે માસના પહેલા અઠવાડિયામાં સંદેસર, સુણાવ, બોચાસણ, સામરખા, વધાસી, પણસોરા, અલીંદા, નડિયાદ અને તોરણા ગામોમાં જપ્તીનો મારો જર્મન બોંબમારા જેવો જોશબંધ ચાલતો હોવા છતાં સત્યાગ્રહીઓ બરાબર ઝીલી રહ્યા હતા. લોકો સંપૂર્ણ રીતે સજ્જ થઈ બેઠા હતા. એટલે મહેસૂલ જેટલી રકમનો માલ મેળવતાં અમલદારોના લોહીનું પાણી થઈ જતું હતું. જપ્તીઓ કરવામાં નિયમ કે ધોરણ નેવે મૂકવામાં આવ્યાં હતાં. બંધ ઘરનાં તાળાં ઉઘાડી ઘરવખરી કે માલસામાન કાઢી જતાં અને રસ્તામાં જતી આવતી ભેંસો અને બળદો પકડી લઈ કબજે કરી લેતા.[૯] દૂઝણી ભેંસો જ જપ્તીઓમાં પકડી લેવામાં આવતી. તેના પરિણામે ઊંચી જતી તેમ છતાં કેટલાકે છેક સમાધાન થતાં સુધી મહેસૂલ ભર્યું જ નહિ. આ રીતે રાષ્ટ્રના

આઝાદી આંદોલનમાં બોચાસણે શ્રીગણેશ કર્યા.

બોચાસણ જેવાં અનેક ગામોના ઉત્સાહ અને ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, મોહનલાલ પંડ્યા, રવિશંકર મહારાજ, દરબાર ગોપાળદાસ, શંકરલાલ બેન્કર, ઈન્દુલાલ યાજ્ઞિક, અનસૂયાબહેન વગેરે અનેક પ્રજાસેવકોની તપશ્ચર્યા ફળી. આ લડતમાં પ્રજા વિજયી બની.

**અસરો :**

ખેડાની લડતની અસર વર્ણવતાં ગાંધીજી જણાવે છે કે, ''ખેડૂત જીવનમાં શિક્ષિતવર્ગનો, સ્વયંસેવકોનો ખરો પ્રવેશ તો આ લડતથી જ થયો એમ કહી શકાય.... સહુ સમજ્યા કે પ્રજાની મુક્તિનો આધાર પોતાની ઉપર છે. ત્યાગ શક્તિ ઉપર છે. સત્યાગ્રહે ખેડાની મારફતે ગુજરાતમાં જડ ઘાલી.[૧૦]

આ લડતને પરિણામે અનાયાસે લોકોને ધર્મની નીતિની, સંપની, સત્યની અને અહિંસાની તાલીમ મળી. પ્રજામાંથી અમલદાર વર્ગનો ભય નીકળી ગયો. વેઠપ્રથા નાબૂદીની ઝુંબેશ શરૂ થઈ તેમજ ચંપારણ અને ખેડા સત્યાગ્રહ દ્વારા ગાંધીજીએ સત્યાગ્રહના રાષ્ટ્રવ્યાપી પ્રયોગની ભૂમિકા તૈયાર કરી.

### ૩. ૧૯૨૧ થી ૧૯૩૦ શીતયુદ્ધ :

#### – હૈડિયા વેરાનો સત્યાગ્રહ (ઈ.સ. ૧૯૨૩)

આજનો બોરસદ તાલુકો તે સમયે બ્રિટિશ અને ગાયકવાડી બે રાજ્યની હકૂમતમાં વહેંચાયેલો હતો. તે સમયે આ તાલુકાની વસ્તી દોઢેક લાખ હતી. તેમાંથી અડધા ઉપરાંત વસ્તી પાટણવાડિયા, બારૈયા ઇત્યાદિ ક્ષત્રિય કોમની હતી. આ બહાદુર કોમ ઓછી જમીન, સાધન સામગ્રીનો અભાવ, અજ્ઞાન, વ્યસન અને કુરિવાજોને કારણે આર્થિક, સામાજિક રીતે ઘસાતી ગઈ અને શાહુકારો અને જમીનદારોના દેવામાં ડૂબી ગઈ તથા ગોરા અમલદારોની તુમાખી જુલમી કાયદા વગેરેના પરિણામે કેટલાક સ્વમાની લોકો બહારવટે નીકળ્યા હતા.

આ સ્વમાની, પ્રામાણિક, મહેનતુ અને ખમીરવંતી પ્રજા પર ગુનેગાર કોમને લગતો કાયદો (ક્રિમિનલ ટ્રાઈબ્સ ઍક્ટ) બ્રિટિશ સરકારે લાગુ પાડ્યો. જેને પરિણામે તે કોમનાં પુખ્ત વયનાં તમામ સ્ત્રીપુરુષોને સવાર-સાંજ હાજરી આપવા કે પૂરાવવા જવું પડતું. રોજની અપમાનજક હાજરીથી કંટાળી કેટલાક નાસી છૂટતા અને ચોરી, લૂંટફાટની ટોળીમાં ભળી જતા. આમ પ્રજાની આર્થિક હાડમારી અને સરકારનું અન્યાયી વલણ એ બે કારણે ચોરી, લૂંટફાટ અને બહારવટા તરફ કેટલાયે જુવાનો ખેંચાઈ જતા. બોરસદ તાલુકાના શિંગલાવનો ગુલાબ રાજા, બોચાસણ પાસે ગોરેલનો બાબર દેવા (૧૯૧૭) અને તેનો ભાઈ ડાભલો તેમજ બોરસદનો અલીમિયાં જેવા બહારવટિયાઓએ ખેડા જિલ્લાના આણંદ અને બોરસદ તાલુકા તથા ગાયકવાડી રાજ્યના ગામોમાં કાળો કેર વર્તાવવા માંડ્યો.

બોરસદ તાલુકાના લોકો બહારવટિયાઓને આશ્રય આપે છે, તેમને છુપાવે છે તેથી પોલીસ તેમને પકડી શકતી નથી. એવો આક્ષેપ સરકારે લોકો પર કર્યો. જ્યારે લોકોનો આક્ષેપ હતો કે, પોલીસ બહારવટિયા સાથે ભળી ગઈ છે. વળી સ્થાનિક અમલદારોનો એવો અભિપ્રાય હતો કે બહારવટિયાને પકડવા વધારાની પોલીસ મૂકવી. અને તેનો ખર્ચ લોકો પર દંડ નાખીને વસૂલ કરવો જોઈએ. તે મુજબ સરકારે ગોરેલ, ખડાણા અને જોગણમાં પોલીસ થાણાં મૂક્યાં અને ગામડાંની ગરીબ પ્રજા પર પ્યુનિટિવ પોલીસ ખર્ચ નાખવામાં આવ્યો. પાછળથી ખેડા કલેક્ટર મામલતદાર અને પોલીસ સુપરિટૅન્ડૅન્ટની કોન્ફરન્સમાં આખા તાલુકા પર 'પ્યુનિટિવ ટૅક્સ' નાખવાનો નિર્ણય લેવાયો. આમ સરકારે બહારવટિયાઓને પકડવા અને પ્રજાના રક્ષણ માટે ખાસ પોલીસની મોટી ફોજ રાખવાનો નિર્ણય કર્યો. એના બચાવમાં માહિતી ખાતાના વડાને મુંબઈથી ખાસ બોલાવી બોરસદ, આણંદની મુલાકાત ગોઠવી. મુંબઈ 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' પત્રમાં ખેડા જિલ્લાના બહારવટિયા વિશે લેખ છાપવામાં આવ્યા. અને સત્યાગ્રહની લડતને કારણે બોરસદ તાલુકામાં ગુનાનું પ્રમાણ વધ્યું છે, તેવું તહોમત મૂકવામાં આવ્યું. આ રીતે બોરસદ તાલુકાની પ્રજાને બદનામ કરવી હતી. તેમ કરીને આખા

તાલુકામાં વધારાની પ્યુનિટિવ પોલીસ મૂકવાની યોજના અમલમાં લાવવી હતી.

"આખરે સરકારે તા. ૨૫-૨-૧૯૨૩ના રોજ પોતાના ઠરાવ નં. ૩૮૨૮ મુજબ બોરસદ તાલુકાનાં ૮૮ તથા આણંદ તાલુકાનાં ૨૪ ગામો ઉપર કુલ રૂપિયા ૨,૪૦,૦૭૪નો દંડ આકારી વધારાની પોલીસ આખા તાલુકામાં ગામેગામ મૂકવાનો નિર્ણય જાહેર કર્યો." આ દંડ બે રૂપિયા સાત આનાના હિસાબે સોળ વરસ ઉપરના દરેક સ્ત્રી-પુરુષ પાસેથી, ઘરડા, વિધવા કે અપંગને પણ બાદ કર્યા વિના વસૂલ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. લોકોએ આ દંડનું નામ 'હૈડિયા વેરો' પાડ્યું. આ કર પ્રજાને માટે દાઝ્યા ઉપર ડામ સમાન હતો. આ કર મુસલમાન શાસન સમયે હિંદુઓ પાસે લેવાતા જજિયાવેરાની પ્રતીતિ કરાવતો હતો. મુસલમાન શાસકોએ જજિયાવેરામાંથી સ્ત્રીઓ, બાળકો, મુસલમાનો અને સાધુસંતોને મુક્તિ આપી હતી. રાજ્યમાં કાયદો, વ્યવસ્થા અને પ્રજાના રક્ષણની જવાબદારી સરકારની જ રહે. આમાં નિષ્ફળ જનાર સરકાર રાજ્ય કરવાને અયોગ્ય ગણાય. અહીં સરકારની નિષ્ફળતાથી પ્રજા પીડાતી રહી. વધારામાં સરકારે નાખેલા આ 'હૈડિયાવેરા'થી પ્રજાનો પ્રકોપ પ્રગટી ઊઠ્યો."[૧૧]

સરકારે કર ઉઘરાવવા માટે માણસોની ગણતરી કરીને પત્રકો તૈયાર કરાવ્યાં. બોરસદ તાલુકા ઉપર નાખવામાં આવેલા આ અન્યાયી અને ગેરવાજબી દંડ માટે વલ્લભભાઈ પટેલે, શ્રી મોહનલાલ પંડ્યા અને રવિશંકર મહારાજની કમિટિ નીમી. તેમણે ગામેગામ ફરી અહેવાલ તૈયાર કર્યો. તપાસમાં તેમને લાગ્યું કે લોકોનો કેસ તદ્દન સાચો છે. એટલે કે એ અંગે પગલાં ભરવા તા. ૨-૧૨-૧૯૨૩ના રોજ બોરસદ તાલુકાની પરિષદ બોરસદમાં મળી. એમાં ૧૦૨ ગામોના પ્રતિનિધિઓની વિશાળ સભા સમક્ષ ભાષણ આપતાં વલ્લભભાઈ પટેલે કહ્યું, 'બે ઘોડે સવારી કરવા જઈશું તો આપણે જરૂર પડીશું. યુદ્ધે ચઢીએ તે પહેલાં જ બેમાંથી એક ઘોડાની પસંદગી કરી લઈએ. મેદાનમાં ગયા પછી જે યોદ્ધો ઘોડાની પસંદગીના વિચાર કરવા બેસે છે તે અવશ્ય હારે છે, માટે સ્વરાજ્યે કયો ઘોડો લઈ જશે તે પહેલાં તપાસો. આપણી પોતાની તાકાત પહોંચાડશે કે પારકાની આશા, તેનો નિર્ણય કરી એક ઉપર સવાર થઈ રણે ચડો. ધારાસભામાં જઈને કર માફ કરાવવાનું ન રાખો.... એ તમે સ્પષ્ટ કહી દો કે આ વધારાની પોલીસનો કર અમે નહિ આપીએ તો તમને સરકાર સાથે સીધો સંબંધ થઈ જશે, અને તે જ ખરો ઘોડો છે.

....તમારા ગામનો પૈસો ગામમાં જ રહેશે.... કે તરત એ લોકોનાં બધાં તોફાન બેસી જવાનાં.... દુકાળો બંધ થવાના અને ગરીબ લોકોને રોટલો મળશે અને ચોરી-લૂંટફાટ આપોઆપ બંધ થશે... અઢી રૂપિયાનો બચાવ થશે એવા હલકા વિચારથી દંડ ભરવો ન હોય તો આ લડતમાં પડવામાં માલ નથી. આપણે ચોર-લૂંટારાના સાથી નથી, ચક્રવર્તી સરકારને પણ આપણને એવું કહેવાનો હક્ક નથી, એમ લાગતું હોય તો જ આ લડત ઉપાડજો. પછી ભલે સરકારમાં બે રૂપિયાને બદલે દશ રૂપિયાનો માલ જાય. લૂંટારાના સોબતી કહેવાઈએ. સરકારને અઢી રૂપિયા આપવા તે કરતાં બહારવટિયા લૂંટી જાય તે સારું... આવી સમજણ હોય તો જ લડત ઉપાડજો.

....સરકારના માણસો અને તમારા દુશ્મનો તમને ભરમાવી તોફાને ચડાવવાનો પ્રયત્ન કરશે. તમે તોફાને બિલકુલ નહીં ચડશો. મહાત્માજીની લડતમાં ધારિયાનું કે લાકડીનું કામ નથી. તેમાં આપણા બરડાનું કામ છે. સરકાર તેના પર ભલે મારવું હોય તેટલું મારી લે. સરકાર બહારવટિયાને નહીં પકડી શકે. પણ તમને તો તે તરત પકડી લેશે. કોઈને ગાળ દેવામાં કે મારવામાં કોઈ મોટાઈ નથી, ધર્મને ખાતર દુઃખ સહન કરવામાં મોટાઈ છે.[૧૨]

વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ આણંદ અને બોરસદ તાલુકાની પ્રજાએ 'હૈડિયા વેરા'ના વિરોધમાં સંગઠિત રીતે અહિંસક લડત આરંભી. ગામેગામ સ્વયંસેવક દળ ગોઠવાઈ ગયું. બોરસદ સત્યાગ્રહ છાવણીનું મુખ્ય મથક હતું. સત્યાગ્રહનાં કુલ ૧૮ થાણાં હતાં. દરેક થાણા નીચે ૮ થી ૧૦ ગામો હશે.

બોરસદથી હરરોજ સત્યાગ્રહ પત્રિકાઓ નીકળતી. એ જમાનામાં આજના જેવી વાહનવ્યવહારની સગવડ નહોતી તો પણ સ્વયંસેવકો કોઈના ગાડામાં બેસીને કે પગપાળા ચાલીને તે પત્રિકા ગામેગામ હોંશથી પહોંચાડતા.

સરકારે બીજાં કામ બાજુ પર મૂકી કારકુનો, તલાટીઓ, સર્કલ વગેરેને જપ્તીના કામમાં રોકી દીધા. સરકારી અમલદારો જપ્તી માટે દિવસે ગામમાં ફરતા. કેટલીકવાર નજીવી રકમની અવેજીમાં દૂઝણી ભેંસો અને કિંમતી ઘરવખરી અને જમીન પણ જપ્ત કરતા. લોકો જપ્તીથી બચવા માટે ગામને પાદર આવેલા વડ ઉપર મોટું નગારું રાખતા. ત્યાં સ્વયંસેવક બેસે એવી ગોઠવણ કરવામાં આવતી. જપ્તીવાળાને આવતા દેખે એટલે સ્વયંસેવક નગારું વગાડવા માંડે, એટલે લોકો ઘરબંધ કરી, તાળાં મારી ઢોરને લઈને સીમમાં ચાલ્યા જાય. રસોઈ કામ માટે સ્ત્રીઓ ઘરમાં રોકાઈ હોય તો પણ બારણે તાળું માર્યું હોય ! લોકો દિવસનાં કામ રાત્રે પતાવતા. આમ લડતનો રંગ જામ્યો. આ લડતમાં બોચાસણમાં જપ્તીઓ થઈ ન હતી. આમ લોકો સરકારને 'હૈડિયા વેરો' ના ભરવામાં મક્કમ હતા, એવો રિપૉર્ટ છે.[૧૩]

બહારવટિયા બાબર દેવાને પકડવા સરકારે અલીમિયાં નામના એક બીજા બહારવટિયાનો આશરો લીધો. તેને બંદૂકો અને કારતૂસો પૂરાં પાડ્યાં. તેને લૂંટો અને ખૂન કરવા દીધાં. સરકારી અમલદારો આ સામે આંખ-મીચામણાં કરતા. વલ્લભભાઈ પટેલે બહારવટિયા અને સરકારની વચ્ચે થયેલી સમજૂતી જાહેર કરી. એ સમાચાર મુંબઈના દરેક વર્તમાનપત્રમાં છપાયા. ભારત અને યુરોપના અંગ્રેજી વર્તમાનપત્રમાં મહાદેવ દેસાઈએ આ સમાચાર મોકલ્યા. આ સમાચાર જાહેર થતાં સમગ્ર મુંબઈ ઇલાકામાં ખળભળાટ મચી ગયો. મુંબઈ ધારાસભામાં આ વાત ચર્ચાઈ. ધારાસભ્યોએ હોમ મેમ્બર મોરિસ હેવાર્ડને બોરસદ તાલુકાની મુલાકાત લેવા આગ્રહ કર્યો. ગવર્નર લેસ્લી વિલ્સન નવા જ નિમાયેલા હતા. પોતાની સરકાર પર જાહેરમાં મુકાયેલા ગંભીર આક્ષેપ વાંચી ચોંકી ઊઠ્યા અને તેમણે હોમ મૅમ્બર મોસિ હેવાર્ડને જાતતપાસ માટે બોરસદ મોકલ્યા. તેમણે બોરસદ તાલુકાનાં ઘણાં ગામોની મુલાકાત લીધી. તા. ૪-૦૨-૧૯૨૪ ના રોજ હોમ મેમ્બર બોરસદ આવ્યા. તેમની સાથે વાતચીત કરવા તાલુકાના દોઢસો જેટલા આગેવાનોની એક સભા બોલાવી. સભામાં થયેલી રજૂઆતથી હોમ મૅમ્બર મોરિસ હેવાર્ડને સરકારી તંત્રનો અન્યાય અને ભૂલ સમજાયાં. તેમણે સભામાં જ આનો એકરાર કર્યો. એ પછી ચોથા દિવસે હૈડિયાવેરો રદ કરવાની સરકારે જાહેરાત કરી. આખી લડત દરમિયાન શાન્ત અને મક્કમ રહેલ બોચાસણ ગામમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ પ્રસરી ગયું.

સરકારની યાદી બહાર પાડ્યા પછી વલ્લભભાઈએ એક ખાસ પત્રિકા બહાર પાડીને લડતને બંધ થયેલી જાહેર કરી અને જણાવ્યું કે, આ લડતમાં સત્ય, અહિંસા અને તપનો વિજય થયો છે. આ વિજય અદ્‌ભુત છે. સરકારે પોતાની ભૂલ સ્વીકારી અને સુધારી લીધી છે. પરંતુ વસૂલ કરેલો દંડ અને જપ્તીમાં લેવાયેલો માલ પાછો મળે તેમાં પ્રજાનો વિજય સમાયેલો નથી. પણ પ્રજા ઉપરનું કલંક સરકારે પાછું ખેંચી લીધું તેમાં પ્રજાનો ખરો વિજય રહેલો છે.

આ લડતનો અંત આટલો જલ્દી આવશે એવું કોઈએ ધાર્યું ન હતું. પ્રજાની પૂરી જીત થઈ. તેથી લોકોનો ઉત્સાહ ભારે હતો. તા. ૧૨મી જાન્યુઆરી, ૧૯૨૪ના રોજ બોરસદમાં 'હૈડિયા વેરો'ની લડતની પૂર્ણાહુતિ ઉજવવા વલ્લભભાઈના પ્રમુખપદે સભા યોજવામાં આવી. તેમાં આણંદ અને બોરસદ તાલુકાના જુદાં જુદાં ગામોના તથા અમદાવાદ અને મુંબઈના મળીને ૨૫-૩૦ હજાર માણસોની મેદની ઊમટી પડી હતી. બોચાસણમાંથી પણ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ લડતે પ્રજાને પોતાની આંતરિક શક્તિઓનો પરિચય કરાવ્યો. બોચાસણની પ્રજામાં પણ આત્મશ્રદ્ધા વધી તેમજ લોકોના ઘડતરનું મહત્ત્વનું કામ થયું. આમ 'હૈડિયા વેરો'ની લડતના વિજયથી લોકોની કેળવણી થઈ. એના પરિણામે બોચાસણની જિલ્લાના અગ્રણી ગામોમાં ગણતરી થવા લાગી.

**[ક્રમશઃ]**

## પાદટીપ

૧. ડૉ. ર.ક.ધારૈયા, ગુજરાત : '૧૮૫૭', પૃ. ૨
૨. શાહ ઍન્ડ શાહ, 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૪૮૪
૩. પાઠક રા.ના., 'ખેડા જિલ્લા સ્વાતંત્ર્ય સંગ્રામ', પૃ.૩
૪. ઈન્દુલાલ ક. યાજ્ઞિક, 'આત્મકથા', ભાગ પહેલો, પૃ.૯
૫. ડૉ. શાંતિલાલ મ. દેસાઈ, 'રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત', પૃ. ૨૪
૬. પરીખ શંકરલાલ દ્વારકાદાસ, 'ખેડાની લડત', પૃ.૨૪૪
૭. એજન, પૃ. ૨૪૫ થી ૨૪૯
૮. એજન, પૃ. ૨૪૯-૨૫૧
૯. પાઠક રામનારાયણ નાગરદાસ, ઉપર્યુક્ત, પૃ. ૫૯-૬૦
૧૦. ગાંધી મોહનદાસ કરમચંદ, 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા', પૃ. ૫૪૧
૧૧. પટેલ ચંદ્રકાન્ત, 'સ્વાતંત્ર્ય આંદોલનમાં રાસ', પૃ.૧૪
૧૨. પરીખ નરહરિ, 'સરદાર પટેલનાં ભાષણો', પૃ.૮૮, ૮૯, ૯૫
૧૩. પટેલ મણિબહેન વલ્લભભાઈ, 'બોરસદ સત્યાગ્રહ', પૃ. ૬૦

# ગુજરાતની પાયાની કેળવણીના ક્ષેત્રે 'લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ' શિક્ષણ સંસ્થાનું પ્રદાન

◆

મેતર અબ્દુલકાદર કાસમભાઈ*

**પ્રસ્તાવના :**

આપણા વિદ્યાલયોમાં વિદ્યાનો લય થતો જણાય છે. આજના શિક્ષણને જીવન સાથે કોઈ સંબંધ રહ્યો નથી 'પહેલા ભણી લઈએ, પછી નિરાંતે જીવીશું'નો અભિગમ વ્યાપ થયો છે. જીવવું અને શીખવું એ સાથે ચાલનારી નિરંતર પ્રક્રિયા છે એ સમજનો અભાવ જણાય છે. શિક્ષણ એવું હોવું જોઈએ જે લેવામાં બાળકને આનંદ આવે. તેને સરળ અને રસિક શિક્ષણ જ સુપાચ્ય રહેવાનું. પણ આવું બનતું નથી, કારણ કે વિદ્યાર્થી જે જગતને અવલોકે છે અને જે જગતને અનુભવે છે તેનો તાળો શાળામાંથી મળતો નથી. વિદ્યાર્થી એક સાથે જે જુએ છે તે સમગ્ર જડ ચેતન જગતને આપણે ખંડોમાં વહેંચી દીધું છે. અખંડ દર્શનનો અભાવ વિદ્યાર્થીને તેના જીવાતા જીવનથી વિમુખ કરી દે છે. અહીં 'એક્ટીવીટી' થાય છે પણ 'પ્રોડક્ટીવીટી'નો અભાવ છે. વિનોબાજી સમજાવે છે તેમ ત્રિદોષવાળું શિક્ષણ અપાયા કર્યું. આ શિક્ષણે સમાજના ભાગલા પાડ્યા, શરીર-શ્રમથી દૂર કર્યા અને ભોગવિલાસ વધારી સાદાઈનો ત્યાગ કરાવ્યો. વળી, શિક્ષણથી વિદ્યાર્થીમાં અંધશ્રદ્ધા દૂર કરીને શ્રદ્ધા પણ જન્માવવાની છે, કારણ કે શ્રી ગુણવંતભાઈ શાહ સમજાવે છે તેમ મનુષ્ય શ્રદ્ધા વગર જીવનસાગર તરી શકતો નથી અને અંધશ્રદ્ધા વગર ડૂબી શકતો નથી. બાઈબલમાં જણાવ્યું છે કે ''ખાલી કોથળો ઊભો રહી શકે નહીં''. ઉપરાંત વિદ્યાર્થી જ ભણી રહ્યા છે એ તેને જીવનમાં ઉપયોગી છે. તેની પ્રતીતિ અનેક પરિચિત દૃષ્ટાંતો અને પ્રવૃત્તિઓ દ્વારા તેને કરાવવી જોઈએ. આમ શિક્ષણ જીવનલક્ષી બનાવવું જોઈએ, શિક્ષણમાં માર્ક્સનું નહીં, કૌશલ્ય અને સમજણનું મહત્ત્વ છે. આથી જ નાનાભાઈએ સમજાવ્યું છે કે 'જે શિક્ષણ જીવાતા જીવનના પ્રશ્નો ઊકેલી શકતું નથી એ વાંઝિયું શિક્ષણ છે.'

ગાંધીજીએ શોષણવિહીન, અહિંસક, ન્યાયી સમાનતા અને બંધુતા સાથે કરુણા ધરાવતા પ્રકૃતિપ્રેમી સમાજની કલ્પના કરી છે. આવા સર્વોદયલક્ષી સમાજને ઘડવા માટે કેળવણી એક માત્ર સાધન છે એમ જણાવ્યું છે. આ નવી સમાજરચના માટે તેમણે આપેલું સાધન એ 'બુનિયાદી શિક્ષણ', 'નઈ તાલીમ' કે 'પાયાની કેળવણી' શતાબ્દીના સર્વશ્રેષ્ઠ સાધન તરીકે સાબિત થયેલ. આ મહાન વિભૂતિએ પોતે કહેલું છે, ''નઈ તાલીમ એ હિન્દુસ્તાનને મારી અંતિમ અને અમૂલ્ય દેણ છે.'' સાધ્ય પ્રમાણેનું સાધન સૂચવનાર આચાર પુરુષ ગાંધીજીની નઈ તાલીમની મોટાભાગની વાત આજના આધુનિક યુગના શિક્ષણ જગતે જુદા જુદા સ્વરૂપે સ્વીકારી છે એ આપણું સદ્ભાગ્ય છે.

ચીલાચાલુ શિક્ષણે બુદ્ધિ, હૃદય અને હાથપગને અલગ ગણીને જીવનની અખંડિતતાને ભુલાવી દીધી છે. આથી શિક્ષણ મેળવનાર હાથના કામથી દૂર રહે છે અને હાથથી કામ કરનાર શિક્ષણથી વંચિત રહે છે. નઈ તાલીમ પાયાની કેળવણી એ આ બધાના સંતુલિત સમન્વયથી રચાયેલ શિક્ષણપ્રણાલી છે. બ્રાહ્મણનું જ્ઞાન, ક્ષત્રિયની તેજસ્વિતા, વૈશ્યની સર્જકતા અને શૂદ્રની સેવાભાવનાનો સમાવેશ આ કેળવણીમાં છે. નાનાભાઈ કહેતા કે ''શીલ વિનાની વિદ્યા માણસને બ્રહ્મરાક્ષસ બનાવે છે''. માણસને શીલવાન બનાવવાની અલૌકિક ક્ષમતા પાયાની કેળવણીમાં છે.

---

* ઘાંચીવાડ, જામનગર

ગાંધીજીએ ઈ.સ. ૧૯૩૭માં નઈ તાલીમની સ્પષ્ટ વિચાર-યોજના આપી પરંતુ એ પહેલાં જાતે પ્રયોગો કર્યા તેમ ઈ.સ. ૧૯૧૦ થી આવા જ પાયાની કેળવણીના વિચારને ક્રમશઃ વિકસાવી, સફળતાથી અમલમાં મૂકી બતાવી, અનુભવની એરણે જીવનલક્ષી કેળવણીને સમાજમાં સફળ કરી વિખ્યાત કેળવણીકાર નાનાભાઈ ભટ્ટે.

ભાવનગરની દક્ષિણામૂર્તિ પછી ગ્રામદક્ષિણા મૂર્તિ સંસ્થા(આંબલા મુકામે)એ બાલમંદિરથી માધ્યમિક કક્ષા સુધીનો શિક્ષણનો અભિનવ સફળ પ્રયોગ કર્યો. ઈ.સ. ૧૯૩૮થી શરૂ કરીને તેમણે ઈ.સ. ૧૯૫૩માં ગ્રામ ઉચ્ચવિદ્યા કક્ષાએ પણ નઈ તાલીમને સફળ કરવા 'લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ'ની સ્થાપના કરી.

**નાનાભાઈ ભટ્ટનું જીવન અને શિક્ષણની દૃષ્ટિ** : નાનાભાઈ ભટ્ટનો જન્મ તા. ૧૧-૧૧-૧૮૮૨ ના રોજ ભાવનગરમાં થયો હતો. તેઓએ માત્ર બાર વર્ષની ઉંમરથી જ શિક્ષકનો વ્યવસાય નકકી કરી લીધો હતો એટલે ભણી રહ્યા બાદ એ સમયે એમ.એ. અને એસ.ટી.સી. થયા પછી એમણે ભાવનગર રાજ્યમાં નોકરી માંગી. પણ તે અંગ્રેજી હાઈસ્કૂલ કે કૉલેજ નહીં, પણ ગુજરાતી પ્રાથમિક શાળામાં મહેતાજી થવાનું, જેનો પ્રાથમિક શાળાના શિક્ષકોએ જ વિરોધ કર્યો. પરંતુ નાનાભાઈ કહે છે કે મારે ખરેખર શિક્ષણનું કામ કરવું હોય તો આ બાળપોથીને એકડિયાના ધોરણો જ લેવા જોઈએ. જેનો પાયો જ પોલો ખોદાયો છે, એના પર હું કઈ રીતે મોટી ઈમારત ચણવાનો હતો ? મારે પાયામાં જ પૂરણી કરવી છે. આ રીતે પાયાની કેળવણીને પૂરેપૂરું મહત્ત્વ આપ્યું હતું.

પરંતુ પ્રાથમિક શિક્ષકોનો બહુ જ વિરોધ થતાં અને પિતાના અતિશય આગ્રહથી છેવટે એ વિચાર પડતો મૂક્યો ને ૫૦ રૂપિયાના પગારથી મહુવાની હાઈસ્કૂલના હેડમાસ્તર તરીકે જોડાયા. તે બાદ કૉલેજમાં પ્રોફેસર તરીકે નિમાયા. પગાર પણ સારો એવો વધ્યો, બધું સુખશાંતિથી ચાલતું હતું. પણ મનને ચેન પડતું નહોતું. તેઓ જોતાં કે કૉલેજના વિદ્યાર્થીઓ એમની પાસે આવતા, પણ એ તો કેમ પાસ થવું એની ચાવીઓ જ શીખવા, કેમ જીવન જીવવું તે શીખવા નહીં. જાણે એમની અને તે વિદ્યાર્થીઓની વચ્ચે એક વ્યાપારી સંબંધ હતો. એક બીજાના જીવનમાં પ્રવેશવાનાં બારણાં બંધ હતાં. તેઓ જોતાં કે વિદ્યાર્થીઓ કૉલેજમાં ચાર વર્ષ રહ્યા પછી પણ એટલા જ દિશાશૂન્ય ને ઉપલકિયા રહેતા, આ સ્થિતિ કરુણ હતી. પૃથ્વીનાં દ્રવ્યોમાંનું સૌથી મૂલ્યવાન દ્રવ્ય યૌવન નિરર્થક વેડફાયે જતું હતું.

એમને થાય છે કે આવી અર્થશૂન્ય કેળવણીનો હું કેમ ભાગીદાર થાઉં ? અહીં તો અધ્યાપકો મહાલયો બાંધે છે, પણ ઈંટ ચૂના જ નહીં, જે બધા વિદ્યાર્થીઓ આવે છે, ધોવાઈ ગયેલાં ખેતરો જેવા, કોરી પાટી જેવા એમાં કશું ઝિલાય તેમ નથી, કશું સર્જાય તેમ નથી. આથી ૧૯૧૦ના એક શુભદિવસે કૉલેજમાંથી અધ્યાપનકાર્ય બંધ કર્યું. ગુજરાતના કેળવણીના ઇતિહાસમાં એ દિવસ યાદ રહેશે કારણ કે તે દિવસે ગુજરાતમાં શિક્ષણ-વિદ્યાનો પુનર્જન્મ થયો. તે દિવસથી જ નઈ તાલીમ કે પાયાની કેળવણીનો પાયો મંડાયો.

શિક્ષણસંસ્થામાં ચારિત્ર્ય ઘડતર અને સંસ્કાર ઘડતરનું મહત્ત્વ તેઓ સમજતા હતા. આ માટે તેઓને ત્રણ બાબતો અગત્યની લાગી હતી : ૧. શિક્ષકમાં જ્ઞાન અને શીલનો સમન્વય હોવો જોઈએ. ૨. તેનો આચરણ તેમજ સહનિવાસ દ્વારા વિદ્યાર્થીઓમાં વિનિયોગ થવો જોઈએ. ૩. પ્રાથમિક શિક્ષણથી જ તેનો આરંભ થવો જોઈએ.

ચીલાચાલુ શિક્ષણમાં આવી શક્યતા ન દેખાતાં તેઓએ કૉલેજની નોકરી છોડીને શરૂઆતમાં ૨૮મી ડિસેમ્બર, ૧૯૧૦ ના રોજ શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની સંસ્થા ભાવનગરના રેલવેસ્ટેશન સામેની ધર્મશાળામાં સ્થાપી. ૧૯૧૨માં તે કેવળ છાત્રાલય ન રહેતાં શિક્ષણસંસ્થા બની હતી.

ઈ.સ. ૧૯૧૬-૧૭ના ગાળામાં આ સંસ્થા ભાવનગરમાં, ટેકરી પરના જાણીતા તખ્તેશ્વર મંદિરની પાસેના વિસ્તારમાં પોતાના કેમ્પસમાં ફેરવાઈને સ્થિર થઈ. ૧૯૧૬માં જાણીતા બાળ કેળવણીકાર ગિજુભાઈ

બધેકા સંસ્થામાં જોડાયા અને ૧૯૧૯માં મુંબઈથી આવીને જાણીતા કિશોર માનસશાસ્ત્રી, પ્રયોગશીલ કેળવણીકાર અને ૧૯૭૧ પછીથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સલર શ્રીહરભાઈ ત્રિવેદી સંસ્થામાં જોડાયા.

૧૯૧૭માં ગાંધીજી દક્ષિણામૂર્તિની મુલાકાતે આવેલ. ૧૯૨૫માં ગાંધીજીએ નાનાભાઈને ગુજરાત વિદ્યાપીઠને સંભાળવાનું કહ્યું. નાનાભાઈ વિદ્યાપીઠમાં તમામ ટ્રસ્ટીઓની સહાયથી બે વર્ષ સુધી કુલનાયક તરીકે રહ્યા હતા.

દક્ષિણામૂર્તિ ધીરે ધીરે વિકસતી ચાલી. તેમાં વિનયમંદિર ઉપરાંત પ્રકાશન વિભાગ, બાલમંદિર, બાલ અધ્યાપનમંદિર વગેરે શરૂ થયાને સંસ્થા કદ, સત્ત્વ બંનેમાં વિકસતી ગઈ. એક બાજુ દક્ષિણામૂર્તિ રાષ્ટ્રીય અને અમુક અંશે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવતી જાય છે ત્યારે બીજી બાજુ નાનાભાઈનું મન નવી દિશામાં વળે છે. ૧૯૩૦ આસપાસથી તેમનું અંતર કહેવા લાગ્યું છે કે કેળવણીની ખરી જરૂર ગામડાંઓને છે. ભારતીય સંસ્કૃતિ ગ્રામીણ સંસ્કૃતિ છે. આશ્રમી જીવન એ લગભગ ગ્રામીણ જીવનનો પર્યાય છે. આ બાજુ શહેરમાં તો ઘણી સંસ્થાઓ કેળવણીનું કામ કરે છે. જ્યાં ભારતીય સંસ્કૃતિનો આધાર ને અર્ક છે ત્યાં જ તેનું જતન કરનાર કોઈ નથી. આથી મારે ગામડામાં જવું જોઈએ.

લગભગ આજ ગાળામાં દક્ષિણામૂર્તિને મૂળશંકર મો. ભટ અને ન.પ્ર.બુચ રૂપે નોંધપાત્ર યુવાન કાર્યકરો મળ્યા. ૧૯૩૩ માં થોડો સમય મનુભાઈ પંચોલી પણ દક્ષિણામૂર્તિમાં જોડાયેલા.

સંસ્થાનો વ્યાપ વધતાં, ખર્ચ વધતાં, નાનાભાઈ છ છ માસ પરદેશ ફાળાના કામમાં રોકાતા. આથી સંસ્થામાં આંતરિક જૂથવાદ અને ખેંચાખેંચી પ્રવેશ્યાં. આથી નાનાભાઈના મનમાં ૧૯૩૦ થી આરંભાયેલા ગામડામાં જવાના વિચારને વેગ મળ્યો. બરાબર આજ ગાળામાં ગાંધીજીની વર્ધાયોજના આવિષ્કાર પામી. આથી પોતાના વિચારનો અમલ કરવા કૃતનિશ્ચયી બન્યા.

આ રીતે ૧-૭-૧૯૩૮ના રોજ નાનાભાઈએ બીજી સંસ્થાની સ્થાપનારૂપે બીજું વિરાટ પગલું ભર્યું. ભાવનગરથી ૩૬ કિલોમીટર દૂર, રાજકોટ-ભાવનગર રોડ પર આંબલા ગામે 'ગ્રામદક્ષિણામૂર્તિ' શરૂ કરી. પ્રારંભમાં ભાવનગરની સંસ્થાની શાળારૂપે શરૂ થયેલી આ સંસ્થાને ભાવનગર રાજ્યે આંબલાની પ્રાથમિક શાળા સોંપી. સ્થાપના પછી એકાદ વર્ષમાં જ આ સંસ્થા ભાવનગરની દક્ષિણામૂર્તિથી અલગ થઈ. લગભગ એ જ ગાળામાં મનુભાઈ પંચોલી આ નવી સંસ્થામાં જોડાયા. આરંભ પછીના આ એક વર્ષના ગાળાને અંતે આ સંસ્થાએ પોતાની એક માધ્યમિક શાળા લોકશાળા શરૂ કરી. આ થકી ગામડામાં નઈ તાલીમની શિક્ષણ પદ્ધતિથી ચાલતી માધ્યમિક શાળાઓનો એક ક્રાન્તિપ્રવાહ શરૂ થયો. જેનું ''લોકશાળા'' એવું વિશિષ્ટ નામ જાણીતું બન્યું. પાછળથી આ લોકશાળાઓ ઉત્તર 'બુનિયાદી વિદ્યાલયો' કહેવાયાં. એસ.એસ.સી. બૉર્ડમાં ઉત્તર બુનિયાદી પ્રવાહ શરૂ થયો. વર્ષ ૨૦૦૩ સુધીમાં ગુજરાતભરમાં આવા ઉત્તર બુનિયાદી વિદ્યાલયો તેમજ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ મળીને કુલ ૬૫૦ ની નજીક છે.

ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી, ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધી નાનાભાઈ ગાંધીજીની અહિંસક ચળવળોમાં જોડાતા રહ્યા. ૧૯૩૦માં તથા ૧૯૪૨માં જેલમાં ગયા હતા.

સ્વાતંત્ર્ય આવ્યું. ભારતના ભાગ્યે કરવટ બદલી, નાનાભાઈનાં નામ કામને જાણનારા દિલ્હીમાં હવે પદ પર હતા. ત્યાંથી નાનાભાઈને કહેવાયું કે, ''નાનાભાઈ, નઈ તાલીમની ઉચ્ચ કેળવણી આપતી એક ગ્રામ વિદ્યાપીઠ કાઢો''.

દેશભરના ગાંધી વિચારકો તથા ગાંધી પ્રવૃત્તિના પરિવાર વર્તુળોના સદ્ભાવથી તથા મનુભાઈ, મૂળશંકરભાઈ ભટ્ટ, બચુભાઈ, રતિભાઈ જેવા સાથીઓના સહકારથી નિતયુવા નાનાભાઈએ ૭૧ વર્ષની વયે ગ્રામ વિદ્યાપીઠ સ્થાપવાનું સ્વીકાર્યું. દક્ષિણામૂર્તિ(આંબલા)ની કચેરીમાં વિચાર આયોજન રૂપે લોકભારતી આકાર લઈ રહી હતી. આમ ૨૮-૫-૧૯૫૩ના રોજ આંબલાથી ૯ કિલોમીટર ભાવનગરથી ૪૫ કિલોમીટરના

અંતરે ભાવનગર રાજકોટ ધોરી માર્ગ પરના સણોસરા ગામે ધર્મશાળામાં કાકાસાહેબ કાલેલકરના હસ્તે, બુદ્ધ જયંતિના દિવસે 'લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ'ની સ્થાપના કરવામાં આવી હતી.

નાનાભાઈએ એકલે હાથે ત્રણ સંસ્થાઓ ઊભી કરી, સંતાન જેમ વિકસાવી અને એ જ સંસ્થાઓને તેમની ભરીભરી સ્થિતિમાં છોડી, દક્ષિણામૂર્તિ છોડી, ગ્રામ દક્ષિણામૂર્તિ સ્થાપી અને ગ્રામ દક્ષિણામૂર્તિ બાદ ઉત્તર અવસ્થામાં લોકભારતી શરૂ કરી. લોકભારતીમાં નાનાભાઈ સૌની સાથે કાર્યાલયમાં કામ કરે. જેવા બધાના એક ઢાળિયા હતા, તેવું જ તેમનું પણ હતું. ઘણો વખત તેઓ ત્યાં જ કામ કરતા, વર્ગો ઓછા લેતા, પરંતુ દરરોજ સંસ્થામાં એક આંટો જરૂર મારે, નજર હોય તથા પ્રાર્થનામાં નિયમિત હાજર રહે. પ્રાર્થના પછી સંસ્થાના વડા તરીકે અને શિક્ષક તરીકે કંઈક કહેવું હોય તો કહે. કોઈકવાર નવા વિચાર રજૂ કરે, કંઈક ધ્યાન દોરે, ક્યારેક વાર્તા કહે અને તે દ્વારા ટકોર પણ કરે. પ્રાર્થના બાદ હાજરીમાં કાંતેલા તાર પુરાવાની પ્રથા હતી. મોટે ભાગે સાચા તાર પુરાવાતા. અને ઓછા તાર પુરાવનાર પણ હતા. પરંતુ તેની કોઈ કદી ટીકા થતી નહીં. ખોટો કડપ જોવા મળતો નહિ. દરેક પ્રવૃત્તિ તરફ આવો અભિગમ હતો.

નાનાભાઈની સંસ્થા ચલાવવાની રીત વિશિષ્ટ હતી. સીધા નિયમો કે આદર્શોની યાદી અહીં અપાતી કે વહેંચાતી નહીં. વાતાવરણમાંથી જ સંસ્થાની રીતરસમો, નિયમો અને આદર્શો ગ્રહણ કરાતા, કંઈ કહેવાનું નહીં, કંઈ શીખવવાનું નહીં. વિદ્યાર્થીઓ પરસ્પર શીખવે. આગળના નવાને શીખવે, ગંભીર બાબતમાં ગૃહપતિને બોલાવીને તે વિશે જાણે ને કંઈક કહે કે વારે, પરંતુ વિદ્યાનું શિક્ષણ નિયમિત ચાલતું. નાનાભાઈની સંસ્થા ચલાવવાની વિશેષતા એ હતી કે સૌ પર વિશ્વાસ મૂકીને અને જવાબદારી સોંપીને કામ લેવાનું. સંસ્થાનું વાતાવરણ એવું હતું કે સંસ્થાના નિયમો અને આદર્શો એ વિદ્યાર્થીના જીવનની દિનચર્યા અને આદર્શો બનતા.

શરૂઆતમાં લોકભારતીના અને અધ્યાપનમંદિરના ભાઈ બહેનો સાથે જમતા. કાર્યકરો અને મહેમાનો પણ તેમાં જ જમતા. રસોડામાં રસોયો અને બાઈઓ હતી, પણ બહેનો અને વિદ્યાર્થીઓ તેમને મદદ કરતા, રસોડું લગભગ સ્વાવલંબી હતું. સ્વચ્છ, કરકસરયુક્ત અને સ્વાસ્થ્યને અનુરૂપ સાદું ભોજન અપાતું, વિદ્યાર્થી સંતોષથી જમતા. આ રસોડું, તેમના તમામ રસોનું કેન્દ્ર હતું. વિદ્યાર્થીઓ કરકસરથી મહેનતથી, પ્રામાણિક પણે રસોડું ચલાવતા. તેમના ભોજનખર્ચમાં કરકસર કરીને પ્રવાસના પૈસા કાઢતા. તેમના જીવનને અનુરૂપ આ કરકસર તેમના વિકાસમાં કે સંતોષમાં બાધારૂપ ન હતી. પ્રવાસના પૈસાનું તેમને પ્રોત્સાહન રહેતું. લોકભારતીમાં સમજુ મોટી ઉંમરના કાર્યદક્ષ વિદ્યાર્થીઓ હતા. તેથી તેમની તથા નવા કાર્યકરો પાસે બધું બુદ્ધિપૂર્વક રજૂ કરવું. એ પ્રથા નાનાભાઈએ રાખી હતી. સંસ્થાના પ્રશ્નો તેથી સંસ્થાના કાર્યકર્તાઓના અને વિદ્યાર્થીઓ સહુના પ્રશ્નો બનતા, માત્ર સંચાલકોના રહેતા નહીં.

લોકભારતીમાં ૧૯૫૪માં અખિલ ભારતીય નઈ તાલીમ સંમેલન ભરાયું. તેનું સંચાલન, તેનું ભોજનાલય, તેની કઠોર વ્યવસ્થા, સભા સંચાલન, બેઠક વ્યવસ્થા, મહેમાન વિભાગ, કાર્યાલય અને માહિતી વિભાગ એટલા વ્યવસ્થિત અને કાર્યદક્ષ રીતે ચાલ્યાં. બધાં કાર્ય પોતે જ આનંદનો વિષય હોય એ રીતે ચાલ્યાં કે એ જોઈને ગુજરાતના અને વિશેષ તો પરપ્રાંતના સહુ તાજુબ થયા.

નઈ તાલીમ સંમેલનના મુખ્ય અતિથિ પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુ હતા. ભારત સરકારે અને સૌરાષ્ટ્ર સરકારે સર્વ આધુનિક અને આવશ્યક સવલતો ઊભી કરવામાં સંસ્થાને પૂરી સહાય કરેલી. ઢેબરભાઈ બલવંતભાઈ, નાનાભાઈના સાથી કાર્યકર જેવા હતા. રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ આવવા સાથે આખા ભારતનું આ નવતર પ્રયોગ તરફ ધ્યાન ખેંચાયું અને પાયાની કેળવણીની વિશેષતાઓ સહુને સ્પર્શી. આ સંસ્થા વિશેષ કરીને ભારતમાં નામ કાઢે, પગભર થાય તેવી મહેચ્છા સંસ્થામાં દરેકને હતી. આ ધ્યેય બે વર્ષમાં સિદ્ધ થયું. દેશભરમાં આવા ૧૦ રુરલ ઇન્સ્ટિટ્યૂટો સ્થાપવાની ભારત સરકારે જાહેરાત કરી. તે માટે એક બૉર્ડ રચ્યું અને સંસ્થાને પ્રયોગો માટે આર્થિક સહાય આપી. પરંતુ આ સાથે કેન્દ્ર સરકારનું નિરીક્ષણ સ્વીકારવું પડ્યું.

નાનાભાઈના કેળવણીના પ્રયોગને 'જીવન સંસ્કાર'ની કેળવણી કહેવી પડે. નઈ તાલીમના વિચારો, પરિશ્રમ, ઉદ્યોગ, ખેતી, પશુપાલન, કાંતણ અને વહીવટ તેના માધ્યમ બનતાં, સહાયરૂપ થતાં. ચીલાચાલુ શિક્ષણમાં આવું કાંઈ થતું ન હતું. આ શિક્ષણ સંસ્કારલક્ષી અને જીવનલક્ષી રહ્યું.

લોકભારતી ગ્રામ વિદ્યાપીઠમાં પ્રારંભ જેને માટે થયો હતો તે ''લોકસેવા મહાવિદ્યાલય'' ગ્રામ ઉચ્ચ શિક્ષણનું ગુજરાતનું પ્રથમ મહાવિદ્યાલય છે જેને ૧૯૫૩ થી ઈ.સ. ૧૯૬૭ સુધી એટલે કે શરૂઆતના પંદર વર્ષ સુધી કોઈ વિશ્વ વિદ્યાલયની માન્યતા ન હતી. લોકસેવા મહાવિદ્યાલયના પ્રવેશ ધોરણો, અભ્યાસક્રમો, શિક્ષણ પ્રવૃત્તિઓ, પદ્ધતિઓ, પરીક્ષા સંચાલન, મૂલ્યાંકન અને પાસ થનાર સ્નાતકોને પ્રમાણપત્રો આપવાં વગેરેનું કાર્ય લોકસેવા મહાવિદ્યાલય દ્વારા જ થતું હતું. રાજ્ય સરકાર દ્વારા માત્ર કેટલીક જગ્યાઓ માટે માન્યતા પ્રદાન કરવામાં આવી હતી. તેમજ ૭૦ ટકા અનુદાન આપવાનું ઠરાવાયું હતું. પરંતુ આ ગાળા દરમ્યાન લોકસેવા મહાવિદ્યાલયમાંથી બહાર પડેલા સ્નાતકોને સમગ્ર ગુજરાતમાં વ્યાપક આવકાર મળ્યો હતો. આ સ્નાતકોની આવડત, ક્ષમતા અને કાર્યપદ્ધતિ તથા કાર્યશક્તિથી કામ આપનાર સૌ કોઈ પ્રસન્ન અને સંતુષ્ટ હતા. મહાત્મા ગાંધીજીની નઈ તાલીમના પુરસ્કર્તા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ શ્રી ડોલરભાઈ માંકડે લોકસેવા મહાવિદ્યાલયને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જોડાવા માટેનું આમંત્રણ આપ્યું. યુનિવર્સિટીમાં અન્ય વિદ્યાશાખાઓની સાથે સ્વતંત્ર એવી 'ગ્રામ શાળા'ની સ્થાપના કરી. અભ્યાસક્રમ પરીક્ષા, મૂલ્યાંકન અંગે વ્યવહારમાં અનેક પ્રકારની સ્વાયત્તતા આપી. ઈ.સ. ૧૯૬૯માં લોકભારતીના તમામ કાર્યક્રમો અને પ્રયોગોને આદરપૂર્વક માન્યતા આપી. આ એક ઐતિહાસિક અને મહત્ત્વના વળાંક બિન્દુ સમાન નિર્ણય બની રહ્યો. આ પછી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ઈ.સ. ૧૯૭૭માં લોકસેવા મહાવિદ્યાલયને કાયમી જોડાણ આપ્યું. આ દિવસોમાં જ વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ(યુજીસી)માં સ્વાયત્ત (Autonomous) મહાવિદ્યાલય માટેની યોજના રજૂ કરવામાં આવી, જેનો સ્વીકાર કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૭૮ થી સ્વાયત્ત મહાવિદ્યાલયનો દરજ્જો મળતાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની ત્રિપદી દ્વારા મહાવિદ્યાલયે નૂતન પ્રયાણ કર્યું.

આ રીતે ૧૯૮૬માં લોકસેવા મહાવિદ્યાલયનું ભાવનગર યુનિવર્સિટી સાથે જોડાણ થયું અને ગ્રામવિદ્યા શાખા પણ ફૂલી ફાલી રહી.

**(૧) લોકભારતીનો પ્રભાવ અને શિક્ષણક્ષેત્રે પ્રદાન :**

ગ્રામજનો માટે 'લોકભારતી' શિક્ષણસંસ્થા એક 'યુનિવર્સિટી' કરતાં પણ કંઈક વિશેષ છે. એ એક નવ આંદોલન છે. રોજિંદા વ્યવહારમાં પ્રગટતું જીવનદર્શન છે. તે ગ્રામજનોને જરૂરી ઉચ્ચ શિક્ષણ આપીને ગ્રામજીવનનું નવનિર્માણ કરે છે. તે ગ્રામજનોને સ્વનિર્ભર બનતાં શીખવે છે. અને તેને લીધે આપણા દેશના, ગુજરાતનાં ગામડાંનાં સમગ્ર જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે.

કેળવણી સતત ચાલતી પ્રક્રિયા છે. આ વાતને ધ્યાનમાં રાખીને રાષ્ટ્ર સમાજ તથા ગામ સાથેની કર્તવ્યભાવના કેળવવા માટે અહીં શિક્ષણ અને તાલીમ આપતી વખતે સમૂહજીવન, સહશિક્ષણ, ઉત્પાદક પરિશ્રમ, માતૃભાષા દ્વારા અભ્યાસ, ખાદી, ખેતી, ગોપાલન, વિજ્ઞાન, સહકાર, અર્થશાસ્ત્ર, સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને રાજનીતિ જેવા વિષયોને આવરી લેવાયા છે. એના થકી માનવીનું સંતુલિત વ્યક્તિત્વ ઘડાય છે. અહીં ૪૫૦ વિદ્યાર્થી ભાઈબહેનો છાત્રાલયોમાં અને ૨૫૦ પરિવારજનો કાર્યકર નિવાસોમાં મોટા કુટુંબની જેમ રહે છે. આ સહજીવન સામાજિકતાના ઘડતર માટે અનુકૂળ વાતાવરણ છે.

**શિક્ષણક્ષેત્રે પ્રદાન :**

૧. 'પ્રાથમિક શિક્ષણ તાલીમ કેન્દ્ર' પ્રાથમિક શાળાના શિક્ષકો તૈયાર કરવા માટેના દસમા ધોરણ પછીનો બે વર્ષનો અભ્યાસક્રમ.

૨. 'સ્નાતક નઈ તાલીમ પ્રશિક્ષણ કેન્દ્ર' : માધ્યમિક શાળાઓના શિક્ષકો તૈયાર કરવા સ્નાતક પછીનો એક

વર્ષનો અભ્યાસક્રમ.

૩. 'લોકસેવા મહાવિદ્યાલય' : સ્નાતક કક્ષાનો ત્રણ વર્ષનો યુનિવર્સિટી માન્ય અભ્યાસક્રમ.

૪. અનુસ્નાતક કેન્દ્ર : સ્નાતક પછીનો બે વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ.

૫. પંચાયત રાજ તાલીમ કેન્દ્ર : ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અને સરપંચોને તાલીમ આપતો ટૂંકાગાળાનો અભ્યાસક્રમ છે.

ઉપરોક્ત અભ્યાસક્રમો દ્વારા દેશ અને ગુજરાતના લોકોની શિક્ષણક્ષેત્રે બહુ જ સેવા કરી છે. જેમ કે

૧. શિક્ષણમાં વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે હૃદયના સ્નેહભર્યા સંબંધો જન્માવ્યા છે.

૨. કેળવણીમાં સહશિક્ષણને ગંભીરતાભર્યું સ્થાન આપ્યું છે.

૩. કેળવણીમાં ઉદ્યોગોને સ્થાન આપ્યું છે.

૪. શિક્ષા દંડને બદલે શિક્ષણમાં માનવતાભર્યા આચરણને કેન્દ્રમાં મૂક્યું છે.

૫. પરીક્ષાના કૃત્રિમ ભાર અને ભયના ખ્યાલને દૂર કર્યા છે.

૬. અંગ્રેજી વિષયને સ્થાને માતૃભાષાના શિક્ષણને માધ્યમ તરીકે અપનાવ્યું છે.

૭. હિંદીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી છે.

૮. તાલીમી શિક્ષકને જ વિષય-શિક્ષણ આપવાનો આગ્રહ રાખ્યો છે.

૯. કલાને અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું છે.

૧૦. શિક્ષણમાં રમતગમત, પ્રવાસ, ચર્ચાસભા, નાટક તથા ઇતર વાચનને પણ મહત્ત્વ આપ્યું છે.

૧૧. બુનિયાદી શિક્ષણ પામેલા શિક્ષકો દ્વારા લખાયેલાં, રચાયેલાં, પાઠ્ય પુસ્તકો વાપરવાનો આગ્રહ રાખ્યો છે.

૧૨. દરેક જ્ઞાતિ, ધર્મના, વિદ્યાર્થીઓ માટે પ્રવેશનાં દ્વાર ખુલ્લાં રાખ્યાં જે એ સમયમાં ક્રાંતિકારી પગલું હતું.

કોઈપણ શિક્ષણ વ્યવસ્થાની સફળતાની અંતિમ કસોટી તેના વિદ્યાર્થી છે. અભ્યાસ પૂર્ણ કરીને ગયા પછી તેના વિદ્યાર્થીઓએ સમાજ માટે શું પ્રદાન કર્યું, કેવી કામગીરી કરી તે દ્વારા જ તેનાં શૈક્ષણિક મૂલ્યો, કાર્યદિશા અને કાર્યક્રમોની સિદ્ધિનું પરિણામ તારવી શકાય. લોકભારતી મહાવિદ્યાલયના મોટાભાગના વિદ્યાર્થી ભાઈબહેનો ગ્રામ પુનરુત્થાનની વિવિધ પ્રવૃત્તિઓમાં ગામડાંમાં કામ કરે છે. શિક્ષણ, ખેતી, પશુપાલન, સહકાર પ્રવૃત્તિ, પંચાયત, રાજકારણ, આદિવાસી સેવા, ગ્રામદત્તક યોજના, જળસંગ્રહ યોજના, સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરી, સજીવ ખેતી, બાગાયત, મહિલા ઉત્થાન, વ્યાપાર, સરકારી નોકરી વગેરે અનેકવિધ કાર્યોમાં વિદ્યાર્થીઓએ નવી કેડીઓ કંડારીને લોકભારતીના શિક્ષણને રળિયાત કરી બતાવ્યું છે. તેમણે આ આદિવાસી વિસ્તારોમાં જઈને આશ્રમ શાળાઓ - ઉત્તર બુનિયાદી શાળાઓ સ્થાપી છે. એટલું જ નહિ, નિષ્ઠાપૂર્વક તેનું સંચાલન પણ કર્યું છે. ''કેળવણી સમાજના હાથમાં રહેલું મોટામાં મોટું અસ્ત્ર છે. જે કોઈ સમાજ હિતનો વિરોધ કરે તેના પર અંતે આ અસ્ત્ર ફેંક્યા વિના આરો નથી.'' કાકા સાહેબનો કેળવણી અંગેનો આ વિચાર પ્રગતિશીલ હતો, જેને લોકભારતીએ વ્યવહારમાં અમલમાં મૂકી સાર્થક કરી બતાવ્યો છે.

આ ઉપરાંત ગુજરાતમાં ગાંધીજીની વિચારધારા મુજબ નઈ તાલીમ(પાયાની કેળવણી)ની શાળાઓનું જે વિશાળ માળખું ઊભું થયું તેમાં આચાર્ય, ગૃહપતિ, શિક્ષક કે ઉદ્યોગ શિક્ષક તરીકે કામ કરનારાઓમાંથી સારી એવી સંખ્યામાં કર્મચારીગણ લોકભારતીના સ્નાતકો, અનુસ્નાતકો હોય છે. મોટાભાગની ઉત્તર બુનિયાદી શાળાઓ ગ્રામ વિસ્તારમાં આવેલી છે જેને પરિણામે પ્રાથમિક શાળાથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી નઈ તાલીમનો અસરકારક અમલ શક્ય બન્યો છે. આમ થવાથી સમગ્ર દેશમાં માત્ર - માત્ર ગુજરાત રાજયમાં જ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની સાથે ઉત્તર બુનિયાદી પ્રવાહરૂપે નઈ તાલીમની માધ્યમિક શાળાઓને રાજ્ય શિક્ષણ બૉર્ડે માન્યતા પ્રદાન કરી છે. આમ ગાંધીના ગુજરાતે સમગ્ર રાષ્ટ્રને એક નવો રાહ ચીંધ્યો છે,

જેના પાયામાં લોકભારતીની શિક્ષણવ્યવસ્થા છે. લોકભારતી, સણોસરા દ્વારા ગાંધીવિચાર અને દર્શનને ઉજાગર કરતી નઈ તાલીમનો છેલ્લા સાઈઠ વર્ષથી પડકારો અને આહ્‌વાનોનો સામનો કરી ઉત્કૃષ્ટ નિષ્ઠા સાથે પ્રચાર અને પ્રસાર થઈ રહ્યો છે. આમ લોકભારતીએ શરૂ કરેલા શિક્ષણયજ્ઞમાં પુનિત આહુતિ આપીને પોતે લીધેલા નઈ તાલીમના શિક્ષણને ઉજાગર કરી બતાવ્યું છે.

**(૨) સંશોધન ક્ષેત્રે પ્રદાન :**

લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ તેના સ્થાપનાકાળથી જ સંશોધન અંગે ખૂબ જ જાગૃત રહી છે. કપાસમાં શંકર-૪ ના પ્રયોગો, તુવેર, તલ, મગફળી અને બાજરાની વિવિધ જાતો અંગેના પ્રયોગો કર્યા છે. તથા ગામડાંઓને તે અંગેનું શિક્ષણ આપેલ છે. બાગાયતી ખેતી, ફૂલઝાડમાં કલમ પદ્ધતિ, કમ્પોસ્ટ ખાતર, આંતરપાક પદ્ધતિ અને સઘન ખેતી વગેરે દરેક બાબતોમાં હકારાત્મક અભિગમ ધરાવે છે.

**ઘઉં સંશોધન થકી સમાજને પ્રદાન :**

ઈ.સ. ૧૯૬૭માં મુંબઈ રાજ્યના ખેતીવાડી ખાતાના નિયામક પદેથી ડૉ. ઝવેરભાઈ નિવૃત્ત થઈ લોકભારતીમાં સંશોધન કરવા પ્રેરાયા હતા. તેઓશ્રી મેક્સિકોથી ઘઉંની ૮ થી ૧૦ જાતો પોતાની સાથે લાવ્યા હતા. તેઓશ્રી તથા સહાયકો તરફથી જાત ભાતના પ્રયોગો થતા રહ્યા. આના પરિણામે ૧૯૮૨માં લોક જાતિના ઘઉંનો આવિષ્કાર થયો. માનવતાવાદી ડૉ. ઝવેરભાઈએ સંશોધિત ઘઉંની જાત સાથે પોતાનું નામ જોડવાની ના પાડી. સંસ્થાનું નામ ''લોક'' જોડ્યું. તેઓ કહેતા કે મારું જીવન લોકભારતીને લીધે જ અર્થપૂર્ણ બન્યું છે. આજે લોક ૧ નું વાવેતર મધ્યઝોનમાં ૨૫ લાખ હેકટરમાં થાય છે. સરેરાશ ૮ ટકા જેટલું વધારે ઉત્પાદન આવે છે. તેનાથી દેશના ખેડૂતો અને વેપારીઓને દર વર્ષે ૨૦૦ કરોડ રૂપિયાનો ફાયદો કરી આપે છે.

આ એક જ સંશોધન બતાવે છે કે ગામડાંમાં પાયાની કેળવણી ક્ષેત્રે ધ્યાન દેવામાં આવે તો આર્થિક, સામાજિક ક્ષેત્રે ખૂબ જ ફાયદાકારક રહે છે.

**(૩) લોકભારતીનું વિસ્તરણ કાર્યક્ષેત્રે પ્રદાન :**

૧. ગ્રામ પુસ્તકાલય

૨. મેળાઓનું આયોજન

૩. પ્રૌઢશિક્ષણ

૪. અવૈધિક શિક્ષણ યોજના

૫. નર્સરી વિભાગ દ્વારા વિસ્તરણ કામગીરી

૬. આરોગ્ય વિભાગ દ્વારા વિસ્તરણ કામગીરી

૭. ગ્રામવિકાસ વિભાગ દ્વારા વિસ્તરણ પ્રવૃત્તિઓ.

૮. પાણી સંગ્રહ અને જળસંશોધન વિકાસ યોજના વિસ્તરણ કાર્ય.

૯. ગૌશાળા વિભાગ અને વિસ્તરણકાર્ય

૧૦. ગ્રામ દત્તક યોજના અને વિસ્તરણ પ્રવૃત્તિઓ

૧૧. આફતના અવસરો ટાળે

૧૨. હિજરતી લોકોનો પુનર્વસવાટ

૧૩. અન્ય પ્રકીર્ણ બાબતો જેવી કે પંડિત સુખલાલ લોક વિદ્યાલય, પુસ્તક પ્રકાશન અને વેચાણ

વિતરણ, ઑડિયો વિઝ્યુઅલ વિભાગ, કાર્યકર વીમા યોજના, કલ્યાણ નિધિ, સહકારી મંડળી, પ્રાથમિક શાળા, કોઠાર વગેરેથી લોકોનું આર્થિક સ્તર વિસ્તર્યું છે.

લોકભારતીમાં પ્રત્યેક વિદ્યાર્થીને ખેતી અને બાગાયતનું પ્રત્યક્ષજ્ઞાન મળે તેના પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. પ્રત્યક્ષ કાર્ય-નિદર્શન તેમજ શ્રમ-ઉદ્યોગ માટે ખેતી વિભાગ સહાયરૂપ થાય છે. અહીનાં ખેતર અને બાગાયતમાં થતા પ્રયોગોનો લાભ લગભગ ૪૦ જેટલાં ગામોના ખેડૂતોને મળે છે. ચીકુ, આંબા, દાડમ, બોર અને અન્ય જાતોની કલમો દર વર્ષે તૈયાર કરવામાં આવે છે. એક નોંધપાત્ર બાબત એ છે કે બિન ઉપજાઉ, બિન ફળદ્રુપ જમીનમાં સાગ, સુબાબુલ, નીલગિરિનું વ્યાપક વાવેતર કરીને ઉત્તમ વનીકરણ કરવામાં આવ્યું છે. આ પ્રયોગોએ અન્ય ખેડૂતોને પોતાની જમીન ઉપર આવા પ્રયોગો કરવા માટે પ્રેરણા અને બળ પૂરાં પાડ્યાં છે.

જુલાઈ, ૧૯૬૧ માં જાણીતા વનસ્પતિશાસ્ત્રી ઇસ્માઈલભાઈ નાગોરી ઉર્ફે ઇસ્માઈલદાદા પોતાના અનુભવનો લાભ આપવા લોકભારતી આવ્યા. નાનાભાઈ ભટ્ટે પૂરી સ્વતંત્રતા આપતાં ઇસ્માઈલદાદાની કલ્પનાસૃષ્ટિને આકાર આપવા પૂરતી તક મળી ગઈ. એક યુવાનને શરમાવે તેવા ઉત્સાહ અને ધગશથી ચીવટ સાથે કાર્યારંભ કરી કલ્પના મુજબની જીવંતસૃષ્ટિ રચવાનો પ્રારંભ કર્યો. લોકભારતીના ઉજ્જડ પ્રાંગણને સુંદર અને સુશોભિત કરવાનો યશ નર્સરી વિભાગને જાય છે. ખારેક, દ્રાક્ષ, ગુલાબની વિવિધ જાતો, કરેણ, સોનમહોર, ગુલમહોરથી પ્રાંગણ નયનરમ્ય બની ગયું છે. પ્રસિદ્ધ સાહિત્યકાર સ્વ. ચુનીલાલ મડિયાએ જેમને 'વનસ્પતિના કવિ' કહીને અંજલિ આપેલી એવા વૃક્ષપ્રેમી ઇસ્માઈલભાઈનું 'નર્સરી' એ લાડકું સંતાન. લોકભારતીમાં નયનરમ્ય સોનમહોર વૃક્ષ નીચે વિદ્યાભ્યાસ ચાલતો હોય એવી સહજ ઘટના નર્સરી વિભાગને આભારી છે, જે પ્રાચીન ગુરુકુળોની યાદ તાજી કરાવે છે.

લોકોમાં વિજ્ઞાન પ્રત્યેની અભિમુખતા કે વલણ કેળવવા અને જીવનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ખીલવવા લોકભારતી ખાતે ૨૬ જાન્યુઆરી, ૧૯૭૩ ના રોજ સ્થપાયેલા 'લોકવિજ્ઞાન કેન્દ્રે' (કમ્યુનિટી સાયન્સ સૅન્ટર) આજે ૩૫ વર્ષોની મઝલ કાપીને વિકસતા 'લોક વિજ્ઞાનભવન' સુધીની યશસ્વી અને ગૌરવવંતી પ્રગતિ કરી છે. ગ્રામસમાજને લોકભારતીનું આ એક અનેરું નજરાણું છે. એટલા માટે કે વિજ્ઞાનને જીવનલક્ષી બનાવવા માટેની વિજ્ઞાન-ભવનની મથામણ ઊડીને આંખે વળગે તેવી રહી છે. પર્યાવરણ જેવી અનેકવિધ સમસ્યાઓએ સમગ્ર વિશ્વને વિમાસણમાં મૂક્યું છે ત્યારે સાંપ્રત પ્રશ્નોને એક અખંડ દર્શનથી જાણવા સમજવા કે ઉકેલવા માટેની વૈજ્ઞાનિક સમજ ઊભી કરવાનું ધ્યેય વિજ્ઞાનભવન ધરાવે છે.''

વિજ્ઞાનભવનના કેટલાક મૂળભૂત ઉદ્દેશો જેમ કે,

૧. રોજિંદા જીવનમાં તમામ સ્તરે વૈજ્ઞાનિક અભિગમની ખીલવણી કરવી.

૨. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે થયેલી શોધોથી વિદ્યાર્થીઓને પરિચિત રાખવા.

૩. જીવનવ્યવહાર અને કુદરતમાં બનતી ઘટનાઓ કે ફેરફારો પાછળનું વિજ્ઞાન જાણવું.

૪. અંધશ્રદ્ધા વહેમોથી મુક્ત થવાનો પ્રયાસ કરવો.

૫. વિજ્ઞાનશિક્ષણ સરળ, રસિક, સસ્તું અને જીવનલક્ષી બને તેવા સક્રિય પ્રયાસો કરવા.

લોકભારતી વિજ્ઞાનભવનનો દર મહિને હજારેક મુલાકાતીઓ લાભ લે છે, જેમાં આસપાસનાં ગામ લોકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા જિજ્ઞાસુઓ વગેરેનો સમાવેશ થાય છે. લોકભારતીના આ મહત્ત્વની ઉપલબ્ધિ સમાન વિજ્ઞાનભવનનું સંચાલન સ્થાપનાકાળથી ડૉ. અરુણભાઈ દવે તેમના સાથી કાર્યકરોના સાથ સહકારથી કરી રહ્યા છે. વિજ્ઞાનને જીવનલક્ષી બનાવવા માટે તેઓ શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે, જેનું આપણે સૌ ગૌરવ લઈએ.

**સમાપન :**

અંતમાં સમાપન કરીએ તો કોઈપણ સંસ્થાના અને તેમાંય જાહેર શિક્ષણ સંસ્થાના પાંચ-છ દાયકાનું વિહંગાવલોકન કર્યા બાદ પરિણામ પર આવવું એ સહેલું નથી. આવી સંસ્થાઓએ આ વર્ષો દરમ્યાન અનેક આહ્‌વાનો અને પડકારો, સિદ્ધિઓ અને મુશ્કેલીઓ તેમજ તડકા છાંયા જોયા હોય, શિક્ષણ સંશોધન અને વિસ્તરણ અને એ પણ ગામડાઓમાં ''ત્રિપદી'' સમર્પિત કેટલો વિશાળ પરિવાર, તેમાં શું લખવું ? શું ન લખવું ? એ પ્રશ્ન જટિલ છે. મર્યાદિત શબ્દોમાં કેટલું લખવું ? એ તો હકીકત છે કે આપણા દેશમાં ગ્રામ ઉચ્ચ શિક્ષણની જે ગણીગાંઠી સફળ સંસ્થાઓ છે તેમાં આ લોકભારતી ગ્રામવિદ્યાપીઠનું મહત્ત્વનું સ્થાન છે. લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ જ નહીં, એ એક આંદોલન, જીવનદર્શન, સ્વપ્નોનો પુરુષાર્થ અને આદર્શનું વ્યવહારીકરણ છે. સામાન્ય લોકોને જેની સૌથી વધુ જરૂર છે તેમને હેતુપૂર્ણ ઉચ્ચ શિક્ષણ આપતી ખરેખર તો એક ગ્રામ ક્રાંતિ છે. ભારતનાં ગામડાંઓનાં લોકો ઝંખી રહ્યા છે તેવી એક આગવી સ્વાવલંબી અને સર્વાંગી જીવનશૈલીને એ ઉજાગર કરે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની દૃષ્ટિએ સ્વાવલંબી અને શક્તિશાળી ગ્રામ સ્વરાજ એ ભારતનું ચાલકબળ છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠે આ જ્ઞાન પ્રકાશને અંતરિયાળ ગામડાંઓ સુધી ફેલાવ્યો છે.

પાયાની કેળવણીના સંદર્ભમાં ગુજરાતમાં સ્થપાયેલી ગ્રામ ઉચ્ચશિક્ષણની જે ગણીગાંઠી સફળ સંસ્થાઓ છે, તેમાં લોકભારતી સણોસરા મહત્ત્વના સ્થાને છે. ગામડાંનાં ગરીબ માણસોમાં પણ સુષુપ્ત રીતે સ્વપ્નો પડેલાં છે તે ચરિતાર્થ કરવા નવી કેળવણીની અખંડ જ્યોત ગરીબોનાં ઝૂંપડાં સુધી પહોંચાડવાનું લોકભારતીનું મુખ્ય ધ્યેય છે, જેના દ્વારા સામાન્ય શિક્ષકથી માંડીને લોકસભાના સભ્યપદે પહોંચેલા હોય એવા એક થી વધુ દાખલાઓ છે, જે સંસ્થા માટે ગૌરવ સમાન છે. અનેક વિદ્યાર્થીઓએ નાનાભાઈ, મનુભાઈ અને લોકભારતીના આદર્શોને ઝીલી લઈ જ્ઞાનના દીવડા ગામડે ગામડે પ્રગટે તેવી ઉજ્જવલ પરંપરાને ઉજાગર કરી છે.

લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના ઉદ્‌ઘાટન પ્રસંગે સૌરાષ્ટ્ર રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી ઢેબરભાઈ એ કહ્યું હતું. ''આ એક જાતની ક્રાંતિ જ છે. ભલે તેને બીજું નામ આપો. સૌરાષ્ટ્રને આજસુધીમાં સરકાર તરફથી જે કાંઈ મળ્યું હોય તેના કરતાં પણ આ ભેટ સવિશેષ ગૌરવપૂર્ણ છે.'' આ શબ્દો ૫૭ વર્ષની યાત્રા પછી સાચા ઠર્યા છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરાએ શિક્ષણ અને સમાજજીવન ક્ષેત્રે મહામૂલું પ્રદાન કર્યું છે.

## સંદર્ભસૂચિ


૧. નાનાભાઈ ભટ્ટ, (આત્મકથા) 'ઘડતર અને ચણતર' : પ્રકાશક : ક્ષિતિજ પ્રકાશન, અક્ષરભારતી, ભુજ.
૨. મનુભાઈ પંચોળી(દર્શક), 'સદ્‌ભિઃ સંગ:' : પ્રકાશક આર.આર.શેઠની કંપની, મુંબઈ, અમદાવાદ.
૩. મનુભાઈ પંચોળી (દર્શક), 'સર્વોદય અને શિક્ષણ', ભાગ ૧/૨. બાલગોવિંદ કુબેરદાસની કંપની, અમદાવાદ.
૪. ભરત નાનાભાઈ ભટ્ટ (સંપા.), 'અર્વાચીન અગસ્ત્ય' : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ.
૫. ભરત નાનાભાઈ ભટ્ટ, 'નાનાભાઈ શેષ' : સંપા. : સંસ્કાર સાહિત્ય મંદિર, પૉલિટેકનિક, અમદાવાદ.
૬. મનસુખભાઈ સલ્લા, 'લોકભારતી - સણોસરા', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
૭. પી.જી.કોરાટ, 'લોકભારતી ગ્રામવિદ્યાપીઠ', લોકભારતી ગ્રામવિદ્યાપીઠના અભ્યાસ પ્રોજેક્ટનું પ્રકાશન.
૮. ડૉ. પ્રફુલ્લભાઈ દવે, 'અર્વાચીન અગસ્ત્ય : નાનાભાઈ ભટ્ટ' વિશેનો અભ્યાસપૂર્ણ લેખ, જામનગર.
૯. અરુણકુમાર દવે, 'શાશ્વત શાંતિનું પગેરું બુનિયાદી શિક્ષણ', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

# દેશ સમક્ષના પડકારો+

◆

દિનેશ શુકલ*

વિશ્વનો કોઈપણ દેશ એવો નહીં હોય, જે અનેક પ્રકારના પડકારોનો સામનો ન કરતો હોય. આપણા જ દેશની વાત કરીએ તો અને પડકારોની યાદી તૈયાર કરીએ તે ઘણી લાંબી થઈ જાય. પૃથક્કરણની સફળતા ખાતર કહી શકાય કે કેટલાક પડકારો ટૂંકા ગાળાના હોય તો કેટલાક લાંબા ગાળાના હોય. પણ ટૂંકા ગાળાના પડકારોનો સમયસર સામનો કરવામાં ન આવે તો તે લાંબાગાળે વધુ મુશ્કેલ અને ઉકેલવા દુષ્કર બની જાય. આખરે તો આ બધા પડકારોનો સામનો દેશની રાજકીય પ્રથાએ કરવાનો હોય છે. પડકારોનો સામનો કરવાની રાજકીય પ્રથાની વિવિધ ક્ષમતાઓનો પણ સાથે વિચાર કરવો જરૂરી બને છે. જ્યાં જ્યાં આ ક્ષમતાઓની ઊણપ અથવા કચાશ હોય ત્યાં તે દૂર કરવાની જવાબદારી પણ આખરે તો રાજકીય પ્રથાના સંચાલકો-સરકાર, રાજકીય પક્ષો, રાજકીય નેતાઓ વહીવટીતંત્ર, ન્યાયતંત્ર વગેરેની છે.

કોઈપણ પડકાર પછી તે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક (ધર્મ, શિક્ષણ, ભાષા વગેરે) હોય તેની તરફેણ અથવા વિરુદ્ધમાં રાજ્યની દરમિયાનગીરીની માંગણી કરવામાં આવે ત્યારે તે પડકાર રાજકીય સ્વરૂપ ધારણ કરે છે. તે રાજકીય મુદ્દો બને છે. આ તરફેણ અથવા વિરુદ્ધમાં દરમિયાનગીરી જો હિંસક સ્વરૂપે હોય તો તે કાંતો બળવા અથવા ક્રાંતિનું સ્વરૂપ ધારણ કરે છે. પણ સામાન્ય રીતે લોકશાહી દેશોમાં તેવી દરમિયાનગીરી શાંતિમય, અહિંસક માર્ગે થાય એવું માની શકાય.

જ્યારે અનેક પડકારો મ્હોં ફાડીને ઊભા હોય ત્યારે પહેલા કોના પ્રત્યે ધ્યાન આપવું, કોને અગ્રિમતા આપવી, તે નક્કી કરવાનું કામ પણ રાજકારણનું છે. જેમ કે બેરોજગારી દૂર કરવા માટે મોટા ઉદ્યોગોને પ્રાધાન્ય આપવું કે નાના-ગ્રામોદ્યોગોને પ્રાધાન્ય આપવું, પહેલાં આર્થિક વૃદ્ધિ દર વધારવા પ્રયાસ કરવો કે વિતરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું. આ મુદ્દાઓ આખરે તો નીતિવિષયક મુદ્દાઓ છે, અને તેથી તે રાજકારણનું વિષયવસ્તુ બને છે. સમાજમાં પ્રવર્તમાન વિવિધ પ્રકારના મુદ્દાઓ પરત્વે જો વેળાસર ધ્યાન ન અપાય તો તે સમસ્યાઓનું સ્વરૂપ ધારણ કરે છે અને આગળ જતાં તે પડકારો બને છે.

ભારત જે અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યું છે, તેનાં મૂળ આપણી સમાજવ્યવસ્થા, અર્થવ્યવસ્થા, સંસ્કૃતિ(ખાસ તો રાજકીય સંસ્કૃતિ, મૂલ્યો, અભિગમો માન્યતાઓ)માં પડેલાં છે. ભારતનો સમાજ અનેક પ્રકારના કોટિક્રમ ધરાવતી જ્ઞાતિઓમાં વહેંચાયેલો છે. મોટા ભાગના લોકો માટે તેમનો દરજ્જો અને વ્યવસાય તેમના જન્મ થકી જ નક્કી થઈ જાય છે, જો કે અગાઉની સરખામણીમાં જ્ઞાતિબંધનોની પકડ થોડી ઢીલી પડી છે.

અર્થવ્યવસ્થાની દૃષ્ટિએ જોઈએ તો આપણે આર્થિક વિકાસનો કયું મોડેલ અપનાવ્યું છે, તેમાંથી કેટલાક પડકારો ઊભા થાય છે. દેશની વધતી જતી વસતી, બેરોજગારી, ગરીબી આપણી અર્થવ્યવસ્થા સામેનો સૌથી મોટો પડકાર છે. આર્થિક વિકાસના ક્યા મોડલ થકી આ પડકારનો આપણે સામનો કરી શકીએ, તેનો નિર્ણય રાજકારણે લેવાનો છે.

સાંસ્કૃતિક પ્રથાનો વિચાર કરીએ તો આપણે ક્યાં મૂલ્યોમાં માનીએ છીએ, આપણે નસીબવાદી છીએ

---

\+ ગુજરાત રિસર્ચ સોસાયટીની અમદાવાદ શાખા દ્વારા આયોજિત વ્યાખ્યાનમાળામાં તા. ૨૯-૯-૨૦૧૨ ને શનિવારના રોજ 'દેશ સમક્ષના પડકારો' વિશે પ્રા. દિનેશ શાહે આપેલું વ્યાખ્યાન જરૂરી સુધારા-વધારા સાથે.

* પૂર્વ રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

કે પુરુષાર્થવાદી છીએ, આપણે અનેક પ્રકારની અંધશ્રદ્ધાઓમાં માનીએ છીએ, આપણે એક 'તારણહાર'ની રાહ જોઈએ છીએ. વૈજ્ઞાનિક માનસનો અભાવ મોટા પ્રમાણમાં જોવા મળે છે. રાજકારણીઓમાં તો મોટા પ્રમાણમાં અંધશ્રદ્ધા જોવા મળે છે.

હાલ આપણે જે રાજકીય પડકારોનો સામનો કરી રહ્યા છીએ તેનાં મૂળ અમુક અંશે આપણે સ્વીકારેલી સંસદીય શાસનપદ્ધતિમાં રહેલાં છે. સંસદીય શાસનપદ્ધતિમાં સરકાર (કારોબારી - પ્રધાનમંડળ)ની રચના સંસદમાં ચૂંટાયેલા સભ્યોમાંથી કરવામાં આવે છે. અને તે સંસદ(લોકસભા)ને જવાબદાર હોય છે. દેશના વડાપ્રધાન, પ્રધાનમંડળના સભ્યોની નિમણૂક કરવાની સત્તા રાષ્ટ્રપ્રમુખની છે, પણ તેમની પસંદગી કરવાની સત્તા નથી. સંસદમાં જે પક્ષને અથવા પક્ષોના જોડાણને સ્પષ્ટ બહુમતી મળી હોય, તેના નેતાની રાષ્ટ્રપ્રમુખે વડાપ્રધાન તરીકે નિમણૂક કરવાની હોય છે અને વડાપ્રધાન નક્કી કરે તેમની નિમણૂક પ્રધાનમંડળના સભ્યો તરીકે કરવાની હોય છે. છેલ્લા કેટલાક દાયકાઓથી આપણે જોડાણ સરકારોના તબક્કામાં પ્રવેશ્યા છીએ, ત્યારથી સંસદીય શાસનપદ્ધતિ સામે કેટલાક ગંભીર પડકારો ઊભા થયા છે. આ જોડાણ સરકારોને પણ બે તબક્કામાં વહેંચી શકાય : પહેલો તબક્કો તે અસ્થિર જોડાણ સરકારોનો તબક્કો; ૧૯૭૯ થી ૧૯૯૯. આ સરકારો બહારથી આપેલા ટેકાથી રચાઈ અને ટેકો પાછો ખેંચી લેવાને કારણે તૂટી પડી (અપવાદ નરસિંહ રાવ સરકાર ૧૯૯૧ થી ૧૯૯૬) 'અસ્થિર' જોડાણ સરકારોના આ તબક્કા દરમિયાન સાત સરકાર રચાઈ અને માંડ એક બે વર્ષમાં તો તૂટી પડી. ત્યારબાદ ૧૯૯૯ થી આજ સુધી 'સ્થિર' જોડાણ સરકારો રચાઈ છે.

આ જોડાણ સરકારોની સંસદીય શાસનપદ્ધતિ પર કેટલીક ગંભીર અસરો પડી છે.એક, વડાપ્રધાનની સત્તાઓ અને તેમના વિશેષાધિકારો પર મર્યાદાઓ આવી છે. પ્રધાનમંડળમાં કોને સ્થાન આપવું અને તેમને ક્યા ખાતા સોંપવા તેનો નિર્ણય ઘણી વખત વડાપ્રધાન લઈ શકતા નથી. એ અંગેના નિર્ણયો જોડાણમાં સામેલ થયેલા પક્ષોના 'બોસ' લે છે, અને તેઓ ક્યારેક 'બ્લેકમેઈલ' પણ કરે છે. જોડાણ ટકાવી રાખવા - સત્તા પર ચાલુ રહેવા માટે વડાપ્રધાને એ બધું સ્વીકારી લેવું પડે છે.

બીજું, જોડાણમાં જોડાયેલા પ્રાદેશિક પક્ષોના અને તેમના નેતાઓના પોત પોતાના એજન્ડા હોય છે. ક્યારેક જોડાણ સરકારના 'રાષ્ટ્રીય એજન્ડા' અને પ્રાદેશિક પક્ષોના 'પ્રાદેશિક એજન્ડા' વચ્ચે સંઘર્ષ પણ હોય છે. પરિણામે પ્રધાનમંડળમાં ખટરાગ ઊભો થાય છે, મતભેદો સપાટી પર આવે છે, આ બધાને કારણે સંસદીય સરકારની વિશ્વસનીયતા અને સ્વીકૃતિ (લેજિટિમસી) સામે જ પડકાર ઊભો થાય છે. જોડાણ સરકારોમાં જોડાયેલા નાનામોટા પ્રાદેશિક પક્ષો કેન્દ્રમાં સત્તાની ભાગીદારી અને તેમાંથી મળતા લાભ-પેટ્રોનેજ માટે જોડાય છે. તેમને જોડનાર સત્તાનો ગુંદર હોય છે, વિચારધારાનો નહીં.

બીજો મોટો પડકાર છે, સંસદીય સરકારમાં સંસદનું અવમૂલ્યન. સંસદમાં સ્વસ્થ, શાંતિપૂર્વક ચર્ચાને બદલે પરસ્પર આક્ષેપબાજી, શોરબકોર કરીને સંસદની કાર્યવાહી ખોરવી નાંખવાના ગંભીર બનાવોમાં ઉત્તરોત્તર વધારો થાય છે. વારંવાર ગૃહોને મુલતવી રાખવા પડે, અત્યંત મહત્ત્વના ખરડા રજૂ જ ન થાય અને રજૂ થાય તો સમયસર પસાર ન થાય એવી ઘટનાઓમાં પણ વધારો થાય છે. સંસદસભ્યોનું સંસદગૃહોમાં બેજવાબદારી ભર્યું વર્તન એ ખુદ સંસદીય શાસનપદ્ધતિ સામેનો મોટો પડકાર બનેલ છે. મહત્ત્વના ખરડાઓ જ નહીં પણ અંદાજપત્રના ભાગરૂપ ખર્ચની માંગણીએ પણ કશી જ ચર્ચા વગર પસાર કરવાના ઘણા કિસ્સા આપણે ત્યાં નોંધાયા છે. ૨૦૦૮નું વર્ષ ભારતના સંસદના ઇતિહાસમાં અભૂતપૂર્વ વર્ષ પુરવાર થયું. આખા વર્ષ દરમિયાન સંસદ માત્ર ४૬ દિવસ ચાલી અને તેમાં પણ એક દિવસે માત્ર ૧૭ મિનિટોમાં આઠ ખરડા ત્રણ-ત્રણ વાંચનમાંથી પસાર કરી દેવામાં આવ્યા. દરેક ખરડાને ફાળે સરેરાશ બે મિનિટ ભાગ્યે જ આવી હશે. સંસદના ઇતિહાસમાં એક રેકોર્ડ સ્થપાયો !

'કેશ ફોર વૉટ' પ્રકરણ, 'કેશ ફોર કન્વેયન્સ' જેવા બનાવોએ ભારતીય સંસદની ગરિમાને ઝાંખી

પાડી દીધી છે.

જ્ઞાતિ-આધારિત અથવા પ્રદેશ આધારિત રાજકીય પક્ષોનું વધતું જતું વર્ચસ્વ એ ત્રીજો મહત્ત્વનો પડકાર છે. આ પ્રાદેશિક પક્ષોના નેતાઓ પોતાના રાજ્યમાં સત્તા પર આવવા અને તેને યેન કેન પ્રકારેણ ટકાવી રાખવા જે પ્રયાસો કરે છે, તેની અસર કેન્દ્રમાં થયેલ ગઠબંધન પર પડે છે. આવા પક્ષો સંકુચિત જ્ઞાતિવાદ અથવા પ્રદેશવાદને ઉશ્કેરે છે, જે થકી રાષ્ટ્રીય એકતા અને સંવાદિતાને હાનિ પહોંચે છે. મુખ્ય પક્ષોને (કૉંગ્રેસ, ભાજપ) કેન્દ્રમાં અને ક્યારેક રાજ્યોમાં પોતાની સત્તા ટકાવી રાખવા તકવાદી-સગવડિયા સમાધાનો કરવા પડે છે, જેને કારણે ઘણી વખત રાષ્ટ્રીય હિતોનો ભોગ લેવાય છે.

ચોથો મોટો પડકાર છે રાજકીય પક્ષો અને તેમના બેજવાબદાર નેતાઓ સંસદીય લોકશાહી સામે ખતરો ઊભો કરે છે. એ છે સંસદીય લોકશાહીની રીતરસમો અને પ્રણાલિકાઓનો ભંગ કરનારા, પોતાને કાયદા અને બંધારણથી પર માનનારા પક્ષો અને નેતાઓ લોકશાહી સામે જ ખતરો ઊભો કરે છે. બીજું આપણા મોટાભાગના પક્ષો વ્યક્તિકેન્દ્રી છે. વિચારધારાકેન્દ્રી નથી. એક કુટુંબ કે સર્વોચ્ચ નેતાની આસપાસ મોટા ભાગના પ્રાદેશિક પક્ષોની રચના થયેલી છે. પક્ષોમાં આંતરિક લોકશાહીનો ભારોભાર અભાવ છે. આવા પક્ષો સર્વોચ્ચ નેતાની મુનસફી આધારે ચાલે છે. આવા નેતાઓ પક્ષોને પોતાની અંગત જાગીર માને છે. એને કારણે 'વંશાવારસવાદ' પોષાય છે. દેશમાં ૧૦૦-૧૫૦ કુટુંબો એવાં છે, જેના સભ્યો જુદા જુદા સ્તરે સત્તાનાં સૂત્રો સંભાળે છે. આ બધાં એક અર્થમાં રજવાડાં છે.

રાજકારણનું અપરાધીકરણ એ સંસદીય લોકશાહી સામેનો ગંભીર પડકાર છે. હાલની લોકસભા અને મોટાભાગનાં રાજ્યોની વિધાનસભાઓમાં ત્રીજા ભાગના સભ્યો ગુનાઈત પશ્ચાદભૂમિકા ધરાવે છે. તે પૈકી કેટલાકની સામે ખૂન, બળાત્કાર, લૂંટફાટ, જાહેરનાણાંની ઉચાપત, જાનથી મારી નાંખવાની ધમકી જેવા ગંભીર આક્ષેપો છે. જેમનું સ્થાન જેલના સળિયા પાછળ હોવું જોઈએ, તેઓ ધારાગૃહોમાં બેસે છે અને લોકો માટે કાયદા ઘડે છે. કેટલાક તો પ્રધાનમંડળના સભ્યો પણ છે.

એવો જ બીજો પડકાર છે, રાજકારણમાં નાણાંશક્તિ(મની પાવર)નું વધેલું વર્ચસ્વ. ચૂંટણીઓ કાળા નાણાંથી લડાય છે. પક્ષની ટિકિટ મેળવવા માટે પણ નાણાં ચૂકવવામાં આવે છે. ચૂંટણીઓમાં લખલૂટ ખર્ચ કરવામાં આવે છે. હાલની જ લોકસભામાં ત્રણસો કરતાં પણ વધુ સંસદસભ્યો કરોડપતિ-અબજોપતિ છે. ચૂંટણીઓને પ્રભાવિત કરવામાં સંચારમાધ્યમોનો ફાળો પણ નાનોસૂનો નથી. 'પેઈડ ન્યુઝ', 'પેઈડ વ્યુઝ', પેઈડ ઓપિનિયન પોલ' આ બધાં દૂષણોએ આપણા સંચારમાધ્યમો, જેને લોકશાહીની ચોથી જાગીર (ફોર્થ એસ્ટેટ) કહેવામાં આવે છે, તેની વિશ્વસનીયતા સામે મોટા પ્રશ્નો ખડા કર્યા છે.

આપણી રાજ્યવ્યવસ્થા સામે કદાચ સૌથી મોટો પડકાર છે, ચારેકોર ફેલાયેલો ભ્રષ્ટાચાર. છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન ભ્રષ્ટાચારનાં અનેક કૌભાંડો બહાર આવ્યાં છે. કોમનવેલ્થ ગેઈમ્સ, ટુ-જી સ્પેક્ટ્રમ કૌભાંડ, આદર્શ સોસાયટીનું કૌભાંડ, કોલસાની ખાણોની ફાળવણીને લગતું કૌભાંડ ('કોલગેટ'). આ બધાં કૌભાંડો તો હિમશિલાની ટોચ જેવાં છે. માઈનીંગ, જમીન એ કૌભાંડોના મુખ્ય સ્રોત બન્યા છે. કર્ણાટકના મુખ્યમંત્રી અને બીજા એક મંત્રીને માઈનીંગ કૌભાંડને મુદ્દે રાજીનામાં આપવાની ફરજ પડી છે. ભારતનું કોઈ રાજય એવું નથી, જ્યાં ભ્રષ્ટાચાર થતો ન હોય. વધેલા ભ્રષ્ટાચાર પાછળ ઉદારીકરણ અને ખાનગીકરણની આર્થિક નીતિઓને જવાબદાર માનવામાં આવે છે. રાજકારણીઓ અને કૉર્પોરેટ હાઉસો વચ્ચેના ગઠબંધન થકી ભ્રષ્ટાચારમાં અનેકગણો વધારો થયો છે. એવું ઘણા નિરીક્ષકો માને છે. ભ્રષ્ટાચારને નાથવા માટે લોકપાલ અને લોકાયુક્તોની રચના કરવાના પ્રયાસોને હજુ સફળતા મળી નથી. ઉચ્ચતર ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થવા લાગ્યા છે. કેન્સરની જેમ ઝડપથી પ્રસરતા ભ્રષ્ટાચાર પર કેવી રીતે અંકુશ મૂકવો એ આપણી સમક્ષનો ગંભીર પડકાર છે.

એવો જ બીજો મોટો પડકાર નક્સલવાદનો છે. દેશના લગભગ ૧૮૦ જેટલા જિલ્લા નક્સલવાદથી વધતા ઓછા પ્રમાણમાં પ્રભાવિત છે, પણ તેમાંય ૮૦ જેટલા જિલ્લાઓમાં તો તેમની 'સમાંતર સરકાર' ચાલે છે. આ જિલ્લાઓમાં આદિવાસીઓની વસતી મોટા પ્રમાણમાં છે. શોષણ, દમન, વંચિતતાની હિંસક અભિવ્યક્તિ એટલે વધતો જતો નક્સલવાદ. જ્યાં સુધી તેનાં કારણો દૂર કરવામાં નહીં આવે ત્યાં સુધી નક્સલવાદને નાથવો અત્યંત મુશ્કેલ છે.

જમ્મુ-કાશ્મીર અને ઉત્તરપૂર્વ રાજ્યોમાં વર્ષોથી ચાલતી અલગતાવાદી-ઉગ્રવાદી ચળવળો આપણાં સંરક્ષણ અને રાષ્ટ્રીય સલામતી માટે મોટો ખતરો ઊભો કરે છે.

અને છેલ્લે સંતુલિત અને સર્વસમાવેશક વિકાસ કેવી રીતે સાધવો; આર્થિક વૃદ્ધિ સાથે સાથે સમાજના વિવિધ વર્ગો, અને વિભાગો વચ્ચે તેનાં ફળનું સમતાપૂર્વક વિતરણ કેવી રીતે સિદ્ધ કરવું તેનો પડકાર કદાચ સૌથી મોટો છે.

આ પડકારોની યાદી અને આપણી રાજ્યવ્યવસ્થાની તે પડકારો ઝીલી લેવાની ક્ષમતાઓ જોતાં એકંદર ચિત્ર નિરાશાજનક જણાય એ સ્વાભાવિક છે. પણ સાથે સાથે કેટલાંક આશાનાં કિરણોને પણ નજર અંદાજ ન કરવા જોઈએ. આજની યુવાપેઢીને જો યોગ્ય માર્ગદર્શન અને દૃષ્ટિવંત નેતૃત્વ પ્રાપ્ત થાય તો તેઓ દેશની મોટી અસ્ક્યામત બની શકે. આપણે એક યુવાદેશ છીએ. દેશની લગભગ અડધોઅડધ વસતી ૩૦ વર્ષની નીચેની છે. દેશની ખરી સંપત્તિ તેના યુવાનો છે, એવા યુવાનો જે શિક્ષિત હોય, અનેક પ્રકારનાં કુનેહકૌશલ્યો ધરાવતા હોય.

ભારતની સંસદીય લોકશાહીને વિવિધ ખતરાઓથી બચાવવી હોય અને ઊભા થયેલા પડકારો ઝીલી લેવા સક્ષમ બનાવવી હોય તો પોલીસ સુધારા, વહીવટી સુધારા, ન્યાયતંત્રીય સુધારા, ચૂંટણી સુધારા વગેરે તાકીદે કરવા જોઈએ. આર્થિક સુધારા આપણે કર્યા અને આજે પણ તે પ્રક્રિયા ચાલી રહી છે, સાથે સાથે શાસન-સુધારા (ગવર્નન્સ રિફોર્મ્સ) કરવાની પણ એટલી જ જરૂર છે. એ દિશામાં પ્રબળ લોકમત ઊભો કરવાનો સમય પાકી ગયો છે.

# હું અપંગ છું તો શું થયું ? જેસિકા કૉક્સ*

◆

ડૉ. જનક શાહ*

શ્રીમતી ભારતી શાહ



પંછી બનું, ઊડતી ફિરું, મસ્ત ગગન મેં,
આજ મેં આઝાદ હું, દુનિયા કે ચમન મેં.

તમે ઉપરોક્ત ફિલ્મ ગીતની કડી સાંભળી છે ? કોને આભમાં ઊડવાનું મન ન થાય ? તેમાં પણ બાલ્યાવસ્થામાં તો બાળકોને પંખીને જોઈ તેની જેમ ઊડવાનું મન થાય જ છે. આપણે પ્રાથમિક શાળામાં નહોતા ગાતા ?......

પેલા પંખીને જોઈ મને થાય,
એના જેવી જો પાંખ મળી જાય,
તો આભલે ઊડ્યા કરું,
બસ ! ઊડ્યા કરું,
બસ ! ઊડ્યા કરું !

કલ્પના ચાવલાએ બચપણથી અવકાશમાં ઊડવાનાં શમણાં જોયાં હતાં અને તે આપણને ગૌરવ અપાવે તેવી અવકાશયાત્રી બની હતી. આવી જ એક બાળકીએ બચપણથી અવકાશમાં ઊડવાના શમણાં જોયાં અને તે શમણાંને સાકાર કર્યાં. પણ !.... કોઈક વિપરીત સંજોગોમાં તે શમણાંને સાકાર કર્યાં. અશક્યને શક્ય બનાવીને અને સંપૂર્ણપણે સાજા-નરવા આપણને શરમિંદા બનાવી દઈને આપણી જાત માટે પ્રશ્ન પૂછતા કરી દીધા. શું આપણે જેસિકાની તોલે આવી શકીએ ? ચાલો આપણે જેસિકાનો શબ્દદેહે અને તસ્વીરી આંખે પરિચય કેળવીએ ને આ પ્રશ્નનો ઉત્તર શોધવા પ્રયત્ન કરીએ.

૧૯૮૩માં અમેરિકાના ઍરિઝોનમાં જન્મેલી જેસિકાના પિતા નિવૃત્ત સંગીત શિક્ષક છે અને માતા એક નર્સ છે. તે જન્મી ત્યારથી જ બે હાથ વગરની હતી. કલ્પના કરો કે આપણને બે હાથ ન હોય તો આપણે કેવી રીતે જીવી શકીએ. આજે જેસિકા ફક્ત જીવતી નથી પણ તેણે જીવી જાણ્યું છે. ચાલો, આપણે સિદ્ધિના શિખરે પહોંચીને પ્રેરણા આપતી જેસિકાની જીવનગાથા જોઈએ.

જેસિકા બે વર્ષની થઈ ત્યારે તેની માતા તેને રમવા માટે રમકડાં આપતી અને તે પોતાના બે પગ વચ્ચે મૂકતી અને પગ વડે રમતી. આમ તેની બાલ્યાવસ્થા શરૂ થઈ. થોડી મોટી થતાં તે શાળાએ જતી થઈ.

* ૧૦૧, વાસુપૂજ્ય ૨, પ્રીતમનગરના અખાડા પાસે, સાધના હાઈસ્કૂલ સામે, ઍલિસબ્રિજ, અમદાવાદ-૬

જમણા પગનો ઉપયોગ કરી તે તેનાં પુસ્તકોને પીઠ પાછળ રહેલ દફતરમાં મૂકતી અને કાઢતી અને તેને શાળાના ડેસ્ક પર મૂકતી. કેટલાક વિદ્યાર્થીઓ તેને તાકી રહેતા પણ તેઓની પરવા કર્યા વગર તે પોતાની નોટબૂક ખોલતી અને પંજા વચ્ચે પેન પકડી નોંધ લખતી. કેટલાક લોકો માટે આ એક અદ્ભુત અનુભવ હતો. તમને ખબર નહીં હોય કે આજે પગના પંજાની આંગળી વડે જેસિકા એક મિનિટમાં ૨૫ શબ્દો લખી શકવાની ક્ષમતા ધરાવે છે.



૧૮ વર્ષની ઉંમરે જેસિકા તેની ઉંમરની વ્યક્તિને શરમાવે તેવી સ્ફુર્તિથી કાર્ય કરે તે અચરજ પમાડે તેવી વાત નથી ! આમ જોઈએ તો જેસિકાની વાર્તામાં સહેજ વાળી શકાય એવા પગો, પંજો અને આંગળીઓની વાત વિશેષ છે. આ એક એવી વ્યક્તિની વાત છે જેણે ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ કદી હાર સ્વીકારી ન હોય. તેની સામે આવતા કોઈ પણ અવરોધને માટે કોઈ પણ બહાનું ગોત્યા વગર તે હિંમતથી તેનો સામનો કરે છે અને પોતાની ઇચ્છા મુજબ પોતે બધું કરી શકે છે તેની તે હંમેશા પ્રતીતિ કરાવતી આવી છે.

તેણે ૧૦ વર્ષની ઉંમરે ટેક્વન્ડો (tae kwon do)ના પાઠો ભણવાના શરૂ કરીને સાતમા ધોરણમાં આવી ત્યાં સુધી બ્લેક બેલ્ટ મેળવીને પોતાનામાં રહેલું હીર બતાવી આપ્યું. તેના સ્વસ્થ ભાઈ-બહેનોએ આ લડાયક કળામાં બે એક બેલ્ટ મેળવી સંતોષ માન્યો. પરંતુ બીજા લોકો તેમના હાથ-પગ હલાવી આ કળા સિદ્ધ કરવા પ્રયત્ન કરતા હતા ત્યારે જેસિકા પોતાના પગ અને પંજા વડે આ કળા સિદ્ધ કરવા કૃતનિશ્ચયી હતી.



જેસિકા કહે છે, ''હું નાનકડી હતી ત્યારે મારી મા મારા બે પગ વચ્ચે રમકડાં મૂકતી ત્યારે સ્વાભાવિકપણે બીજા જેમ હાથ વડે રમે તેમ હું પગ વડે તેનાથી રમતી.'' જેસિકાએ બે વર્ષની ઉંમરે બનાવટી અવયવોનો ઉપયોગ શરૂ કર્યો હતો પણ સાતમા ધોરણની કક્ષાએ તેણે કેવો ઉપયોગ પણ બંધ કર્યો.

આજે તે તેના પગ વડે રાંધે છે, ડીશ ધોવે છે, પોતાના વાળ ઓળે છે, લખે છે અને ટાઈપ કરે છે. તેને તરવું અને આઈસ સ્કેટીંગ કરવું પણ ગમે છે.



તાજેતરમાં તેણે કાર ડ્રાઈવિંગ પણ શરૂ કર્યું હતું. તેની માતા તે ધીરજ રાખે અને અભ્યાસમાં મન પરોવે તેમ ઈચ્છતી હતી પણ તે એટલી અડગ હતી કે તેઓએ તેને તેમ કરવા દેવું પડ્યું. તેના માતા-પિતા કહે છે ''જેસિકા કાંઈક કરવા ઈચ્છતી હોય ત્યારે તે તેનું ધાર્યું કર્યા વગર રહેતી નથી. અમારે ફક્ત તેની પાસે રહેવું પડે છે.''





જોકે ઘણાં ધ્યેયને સિદ્ધ કરવા જેસિકાને બીજા લોકો કરતાં વધુ સમય આપવો પડ્યો પણ માધ્યામિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સ્વયંસેવક તરીકેની કામગીરી બજાવવામાં તે ઊતરતી કક્ષાની ન બની. ફ્લોઈંગ વેલ્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી વખતે તેણે સ્વયંસેવક તરીકેની કામગીરી તો બજાવી પણ નેશનલ ઓનર સોસાયટીના ગાયકવૃંદ સાથે ગાયું પણ ખરું અને ક્રમિક શાળાનું શિક્ષણ પણ પૂરું કર્યું. અભ્યાસ દરમિયાન તેણે માધ્યમિક કક્ષાએ ઉત્કૃષ્ટ કક્ષાનો રૉન ઑગસ્ટ ઍવૉર્ડ અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ક્રિસ્ટલ ઍપલ ઍવૉર્ડ પણ મેળવ્યો જે ઈલકાબો મૂલ્યો, સમૂહ સાથે હળવા-મળવા પર અને અવરોધો પર પ્રભુત્વ મેળવવા પર આધારિત હતા.



જેસિકાની સફળતાના સાચા યશભાગી તેનાં માતા-પિતા છે. તેમાંય ખાસ કરીને તેનાં માતાનો ફાળો અનન્ય છે. જેસિકાના કહેવા મુજબ તેની માતા તેના માટે સૌથી શ્રેષ્ઠ પ્રેરણાસ્રોત છે. તેની માતા ઈનેઝ કૉક્સ ફિલિપો કુટુંબમાં બાર બાળકો માંહેની એક હતી. ઈનેઝ હંમેશા જેસિકાને ઉદ્યમી બની રહેવા પ્રેરણા આપતી. નવી બાબતોએ તેના જીવનમાં પુષ્કળ પ્રમાણમાં તકો ઊભી કરી હતી. તેના પિતા તેની વિકલાંગતા જોઈને કદી દુઃખી થયા ન હતા. તેઓ તેને કુદરતની શિકાર બની હોય તેમ માનતા ન હતા. વિકલાંગ માનવીના પિતા બનવું સહેલું નથી. મુશ્કેલીભરી પળોમાં તે તેની સાથે અડીખમ બનીને ઊભા રહ્યા છે. આજે તે જે રીતે ઘડાઈ છે તેનું શ્રેય તે તેના પિતાને આપે છે. જેસિકા માને છે કે માનવીની વિકલાંગતાએ માનવીને કોઈપણ કાર્ય કરવા કદી નિરુત્સાહી ન કરવા જોઈએ.

વિલિયમ અને ઈનેઝે તેમની દીકરીને કોઈપણ કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી મંડ્યા રહેવાની શિક્ષા આપી હતી. તે પાઠ તેણે આત્મસાત્ કર્યો હતો. તેથી જીવનમાં તેણે કોઈ કાર્ય અધવચ્ચેથી મૂકી દીધું ન હતું કે ત્યાગી દીધું ન હતું. આથી મોડી રાત સુધી અભ્યાસરત રહી કોઈ વિષયમાં નિપુણતા ન મળે ત્યાં સુધી તેને પડતા ન મૂકવાની ટેવે તેને પ્રગતિની ટોચે પહોંચાડી દીધી.

કાર્યને દૃઢતાપૂર્વક ચાલુ રાખવાની ટેવે મનોવિજ્ઞાનની આ વિદ્યાર્થિનીને મનોવિજ્ઞાનનો અભ્યાસ કરવામાં મુશ્કેલી ન નડી. તેની મનોચિકિત્સક કે મનોવૈજ્ઞાનિક બનવાની ખેવના એક દિવસ જરૂરથી પૂરી પડશે જ. તે કહે છે કે એથી અધિક બનવાની એષણા જાગશે તો તેનો નિર્ણય બદલે પણ ખરી.

કૉલેજનો ઉચ્ચ અભ્યાસ કરતી વખતે તેની અડગતા બદલાઈ નહીં. કૉલેજની દુનિયામાં ડૂબકી મારતાં પહેલાં તેણે તે પ્રવાહને નાણી જોયો. હાઈસ્કૂલના અભ્યાસકાળ દરમિયાન બે અઠવાડિયા ફિલાડેલ્ફિયામાં મેડિસીનના નેશનલ યુથ લીડરશીપ ફોરમમાં હાજરી આપી હતી. કૉલેજના અભ્યાસ દરમિયાન તેની મા તેની સાથે રહેવા ઇચ્છતી હતી, પણ જેસિકાએ તો એકલા જ ઝઝૂમવાનું નક્કી કર્યું હતું. જેસિકા કહે છે, ''એકલા જવાની મને પ્રતીતિ થઈ કે હું કૉલેજના વાતાવરણમાં ગોઠવાઈ શકીશ. હાઈસ્કૂલના શરૂઆતના વર્ષમાં તે વાતાવરણને અનુકૂળ થવું મુશ્કેલ હતું પણ હવે સામે રહેલ પર્યાવરણને સ્વીકારવાનું અને તેની સાથે બાંધછોડ કરતાં મને આવડી ગયું છે. હવે મારા માટે તે કોઈ સમસ્યારૂપ નથી રહેતું.''

તેની સામાજિક જિંદગી સારી રીતે પસાર થાય છે. તે બીજાને સલાહ આપે છે કે વિકલાંગતાને સામાજિકપણે પોતાના રસ્તાની આડે કદી આવવા ન દો. તે કહે છે, ''આપણે બધા મનુષ્યો છીએ અને મને તેઓની વચ્ચે મેળ સાધતાં આવડી ગયો છે. કેટલાક લોકો માટે શરૂઆતમાં આ મેળ સાધવો અઘરો પડે પણ સમય જતાં લોકો અનુકૂળ થઈ જશે અને તમે જેવા છો તેવા સ્વીકારતા થઈ જશે.''

તે સ્વીકારે છે કે, તેને આશ્ચર્ય થાય છે કે તે શા માટે હાથ વગર જન્મી. પણ પછી તે કહે છે કે તેને પ્રતીતિ થઈ છે કે તે હાથ વગર ન જન્મી હોત તો અત્યારે છે તેવી દૃઢ મનોબળવાળી ન બની શકી હોત. કોઈ એક ક્ષેત્રમાં તે નબળી છે તો બીજા ક્ષેત્રમાં તે બળવાન છે. તે માને છે કે કોઈ કદાચ પૂર્ણ દેખાય, પણ કોઈક તો નબળાઈ તેઓમાં હોય જ. બધા જ સંપૂર્ણ હોતા નથી. તે શારીરિક રીતે નબળી છે તો બીજામાં માનસિક નબળાઈ હશે. એક એવી કક્ષાએ બધા જ સમકક્ષ હોય છે.

હાથ વગરની વ્યક્તિ કાંઈક કરવા શક્તિમાન ન બને તેવું વિચારવાનો તે પ્રયત્ન કરે ત્યારે એક પળ તેને ડુંગરાઓ ખૂંદવાનો વિચાર આવી જાય છે. પછી તે વિચારને સકારાત્મક નોંધ સાથે કહે છે,'' તમે પૂરતા સર્જનાત્મક હો તો, મને ખાતરી છે કે તમને જરૂરથી રસ્તો મળી જશે.''

કોઈકે સાચું જ કહ્યું છે

'કદમ અસ્થિર હોય તેને રસ્તો નથી જડતો.
અડગ મનના માનવીને હિમાલય નથી નડતો'.



જેસિકા કોક્સ એક એવી યુવતી છે જેની તાકાત, હિંમત અને અડગતા સાથે મેળવેલ સિદ્ધિની હૃદયસ્પર્શી વાત સાંભળી બોલી ઊઠવાનું મન થાય છે, ''સિદ્ધિ તેને જઈને વરે, જે પરસેવે ન્હાય.'' નિરાશા કે હતાશા એ મૃત્યુનાં બીજાં નામ છે. જીવનમાં ડગલેને પગલે સંઘર્ષ-ઘર્ષણ હોય છે, જેનો સ્વીકાર કરી તેને પાર કરી, આગળ વધવા પુરુષાર્થ કરવો એ જ જીવન છે. અવરોધો ઓળંગે તે આગળ વધી શકે. સંઘર્ષ થકી સ્વયંની વિશ્વાસશક્તિ, આત્મશક્તિનું મૂલ્યાંકન થાય છે. 'અભય' થવા માટે આત્મશક્તિનું રક્ષા કવચ જરૂરી છે. જે પોતાના ઉપર વિજય મેળવે છે તે જગત પર વિજય મેળવે છે. જે પોતાને જીતે તે જગત જીતે છે. આગળ વધવા હૈયામાં હામ, હાથમાં કામ અને વિશ્વાસભર્યાં ડગલાં, ચોક્કસ લક્ષ સુધી, મહત્ત્વના મુકામ સુધી લઈ જાય ! પુરુષાર્થના પાયા ઉપર સફળતાની ઈમારત ચણાય અને ઈમારત મંદિર બની જાય ! ક્ષણ સાથે લક્ષ જોડવાથી સફળતા મળે. જેસિકા આ માટેનું એક જીવંત ઉદાહરણ છે.

બન્ને હાથ વગર જન્મેલી જેસિકા વિમાન ચલાવે છે. કાર ડ્રાઈવ કરે છે, પિઆનો વગાડે છે અને જેમ બીજા લોકો પોતાના હાથ વડે સામાન્ય જિંદગી જીવે તેમ પોતાના પગનો ઉપયોગ કરી તે પોતાની જિંદગી જીવે છે. વિમાનસંચાલન વિદ્યાના ઈતિહાસમાં પોતાના પગ વડે વિમાન ઉડાડનાર સૌથી પ્રથમ સ્ત્રી પાયલોટ તરીકેનું માન જેસિકાએ મેળવ્યું છે. પોતાના ઉડ્ડયનના પાઠો અંગે પચીસીએ પહોંચેલી જેસિકા કહે છે, ''વિમાન ચલાવવું સહેલું ન હતું. સૌપ્રથમ તો હું થોડી ડરી ગઈ હતી પણ પછીથી મને ડહાપણભર્યા મારા માનીતા શબ્દો યાદ આવ્યા : 'તમારી તકમાં અવરોધરૂપ બને તેવી બીકને કદી આવવા ન દો'. ઍરિઝોના યુનિવર્સિટીમાંથી તેણે મનોવિજ્ઞાનનો વિષય લઈને સ્નાતકની પદવી મેળવી છે. આજે જેસિકાએ અભિપ્રેરણાત્મક વક્તા તરીકેની કારકિર્દી અપનાવી છે. તે અસ્ખલિત અને સુસંગતપણે વક્તવ્ય આપનાર પ્રતિભાસંપન્ન વક્તા છે. લોકોને પ્રેરણા આપી તેમના જીવનમાં પરિવર્તન લાવે છે. તેના વક્તવ્યમાં હંમેશ સર્જનાત્મકતા, દઢતાપૂર્વક લક્ષ્યને વળગી રહેવાનો અને નિર્ભયતાનો સંદેશ હોય છે. આજે આંતરરાષ્ટ્રીય અભિપ્રેરણાત્મક વક્તા તરીકે જેસિકા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કૉર્પોરેટ શ્રોતાઓ સમક્ષ વક્તવ્ય આપે છે.

# મનોચિકિત્સાવિજ્ઞાનમાં આયુર્વેદની ઉપયોગિતા

◆

ડૉ. પ્રણવ શેલત*

**માનસિક બિમારીઓમાં જોવા મળતાં લક્ષણો :**

**(A) હતાશા : (Depression ડિપ્રેશન, ઉદાસીનતા)**

• મન ઉદાસ અને નિરાશ રહેવું. • આનંદની પ્રવૃત્તિઓ પણ નિરસ લાગે. • રોજિંદા કાર્ય કરવાની પણ ઈચ્છા ન થાય - સેક્સમાં રસ ન પડે • ઊંઘ ઓછી થઈ જવી • ભૂખ ન લાગવી, વજન ઊતરી જવું • સૂનમૂન બેસી રહેવું • લાગણીશૂન્ય અને લોકોથી વિમુખ થઈ જવું • અશક્તિ લાગવી, શરીરના જુદા જુદા ભાગમાં દુ:ખાવો થવો • આત્મવિશ્વાસ ન રહેવો • નિરાશાવાદી બનવું • યાદશક્તિ ઓછી થઈ જવી, બેધ્યાનપણું • આપઘાતના વિચારો અથવા પ્રયાસ કરવો.

★ એન્ટી-ડીપ્રેસેન્ટ મેડીસીન્સ, વીજળીક શોક (ઈ.સી.ટી.) તથા સાઈકોથેરાપીથી ઘણો ફાયદો થાય છે.

**(B) મનોવિચ્છિન્નતા - (schizophrenia - વિચારવાયુ, ગાંડપણ)**

આ રોગમાં વ્યક્તિનો વાસ્તવિકતા સાથેનો સંબંધ તૂટી જાય છે. તેના મુખ્ય બે પ્રકાર છે.

• Non-Pranqoid : આડાઅવળું બોલવું, કારણ વગર હસવું, એકલા બબડવું, તાકી રહેવું, સૂનમૂન થઈ જવું - ઉશ્કેરાઈ જવુ, તોડફોડ કરવી, રખડ્યા કરવું, નિયમિત ખાવું-ઊંઘવું, ન્હાવું કે કામે જવું નહીં.

• Paranoid : બહારથી સ્વસ્થ દેખાતી વ્યક્તિ, શંકાશીલ થતી જાય છે. બીજા લોકો મારી વાતો કરે છે, મારી નાંખવાના છે તેવી બીક કરવી. પોતાના પતિ પત્નીના ચારિત્ર્ય વિશે શંકા કરવી. કાનમાં ભણકારા વાગવા. ધંધાકીય તેમજ સામાજિક કાર્યોથી અળગા થતા જવું વગેરે.

★ એન્ટી-સાઈકોટીક દવાઓ અને ઈસીટીથી રોગ પર કાબૂ મેળવી શકાય છે.

**(C) ઉન્માદ - (Mania ચઢ ઉતર)**

• અકારણ અતિશય આનંદ ઉત્સાહમાં રહેવું • વિવેકબુદ્ધિ ગુમાવી બેસવી જેના કારણે ખોટા ખર્ચા કરે, મહત્ત્વાકાંક્ષી કાલ્પનિક યોજના ઘડે. • વધારે પડતું બોલવું કે ગીતો ગાવા • ઊંઘની જરૂર ઓછી થઈ જાય, વધારે પડતું ફરે અને ઉશ્કેરાઈ જાય.

★ ઘણા દર્દીઓને ચઢ ઊતરની (BIPLOLAR) બીમારીમાં ઉન્માદ અને હતાશાના વારાફરતી હુમલા આવે છે.

• એન્ટી મેનીક દવાઓ અને ઈસીટીથી સંપૂર્ણ પણે ફાયદો થાય છે.

(D) ચિંતાજન્ય રોગો (Neurosis Anxiety Disorders)

આ રોગોનું મુખ્ય કારણ વ્યક્તિના જાગૃત મગજમાં ચાલતા વિગ્રહ છે, જેનાથી ઉત્પન્ન થતો તણાવ શરીરમાં જુદી જુદી રીતે અસરો કરે છે • **તણાવ :** (Panic Anxiety Disorder) : દર્દીને ઓચિંતી

---

*માનસિક તથા મગજના રોગો, મનોજાતીય રોગો તેમજ વ્યસન મુક્તિના નિષ્ણાત.
૧૧૧, પહેલે માળ, સાંઈ એવન્યુ, જયદીપ કૉમ્પલેક્ષ પાસે, ગગન ગેસ્ટ હાઉસની સામે, ગેલેક્ષી સિનેમા રોડ, ને.હા.નં. ૮, નરોડા, અમદાવાદ

સખત ગભરામણ થાય, છાતીના ધબકારા વધી જાય, મુંઝારો, દુઃખાવો, ચક્કર, પરસેવો છૂટે, હાથ-પગ ઠંડા થઈ જાય, હમણાં જ જીવ જતો રહેશે તેવું લાગવું વગેરે થાય છે. • **મનોગ્રસ્તિ :** Obsessive compulsive Neurosis ધૂનરોગ) : એક જ પ્રકારના વિચારો કે ક્રિયા વારંવાર કરવા (હાથ ધોવા, વારંવાર ગણવું), સમજતાં હોવા છતાં ક્રિયા વિચારને રોકી શકતા નથી. એ કરવાથી જ તણાવમુક્ત થઈ શકે છે. • **હિસ્ટેરિયા :** સામાન્ય રીતે યુવાન સ્ત્રીઓમાં જોવા મળતી આ બિમારીમાં માનસિક ચિંતાના કારણે વારંવાર બેભાન થાય, દાંત-ખીલી બંધાઈને તાણ આવવી, મૂંગા થઈ જવું, વગેરે લક્ષણો જોવા મળે છે.

★ એન્ટી એક્ઝાયટી દવાઓ, બીહેવીયર થેરાપી, નારકોથેરાપી તથા સાયકોથેરાપીથી ઘણો જ સરસ ફાયદો થઈ શકે છે.

(E) **મગજના રોગો - (ચક્કર આવવા)**

• **માથાનો દુઃખાવો :** (Migraine, Tension, Headache) : લાંબા સમયનો તણાવયુક્ત માથાનો દુઃખાવો અચાનક તીવ્ર અડધા માથાનો દુઃખાવો (Migraine)

• **વાઈ :** (Epilepsy) : ગમે તે સ્થળ કે સમયે અચાનક બેભાન થઈ પડી જવું, આખા શરીરમાં ઝાટકા આવવા, ચક્કર આવવા જે દરમ્યાન ઘણીવાર પેશાબ થઈ જવો, ઈજા થવી, દાંતથી જીભ કચરાઈ જવી, મોઢે ફીણ આવવું.

• **સનેપાત :** (Dementia) : આ રોગમાં જ્ઞાનતંતુની નબળાઈને લીધે વારંવાર ભૂલી જવું, લવરીએ ચઢી જવું અને વર્તન તેમજ વ્યક્તિત્વ બદલાઈ જવું.

★ દવાથી ઘણો ફાયદો થાય છે. ખાસ કરીને વાઈ સંપૂર્ણપણે મટી શકે છે.

(F) **અન્ય માનસિક રોગો**

• **મનોજાતિય રોગો :** નપુંસકતા, ઇન્દ્રિયની નબળાઈ, શીઘ્રપતન, હસ્તમૈથુન વગેરે. - બાળ મનની સમસ્યાઓ : મંદબુદ્ધિ, પથારીમાં પેશાબ કરી જવો, ભણવામાં તકલીફ પડવી, વધારે પડતું તોફાન કે એક્ટીવ રહેવું વગેરે. - વ્યસન કે બંધાણ : (Addictions) : સીગારેટ તમાકુથી શરૂ કરીને દારૂ, ચરસ ભાંગ કે ગાંજો, અફીણ-બ્રાઉન સુગરની આદત હોવી.

• દર્દી ઇચ્છે તો આમાંથી રાહત મેળવી શકે છે.

• **સંસ્કૃતિ જન્ય રોગો :** તીવ્ર મનોવિકૃતિ જેમ કે માતા આવવા, કુંડાળામાં પગ પડવો, પડછાયામાં આવી જવું, ધાતુદોષ થઈ જવો.- વ્યક્તિની ઊણપો - છિન્ન માનસ, આવેગયુક્ત માનસ જે ઘણી મોટી સમસ્યાઓ ઘરમાં ઊભી કરે છે.

માનસિક રોગોને શારીરિક રોગો કરતાં સહેજ પણ ઓછું મહત્ત્વ આપશો નહીં. માનસિક બિમારીમાં પણ આધુનિક સારવાર પદ્ધતિ ખૂબ સફળ પુરવાર થઈ છે. દોરા-ધાગાથી તે મટી શકે છે એવી માન્યતા ભૂલભરેલી છે.

માનવદેહ એ કુદરતની અજાયબીભરી અમૂલ્ય સંરચના છે. જેને દેહ, કાયા, શરીર વગેરે નામથી સંબોધવામાં આવે છે. શરીરની ઉત્પત્તિ પંચમહાભૂતોમાંથી થયેલ છે. તેના પણ બે ભાગ છે. ૧. સ્થૂલ શરીર અને ૨. સૂક્ષ્મ શરીર

સ્થૂલ શરીર એટલે કે પંચમહાભૂતાત્મક શરીર. જ્યારે સૂક્ષ્મ શરીર એટલે આત્મા. તે નિર્વિકાર, સર્વશરીરમાં સૂક્ષ્મ રૂપે રહેનાર, હોવાથી તેને જોઈ શકાતો નથી. જ્યારે સ્થૂલ શરીર પંચમહાભૂતમાં વિલીન

થાય છે. ત્યારે સૂક્ષ્મરૂપે રહેલ આત્મા તેનાથી વિમુખ થઈ બીજા શરીરમાં પ્રવેશ કરે છે.

રોગોના અધિષ્ઠાન તરીકે સ્થૂલશરીરને જ માનવામાં આવે છે. સ્થૂલશરીરમાં થતા રોગોને પણ બે ભાગમાં વહેંચી શકાય. જો કે શારીરિક રોગો અને માનસિક રોગો. શરીરને આશ્રિત થનાર રોગો જેવા કે જ્વર, અતિસાર વગેરેને શારીરિક રોગ કહે છે. જ્યારે મનને આશ્રિત થઈ ઉત્પન્ન થનાર રોગ જેમકે ઉન્માદ, અપસ્માર વગેરેને માનસિક રોગો કહી શકાય છે.

શરીર અને મનને આશ્રય કરી ઉત્પન્ન થનાર રોગોની ચિકિત્સા (treatnent)ને ત્રણ ભાગમાં વિભક્ત કરી શકાય જેમકે

૧. જેમાં મંત્ર, મણિ, જપ, હોમ, યજ્ઞ, ઉપવાસ, પ્રાયશ્ચિત્ત, તપ, દાન વગેરે કર્મોનો સમાવેશ થાય છે. જેમાં દૈવના આશ્રયથી જે treatnent થાય છે તેને દૈવવ્યપાશ્રય કહે છે.

૨. યુક્તિવ્યપાશ્રય - રોગોની વિવિધ અવસ્થાને ધ્યાનમાં રાખી વિવિધ આહારદ્રવ્યો અને ઔષધદ્રવ્યો દ્વારા જે ચિકિત્સા કરવામાં આવે છે, તેને યુક્તિવ્યપાશ્રય કહેવાય છે.

૩. સત્ત્વાવજય - સત્ત્વ એટલે કે મન અને તેના પરનો કાબૂ - જેને સત્ત્વાવજય કહેવાય છે. મનને કાબૂમાં ન રાખવાથી જ વિવિધ રોગોત્પત્તિ થાય છે. કારણ કે વ્યક્તિની માનસિક સ્થિતિ સારી ન રહેતાં તે અહિત આહાર-વિહારનું સેવન કરે છે. અને માનસિક સ્થિતિ બગડે છે.

શારીરિક રોગો અને માનસિક રોગો પરસ્પર એકબીજા સાથે સંબંધિત છે. વિવિધ શારીરિક રોગો જેવા કે Diabetes, thyroid થી Depression, shock આદિ માનસિક રોગોની ઉત્પત્તિ થાય છે. તે જ રીતે Stress, tension આદિ માનસિક કારણોથી Ulcerative colitis, HBP આદિ શારીરિક રોગોની ઉત્પત્તિ થાય છે.

શારીરિક રોગો કરતાં માનસિક રોગોની ચિકિત્સા કરવી બહુ અઘરી થઈ પડે છે. શારીરિક રોગો માત્ર ઔષધથી જ સારા થાય છે. પણ માનસિક રોગોમાં ઔષધની સાથે સાથે રોગોની માનસિક સ્થિતિને પણ સુધારવી પડે છે. મનની અગાધ શક્તિનો કોઈ પાર પામી શકતું નથી. મનની પ્રબળ અસરના કારણે મનુષ્ય સ્વસ્થ હોવા છતાં પોતાને રોગી માનતાં શરીર રોગી બની જાય છે. જ્યારે રોગી મનુષ્ય પોતાને સ્વસ્થ માનતાં તે સ્વસ્થ બની જાય છે. આથી જ મનને સદા શુભસંકલ્પવાળું રાખવું જોઈએ.

સામાન્ય રીતે મનુષ્યની ઇચ્છા અને આશાઓનો જ્યાં સુધી કોઈ વિઘાત થતો નથી. અર્થાત્ તે પૂર્ણ થતી રહે છે, ત્યાં સુધી તે પૂર્ણ સંતુષ્ટ રહે છે. પરંતુ જ્યારે પરિસ્થિતિ પ્રતિકૂળ બને છે. ત્યારે મનુષ્ય પોતાની શારીરિક શક્તિ અને સમજણપૂર્વક તેનો સામનો કરીને પોતે સાનુકૂળ બની જાય છે. જેથી દુઃખ, નિરાશા અને હાનિ વગેરે સ્થિતિને સહન કરી શકે છે અને સંતોષ માની લે છે. તેને માનસિક દૃષ્ટિએ સ્વસ્થ માનવામાં આવે છે. પરંતુ મનુષ્ય વિપરીત પરિસ્થિતિને સહન કરવામાં જેટલે અંશે નિષ્ફળ નીવડે છે, તેટલા પ્રમાણમાં માનસિક વિભ્રંશ ઉત્પન્ન થાય છે. આથી જ જે મનુષ્યમાં જન્મથી જ માનસિક નિર્બળતા અધિક હોય છે, તેને તેટલા પ્રમાણમાં માનસિક રોગ થવાની સંભાવના રહે છે. જે વ્યક્તિ પ્રતિકૂળ અવસ્થાને પચાવી જાય છે, તેને પૂર્ણરૂપમાં સમતુલનયુક્ત વ્યક્તિ કહે છે.

તેનાથી ઊલટું પ્રતિકૂળ અવસ્થા અથવા પ્રતિકૂળતાને સહન કરવાની સમજણ જે વ્યક્તિ કેળવી શકતી નથી, તે મનમાં સતત એક જાતના tension ની અવસ્થામાં રહે છે, ત્યારે તે અજ્ઞાતરૂપમાં unconciously કે બેહોશ અવસ્થામાં જે વ્યવહાર કરે છે, તેને માનસિક રોગ કહે છે.

સામાન્ય રીતે કામક્રોધાદિ માનસવેગો તથા ઉન્માદાદિ માનસવિકારો - આ બન્નેનું માનસવિકૃતિ કે વિકારથી ગ્રહણ કરવામાં આવે છે. કામ-ક્રોધાદિ વેગ અલ્પ-અધિક પ્રમાણમાં સ્વાભાવિક રૂપમાં દરેક મનુષ્યમાં જોવા મળે જ છે. તેથી આવા માનસવેગો અલ્પકાલીન હોઈને વેગપૂર્વક પ્રારંભ થઈ થોડા સમયમાં આપમેળે

જ શમન થઈ જાય છે. જ્યારે ઉન્માદાદિ રોગો ચિરકાળ સુધી રહેતાં હોવાથી તેની ચિકિત્સા કર્યા બાદ જ તે શમન પામે છે.

જેમ શારીરિક દોષો વાત, પિત્ત, કફ એ ત્રણ છે. તે જ રીતે માનસદોષ પણ સત્ત્વ, રજસ, તમસ એમ ત્રણ છે. સત્ત્વને દોષ નહિ પણ ગુણ કહી શકાય. કારણ કે સત્ત્વગુણયુક્ત પુરુષમાં બીજા કોઈ પણ દુષ્ટગુણો વગેરે હોતા નથી. તે વિકૃત બનીને દોષપણાને પામતો નથી. પરંતુ પ્રીત્યાત્મક, સુખાત્મક, પ્રકાશક, જ્ઞાનનો ઉદય કરીને ઊર્ધ્વગતિને પામે છે. એટલે કે સત્ત્વગુણને કલ્યાણાંશ કહી શકાય.

જ્યારે રજસ અને તમસ એ બે માનસદોષ છે. રજોગુણ રોષાંશ છે. તે દુઃખાત્મક, વિષાદાત્મક, ઉત્તેજના ઉત્પન્ન કરનાર, ચલ હોવાથી ગતિ અને પ્રવૃત્તિ કરાવનાર છે. તમોગુણને મોહાંશ કહેવામાં આવે છે. તે મોહાત્મક હોવાથી અન્યને આવૃત્ત કરનાર, જડતા, ગુરુતા, અવરોધ અને મોહ કરનાર છે. એટલે કે અધોગતિ કરનાર છે.

માનસરોગની ઉત્પત્તિ માટે પ્રજ્ઞા-બુદ્ધિભ્રંશને કારણ માની શકાય. કારણ કે જ્યારે મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, ત્યારે તેને સારા-નરસાનું ધ્યાન રહેતું નથી. આથી તેની વિચારશક્તિ, ધારણાશક્તિ અને સ્મરણશક્તિ નષ્ટ થાય છે. ત્યારે વ્યક્તિ વિચાર્યા વગરનાં કામ કરે છે. જેનું પરિણામ પણ સારું આવતું નથી. આથી તે સતત ઉદ્વેગ, ચિંતા, ભય, ક્રોધ આદિ માનસિક આવેગોથી ઘેરાયેલો રહે છે. અંતે વિવિધ વિકારોનો ભોગ બને છે.

એ જ રીતે જે આહાર આપણે લઈએ છીએ તેનાથી શરીર અને મન બંનેનું પોષણ થાય છે. માટે અહિત આહારવિહારનું સેવન પણ માનસરોગની ઉત્પત્તિ માટે કારણભૂત માની શકાય.

આ ઉપરોક્ત વિવિધ વિકારોની ચિકિત્સા બે રીતે કરી શકાય :

૧. માનસિક વિકાર ઉત્પન્ન જ ન થાય તે માટેની પ્રતિબંધક રૂપમાં, જેને અદ્રવ્ય ચિકિત્સા કહે છે.

૨. માનસિક વિકાર ઉત્પન્ન થયા બાદની વિવિધ આહાર-ઔષધ દ્વારા થતી ચિકિત્સા.

૧. માનસવિકારો ઉત્પન્ન ન થાય એટલે કે પ્રતિબંધક રૂપ ચિકિત્સા જેમાં વ્યક્તિને મનનો નિગ્રહ કરતાં શીખવવું જોઈએ. બધા પ્રકારનાં સુખ-દુઃખનું મૂળ કારણ પ્રવૃત્તિ છે. હરકોઈ મનુષ્ય વિવિધ તૃષ્ણાથી જ પ્રવૃત્તિ કરે છે. તૃષ્ણા દ્વારા થતી પ્રવૃત્તિ માનસવિકારનું મૂળ કારણ છે. જેથી કામાદિ વિષયોમાં પ્રવૃત્તિ કરવાથી કે તેના ઉપભોગથી તેની વૃદ્ધિ થાય છે. પરંતુ તેના પ્રતિબંધ માટે શ્રેષ્ઠ ધી, ધૃતિ, સ્મૃતિ હોવી જરૂરી છે. કારણ કે તેના દ્વારા જ મનનો નિગ્રહ કરી શકાય છે.

તે જ રીતે જે વસ્તુ જે સ્વરૂપમાં ન હોય તેને તે સ્વરૂપમાં સમજવી એ બુદ્ધિનો અપરાધ છે. માટે જે પદાર્થ જેવો હોય તેને તેવો જ જાણવા માટે પ્રયત્ન કરવો જેથી પછીથી પસ્તાવાનો સમય ન આવે.

જિહ્વાદિ ઇન્દ્રિયોને તેઓના જે તે વિષયોમાં વધુ લાલચ થવા ન દેવી. એટલે કે તેનો નિગ્રહ - control કરવો જોઈએ. ઇન્દ્રિયોનો સંયમ એ માનસવેગ-વિકારની શ્રેષ્ઠ ચિકિત્સા છે.

સદ્વૃત્ત(સારું આચરણ)નું પાલન કરવાથી આરોગ્ય અને ઇન્દ્રિયવિજય એ બંનેની એકસાથે પ્રાપ્તિ થાય છે. તે માટે કાય, વાણી અને મનના વેગોને ધારણ કરવા જોઈએ. જેમકે ચોરી, હિંસા, પરપીડાકારી દેહની પ્રવૃત્તિ વગેરે શરીરથી થતા રોગો, અત્યંત કઠોર, ચાડી ચુગલીવાળાં, જુઠ્ઠાં અને અસંબંધિત વચન બોલવાં જેવા વાણીના વેગો અને લોભ, શોક, ભય, ક્રોધ, ઈર્ષ્યા, માન, નિર્લજ્જતા વગેરે મનના વેગોનો નિગ્રહ કરવો.

જેના અધિષ્ઠાતા દેવ છે એવા વિવિધ ઉપાયો જેમકે મંત્ર, મણિધારણ, ઔષધધારણ, મંગલકર્મ, બલિ, હોમ, ઉપવાસ, સ્વસ્તિવાચન, જપ, તપ, પ્રાણી વગેરે પર કૃપા વગેરેનું સતત અનુકરણ કરતા રહેવું.

માનસિક રોગીને વિવિધ વિસ્મરણ, બંધન, ભય, હર્ષ, વધ વગેરે વિવિધ ઉપાયો દ્વારા પણ વશ control કરવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

૨. દ્રવ્યભૂત ચિકિત્સા એટલે કે ઉત્પન્ન થયેલા વિકારોની વિવિધ આહાર-વિહાર આદિ દ્વારા ચિકિત્સા કરવી.

વિકારના શમન માટે વિવિધ ઔષધયુક્ત તેલાદિ દ્વારા સ્નેહન (આભ્યંતર અને બાહ્ય) અને સ્વેદન કરી વમન (Vomitting) અને નસ્ય ક્રિયાથી ઊર્ધ્વશોધન તેમજ વિરેચન (Diarrhoea) અને બસ્તિ (Anema) દ્વારા અધઃશોધન કરવું જોઈએ.

શોધન કે સંશોધન ચિકિત્સા એટલે કે જેમાં વિવિધ ઔષધ સાધિત તૈલાદિ વર્ધમાન ક્રમમાં આપી ઔષધ દ્વારા જ રેચ (Diarrhoea) કરાવવામાં આવે છે. આથી શરીરમાંના વિવિધ રોગોત્પાદક ઘટકો કે દૂષિત તત્ત્વો શરીરની બહાર નીકળી જાય છે. જેવી રીતે મેલાં કપડાંને કલર લાગતો નથી. પરંતુ તેને એકદમ સાફ કરી દીધા પછી કલર કરવામાં આવતાં સારો કલર થાય છે. તે જ રીતે પ્રથમ સંશોધન કર્મ કર્યા બાદ સંશમન ચિકિત્સા કરવામાં આવે તો લીધેલ ઔષધ જલદીથી રક્તમાં ભળી તેની સારી અસર દર્શાવે છે.

સંશોધન કર્મ કર્યા બાદ વિવિધ સંશમન ઔષધિ રોગીની સ્થિતિ અનુસાર આપવામાં આવે છે.

નાડીસંસ્થાન માનવશરીરનું એક પ્રમુખ તન્ત્ર છે. શરીરના બધા અવયવોનું સંચાલન અહીંથી જ થાય છે. નાડીસંસ્થાનનું મૂળ મસ્તિષ્ક છે. મન અને બુદ્ધિનું સ્થાન હૃદય છે. હૃદય પણ મસ્તિષ્કના માધ્યમથી જ કાર્ય કરે છે. માટે મસ્તિષ્ક માટે હિતકારી વિવિધ ઉપાયો દ્વારા ઔષધચિકિત્સા કરવી પડે છે. જેમાં ઔષધ દ્રવ્યો મેધ્ય, મદકારી, નિદ્રાજનન, સંજ્ઞાસ્થાપન, વેદનાસ્થાપન, ઉત્તેજક, આકોપજનન, આકોપશમન જેવાં વિવિધ કર્મો રૂપે યોજવામાં આવે છે.

**(૧) મેધ્ય (Intellect - promoting)**

મેધા(બુદ્ધિ)ને વધારનાર દ્રવ્યોને મેધ્યપ્રાપ્ય કહે છે. તેને મસ્તિષ્ક બલ્ય (brain tonic) પણ કહે છે. આ કર્મ પ્રભાવથી થાય છે. પ્રભાવ એટલે કે વિશિષ્ટ શક્તિ (specific potency). જેવી રીતે વશીકરણ, મણિ, મન્ત્ર, ઔષધિ ધારણ આદિ અદ્ભુત કર્મોને જોઈને પ્રભાવની પ્રધાનતા સ્વીકારવી જ પડે. તે રીતે મંડુકપર્ણી, શંખપુષ્પી, ગુડુચી, યષ્ટીમધુ, બ્રાહ્મી, વચા આદિ ઔષધદ્રવ્યો પ્રભાવથી જ મેધ્યકર્મ કરે છે. મેધામાં ગ્રહણશક્તિ, ધારણશક્તિ અને સ્મરણશક્તિ એ ત્રણ બાબતોનો સમાવેશ થાય છે. આ મેધ્ય દ્રવ્યોનો ઉપયોગ કાલ, માત્રા અને અનુયાનથી કરવો જોઈએ.

**(૨) સંજ્ઞાસ્થાપન -**

સંજ્ઞા (જ્ઞાનને) સ્થાપિત કરવાવાળા દ્રવ્યને સંજ્ઞાસ્થાપન દ્રવ્ય કહે છે. મદ, મૂર્છા આદિ અવસ્થાને દૂર કરીને સંજ્ઞાનું સ્થાપન કરનાર દ્રવ્યોમાં હિંગ, વજ, જટામાંસી, બ્રાહ્મી, ગૂગળ વગેરે દ્રવ્યોનો સમાવેશ થાય છે. આ દ્રવ્યો ઉષ્ણ અને તીક્ષ્ણ ગુણવાળા હોવાથી મનમાં સંચિત થયેલ તમોદોષ(જેનાથી મન અને બુદ્ધિ આવૃત્ત થવાથી સંજ્ઞાનાશ થાય છે)ના આવરણને દૂર કરે છે. જેનાથી પુનઃ સંજ્ઞા(જ્ઞાન) પ્રાપ્ત થાય છે. શારીરિક દૃષ્ટિએ જોતાં મસ્તિષ્કમાં રક્તની કમી થવાથી મૂર્છા થાય છે. આ દ્રવ્ય પોતાની ઉષ્ણતા અને તીક્ષ્ણતાથી હૃદયને પણ ઉત્તેજિત કરે છે. જેથી મસ્તિષ્કમાં સમુચિત રૂપમાં રક્ત જવા લાગે છે. એની ક્રિયા ઠીક રૂપથી થાય છે. અને બેહોશી દૂર થાય છે. વધારે પડતી ઉષ્ણતાથી પણ મસ્તિષ્કના કોષાણુ કર્મ કરવામાં અસમર્થ બની જાય છે. માટે એવી સ્થિતિમાં પણ પિત્તશામક અને શીતવીર્ય દ્રવ્યોનો પ્રયોગ કરવો જોઈએ.

**(૩) વેદનાસ્થાપન (Analgesic) -**

વેદના શબ્દ સામાન્ય અનુભૂતિ માટે આયુર્વેદમાં પ્રયુક્ત થાય છે. જે બે પ્રકારની હોય છે. સુખાત્મક અને દુઃખાત્મક. તેમાં દુઃખાત્મક એટલે કે શરીરને, દુઃખરૂપી વેદનાને દૂર કરીને સુખાત્મક એટલે કે સુખ રૂપી

વેદનાની અનુભૂતિ કરાવે તેવા ઔષધ દ્રવ્યોને વેદનાસ્થાપન દ્રવ્ય કહેવાય છે. શરીરમાં વેદનાની ઉત્પત્તિ વાતપ્રકોપના કારણે થાય છે. આથી વેદનાસ્થાપક દ્રવ્ય વાતશામક હોય છે. જેમકે ગુગ્ગુલ, કટ્ફલ, અહિફેન, ગાંજા, વત્સનાભ વગેરે. તેમાંના કેટલાંક દ્રવ્ય સ્નિગ્ધ તથા કેટલાંક દ્રવ્ય રૂક્ષ હોય છે. જેનાથી પ્રારંભમાં ઉષ્ણતાના કારણે વાયુનું શમન થાય છે. એટલે વેદનાની શાન્તિ થાય છે. અને સ્નિગ્ધ ગુણથી કફની વૃદ્ધિ થવાથી નિદ્રામાં પણ સહાયક થાય છે.

**(૪) નિદ્રાજનન (Hypnotic)**

નિદ્રાની ઉત્પત્તિ થવામાં તમોદોષ કારણભૂત છે. નિદ્રા કફ અને તમસના કારણે વધુ આવે છે. આથી સ્નિગ્ધ, મધુર ભોજન, અભ્યંગ, ઉદ્વર્તન આદિ કર્મ નિદ્રાજનક હોય છે. અફીણ, વિજ્યા વગેરે દ્રવ્ય નિદ્રાજનન છે. નિદ્રાકર દ્રવ્યોમાં ભેંસના દૂધનો પણ ઉલ્લેખ થાય છે. કારણ કે તે કફવર્ધક છે.

**(૫) સૌમનસ્યજનન -**

મનને પ્રસન્ન કરવા માટે ઉચિત માત્રામાં મદ્યસેવનાદિ દ્રવ્યોનો પ્રયોગ કરાય છે. કારણકે મદ્ય આદિ દ્રવ્યો ઉષ્ણ, તીક્ષ્ણ હોવાથી નાડીસંસ્થાન - Nervous system ને તરત ઉત્તેજિત કરે છે. જો રોગી વારંવાર અવસાદિત - બેશુદ્ધ હાલતમાં આવી જતો હોય તેને સૌમનસ્ય જનન ઔષધ આપવા.

**(૬) અવસાદ -**

શરીરમાં અવસાદન - Depression કરનારાં દ્રવ્યો વત્સનાભ, તંબાકુ, સુરમો આદિ છે. જો રોગી એકદમ ઉત્તેજિત થતો હોય તેને આવા અવસાદન ઔષધ આપવાથી નાડીઓ એકદમ ઢીલી પડી જાય છે. અને તે અવસાદિત - અવસ્થામાં ચાલ્યો જાય છે.

**(૭) ઉત્તેજના -**

નાડીસંસ્થાનને એકદમ ઉત્તેજિત કરનાર ઔષધ અને શરીરનાં જુદાંજુદાં અંગોમાં ઉત્તેજના કરનાર દ્રવ્યોને ઉત્તેજક - stimulants કહે છે.

**(૮) મદકારી (Narcotics)**

જે દ્રવ્ય બુદ્ધિને વિકૃત કરી વિવેકને નષ્ટ કરી દે છે તેને મદકારી કહે છે. જેમ કે મદ્ય, ભંગા, અહિફેનાદિ. મદકારી દ્રવ્યોની direct effect મસ્તિષ્ક પર થાય છે. જેમકે, મદ્ય પ્રથમ અલ્પમાત્રામાં લેવાથી મસ્તિષ્કની ઉચ્ચતર ક્રિયાઓને ઉત્તેજિત કરે છે. અને પછી અધિક માત્રામાં લેવાથી તેને અવસાદિત પણ કરે છે. આયુર્વેદિક દૃષ્ટિકોણથી જોતાં મદકારી દ્રવ્યોમાં પ્રથમ અગ્નિની ક્રિયા મુખ્યતઃ હોવાથી ઉત્તેજના અને ઉષ્ણતા થાય છે. પછી ઉત્તરોત્તર વાયુની પ્રધાનતા થવાથી અવસાદ થાય છે. વસ્તુતઃ મદકારી દ્રવ્યોનો પ્રભાવ પુરુષની પ્રકૃતિ અને વાતાવરણ પર નિર્ભર છે. કારણ કે સાત્ત્વિક પુરુષોમાં મદ્યનો પ્રભાવ અલ્પ, રાજસિક પુરુષોમાં મધ્યમ અને તામસિક પુરુષોમાં સર્વાધિક હોય છે. આથી પૈત્તિક પ્રકૃતિવાળી વ્યક્તિ અતિશીઘ્ર, વાતિક પ્રકૃતિવાળી શીઘ્ર અને કફ પ્રકૃતિવાળી થોડાક સમય બાદ મદથી પ્રભાવિત થાય છે. માટે જ જે માનસિક રોગીમાં વારંવાર ઉત્તેજિત થવાની અવસ્થા વધુ હોય તેવાને આવા અવસાદિત ઔષધો આપી ચિકિત્સા કરવી.

**(૯) આકોપજનન (Convulsant)**

સુષુમ્ણાના અગ્રશૃંગમાં સ્થિત થયેલ ચેષ્ટા-કોષાણુઓ ને ક્ષુબ્ધ કરી જે દ્રવ્યો શરીરમાં અતિશયિત અને અનિયમિત ચેષ્ટાઓ ઉત્પન્ન કરે તેને આકોપજનન દ્રવ્ય કહે છે. જેમકે કુપીલુ. જેમાં તિક્ત સત્ત્વ (Strychnine) અને વાતહર (Brucine) એમ બે સત્ત્વ છે.

તિક્તસત્ત્વ તિક્તરસ અને રૂક્ષ ગુણના કારણે વાતને ઉત્તેજિત કરી શરીરની ચેષ્ટાઓને વધારે છે.

આથી પક્ષાઘાત વગેરે રોગોમાં જ્યાં વાયુનું કર્મ ઓછું અથવા બિલકુલ નાશ પામ્યું હોય ત્યાં આવાં દ્રવ્યોનો પ્રયોગ વિશેષરૂપથી થાય છે.

વાતહર સત્ત્વ વાતશામક અને વેદનાસ્થાપન બન્ને કર્મ કરે જેની કુપીલુમાં માત્રા અધિક હોય છે. આથી અલ્પમાત્રામાં જ આપવાથી આ કર્મ અધિક સ્પષ્ટ થાય છે. જ્યારે અધિક માત્રામાં આપવાથી તિક્ત સત્ત્વ ને કારણે વાતના લક્ષણ આક્ષેપ આદિ વ્યક્ત થાય છે. માટે આવાં દ્રવ્યોનો બહુ જ ચતુરાઈપૂર્વક દોષનાં ક્ષય કે વૃદ્ધિ વગેરે લક્ષણોને જોઈને યોગ્ય માત્રામાં પ્રયોગ કરવો.

**(૧૦) આક્ષેપશમન (Anti convulsant)**

આવાં દ્રવ્યો સુષુમ્ણાના પૂર્વશૃંગમાં સ્થિત ચેષ્ટા-કોષાણુઓ પર અવસાદક પ્રભાવ પાડે છે. અને પેશીઓના આક્ષેપને શાન્ત કરે છે. જેમ કે અહિફેન, સૂચી, કર્પૂર, ગાંજો, તંબાકુ આદિ. આવાં દ્રવ્યો ઉષ્ણવીર્ય હોય છે. જે પોતાના વીર્યથી વાયુની શાંતિ કરે છે.

રોગીની વિવિધ અવસ્થા અને રોગની અવસ્થા બન્નેને ધ્યાનમાં રાખી ઉપરોક્ત વિવિધ કર્મો કરવા જોઈએ. આ ઉપરાંત આયુર્વેદમાં બધા રોગો માટે પંચકર્મ પણ દર્શાવેલ છે. માનસરોગને ધ્યાનમાં રાખીને મુખ્યતઃ શિરોધારા (કે જેમાં વિવિધ ઔષધ સાધિત તેલ દ્વારા લલાટ ઉપર તેલની ધારા કરવામાં આવે છે. જેથી રોગીનું મન એકાગ્ર બને છે), નસ્ય (જેમાં ઔષધ સાધિત તેલ કે ચૂર્ણને નાકમાં નાખવામાં આવે છે જે ધીરે ધીરે absorb થાય છે. અને મસ્તિષ્કમાં કફનું આવરણ દૂર કરી વાયુના માર્ગને ખુલ્લો કરે છે. જેથી સંજ્ઞા (જ્ઞાનની પ્રાપ્તિ થાય છે) વગેરે પંચકર્મ કરવાથી આવામાં જલદીથી ફાયદો થાય છે.

આયુર્વેદિક સિદ્ધાંતોને ધ્યાનમાં લઈએ તો તેમના મતે બધા રોગોની ઉત્પત્તિ વિવિધ આહાર-વિહાર બન્નેથી થાય છે. આથી આહાર પણ યોગ્ય અને યોગ્યમાત્રામાં લેવો જોઈએ.

**પથ્ય આહાર :**

માનસવિકારોમાં ઘી, દૂધ વગેરે સાત્ત્વિક આહારનું આયોજન કરવું જોઈએ. અને મદ્ય, માંસાદિ રાજસિક અને તામસિક આહારનું વર્જન કરવું જોઈએ.

જે આહાર લઘુ, દીપન, પોષક અને તર્પણ કરનાર હોય તેવા સક્તુ, યવાગૂ તથા કુલ્માષનું સેવન કરવું. તથા દૂધ અને પથ્ય આહાર આપવો.

વાતાદિ યથાદોષ નાશક આહારની યોજના કરવી.

વિશિષ્ટ અવસ્થામાં શરીર પોષણ માટે નાસામાર્ગે જીવ અને પથ્ય આહાર આપી પ્રાણરક્ષા કરવી.

**પથ્ય વિહાર :**

માનસવિકાર યુક્ત રોગીને વિહારરૂપમાં વિશિષ્ટ આવાસ વગેરેની વ્યવસ્થા કરવી.

રોગી પ્રત્યે લાગણી અને દયાભાવનું વાતાવરણ ઊભું કરી તેના પ્રત્યે મમતાની લાગણી દર્શાવવી.

રોગીને મનને અનુકૂળ અને પ્રસન્ન વાતાવરણયુક્ત આવાસમાં રાખવો જોઈએ.

પ્રાણઘાતક સ્થળો જેવાં કે અગ્નિ, જળ, વીજળી, પર્વત, નદી, સમુદ્ર, ઘાતક હથિયાર વગેરેથી દૂર રાખવો જોઈએ, જેથી તે પ્રાણઘાતક ઉપાયો અજમાવી ન શકે.*

---

* આ લેખમાં ડૉ. બુલચંદ હૉસ્પિટલ, કુબેરનગર, અમદાવાદના આયુર્વેદિક ડૉક્ટરે સહાય કરી છે.

# શાસ્ત્રીય નૃત્યનાં વિશિષ્ટ 'ક્લાસ-કરણો'નું અનોખું નિદર્શન : 'પરંપરા ઍકેડૅમી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ'નું નવલું નજરાણું

◆

ડૉ. અમૃત ઉપાધ્યાય*

અમદાવાદની મંચનકળાને વરેલી નવતર સંસ્થા 'પરંપરા ઍકેડૅમી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ'ની ત્રીજી વર્ષગાંઠે, રવિવાર દિનાંક ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૩ની ઢળતી સાંજે, થલતેજના સુવિખ્યાત નહેરુ ફાઉન્ડેશનના, ઉત્તમ સન્નિવેશનયુક્ત, સભાખંડમાં, એક ટૂંકો છતાં યદગાર કાર્યક્રમ યોજાઈ ગયો. ગુજરાત વિદ્યાપીઠના બહુશ્રુત કુલનાયકશ્રી સુદર્શન આયંગરના અધ્યક્ષપદે યોજાયેલા આ કાર્યક્રમમાં અમદાવાદનાં જાણીતાં નૃત્યગુરુ શ્રીમતી સ્મિતાબેન શાસ્ત્રી, મુંબઈનાં પ્રતિષ્ઠિત નૃત્યગુરુ ડૉ. સંધ્યાબેન પુરચા, મર્મજ્ઞ નૃત્યવિવેચક પદ્મશ્રી ડૉ. સુનીલભાઈ કોઠારી તથા સંસ્કૃત સાહિત્યશાસ્ત્રના અભ્યાસી તથા જાણીતા લેખક ડૉ. અમૃત ઉપાધ્યાય વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત-પ્રવચન, દીપપ્રાગટ્ય તથા ગુરુવંદનાની પ્રાર્થનાથી શરૂ થયેલો આ અનોખો સાંધ્ય કાર્યક્રમ, તાંજોર પરંપરાના દિવંગત આચાર્ય પાર્વતીકુમારજીને શ્રદ્ધાંજલિ રૂપે સમર્પિત થયેલો હતો. તેથી આરંભમાં એક દસ્તાવેજી ચલચિત્ર દ્વારા સદ્‌ગત આચાર્યશ્રીની નૃત્યોપાસના તથા શિષ્યોપદેશની ઉત્કૃષ્ટ પ્રણાલીનો પ્રેક્ષકોને પરિચય કરાવવામાં આવ્યો હતો; જેમાં, આચાર્ય પાર્વતીકુમારનાં પટ્ટશિષ્યા, વિદુષી નૃત્યાંગના ડૉ. સંધ્યા પુરેચાની તથા તેમનાં એકનિષ્ઠ શિષ્યા, ભરતનાટ્યમ્ તથા કુચીપુડી શૈલીનાં નૃત્યાંગના તથા પરંપરા ઍકેડૅમીનાં નિદેશિકા શ્રીમતી બીજલ હરિયા (માસ્ટર ઑફ ફાઇન આર્ટ્સ)ની ગુરુનિષ્ઠાનાં સુપેરે દર્શન થયાં હતાં. પછી, આ સમારંભના પ્રમુખશ્રી સુદર્શન આયંગરજી તથા નૃત્યવિદ ડૉ. સુનીલ કોઠારીનાં ટૂંકાં ઉદ્‌બોધનો પૂરાં થતાં વેંત, 'નૃત્યપરંપરા એવં સંસ્કૃતિ મહોત્સવ, ૨૦૧૩' નો મુખ્ય કાર્યક્રમ અર્થાત્ શાસ્ત્રીય નૃત્યનો અનેરો રસથાળ પ્રસ્તુત થયો હતો.

પ્રથમ 'પરંપરા ઍકેડૅમી'ની વિદ્યાર્થિની બહેનોએ અત્યંત ઉત્સાહપૂર્વક 'જતિસ્વર'ની પ્રારંભિક નૃત્યરચના પ્રસ્તુત કરી તે પછી, મુંબઈની ''ભરત કૉલેજ ઑફ ફાઇન આર્ટ્સ''નાં આચાર્યા તથા પ્રસિદ્ધ નૃત્યગુરુ ડૉ. સંધ્યાબેન પુરેચાએ, પોતાના નૃત્યનિપુણ શિષ્યવૃંદ સાથે, 'અર્થશૃંગાર' જેવા અર્થપૂર્ણ શીર્ષક હેઠળ, મહાકવિ કાલિદાસના સંસ્કૃત પ્રકૃતિ-કાવ્ય 'ઋતુસંહાર' તથા રાણા કુંભાના પ્રસિદ્ધ નૃત્યશાસ્ત્રીય ગ્રંથ 'નૃત્યરત્નકોશ'ના ચતુર્થ ઉલ્લાસના ૪૯ શ્લોકોમાં નિરૂપિત વિશિષ્ટ આંગિક નૃત્તપ્રકાર 'ક્લાસ-કરણ'ના બાવીસ પ્રભેદોના સુંદર સંયોજનને આધારે તૈયાર કરેલી પોતાની મૌલિક નૃત્યરચનાની સવા કલાક જેટલા સમયમાં અત્યંત હૃદયંગમ રજૂઆત કરીને ઉપસ્થિત રસિકજનોને આનંદવિભોર કરી દીધા હતા. આ સુંદર નૃત્યનાટિકા (Ballet)ની વિશેષતા એ હતી કે એમાં સંસ્કૃત સાહિત્યના એક ઉત્તમ ઊર્મિકાવ્યનો, 'ક્લાસ' નામક અનોખા આંગિક અભિનય પ્રકાર સાથે તથા શાસ્ત્રીય સંગીતની ઉત્તમ સ્વર-રચના સાથે સમન્વય કરવામાં આવ્યો હતો. આના પરિણામે અમદાવાદના કલારસિકો અથવા સહૃદયો સમક્ષ, શાસ્ત્રીય નૃત્યકળાનું ઉત્તમ, આસ્વાદ્ય નિરૂપણ કરતો અત્યંત પ્રશંસનીય કાર્યક્રમ રજૂ થઈ શક્યો હતો. અહીં ખાસ નોંધવા યોગ્ય વાત એ છે કે આંગિક અભિનયના વિશેષ પાર્શ્વ સમાન 'ક્લાસ-કરણો'નું નૃત્યમય નિરૂપણ, મૂળ શ્લોકોના

---

* બી/૧૦૧-૧૦૨, સારાંશ ગ્રીન્સ, કેસરિયાજી નગર, વાસણા, અમદાવાદ

પઠન સાથે તથા 'ઋતુસંહાર' જેવા લલિતસુંદર કાવ્યની, વિષયને અનુરૂપ, વીણેલી પંક્તિઓના સંગીતમય ગાનયુક્ત અભિનય સાથે, મૌલિક સૂઝબૂઝ સાથે, રંગમંચ પર પ્રસ્તુત કરવાનો આ તદ્દન નવો જ પ્રયોગ હતો. આ પ્રકારનાં બૅલે અથવા નૃત્યસંરચનાનું નિર્માણ કરનાર કોરિયોગ્રાફર, સંસ્કૃત ભાષાસાહિત્ય તેમ જ નૃત્યની આંગિક કળા અને શાસ્ત્રીય સંગીત એ ત્રણેય વિષયોનો મર્મજ્ઞ વિદ્વાન હોવો જોઈએ - અને આનંદની વાત એ ગણાય કે આ બૅલેનાં નિર્દેશિકા-નિર્માત્રી ડૉ. સંધ્યા પુરેચા આ ત્રણેય વિષયોનાં પારંગત પંડિત છે, જેનું પ્રત્યક્ષ પ્રમાણ આ બૅલેના દર્શક રસિકજનોને આ પ્રસંગે સુલભ બન્યું હતું.

જ્યાં સુધી 'ક્લાસકરણો'ના શાસ્ત્રીય સ્વરૂપનો સંબંધ છે ત્યાં એટલું કહેવું જરૂરી છે કે 'ક્લાસ' એ સંજ્ઞા, મૂળમાં તો શાસ્ત્રીય નૃત્યના સમાપનની સૂચક રચના છે અને એનો એ પ્રકારનો અર્થ આપણને, 'સંગીતરત્નાકર'ની કલ્લિનાથકૃત 'કલાનિધિ' ટીકામાં મળે છે જ્યાં જણાવ્યું છે કે 'ક્લાસ' એટલે 'સમાપન'- ક્લાસયેત્ નૃત્યં સમાપયેત્. અને આજે પણ દક્ષિણની કથકલિ નૃત્યશૈલીમાં આ જ અર્થમાં 'ક્લાસ' સંજ્ઞા પ્રયોજાય છે.

જો કે 'ક્લાસ' ને 'નૃત્તના 'કરણ' કે 'નૃત્તકરણ' સાથે જોડીને એના પ્રયોગલક્ષી સ્વરૂપની વિસ્તૃત છણાવટ તો બે જ સંસ્કૃત ગ્રંથોમાં કરવામાં આવી છે. આમાંનો એક છે - રાજા અશોકમલ્લનો ૧૪મા શતકનો 'નૃત્યાધ્યાય' ગ્રંથ અને બીજો છે રાણા કુંભાનો ૧૫મા શતકનો 'નૃત્યરત્નકોશ' નામક ગ્રંથ. ડૉ. સંધ્યા પુરેચાએ આ સ્થળે અને પ્રસંગે જે ક્લાસ-કરણો, મૂળ શ્લોકોના છટાદાર પઠન સાથે, ઉત્તમ આંગિક અભિનય દ્વારા રજૂ કર્યાં તે સર્વ રાણા કુંભકર્ણના ગ્રંથના આધારે તૈયાર થયાં હતાં. પણ ઉપરોક્ત બન્ને ગ્રંથોમાં મૂળ 'ક્લાસ'ના પ્રકાર સરખા જ છે અર્થાત્ બન્ને ગ્રંથોમાં ક્લાસના મુખ્ય છ પ્રકારોનું નિરૂપણ થયું છે :-

| | |
|---|---|
| ૧. વિદ્યુત્-ક્લાસ | ૨. ખડ્ગ-ક્લાસ |
| ૩. મૃગ-ક્લાસ | ૪. બક-ક્લાસ |
| ૫. મંડૂક-ક્લાસ (અથવા પ્લવ-ક્લાસ) અને | ૬. હંસ-ક્લાસ. |

આ છ મુખ્ય ક્લાસ પ્રકારોના વિવિધ પેટા પ્રકારો છે. જેમની કુલ સંખ્યા બાવીસ થાય છે, જેની વહેંચણી આ પ્રમાણે કરવામાં આવી છે :-

પ્રથમ વિદ્યુત-ક્લાસના છ પેટા પ્રકારો છે; બીજા ખડ્ગ-ક્લાસના ચાર પેટા પ્રકારો છે; ત્રીજા મૃગ-ક્લાસનો કેવળ એક જ પ્રકાર છે; ચોથા બક-ક્લાસ-ના ચાર પેટા પ્રકાર છે; પાંચમા મંડૂક-ક્લાસના ચાર પેટા પ્રકાર છે અને છેલ્લા, છઠ્ઠા હંસ-ક્લાસના ત્રણ પેટા પ્રકાર છે. અહી નોંધવું જોઈએ કે 'ક્લાસ'ના મુખ્ય છ પ્રકારોની ચુસ્ત, શાસ્ત્રીય વિભાવનાલક્ષી વ્યાખ્યાને બદલે એની પ્રયોગલક્ષી સમજૂતી આપવામાં આવી છે, અને પેટા પ્રકારોનું વર્ણન છે, પણ નામકરણ નથી. જો કે રાણા કુંભના ગ્રંથમાં છ મુખ્ય ક્લાસનો ખ્યાલ વધુ ચોક્સાઈથી આપવામાં આવ્યો છે અને પછી એક-એક પેટા પ્રકારનું આંગિક દર્શાવ્યું છે. આને કારણે નર્તકને ક્લાસોની રજૂઆત કરવામાં સરળતા રહે છે. આ રીતે બાવીસ ક્લાસ-કરણોની વાત ઉપરોક્ત બન્ને ગ્રંથોમાં કરવામાં આવી છે.

પણ ક્લાસ-કરણોની ખાસ ઉલ્લેખ માગે તેવી વિશેષતા એ છે કે જે મુખ્ય છ પ્રકારના ક્લાસોની વાત આપણે ઉપર કરી તે સર્વનો આધાર તાલનું માપ (તાલમાન) છે. આ તાલ ચાર પ્રકારના છે.

૧. પ્લુતમાન અથવા ત્રિમાત્રિક તાલ; ૨. ગુરુમાન અથવા દ્વિમાત્રિક તાલ; ૩. લઘુમાન અથવા એકમાત્રિક તા; અને ૪. દ્રુતમાન અથવા અર્ધમાત્રિક તાલ.

આ દષ્ટિએ જોતાં, પ્રથમ વિદ્યુત-ક્લાસ તેમ જ બીજો ખડ્-ક્લાસ એ બે પ્રકાર પ્લુતમાન છે; ત્રીજો

મૃગ-ક્લાસ તથા ચોથો બક-ક્લાસ એ બન્ને પ્રકારો ગુરુમાન છે; પાંચમો મંડૂક ક્લાસ લઘુમાન છે; જ્યારે છઠ્ઠો હંસકલાલ દ્રુતમાન છે. આમ આ બધા જ ક્લાસ પ્રકારો તાલની જુદી જુદી માત્રાઓના માપથી પ્રસ્તુત થાય છે. અને આ વિશેષતા દરેક કરણની સમજવાની છે કેમકે નૃત્ત 'કરણાત્મક' હોય છે અને 'નૃત્તં તાલલયાશ્રયમ્' એવી નૃત્તની પરિભાષા છે. વળી આ સર્વ ક્લાસોને 'કરણો' માનેલાં હોવાથી તેમની નાટ્યશાસ્ત્રીય સમજૂતી આ પ્રમાણે છે - હાથ તેમ જ પગનું સુસંયોજિત સંચાલન એ નૃત્યનું 'કરણ' છે : 'હસ્તપાદ સમાયોગો નૃત્તસ્ય કરણં ભવેત્'.

આ સર્વ બાબતોને લક્ષમાં રાખીને ડૉ. સંધ્યાબેન પુરેચાએ હિલચાલો તથા અભિનયની ફૂલગૂંથણી કરી છે તે અતિશય સુંદર છે. એમની આ સિદ્ધિને, આવી કુશળતાને પ્રેક્ષકોએ ઊભા થઈને, તાળીઓના ગડગડાટ વડે વધાતી લીધી હતી. આ પ્રયોગ નવો હતો, અનોખો હતો અને અમદાવાદ માટે અપૂર્વ હતો.

આને માટે આ કાર્યક્રમના આયોજકો તથા પ્રસ્તુતકર્તા બન્ને ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે એમાં શંકા નથી.

આ અનોખી નૃત્ય પ્રસ્તુતિમાં ભાગ લેનાર દરેકે દરેક કળાકારે સંપૂર્ણ હૃદયપૂર્વક સહયોગ આપ્યો હતો જેને પરિણામે સમગ્ર કાર્યક્રમ યાદગાર બન્યો હતો.

# Symbols : The Unique vehicles of Thoughts and Ideas*

◆

**Dr. Rasesh Jamindar**[+]

**About the Author**

Professor (DR.) A.L. Srivastava requires no introduction in the scholarly world of *Bhāratīya Shilpakalā* as he is a prolific researcher in this field and more so he has profusely contributed on various symbols, icongraphy and culture in various research Journals of our country and abroad. More than twenty books and about two hundred papers on different aspects of Indian art and culture have been published by Dr. Srivastava. As we know his special field of study to his heart has been the auspicious art symbols. All his writings are well documented and ornated with interpretation. He is a researcher enjoying fieldwork to have a first-hand information in situ.

**The Book under Review**

The book under review is *Pratīka Śrī : Studies in Indian Art Symbols* is based on his researches in certain art symbols and their different aspects, origin, development as well as putting before his readers the outer form and the inner meaning by showing that these two aspects are intermingled and drawing our attention that study of these symbols require a spirit of dedication for their proper understanding. In this book Dr. Srivastava has discussed the following symbols : *Svastika, Śrīvatsa, Nandyāvarta, Nandipāda, Savatsa go, Taurine, Mithuna, Pañchāṅgulāṅka, Śālabhañjikā* and *Kinnara-Kinnarī.*

Dr. A.L. Srivatava's book under review contains 19 chapters plus source-material, bibliography, index and of course around 400 hundred illustrations in black and white and of varied size. He has written this book with immense integrity and dived so deep keeping no space to add a word while reviewing his book. Hence it is difficult to say any thing more but to put before readers his own statements in his own words and to find solace in reading them. The only thing the reviewer can add is the general impression about this book in general manner : This book is profusely documented. Every chapter is decorated with illustrations. The concept of every symbol and its importance in our societal life is nicely presented. Printing is very

* *Pratīka-Śrī, Studies in Indian Art Symbols*, by A.L.Srivatstava, and published by Sukarkshetra Shodh Sansthana, Kasganj, U.P., Revised Second edition, 2011, Price Rs. 1100/-, pages 15+331.

+ B/10, Vasu Apartments, Nr. Shreeji Palace, Naranpura, Amdāvād - 380013.

good and flawless. The writing of the whole book is very interpretative and presented with well quoted writings from original texts. Every chapter is ornamented with concerned pictures. Author has referred all types of sources barring none which shows how well-read is he. The theme of the book is very original and its concept has clearly demarcated. Hence it is to be welcomed whole-heartedly and should be read by one and all.

**Content of the Book**

Now the content of the book is here in author's own words :

**Svastika**

Symbol is a picture, shape or design that has a particular or multi-faceted meaning and represents an idea relating to religious, ethical or philosophical aspects. The Svastika has been a wonderful and mystic symbol of human life. It is *par excellence* not only in India but in many countries of the World. Its existence has been found in Assyria, Anatolia, Bactria, Persia, Cyprus, Greece, Italy, Sicily, Germany, France, Spain, Norway, Sweden, Denmark, Great Britain, Central Asia, Tibet, China, Japan Combodia, Australia, Mexico and a few parts of Africa. Svastika is associated with Sūrya, Gaṇapati, Lakṣmī, Śiva, Siddha and Buddha; and its use is regarded sacred as well as anspicions and decorative. Svastika connotes various meanings, both in visible form and non-visible and denotes the original concept of *Svasti* i.e. *māṅgalikatā* or auspiciousness. It may be regarded as the symbol of unity of all kinds, racial, religious, social or even geographical. Broadly speaking this symbol is found in three types : 1. *Abāhu* or the armless *svastika* in form of a cross +, 2. *Dakṣiṇāvarta Sabāhu* or the right-handed *svastika* 卐 and 3. *Vāmāvarta Sabāhu* or the left-handed *svastika* 卍.

**Śrivasta**

In Indian art *Śrīvatsa* has been represented either as an auspicious symbol (*māṅgalika-çihna*) or as a distinctive mark of a Great Person (*mahā-puruṣalakṣṇa*). The *śrīvatsa* symbols found in Sāñchī, Sārnāth, and Bhārhut sculptures show their most archaic form as they are the oldest specimens in Indian sculptural art. The earliest representation of the *śrīvatsa* symbol is found so far in the Śuṅga art of Sāñchī, Sārnath and Bhārhut. The *śrīvatsa* symbol originated in Indian about 3rd millennium B.C. and was stamped on Indus seals. It was included among the Eight Auspicious symbols (*aṣṭa-maṅgalas*) and was given due place in Jainism, Buddhism and Brahmanism all alike. We find its representation in Indian architecture, sculpture, epigraphy and pottery. Arched gateways, *çaitya* windows, *āyāgapaṭṭas*, stone-umbrellas, terracotta seals and beaded necklaces were decorated with this motif.

A fabulous decorative motif of human figure in Kuṣāṇa art of Mathurā is seen as (1) Human bust attached with a galloping lion, (2) Human bust attached to an architectural part, (3) Human face attached with the body of a bull or a frog, (4)

Human face attached with a bird and (5) Human figure with its fish-tailed legs in serpentile coils. This motif in question is frequently found in Jaina, Buddhist and Brāhmanic edifices, it has nothing to do with any secterian purpose. It is purely decorative motif embellished with some auspicious character and undoubtedly beyond any secterian bias.

**Nandyāvarta**

The symbol of *Nandyāvarta* is one of the several auspicious signs mostly included among the *aṣṭa-māṅgalika* motifs. It finds its mention both as an auspicious sign (*māṅgalika-çihna*) as well as a sign of the great person (*mahāpuruṣa-lakṣaṇa*) among all the lists of the auspicious signs contained in literature beloging to the Brāhmaṇas, Jainas and Buddhists all alike. It is a sign made of a circle surmounted either by a half circle or by a trident. The first form of the motif is found on the Harappan seals and sealings, punch-marked and tribal coins, terracotta seals, beads and ornaments, in cave-paintings and many inscriptions from Mauryan age to that of the Kuṣāṇas. The second form i.e. a circle surmounted by a trident, is more popular in the bas-reliefs on the railings and arched gateways of the stūpas. This form of the symbol has also been found on seals, coins, pottery pieces, ornaments, inscriptions and other articles.

**Taurines or Tridents**

A quadruple design made of four taurines or tridents has been very popular in India for a long time. It appears for the first time on some silver punch-marked coins which are normally ascribed to the period between 6th and 3rd ceuntries B.C. This design lasted for nearly a thousand years. We feel that this quadruple design found on coins, seals, medallions, paintings, Buddha *padas, āyāgapaṭṭas* and other Jaina and Buddhist art panels is one and the same conveying everywhere its multiple auspiciousness and which has nothing to do with any religion or group. *Taurine* means 'a symbol of Taurus' (the bull), similarly *nandipada*, 'the symbol of Nandi', which is also the bull mount of Śiva. *Tourine* or *Nandipada* is more frequently and in large number found in Jaina and Buddhist art panels. Indian civilization developed mainly on its agronomy in which bull played a key role in bringing the agricultural produce, *dhānya* or grain which was the source of prosperity, happiness and welfare to the people cultivating the land. This was popular among the Indian masses without any consideration of caste, colour and creed.

**Āyāgapaṭṭas**

Mathura is known for the earliest Jain stūpas and Tīrthaṅkara images. Mathura is said to have been the birth place of the *Tīrthaṅkara* Neminātha who was also worshipped there. Mathura was actually the main centre of Jainism. *Āyāgapaṭṭas* with inscriptions mentioning the adoration of Vardhamāna and Mahāvīra have also been found from Mathura. The earliest evidence of the Jaina worship is found through the

*Āyāgapaṭṭas* of Mathura, which are anterior to the Jaina images. Mathura was the first to carve the earliest Tīrthaṅkara images. These *Āyāgapaṭṭas* belong to the period when symbol-worship was well-established and the image worship was in offing. There are two categories of the *Āyāgupaṭṭas* : one bearing only auspicious symbols and the other bearing also a Jaina Tīrthaṅkara image.

**Śālabhañjikā**

The *Śalabhañjikā* is one of the most attractive and beautiful motifs of Indian art and thought. It represents a young and pretty woman playfully standing beneath a tree and holding its branch, or plukking its flowers or fruits; sometimes leaning forward and looking like swinging. The *Śālabhañjikā* is a sculpture no doubt, but it also serves the architectural necessity simultaneously. We find a long tradition of the *Śālabhañjikā* motif in Indian art right from the 2nd century B.C. to the 13th century A.D. Almost simultaneous is its literary tradition, which may go even earlier. This motif is related to a kind of sport, particularly that of women. This motif symbolises the desire of our happy and blissful life which is full of everlasting youth and beauty. By virtue of its excellent execution and intense emotional extravagance, the significance of the *Śālabhañjikā* motif is unique.

**Savatsa-go or Savatsa Dhenu**

Folk-life is essentially the soul of any civilized culture. Folk culture always emerges and blossoms into a refined culture. *Jala-kumbha, dadhi, mīna, sapūtīmāñ, savatsa go* or *savatsa dhenu* – such folk beliefs are still found popular among our rural as well as the urban populace. Cow has been given a very reverential place in Indian life. The utility of cow was immense. It was deemed to be the harbinger of happiness, good luck, plenty and prosperity of our life. Therefore, the cow was regarded as mother i.e. *go-mātā*. The auspicious symbol of *savatsa go* has a very very long tradition contained in both our literature and art. The archaeological evidences corroborating literary examples are found in Indian pottery, terracotta and suclpture.

**Mithunas**

The *Mithunas* or couples are executed in Indian art in various jolly moods. They are symbols of a prosperous and pleasant life. Through these couples the prosperity of the society and happy conjugal life of the family have expressly been represented. The auspicious conception of the *mithuna* or couple is responsible for the introduction of the human erotic sculptures in Indian temples. The origin of the *mithuna* motif may be traced back to the cults of fertility whose basic example was the *Goddess Śrī*. The cults of fertility, specially the cult of *śrī*, have been a direct bearing on the depiction of *mithunas* in religious art.

**Kinnar & Kinnarī**

*Kinnaras* and *Kinarīs* in Indian literature and art have two types : one with

human head joined to an unique body and the other with horse's head joined to a human body. Out of the two different Indian art motifs i.e. human headed horse and horse-headed human being, Greek art represents only the first one, and that too partly. Indian art represents both the horse-headed human being and the human-headed horse in couples, the spouse being always a normal human figure.

**Pañçaṅgula or Thāpā**

Auspiciousness has been an important feature in Indian life. In literature and art we come across many auspicious motifs. *Pañcaṅgula* or *thapā* is one of them. It is a mark of the right palm with all its fingers streched out. The mark is imprinted with a paste called *aipana* or *pīthī* (*piṣṭa*) made of rice-flour and turmeric. It has been used as an auspicious motif from very early times. The motif is particularly favourite with the women folk. It is referred to in certain inscriptions along with in ancient literature. This motif is indeed of great antiquity. Its marks are noticeable in prehistoric rock-paintings. Obviously, *pañcāṅgulāṅka* represents the hand. The tradition of *pañcāṅgula* still continues in our society, in some form or the other but many people are ignorant of its real significance.

**Epilogue**

As we know communication of ideas is a human instinct and this instinct is responsible for the origin of human language. Ideas can be expressed or exchanged through the medium of language. Those who know that language can have easy communication, but others cannot. This shortcoming of language is removed by pictorial art. The ideas of man translated by him into form and figure through the pictorial or plastic art, are well within the grasp of each and every person of the world irrespective of his tongue and time. Natural objects, flora and fauna represented in painting and sculpture, are easily understood by all.

Indian art is said to have been mirror of thought, religion, philosophy, cults and culture of India. Indian artists evolved an elaborate systems of symbols and motifs to express their most cherished ideas, feelings and experiences in the realm of religion, philosophy and experiences in the realm of religion, philosophy and metaphysics. Many myths and legends which are indispensable to a religion, were translated into stone or clay through the medium of these symbols.

**In the End**

These are just glimpses, of course, in the author's words to help those desirous readers' to get more lively knowledge by reading this book under review, and to dive deep into our old-age traditions which have a bearing to our cultural heritage. No doubt, this is a very timely publication when our next generations are loosing their insights in the importance and significance of these symbols. Therefore, we will be failing in our sacred duty if we do not congratulate this stalwart author professor A.L.Srivastava and also the Sukārkshetra Shodh Sansthana, Kasganj, U.P. for making available this lavish book. 19-8-2012. *Astu.*

## राजविनोद મહાકાવ્યનું આવકાર્ય ત્રિભાષી સુંદર સંપાદન*

ઘણા પૂર્વકાલીનતમ સમયથી ઇતિહાસયુગની પ્રથમ ત્રણ સહસ્રાબ્દી પર્યંત સંસ્કૃત ભાષા આપણા દેશની લોકભાષા હતી. જાહેરનામા તરીકે ઉત્કીર્ણ થયેલા અભિલેખ તેમજ ઉપસાવેલી લિપિમાં તૈયાર થયેલા સિક્કા આનાં ઘોતક ઉદાહરણ છે. વિશ્વ સમસ્તની સઘળી પ્રચલિત ભાષાઓમાં સંસ્કૃત ભાષા વધુ વૈજ્ઞાનિક હોવાનો મત વિશેષ પ્રચારમાં છે તેમજ કમ્પ્યુટરના વિનિયોગમાં તેનો ઉપયોગ વિશેષરૂપે ઉપાદેયી જણાયો. પરંતુ છેલ્લાં ઘણાં વર્ષો દરમિયાન સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર-લેખન-શોધન વગેરે ઘણા ઓછા પ્રમાણમાં થયેલાં જણાય છે. જો કે હજી તે મૃતભાષાની અવસ્થાએ પહોંચી નથી એટલું જ નહીં પણ લગભગ પ્રત્યેક વિદ્યાશાખાના અધ્યયન-અધ્યાપન-અન્વેષણનાં કાર્યમાં મૂળસ્રોત તરીકે હજીયે સંસ્કૃત ભાષામાં લખાયેલા સાહિત્ય તરફ નજર કરવાની નિસબત ઘાલખાધ સુધી પહોંચી નથી. સરવાળે સંસ્કૃત ભાષા અને સંસ્કૃત સાહિત્યની અવગણના અન્વેષકો વાસ્તે ઘાતક નીવડવા સંભવે છે. ઇસ્લામી શાસન દરમિયાન પણ સંસ્કૃત-ભાષા-સાહિત્યના વિકાસમાં ઓટ જેવી પ્રાપ્ત થતી નથી.

આ ભૂમિકા સંદર્ભે સલ્તનતકાલ દરમિયાન લખાયેલી સંસ્કૃતકૃતિને અવલોકવાનો પ્રયાસ છે. આ સંસ્કૃતકૃતિ પણ સુલતાનના ચરિત્રને અવલોકતી છે. આ સુલતાન છે મહમૂદશાહ બેગડો અને કૃતિસર્જક છે મહાકવિ ઉદયરાજ. ઉદયરાજ મહમૂદશાહનો રાજકવિ છે અને એણે લખેલું સુલતાનચરિત્ર છે राजविनोदमहाकाव्यम् एवं महमूद सुरत्राणचरित्रम् ।

આ સંસ્કૃત-મહાકાવ્યથી કેટલાક અનુમાન સંભવે છે : (૧) ઇસ્લામી શાસન દરમ્યાન સંસ્કૃતભાષાનું પ્રચલન હતું. (૨) સુલતાને - મહમૂદશાહે પોતાના દરબારી કવિ તરીકે સંસ્કૃતજ્ઞ ઉદયરાજની નિમણૂક કરી હતી. (૩) રાજકવિએ સુલતાનનું ચરિત્ર સંસ્કૃતભાષામાં લખ્યું હતું.

આરંભે આપણે ગુજરાત સલ્તનતના વિચક્ષણ સુલતાન મહમૂદશાહ વિશે થોડીક વિગત પ્રસ્તુત કરીશું. ગુજરાત સલ્તનતના પંદર સુલતાનોમાં મહમૂદશાહ સાતમો સુલતાન હતો. તેણે ઈસવી સન ૧૪૫૯ થી ૧૫૧૧ સુધી અર્થાત્ પાંચ દાયકાથી થોડો વધુ સમય શાસનની ધૂરા સંભાળી હતી. તે જ્યારે તખ્તનશીન થયો ત્યારે તેની વય ૧૩ વર્ષની હતી. તે મુહમ્મદશાહ રજાનો (૧૪૪૨ થી ૧૪૫૧) નાનો પુત્ર હતો. એનું જન્મનામ ફત્હખાન હતું અને 'અબુલફત્હ મહમૂદશાહ' ખિતાબ ધારણ કરી એ ગાદીસ્થ થયો હતો. અલબત્ત ઇતિહાસમાં તે 'મહમૂદ બેગડો'થી વિશેષ સુખ્યાત છે. 'મિર્‌આતે સિકંદરી' અને 'તારીખે ફિરિશ્તા' જેવા મુસ્લિમગ્રંથોમાં મહમૂદશાહને સહુથી મહાન અને સૌથી વિશેષ પ્રજાપ્રિય સુલતાન તરીકે ઓળખાવ્યો છે. સોલંકી રાજા સિદ્ધરાજ સોલંકીની જેમ મહમૂદશાહના જીવન સાથે વિવિધ કથા-વાર્તા સંલગ્નિત હોવાનું સૂચવાયું છે. તે ઉત્સાહી અને મહત્ત્વાકાંક્ષી સુલતાન તરીકે ખ્યાત હતો. બાળપણથી જ તેનામાં અસાધારણ હિંમત હતી. તે બહાદુર લડવૈયો હતો અને દેશ-વિદેશના એલચીઓ ભેટસોગાદ સાથે મહમૂદશાહના દરબારમાં આવતા હતા. સૂફીઓને અને મુસ્લિમ વિદ્વાનોને તેણે આશ્રય આપ્યો હતો. મજહબના પ્રચારાર્થે ઉલેમાઓ મોટી સંખ્યામાં ગુજરાત આવતા હતા એવી એની આતિથ્યપ્રીતિ હતી. તેણે શહેર વસાવ્યાં, બાંધકામ કરાવ્યાં અને વૃક્ષપ્રેમી તરીકે વૃક્ષો ઉછેર્યાં : જૂનાગઢ (મુસ્તફાબાદ), ચાંપાનેર (મુહમ્મદાબાદ) અને મહેમદાબાદ (મહમૂદાબાદ) જેવાં નગર એણે વસાવ્યાં (વધુ વિગત વાસ્તે જુઓ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૫, સલ્તનતકાલ, પૃષ્ઠ ૮૯ થી ૯૯ અને ૨૨૭ થી ૨૩૪, ૨૪૯-૫૦).

મહમૂદશાહનાં કેટલાંક કૃત્ય નિર્દયી હોવા છતાંય શૂરવીરતા, સખાવત, ઔદાર્ય, વિદ્યાપ્રેમ, કલાપ્રેમ જેવા ગુણથી એનું ચારિત્ર્ય સભર હતું. એને ઇસ્લામમાં દૃઢ શ્રદ્ધા હતી. તે નિયમપાલનમાં ચુસ્ત હતો. એની

---

* कवि उदयराजविरचितं राजविनोदमहाकाव्यम्, સંપાદક : ડૉ. ભારતી શેલત, ડૉ. ઝુબેર કુરેશી, પ્રકા. શાહ વજીહુદ્દીન ઍકેડેમી, સરખેજ, અમ., ૨૦૧૨, પૃ. સંખ્યા ૧૪+૧૦૨. ઉર્દૂ પૃ. સંખ્યા ૧-૩૭. ૪ પ્લેટ, કિં. રૂ.૧૫૦/-

વિચારશક્તિ સરાહનીય હતી. પરોપકાર અને ન્યાયપ્રિયતા પરત્વેની એની કોઠાસૂત્ર ધ્યાનાર્હ હતી. ઉદયરાજ જેવા હિન્દુ પંડિતને એણે દરબારી કવિ તરીકે સન્માન્યો એ ઘટના સ્વયં એની ધર્મસહિષ્ણુતાની દ્યોતક છે. એના સમયના આશરે ૩૦૦ જેટલા અભિલેખ (જેમાં ગુજરાતી અને સંસ્કૃત શિલાલેખો તથા પ્રતિમાલેખોનો સમાવેશ થાય છે) પ્રાપ્ત થાય છે. આ બધાં લખાણ, કહો કે અભિલેખ મંદિર, વાવ, કૂવા, તળાવ વગેરે જેવી જાહેર જગાએથી મળી આવ્યા છે. એમાં મંદિર-વાવ-કૂવા જેવાં પૂર્તકાર્યની - એનાં નિર્માણની કે જીર્ણોદ્ધારની હકીકતો નિરૂપાઈ છે. (આ બાબતે વધુ માહિતી સારુ 'રાજવિનોદમહાકાવ્યમ્' હસ્તપ્રતના સંપાદન સાથે એનો ગુજરાતી અનુવાદ આપતી વખતે સંપાદક ડૉ. ભારતી શેલતની આશરે વીસેક પૃષ્ઠ વિસ્તૃત પ્રસ્તાવના જોવી).

હવે અવલોકન હેઠળના સંપાદિત પુસ્તકનું અવલોકન પ્રસ્તુત છે.

'રાજવિનોદ મહાકાવ્ય'ની હસ્તપ્રત પહેલપ્રથમ ૧૮૭૪માં ભારતીયવિદ્યાના શ્રદ્ધેય અભ્યાસી ડૉ. જ્યોર્જ બ્યુહ્‌લરને હાથ લાગી. 'રાજસ્થાન પુરાતત્ત્વાન્વેષણ મંદિર' (જયપુર) તરફથી એનું સંપાદન હિન્દીમાં પ્રસ્તાવના અને સંસ્કૃત ટેક્સ્ટ સાથે ગોપાલનારાયણ બહુરાએ કર્યું; ખાસ કરીને ઇતિકૃતિવિદ મુનિ જિનવિજયજીની પ્રેરણાથી. જયપુરની આ સંસ્થાએ 'રાજસ્થાન પુરાતન ગ્રંથમાળા' શ્રેણીના આઠમા મણકા તરીકે આ હસ્તપ્રત, કહો કે મહાકાવ્યના સંપાદનને વિ.સં. ૨૦૧૩ (ઈસવી ૧૯૫૭)માં પ્રકાશિત કર્યું.

આમ તો આ મહાકાવ્યની એક જ હસ્તપ્રત પુણેસ્થિત ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંસ્થામાં સુરક્ષિત હતી. ગુજરાતના સલ્તનતકાલના એક પ્રભાવી સુલતાનનું ચરિત્ર સંસ્કૃતમાં મહાકાવ્યની જેમ રચાય અને એની સુરક્ષિત હસ્તપ્રત ઉપરથી મૂળ સંસ્કૃત પાઠ અને હિન્દી પ્રસ્તાવના સાથે એનું સંપાદન પ્રકાશિત રાજસ્થાનથી થાય એ ઘટના જ વિરલ ગણાય. ગુજરાતના આ ઇસ્લામી શાસકના ચરિત્રથી ગુજરાતની ગુજરાતીભાષી અને ઉર્દૂભાષી પ્રજા અવગત થાય એવા ધ્યાનયોગ્ય ખ્યાલથી સંસ્કૃતજ્ઞ ડૉ. ભારતીબહેને અને ઉર્દૂજ્ઞ ડૉ. ઝુબેર કુરેશીએ એનું સંપાદન ઉલટ ભાવથી કર્યું અને શાહ વજીહુદીન ઍકેડેમી તરફથી એનું પ્રકાશન થાય એ બાબત જ ત્રિવેણીસંગમનો અહેસાસ કરાવે છે.

મહાકાવ્યના પ્રસ્તુત ત્રિભાષી સંપાદનમાં સંત શ્રી મોરારીબાપુનો આશીર્વાદ સંદેશ, પ્રારંભિક વચનો (મુફતી રિઝવાન), આમુખ (ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી), બે બોલ (દારૂલઉલૂમ તારાપુરી), સંસ્કૃતિની ત્રિવેણી : હૃદયથી આવકાર (ડૉ. ગૌતમ પટેલ), સંપાદકીય (ભારતી શેલત, ઝુબેર કુરેશી) અને છેલ્લે અનુક્રમણિકાનો સમાવેશ થાય છે. સંપાદનનાં આ પ્રારંભનાં ૧૪ પૃષ્ઠ પછી ગુજરાતી અનુવાદક ભારતીબહેનની ૨૪ પૃષ્ઠમાં વિસ્તરતી સમૃદ્ધ પ્રસ્તાવના વાચક-ભાવક-શોધકને પ્રેરણાદાયી બની રહે તેમ છે. 'પ્રાસ્તાવિક'માં ભારતીબહેને પ્રારંભે હસ્તપ્રત બાબતે માહિતી આપીને સલ્તનતકાલ દરમિયાન ગુજરાતમાં સંસ્કૃત ભાષાનો વિકાસ, સંસ્કૃત શિલાલેખો, સિક્કાઓ, राजविनोद કાવ્યનું કથાવસ્તુ, આ કાવ્યમાંથી ઉભરતું ભારતીય સંસ્કૃતિ દર્શન, સુલતાનનો સંગીતપ્રેમ, પુરાણકથાના સંદર્ભ, ફારસીગ્રંથ 'મિરઆતે સિકંદરી'માં આવતા હિન્દુ સંસ્કૃતિ પરત્વેના ઉલ્લેખ, राजविनोद કાવ્યનું સાહિત્યિક મૂલ્યાંકન જેવા મુદ્દા વિશે અભ્યાસી વિગતો પ્રસ્તુત કરી છે. પ્રસ્તાવનાને અંતે સંસ્કૃતજ્ઞ ડૉ. શેલતે એક કોઠા મારફતે राजविनोद કાવ્યમાં પ્રયોજિત છંદોનું સર્ગ પ્રમાણે સુંદર વિશ્લેષણ કર્યું છે, જે ખૂબ જ મહત્ત્વનું છે. તે પછી સાતેય સર્ગ મારફતે પ્રત્યેક સંસ્કૃત શ્લોકનો ગુજરાતી અનુવાદ આપ્યો છે. તે પછી પરિશિષ્ટ ૧માં મહમૂદ બેગડા સુધીના ગુજરાતના સુલતાનોની માહિતી આપી પરિશિષ્ટ ૨માં મહાકાવ્યમાં ઉલ્લિખિત હિન્દુ દેવી-દેવતાનાં નામની સૂચિ જે તે શ્લોક સંદર્ભે આપી છે. પ્રત્યેક દેવી/દેવતાઓનું મહત્ત્વ પણ સ્પષ્ટ કર્યું છે, જે સામાન્ય વાચકને ઉપાદેયી નીવડી શકે છે. તો પરિશિષ્ટ ૩માં આ મહાકાવ્યમાં નિર્દેશિત વ્યક્તિવિશેષ અને સ્થળવિશેષની શ્લોકસંદર્ભ સહિતની સૂચિ આપવામાં આવી છે. પરિશિષ્ટ ૪માં ગુજરાતી અનુવાદમાં આવતા પારિભાષિક શબ્દોના અર્થ આપીને અનુવાદને લોકભોગ્ય બનાવવાનો સુયશ પ્રયાસ કર્યો છે. તે પછી આર્ટપ્લેટ ઉપર સાત રંગીન ચિત્ર આપ્યાં છે. તે પછી ઉર્દૂ ભાષામાં આ મહાકાવ્યનો

ભાવાનુવાદ ડૉ. ઝુબેર કુરેશીએ રસળતી શૈલીમાં આપ્યો છે અને પ્રસ્તાવનાથી કાવ્યપ્રવેશ કરાવ્યો છે. આ મહાકાવ્યની પાંડુલિપિનો એક નમૂનો ફ્લેપ ઉપર આપ્યો છે.

પ્રસ્તુત સંસ્કૃત મહાકાવ્યને ગુજરાતી ભાષી અને ઉર્દૂભાષી વાચકોના લાભાર્થે મૂળ સંસ્કૃત પાઠ સાથે ગુજરાતી-ઉર્દૂમાં અનૂદિત કરવાનો સુયશસ્કર પ્રયાસ કરવા સબળ બંને તજ્જ્ઞ આપણા અભિનંદનના અધિકારી છે. પ્રકાશક સંસ્થા પણ મહાકાવ્યને પ્રજાપ્રત્યક્ષ કરવામાં નિમિત્ત બની, તેનું પણ અભિવાદન કરવું જોઈએ.

અલબત્ત આ એક પ્રશસ્તિ મહાકાવ્ય છે તેમ રાજ્યાશ્રિત કવિની કલમે રચાયેલું છે તેથી તેમાં પ્રશંસા વિશેષભાવે અનુસ્યૂત હોય તે સ્વાભાવિક છે. પરન્તુ અતિશયોક્તિ વર્ણન બાદ કરતાં આપણને જે હાથવગું થાય છે તે તો છે ઐતિહાસિક અને સાંસ્કૃતિક દર્શન. તત્કાલે અને તે પૂર્વેનાં કથાવસ્તુઓ અહીં સુપેરે વણી લેવાયાં છે. પણ સરવાળે જે ઉપલબ્ધ થાય છે તે છે ગુજરાતના એક પ્રતિભાવંત સુલતાનનું સુરેખ જીવનચરિત્ર. પ્રસ્તુત ચરિત્ર ઉપસાવવામાં કવિરાજ સફળ રહ્યા છે એમ ખસૂસ કહી શકાય. ઉપરાંત કવિએ એમની રચનામાં હિન્દુ સંસ્કૃતિના રીતરિવાજો, ભારતીય સંગીતકલા અને હિન્દુ પુરાણકથાઓ મારફતે શાસક-સુલતાનનું ચરિત્ર લખવાનો કરેલો આ પ્રયાસ ધ્યાનાર્હ ગણાય. વર્ણનમાં ઉપમાઓની ભરમાર આહ્લાદક છે જે કૃતિને ચાર ચાંદ લગાવે છે. સંસ્કૃતપદ્યની શૈલી મનભર અને મનહર છે. બધી રીતે આ પ્રકાશન આવકાર્ય છે. અસ્તુ.

ડૉ. રસેશ જમીનદાર

## સદ્ભાવના સેતુ

સંસ્કૃત સેવા સમિતિ અને શાહ વજીહુદ્દીન ઍકેડૅમી દ્વારા સદ્ભાવના સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કવિ ઉદયરાજકૃત 'રાજવિનોદ મહાકાવ્ય'નો લોકાર્પણ વિધિ પ.પૂ. સંતશ્રી મોરારી બાપુના વરદ્ હસ્તે તા. ૧૬-૧૧-૨૦૧૨ના રોજ શેઠ મંગળદાસ ટાઉન હૉલ, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ૧૫મી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા સુલતાન મહમૂદ બેગડાના રાજકવિ ઉદયરાજે બેગડાના રાજ્યકાળ દરમ્યાન લખેલા ગ્રંથ રાજવિનોદ મહાકાવ્યના સંસ્કૃત, ઉર્દૂ અને ગુજરાતી ભાષામાં અનુવાદિત પુસ્તકનું વિમોચન કરાયું હતું.

આ પુસ્તકનું ગુજરાતીમાં સંપાદન અને અનુવાદ ડૉ. ભારતી શેલતે કર્યાં છે, જ્યારે ઉર્દૂ રૂપાંતર ડૉ. ઝુબેર કુરેશીએ કર્યું છે. આ પુસ્તકનો પરિચય આપતાં ડૉ. શેલતે જણાવ્યું હતું કે આ પુસ્તકની એકમાત્ર મૂળ પ્રત પુણેના ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં સંગૃહીત છે. મહાકાવ્યમાં મહમૂદ બેગડાની શૂરવીરતા, તેનો સંગીતપ્રેમ, તેની કરુણા અને લાગણીનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પુસ્તકના ઉર્દૂ ભાવાનુવાદક ડૉ. ઝુબેર કુરેશીએ જણાવ્યું હતું કે, 'ત્રણ ભાષાઓના ત્રિવેણી સંગમનો આ પહેલો પ્રયોગ છે, આ ગ્રંથનો હેતુ લોકોને ખરા ઇતિહાસથી માહિતગાર કરવાનો છે. પુસ્તકોનું વિમોચન કરતાં મોરારિબાપુએ જણાવ્યું હતું કે, 'આજે જ્યારે સમાજમાં સદ્ભાવની જરૂર છે, ત્યારે આ ગ્રંથો લોકોને ગ્રંથિમાંથી મુક્ત કરવાનું કામ કરશે. ગ્રંથોના ઇતિહાસને ઇમાનદારીથી શીખવવામાં આવે તો ગ્રંથિઓ બંધાશે નહીં. મુસ્લિમ સુલતાનનો રાજકવિ એક બ્રાહ્મણ હોય અને તે મુસ્લિમ બાદશાહના જીવનનું ઇમાનદારીથી વર્ણન કરે તે જ દર્શાવે છે કે ઇતિહાસમાં જાતિવાદ નહોતો. તેથી લોકોએ ત્યાગ, કરુણા, અહિંસા અને ગ્રંથોના સેતુથી જોડાઈને મનની અને સમાજની ગ્રંથિઓ દૂર કરવી જોઈએ. મૌલાના અબ્દુલ અહદ કાસિમીએ જણાવ્યું હતું કે, 'આજે મને ઇદના દિવસે મારા મિત્રને મળતો હોઉં એટલી ખુશી થાય છે. મને સંસ્કૃત ભાષા ગમે છે અને આ કાર્યક્રમ અનોખો છે કારણ કે, આ કાર્યક્રમ મારા મનની વાત રજૂ કરે છે.'

(તસ્વીરો માટે જુઓ કલર આર્ટપેપરમાં)

**श्रीनन्दिकेश्वरविरचितं अभिनयदर्पणम् : સંપાદક ડૉ. અમૃત ઉપાધ્યાય. પ્રકા. સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦. પૃષ્ઠ સંખ્યા ૧૭૪. કિંમત રૂ. ૩૫૦/-**

શાસ્ત્રીય નૃત્યકલાના ઉપાસકો અને આચાર્યોમાં ખૂબ પ્રસિદ્ધ થયેલો મહત્ત્વપૂર્ણ સંસ્કૃત ગ્રંથ એ નંદિકેશ્વરરચિત 'અભિનયદર્પણ' છે. આ ગ્રંથ અભિનયકલા વિશેનો સૌ પ્રથમ સ્વતંત્ર ગ્રંથ છે, જેમાં નૃત્યકલાનાં મૂળભૂત તત્ત્વોનો અમૂલ્ય જ્ઞાનવારસો સચવાયેલો જોવા મળે છે. ભારતીય શાસ્ત્રીય નૃત્ય વિશેના આ અદ્વિતીય ગ્રંથનું સંપાદન ભારતીય સાહિત્યશાસ્ત્રના પ્રસિદ્ધ વિદ્વાન ડૉ. અમૃત ઉપાધ્યાયે કર્યું છે. ગ્રંથમાં આંગિક અભિનય ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અંગ ઉપાંગોની હિલચાલો વડે અભિનયના કૌશલ્યનો નૃત્યકલામાં કેવી રીતે પ્રયોગ થાય છે તે આ ગ્રંથમાં દર્શાવવામાં આવ્યું છે.

'અભિનયદર્પણ' એ ૩૨૪ સંસ્કૃત શ્લોક ધરાવતો નૃત્યકલાનો ગ્રંથ છે. એનો આરંભ શિવના આરાધનથી થાય છે.

ગ્રંથના આરંભમાં લગભગ ૫૦ પૃષ્ઠોમાં પૂર્વસૂરિઓના પરિશીલનરૂપ સુંદર પ્રવેશક રજૂ કરવામાં આવ્યો છે.

**आङ्गिकं भुवनं यस्य वाचिकं सर्ववाङ्मयम् ।**
**आहार्यं चन्द्रतारादि तं नुमः सात्त्विकं शिवम् ॥१॥**

'સમગ્ર વિશ્વ જેમનો આંગિક અભિનય છે; સમસ્ત વાઙ્મય જેમનો વાચિક અભિનય છે; ચંદ્રતારા વગેરે જેમનો આહાર્ય અભિનય છે; તે મૂર્તિમંત સાત્ત્વિક અભિનયરૂપ શિવને અમે નમન કરીએ છીએ'.

ત્યાર બાદ અભિનયદર્પણકાર નાટ્ય ઉત્પત્તિની ચર્ચા કરે છે. આરંભમાં બ્રહ્માએ ભરતમુનિને નાટ્યવેદ આપ્યો. ભરતે ગંધર્વો અને અપ્સરાઓની સહાયથી શિવ સમક્ષ નાટ્ય, નૃત્ત અને નૃત્ય રજૂ કર્યું. ત્યારે શિવે પોતાના ઉદ્ધત નૃત્તપ્રયોગને પોતાના મુખ્ય ગણ તંડુ મારફતે ભરતમુનિને શીખવ્યો. ભરત મુનિ પ્રત્યેના અનુરાગને લીધે પાર્વતી મારફતે ભરતને લાસ્ય નૃત્ત પણ શીખવ્યું. તંડુ પાસેથી તાંડવ નૃત્ત જાણ્યા પછી મુનિઓએ એ નૃત્ય માનવોને શીખવ્યું. પાર્વતીએ બાણાસુર પુત્રી ઉષાને લાસ્ય નૃત્ય શીખવ્યું. ઉષાએ એ લાસ્ય નૃત્ય દ્વારકાની ગોપીઓને શીખવ્યું. ગોપીઓએ સૌરાષ્ટ્રની સ્ત્રીઓને શીખવ્યું. એ રીતે જગતમાં નૃત્યકલાનો આરંભ થયો (શ્લોક ૨-૬).

નાટ્યપ્રશંસામાં બ્રહ્માએ ઋગ્વેદમાંથી 'પાઠ્ય', યજુર્વેદમાંથી 'અભિનય', સામવેદમાંથી 'ગીત' અને અથર્વવેદમાંથી 'રસ' લઈને આ શાસ્ત્રની રચના કરી હોવાનું જણાવ્યું (શ્લો. ૭-૧૦). નર્તનના પ્રકારો નાટ્ય, નૃત્ત અને નૃત્ય હોવાનું જણાવી (શ્લોક. ૧૧) નર્તનપ્રયોગ કાલમાં નાટ્ય તથા નૃત્ય ઉત્સવના પ્રસંગોએ તેમજ નૃત્ત (શુદ્ધ, અમૂર્ત નૃત્ય) માંગલ્યપ્રદ પ્રસંગોએ કરવાનું જણાવ્યું છે. (શ્લો. ૧૨-૧૪). ત્યાર બાદ નાટ્ય, નૃત્ત અને નૃત્યની વ્યાખ્યા આપી છે (શ્લો. ૧૫-૧૬).

આ ઉપરાંત આદર્શ સભાપતિ, મંત્રી, આદર્શ સભાનાં લક્ષણો, સભાની રચના, પાત્રનાં લક્ષણો, પૂર્વરંગની વિધિઓ, રંગદેવતાની સ્તુતિ, નાટ્યપ્રયોજન, નાટ્યક્રમનું વર્ણન વગેરે કરવામાં આવ્યું છે (શ્લો. ૧૭-૩૭). નૃત્યમાં અભિનયનું પ્રાધાન્ય હોવાથી અભિનયના આંગિક, વાચિક, આહાર્ય, (વેશભૂષાથી સુશોભિત શરીરનો અભિનય) અને સાત્ત્વિક (સાત્ત્વિક ભાવોનો) અભિનય - એ ચાર પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે (શ્લો. ૩૮-૪૧). એ પછી આંગિક અભિનયના અંગ, પ્રત્યંગ અને ઉપાંગ એ ત્રણ પ્રકારોમાં સમાવિષ્ટ શરીરના વિવિધ ભાગોની સમજૂતિ આપવામાં આવી છે (શ્લો. ૪૨-૪૮). નૃત્યમાં શરીરનાં જે અંગો ઉપયોગમાં લેવાય છે તેમનાં લક્ષણો, પ્રકારો સાથે ક્રમિક વર્ણન (શ્લો. ૪૯-૮૬) કરવામાં આવ્યું છે.

હસ્તાભિનયના વર્ણનમાં અભિનયદર્પણકારે ૩૨ અસંયુત (છુટ્ટા) હસ્ત, ૨૩ સંયુત (બંને હાથ જોડેલા) હસ્ત અને ૧૩ નૃત્તહસ્તનું આલેખન કર્યું છે (શ્લો. ૮૭$^{cd}$ - ૨૦૩). ૩૨ અસંયુત અને ૨૩ સંયુતહસ્ત

મુદ્રાઓનું વર્ણન ગ્રંથકારે વિવિધ હસ્તમુદ્રાઓના મનોહર ચિત્રો દ્વારા દર્શાવ્યું છે જે કૃતિનું સાચું મૂલ્ય પ્રગટ કરે છે, તેમજ નૃત્યની મુદ્રાઓને ઓળખવામાં પણ સહાયરૂપ છે. પતાકહસ્ત, ત્રિપતાકહસ્ત, અર્ધપતાકહસ્ત, કર્તરીમુખહસ્ત, મયૂરહસ્ત, અર્ધચંદ્રહસ્ત, અરાલહસ્ત (તર્જનીને વાંકી કરવાથી), શુકતુંડહસ્ત, મુષ્ટિહસ્ત, શિખરહસ્ત, કપિત્થહસ્ત, કટકામુખહસ્ત (પહેલી-બીજી આંગળી ઊંચી કરેલી અંગૂઠાને સ્પર્શે), સૂચીહસ્ત, ચંદ્રકલાહસ્ત, પદ્મકોશહસ્ત, સર્પશીર્ષહસ્ત, મૃગશીર્ષહસ્ત, સિંહમુખહસ્ત, કાંગુલહસ્ત, અલપદ્મહસ્ત (બધી આંગળીઓ વાંકી વાળેલી અને છૂટી છૂટી હોય), ચતુરહસ્ત, ભ્રમરહસ્ત, હંસાસ્યહસ્ત (હંસના મુખ જેવી) હંસપક્ષ હસ્ત, સંદંશહસ્ત (આંગળીઓને ભેગી ખુલ્લી કરવામાં આવે), મુકુલહસ્ત, તામ્રચૂડ (કૂકડો)હસ્ત, ત્રિશૂલહસ્ત, વ્યાઘ્રહસ્ત, અર્ધસૂચિહસ્ત, કટકહસ્ત અને પલ્લીહસ્ત જેવી અસંયુતહસ્તમુદ્રાઓનું સચિત્ર આલેખન (શ્લો. ૮૯-૧૭૫) કરેલું છે, જ્યારે ૧૭૬-૨૦૨ સુધીના શ્લોકોમાં સંયુક્ત હસ્તપ્રકારો વર્ણવવામાં આવ્યા છે. એમાં અંજલિહસ્ત, કપોતહસ્ત, કર્કટહસ્ત, સ્વસ્તિકહસ્ત, પુષ્પપુટહસ્ત, ઉત્સંગહસ્ત, શિવલિંગહસ્ત, કટકાવર્ધન હસ્ત, કર્તરીસ્વસ્તિકહસ્ત, શકટહસ્ત, શંખહસ્ત, ચક્રહસ્ત, સંપુટહસ્ત, પાશહસ્ત, કીલકહસ્ત (બે ટચલી આંગળીઓને એકબીજાને અડાડી અંદર વાળવી), મત્સ્યહસ્ત, કૂર્મહસ્ત, વરાહહસ્ત, ગરુડહસ્ત, નાગબંધહસ્ત, ખટ્વાહસ્ત, ભેરુંડહસ્ત જેવી હસ્તમુદ્રાઓ સચિત્ર આલેખેલી છે (શ્લો. ૧૭૬-૨૦૩).

અભિનયના હેતુ માટે તદ્ તદ્ દેવતાઓની મૂર્તિઓની વિશેષતા અનુસાર, બ્રહ્મા, રુદ્ર, વિષ્ણુ, સરસ્વતી, પાર્વતી, લક્ષ્મી, વિનાયક, ષણ્મુખ, મન્મથ, ઇન્દ્ર, અગ્નિ, યમ, નિર્ઋતિ, વરુણ, વાયુ, કુબેર અને વિષ્ણુના દશાવતારનાં હસ્તલક્ષણો દર્શાવવામાં આવ્યાં છે (શ્લો. ૨૦૪-૨૨૫). વિવિધ જાતિદર્શક હસ્તોમાં રાક્ષસ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રના હસ્તોનું વર્ણન શ્લો. ૨૨૬-૨૩૦માં કરેલું છે. સ્વજનોના અને પરિવારજનોના હસ્ત દર્શાવનાર હસ્તનાં પ્રયોગ અને લક્ષણની ચર્ચા કરવામાં આવી છે. એમાં દંપતી, માતૃ, પિતૃ, સાસુ-સસરા, ભર્તૃભ્રાતૃ અને નણંદ, પુત્ર-પુત્રવધૂ, સપત્નીદર્શક હસ્તનાં લક્ષણ અને પ્રયોગ (શ્લો. ૨૩૧-૨૪૩), નૃત્ત હસ્તની ગતિઓ, નવગ્રહ દર્શાવતા હસ્ત (શ્લો. ૨૪૪-૨૫૮), પગસંચાલનના પ્રકારોમાં મંડલ, ઉત્પ્લવન, ભ્રમરી અને પાદચારી એવા ચાર ભેદ શ્લો. (૨૫૯-૩૦૮), ગતિના વિવિધ પ્રકારોનાં લક્ષણો (શ્લો. ૩૦૯-૩૨૧) વગેરેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

અંતિમ ત્રણ શ્લોકોમાં શાસ્ત્ર, સંપ્રદાય અને ગુરુકૃપા દ્વારા જ નૃત્યની રચના થઈ શકે છે એમ દર્શાવવામાં આવ્યું છે (શ્લો. ૩૨૨-૩૨૪). ગ્રંથના અંતે સંક્ષિપ્ત અને મહત્ત્વપૂર્ણ ટિપ્પણ, સંક્ષેપસૂચિ અને સંદર્ભ ગ્રંથસૂચિ આપવામાં આવી છે, જે સંશોધકને સહાયભૂત થાય તેવી વિગતો પૂરી પાડે છે.

આમ અભિનયદર્પણમાં આંગિક અભિનયનું પૂર્ણતઃ નિરૂપણ કરવામાં આવ્યું છે. રચયિતા નંદિકેશ્વરે મૂળભૂત હસ્તમુદ્રાઓ અને દૃષ્ટિઓના નિરૂપણમાં નાટ્યશાસ્ત્રનું અનુસરણ કર્યું છે. પરંતુ પગસંચાલનના પ્રકારોમાં તેઓ પરંપરાને અનુસર્યા છે. દેવહસ્ત, દશાવતાર હસ્ત, જાતિહસ્ત, બાંધવહસ્ત જેવી નવી હસ્તમુદ્રાઓ અભિનયદર્પણમાં ઉમેરે છે. આંગિક અભિનયનાં વિવિધ પાસાં અર્થાત્ શાસ્ત્રીય નૃત્યનાં અંગ, ઉપાંગ તથા પ્રત્યંગના અભિનયોની સૂક્ષ્મ છણાવટ કરતો આ ગ્રંથ અભિનયકલાના ક્ષેત્રે અદ્વિતીય અને અનુપમ ગ્રંથ છે. ગ્રંથની વિશેષતા એ છે કે સંપાદકે હસ્તમુદ્રાના ભેદો દર્શાવતાં અસંયુત હસ્તમુદ્રાઓના ૩૨ ભેદો અને સંયુત મુદ્રાના ૨૩ ભેદોને હસ્તમુદ્રાઓના સુંદર ચિત્રાંકનો દ્વારા પ્રસ્તુત કર્યાં છે, જે કૃતિના મૂલ્યમાં વૃદ્ધિ કરે છે. અભિનયદર્પણ ગ્રંથના આધારે આધુનિક નૃત્યકલાની સંસ્થાઓમાં નૃત્યની તાલીમમાં અંગસંચાલનોનો અભ્યાસ કરાવવામાં આવે છે. આથી નૃત્યકલાના ઉપાસકો, આચાર્યો, તાલીમાર્થીઓ, સંશોધકો, અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓ સહુને આ ગ્રંથ ઉપયોગી થઈ શકે તેમ છે. આ ગ્રંથનું સુચારુ સંપાદન કરવા બદલ ગ્રંથના વિદ્વાન સંપાદક ડૉ. અમૃતભાઈ ઉપાધ્યાય અને સુંદર ગ્રંથપ્રકાશન બદલ સરસ્વતીપુસ્તક ભંડારના સંચાલક શ્રી અશ્વિનભાઈ શાહ અભિનંદનને પાત્ર છે.

**ભારતી શેલત**

**'અમદાવાદનાં ખતપત્રો (મુઘલ, મરાઠા અને બ્રિટિશકાલીન)'** : સંપાદક ડૉ. ભારતી શેલત, ડૉ. ઝુબેર કુરેશી. પ્રકા. ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨. પૃષ્ઠ સંખ્યા ૧૦૯+૪ પરિશિષ્ટ (પૃ. ૧૧૦-૧૧૬) + ગુજરાતી-ફારસી ખતપત્રોની ફોટોસ્ટેટ નકલો (પૃ. ૧૧૭-૧૮૨). કિંમત રૂ. ૨૦૦/-

અમદાવાદની ગુજરાત રિસર્ચ સોસાયટીએ તાજેતરમાં સંસ્થામાં સંગૃહીત ૨૪ ખતપત્રોને ગ્રંથરૂપે પ્રકાશિત કર્યાં છે. આ ખતપત્રો એ સંસ્થાને ઇતિહાસ-રસિક ડૉ. ગોવિંદભાઈ મોદી તરફથી ભેટ મળેલાં. એમાં ૧૩ ખતપત્રો ગુજરાતી ભાષામાં અને ૧૧ ખતપત્રો ફારસી ભાષામાં લખેલાં છે. આ બધાં ખતપત્ર અમદાવાદમાં આવેલાં મકાનોને લગતાં છે. એમાંનાં ગુજરાતી ખતપત્રોનું સંપાદન ગુજરાત રિસર્ચ સોસાયટીનાં માનાર્હ નિયામક ડૉ. ભારતીબહેન શેલતે અને ફારસી ખતપત્રોનું સંપાદન ગુજરાત યુનિવર્સિટીના ફારસી ઉર્દૂ વિભાગના પૂર્વ પ્રાધ્યાપક અને અધ્યક્ષ ડૉ. ઝુબેર કુરેશીએ કર્યું છે.

ગુજરાતી ખતપત્રોમાં ૨ મુઘલકાલીન, ૫ મરાઠાકાલીન અને ૬ બ્રિટિશકાલીન છે. મુઘલકાલીન ખતપત્રો બાદશાહ શાહજહાંના સમય (ઈ.સ. ૧૭૨૭-૧૭૫૮)નાં અને મરાઠાકાલીન ખતપત્રો શાહઆલમ રજાના સમય (ઈ.સ. ૧૭૫૯-૧૮૦૬)નાં છે. મુઘલકાલીન ખતપત્રોમાં બાદશાહ શાહજહાંના આલંકારિક વર્ણન બાદ તત્કાલીન વહીવટદારોના નામોલ્લેખ કરેલા છે. ગુજરાતી ખતપત્ર નં. ૧ ગૃહવિક્રયને લગતું વિ.સં. ૧૭૯૫ (ઈ.સ. ૧૭૩૮)નું છે; ને ખતપત્ર નં. ૨ ઘરગીરોને લગતું વિ.સં. ૧૭૧૩ (ઈ.સ. ૧૬૫૬ કે ૧૬૫૭) નું છે.

મરાઠાકાલનાં પાંચેય ગુજરાતી ખતપત્ર મુઘલ બાદશાહ શાહઆલમ રજાના સમયનાં છે. એમાં પેશવાના તથા ગાયકવાડના સૂબેદારોનો નામનિર્દેશ કરેલો છે.

મરાઠાકાલનાં ખતપત્રોમાં ૨ ગૃહવિક્રયને લગતાં અને ૩ ઘરગીરોને લગતાં છે. વિ.સં. ૧૮૨૦ના ખતપત્રમાં દિલ્હીના બાદશાહ તરીકે મુહમ્મદશાહ ગાઝીનું નામ આપેલું છે, તેને બદલે તેમાં શાહઆલમ રજાનું નામ આપવાનું હતું એમ સંપાદકે યોગ્ય રીતે નોંધ્યું છે.

બ્રિટિશકાલનાં ૬ ખતપત્ર વિ.સં. ૧૯૦૦ (ઈ.સ. ૧૮૪૩) થી વિ.સં. ૧૯૧૪ (ઈ.સ. ૧૮૫૮)નાં છે. એ બધાં ખતપત્ર ગૃહવિક્રયને લગતાં છે.

ફારસી ખતપત્રો ૧૧ છે. એ હિ.સં. ૧૨૫૧ (ઈ.સ. ૧૯૩૫) થી હિ.સ. ૧૨૬૨ (ઈ.સ. ૧૮૪૬)નાં છે. એમાં ૧૦ ખતપત્ર ઘરવેચાણને લગતાં છે, જ્યારે ૧ ખતપત્ર ઘરગીરોને લગતું છે. આ ખતપત્રોમાં નિરૂપિત ઘરના વિવિધ ખંડો અને એનાં માપની વિગતો નોંધપાત્ર છે.

આ ખતપત્રોના અભ્યાસ પરથી એ સમયની પોળો, અધિકારીઓ, વ્યક્તિનામો, લિપિઓ, માપ-પદ્ધતિ તથા સિક્કાઓની વિપુલ માહિતી મળે છે તે આ પ્રકાશનના સંપાદકોએ વિગતવાર દર્શાવ્યું છે.

સંપાદકોએ મૂળ ખતપત્રોનું લખાણ સંપાદિત કરવા ઉપરાંત એમાંની વિવિધ ઉપયોગી માહિતીનું પદ્ધતિસર વિશ્લેષણ પણ કર્યું છે. ફારસી ખતપત્રોના લખાણની અંદર આવેલી વિગતો સાથે મકાનના વિવિધ ખંડોની માપ સાથે રૂપરેખા પણ આલેખવામાં આવી છે.

ગુજરાતી ખતપત્રોમાં નિર્દિષ્ટ શાસકો તથા અધિકારીઓ અને તિથિઓને લગતાં પરિશિષ્ટ સંપાદકની વિવેચન-દષ્ટિની પ્રતીતિ કરાવે છે. ફારસી ખતપત્રોની સૂચિ હિજરી સનની મિતિ સાથે ઈ.સ.ની મિતિ પણ દર્શાવે છે.

આ ગ્રંથના આમુખમાં ડૉ. રસેશ જમીનદાર નોંધે છે તેમ આ ગ્રંથ અંગેની મૂળ સામગ્રીના દાતા, સંપાદકો અને પ્રકાશકને ધન્યવાદ ઘટે છે. ખતપત્રોનાં લખાણ તથા આલેખન અને એની વિગતવાર માહિતી આપતો આ ગ્રંથ વિશષતઃ અમદાવાદના ઇતિહાસ માટે ઘણો ઉપકારક છે.

અમદાવાદના ઇતિહાસ માટે અતિ-ઉપયોગી સાધન ધરાવતા આ દસ્તાવેજોના સંગ્રાહક-દાતા તથા સંપાદકો તેમજ પ્રકાશકને ધન્યવાદ ઘટે છે.

આ દસ્તાવેજોના સંપાદન સાથે એનું સઘન અધ્યયન પ્રસ્તુત કરવા માટે સંપાદકો વિશેષ ધન્યવાદને પાત્ર છે.

**હરિપ્રસાદ શાસ્ત્રી**

***The Eight Darlings of Indian Aesthetics :*** author Dr. A. M. Upadhyay, pub. Parampara Academy of performing Arts, 401, Arohi Complex, Nr. Vijay Cross Roads, Navarangpura, Ahmedabad-380009, Gujarat, India, First edition : 2012, Pages : XII+127 with Two Appendices.

Dr. A. M. Upadhyay was a post graduate teacher in the universities of Mumbai and Gujarat. He tanght Sanskrit Language and literature at several levels. He has contributed a number of books and articles on Indological subjects. His monumental work on the critical study of Kāvyānuśāsana of Ācārya Hemachandra has received immence appreciation from eniment scholars. He is also interested in the popular performing arts that delight the andience. Recently Dr. Upadhyay has contributed a critical monograph on "The Eight Darlings of Indian Aesthetics." It is publsihed in Feburary, 2012. It represents his critical study of the subject in several works of *sāhityaśāstra*. His association with the performing arts and dancers in particular enlightens the reader in understanding the role of the Eight *Nāyikās*. Hence this monograph will amply enlighten the performing dancers.

The Eight Nāyikās play a prominent role not only in Sanskrit *sāhityaśāstra* but also in India dance, music, paintings, sculputre and architecture.

In the preparation of this critical work the author is immensely assisted by Smt. Bejal Haria, who is renowned exponent of Bharata nāṭyam and Kuchīpuḍī.

The author has drown his information about the Aṣṭanāyikās from several Sanskrit texts, such as नाट्यशास्त्र of Bharata, शृंगारतिलक of Rudrabhaṭṭa, काव्यालङ्कार of Rudraṭa, दशरूपक of Dhanañjaya, काव्यानुशासन of Ācārya Hemacandra, साहित्यदर्पण of Viśvanātha, रसमञ्जरी of Bhāudatta, उज्ज्वलनीलमणि of Rūpa Goswāmī, and रसार्णवसुधाकर of Śigabhūpāla, The details, given by the author is a mine of information. Hence this monograph will serve as a reference book for all performing artists, especially dancers.

The monograph of Dr. Upadhyay is introduced with as illuminating Foreword by Dr. Sunil Kothari, an eminent dance historian, scholar, author and critic.

Later authors generally base their classification main types, viz. स्वीया(स्वकीया), परकीया and प्रगल्भा; and then they classfy these main types into numerous sub-types. Thus they arrive at the total number of नायिकाs in hundreds. However, they do not overlook the original classification in Eight Nāyikās.

**H. G. Shastri**

# प्राकृत भाषा के विकास हेतु केन्द्र सरकार के समक्ष प्रस्तुत सुझाव

◆

**प्रो. फूलचन्द्र जैन प्रेमी**

सदस्य, राष्ट्रीय संस्कृत परिषद्

संस्कृत / प्राकृत / पालि भाषा के विकास हेतु दिनांक २२.०१.२०१३ को मानव संसाधन विकास मंत्रालय, भारत सरकार, नई दिल्ली द्वारा गठित ''राष्ट्रीय संस्कृत परिषद'' की बैठक केन्द्रीय मानव संसाधन विकास मंत्री माननीय श्री एम. एम. पल्लं राजु जी की अध्यक्षता में शास्त्री भवन में आयोजित हुई । जिसमें देश ख्यातिलब्ध भाषाविद्, देश के सभी संस्कृत विश्वविद्यालयों के माननीय कुलपति एवं सभी संस्कृत अकादमियों के सचिव, उच्च शिक्षा सचिव तथा अन्य अधिकारी सम्मिलित हुए ।

इस परिषद में प्राकृत भाषा की ओर से नामित सदस्य प्रो. फूलचन्द्र जैन प्रेमी निदेशक, बी. एल. इन्स्टीटयूट ऑफ इण्डोलोजी, दिल्ली एवं पालि भाषा की ओर से प्रो. भागचन्द्र जैन भास्कर, नागपुर सम्मिलित हुए ।

सर्वप्रथम इस परिषद् के सदस्य सचिव एवं राष्ट्रीय संस्कृत संस्थान के मा. कुलपति प्रो. राधावल्लभ त्रिपाठी ने इस परिषद की पूर्व आयोजित बैठक तथा अन्य प्रगति रिपोर्ट के साथ ही राष्ट्रीय संस्कृत संस्थान एवं उसके दस परिसरों की प्रगति आख्या आदि का विवरण प्रस्तुत किया । कुछ माननीय सदस्यों ने संस्कृत भाषा के विकास एवं उसके व्यापक प्रचार-प्रसार हेतु अपने सुझाव एवं नई योजनायें केन्द्र सरकार के समक्ष प्रस्तुत की ।

प्राकृत भाषा और साहित्य के विकास हेतु प्रो. फूलचन्द्र जैन प्रेमी द्वारा प्रस्तुत किये गये सुझावों को मा. मंत्री महोदय एवं सम्पूर्ण परिषद् ने गम्भीरता से सुना. विचार किया और परिषद् की कार्यवाही में सम्मिलित किया गया । अत्यन्त महत्त्वपूर्ण प्रमुख छह सुझाव इस प्रकार हैं :

१. प्राकृत भाषा प्राचीन काल में जनभाषा के रूप में एक समृद्ध राजभाषा रही है । वर्तमान में इसका विशाल साहित्य उपलब्ध है । किन्तु सरकार की ओर से इसके व्यापक प्रचार-प्रसार हेतु अभी तक अत्यल्प ही प्रयास हुए हैं । अतः भारत सरकार द्वारा भाषाओं की मान्य आठवीं अनुसूची में प्राकृत भाषा को भी सम्मिलित किया जाये, ताकि इसकी चरणबद्ध रूप में निरन्तर प्रगति होती रहे ।

२. राष्ट्रीय संस्कृत संस्थान से सम्बद्ध अनेक आदर्श संस्कृत महाविद्यालय एवं कुछ आदर्श संस्कृत शोध-संशोधन सम्पूर्ण देश में संचालित हो रहे हैं । अतः आरम्भिक चरण में कम से कम एक प्राकृत महाविद्यालय एवं एक प्राकृत शोध संस्थान को आदर्श योजना के अन्तर्गत गृहीत करके राष्ट्रीय संस्कृत संस्थान के अन्तर्गत स्थापित किया जाए । जयपुर, वाराणसी, मुम्बई, लखनऊ एवं भोपाल - इन शहरों में से किसी एक में इनकी स्थापना से प्राकृत भाषा के अध्ययन के इच्छुक विद्यार्थी एवं शोध छात्र सहज रूप में बहुतायत उपलब्ध हो सकते हैं ।

३. केन्द्र सरकार द्वारा स्थापित देश के किसी भी केन्द्रीय विश्वविद्यालयों एवं अन्य उच्च शिक्षा संस्थानों में प्राकृत भाषा एवं साहित्य के अध्ययन हेतु स्वतन्त्र विभाग नहीं हैं । अतः आरम्भ में इनमें से कुछ प्रमुख विश्वविद्यालयों में स्वतन्त्र प्राकृत भाषा एवं साहित्य विभाग की स्थापना की जाये ।

४. सी.बी.एस.ई. तथा देश के अन्य सभी माध्यमिक (१०+१२)की परीक्षाओं के पाठ्यक्रम में निर्धारित भाषाओं के स्थान पर वैकल्पिक रूप में प्राकृत भाषा के पाठ्यक्रम के अध्ययन का प्रावधान किया जाये। इससे अब तक प्राकृत में उच्च शिक्षा प्राप्त शताधिक युवा विद्वानों को रोजगार के अवसर भी प्राप्त हो सकेंगे, साथ ही माध्यमिक कक्षाओं से ही प्राकृत भाषा के अध्ययन के प्रति छात्रों में आकर्षण बढ़ेगा और इससे प्राकृत भाषा के व्यापक प्रचार--प्रसार एवं अध्ययन को भी अधिक बढ़ावा मिलेगा।

५. राष्ट्रीय संस्कृत संस्थान के दस परिसरों में से किसी भी परिसर में स्वतंत्र विभाग के रूप में प्राकृत विभाग नहीं है। इससे प्राकृत भाषा और साहित्य के अध्ययन के इच्छुक छात्र वंचित रह जाते हैं। अतः प्रारम्भिक चरण में किसी एक उपयुक्त परिसर में स्वतंत्र प्राकृत विभाग की स्थापना की जाये।

६. अभी तक प्राकृत एवं पालि भाषा के विद्वानों में से बारी-बारी से प्रतिवर्ष किसी एक भाषा के विद्वान को क्रमशः राष्ट्रपति पुरस्कार प्रदान किया जाता है। अतः प्राकृत एवं पालि दोनों के अलग-अलग विद्वानों को प्रतिवर्ष राष्ट्रपति पुरस्कार प्रदान किया जाये। साथ ही पुरस्कार की सम्मानित राशि भी संस्कृत भाषा के पुरस्कार की तरह प्रदान की जाये।

**विशेष अनुरोध - जैन इण्टर कालेज के प्रबंधकों से**

प्राकृत भाषा और साहित्य के व्यापक प्रचार-प्रसार हेतु सरकारी स्तर पर जो थोड़े-बहुत प्रयास जब होंगे, तब होंगे, किन्तु यदि हम स्वयं इसकी पहल करना चाहते हैं तो विशेषकर देश के सभी जैन इण्टर कालेजो और उच्च माध्यमिक विद्यालयों के प्रबन्धक मण्डल से अनुरोध है कि वे सर्व प्रथम अपने यहाँ एक भाषा या एक विषय के रूप में प्राकृत की पढ़ाई शुरु करने के बाद इस विद्या की मान्यता हेतु सरकारी स्तर से प्रयास करें। बौद्धों ने पालि भाषा की मान्यता इसी तरह प्राप्त की, जो आज इण्टर कक्षा से लेकर आई.ए.एस. की प्रतियोगी परीक्षाओं में स्वीकृत है और हजारों छात्र इन परीक्षाओं में प्रतिवर्ष पालि विषय लेकर परीक्षा देते हैं। विशेष जानकारी के लिए निम्नलिखित पते पर सम्पर्क कर सकते हैं -

प्रस्तुतकर्ता :
प्रो. फूलचंद जैन प्रेमी
निर्देशक, बी.एल. इन्स्टिट्यूट ऑफ इण्डोलोजी,
विजय वल्लभ स्मारक जैन मंदिर कॉम्प्लेक्स,
जी.टी.करनाल रोड, पोस्ट अलीपुर, दिल्ली 110036
फोन : 011 - 27202065 मो. 09868883648
इमेल : director@blinstitute.org

**Guide lines for accepting the articles :**

The scholars are requested not to send their articles for publication to any other place, once accepted for this Journal.

The article should be submitted preferably in a computerized copy or if it is a hand-written copy, it should be written only on one side of the paper and it should be clearly readable. The title page should contain the exact title of the article, author's name, affiliation and complete address. The line drawings and the photographs along with the article can be printed only on the approval of the Editors.

The references should contain the name of the author or the Editor, title of the book, edition, publication place and the year. The writings of the Journal are protected by copy-right of the Gujarat Research Society.

The Journal is non-profit making and does not pay for the article accepted for publication. However, the authors will get 10 off-prints of their published papers along with a copy of the Journal.

The authors should send two copies of their published book for review. One copy of the book and 10 off-prints of the printed review will be given to the reviewer.

The views expressed in the various articles of this Journal are the views of the authors and it should not be assumed that the editors agree with the views mentioned in the articles.

Subscription : Rs. 100 (including postage)

In Foreign Countries :
U. S. A. : 8 $ (including postage)
Europe and other countries : 3.50 £

Subscription year January to December

Advertisements :

| | | |
|---|---|---|
| Cover page 4 | : | Rs. 5,000/- |
| Cover Page 3 | : | Rs. 4,000/- |
| Cover page 2 | : | Rs. 5000/- |
| Full Page | : | Rs. 3,000/- |
| Half Page | : | Rs. 1,500/- |

For correspondance write to :
Hon. Director,
**Gujarat Research Society**
445, Paldi (West),
Opp. ESI Dispensary,
D. 42, AHMEDABAD-380007

Publication Year : 2012

Printed by : **Krishna Graphics**
966, Naranpura Old Village, Naranpura, Ahmedabad-380013
Ph. : 079-27494393. (M) 9426300640



શ્રીમતી કૈલાસબેન શાહ, ડૉ. મોનિકા શાહ, શ્રી બીજલ હરિયા, ડૉ. સંધ્યા પુરેચા, કુલનાયકશ્રી સુદર્શન આયંગાર,
પદ્મશ્રી ડૉ. સુનીલ કોઠારી, શ્રીમતી સ્મિતા શાસ્ત્રી, ડૉ. અમૃત ઉપાધ્યાય તથા ડૉ. સંધ્યા પુરેચાની
સાત શિષ્યાઓ – મંદિરા જોષી, ચિત્રા દળવી, અંકિતા ઠાકુર, સુહાની થાનકી, શ્રુતિ કોટિયન, પુષ્કરા દેવચક્કે તેમજ ઐશ્વર્યા સારખે
(જુઓ અમૃત ઉપાધ્યાયનો લેખ)




તા. ૨૯–૯–૨૦૧૨
વ્યાખ્યાન શ્રેણી
માટે પધારેલ
પ્રો. દિનેશ શુક્લ
ડાબેથી બેઠેલા
ભારતીબહેન શેલત,
પ્રો. મદનમોહન વૈષ્ણવ,
પ્રા. દિનેશ શુક્લ અને
શ્રી પ્રહલાદભાઈ આવસ્થી



◄ કુ. મંદિરા જોષી દ્વારા
ક્લાસ-કરણનું અનુપમ,
જોશીલું નિદર્શન
(જુઓ અમૃત ઉપાધ્યાયનો લેખ)



નૃત્યાંગના શ્રીમતી બીજલ હરિયા ►
તથા મુંબઈનાં કલાકાર
બહેન શ્રુતિ કોરિયન
(જુઓ અમૃત ઉપાધ્યાયનો લેખ)



Mahāsāhasrapramardanī,
Manuscript folio



Grahamātṛkā # 8 (Type II)
painting on paper, manuscript leaf, Nepal,
ca. 19th century,
Bayerische Staatsbibliothek Munchen
(Cod. Sanscr. 423) folio 26b;
photograph curtesy of Bayerische Staatsbibliothek



Grahamātṛkā # 19 (Type II)
cloth painting, Tibet,
painted between, 1870 and 1892,
'Ngor Collection'
No. 6 Grahamātṛkā-maṇḍala in centre;
after bSod namsrgya mtshọ 1983;